# હું આત્મા છું

ભાગ : ૨-૩

શ્રીમદ્ રાજચંદ્ર રચિત
'શ્રી આત્મસિધ્ધિ શાસ્ત્ર' પર પ્રવચનો

: વ્યાખ્યાતા :
બા.બ્ર.પૂ. ડૉ. તરૂલતાબાઈ મહાસતીજી
M.A.Ph.D.

ચ: પ્રકાશક :ચ
સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ
લિટરરી રીસર્ચ સેન્ટર
SPR જૈન કન્યા શાળા ટ્રસ્ટ, શ્રી જગધીર બોડા વિદ્યા સંકુલ,
કામા લેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.
ફોન: ૫૧૨ ૫૬૫૮, ૫૧૫ ૫૪૭૬, ૫૧૬ ૩૪૩૪

HUN ATMA CHHUN
I am the Soul
By Dr. Tarulatabai Mahasatiji - M.A.Ph.D.
Gujrati Disourses
based on Shrimad Rajchandra's
Atmasiddhi Shastra (May 2002)

© પ્રકાશક:

પ્રકાશન સૌજન્ય:
શ્રીમતી રમાબેન છોટાલાલ દફતરી,
શ્રીમતી જયાબેન શાંતિલાલ કામદાર,
શ્રીમતી ઈંદીરાબેન શશીકાંત મહેતા
શ્રીમતી મંજુલાબેન અનીલકુમાર બોટાદરા

પ્રાપ્તિ સ્થાન:
● ગુણવંત એમ. બરવાળિયા, માનદ્ સંયોજક
SKPG જૈન ફિલોસોફીકલ એન્ડ લીટરરી રીસર્ચ સેન્ટર
**Adm. Office :**
૧/૩૧૬, સિદ્ધિવિનાયક સોસાયટી, હિંગવાલા લેન એક્ષ.,
ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૫.
ફોન: ૫૧૨ ૫૬૫૮, ૫૧૫ ૫૪૭૬

● કલ્પતરુ અધ્યાત્મ કેન્દ્ર
સુમેરૂ નવકાર તીર્થ પાસે, મુ. મીઆગામ, તા. કરજણ
જી. વડોદરા ચ પીન ૩૯૧૨૪૦

કિંમત : રૂા.૧૫૦/-

ચોથી આવૃત્તિ : મે ૨૦૦૨

મુદ્રક:
નિતીન બદાણી ચ અરિહંત પ્રિન્ટીંગ પ્રેસ
પંતનગર, સાઈબાબા નગર, ૩૧૦ ત્રિકાલ બિલ્ડીંગની પાછળ,
ઘાટકોપર (ઈ), મુંબઈ-૪૦૦ ૦૭૭. ફોન: ૫૧૧૪૩૪૧, ૫૧૧૯૧૫૨

પરમ [illegible]દ્ધેય, વાત્સ[illegible]મૂર્તિ પરમ પૂજ્ય [illegible]. બ્ર[illegible] લલિ[illegible]બાઈ મહાસ[illegible]જી
(પૂ. બાપજી)ના ચરણોમાં સવિનય....

# સમર્પણ

હે અમ્બ!
તવ હૃદયની સર્વ સરવાણીઓ
વહે છે મુજ પરે....!
શા - શા તેનાં નામ દઉં?
મુજ મસ્તકે જે કર ધરે.....
કૃપા-કિરણ કે વાત્સલ્યધારા....?
ઉરનાં અમી કે સુ-ભાવ સારા....?
સતત મુજ શ્રેયનું ચિંતન
રહે છે તવ ઉરે....!
આ કાળમાં તવ ચરણ પામી
થઈ હું કૃત કૃત્ય ખરે....!

તવ અમી સિંચનથી ખીલ્યું જે
પુષ્પ મુજ જીવન બાગે....
તેને ધરૂં છું તવ ચરણમાં
મુજ હૃદયનાં સર્વ ભાવે....

આપની ચરણ ધૂલી તરૂ

## SKPG જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રીસર્ચ સેંટર, મુંબઈ ૫ ૮૬ના પ્રકાશનો

| | રૂા. |
|---|---|
| જ્ઞાનસાધના અને સરસ્વતી વંદના | ૧૦૦ |
| જૈન ધર્મ પરિચય પુસ્તિકા | ૨૦ |
| અહિંસા મીમાંસા | ૩૦ |
| સંકલ્પ સિદ્ધિના સોપાન (કથા) | ૫૦ |
| અમરસેન વયરસેન (કથા) | ૩૦ |
| શ્રી સોમસુંદરસુરિકૃત ઉપદેશ માલા બાલાવબોધ (પૂર્વાર્ધ) | ૧૪૦ |
| શ્રી સોમસુંદરસુરિકૃત ઉપદેશ માલા બાલાવબોધ (ઉત્તરાર્ધ) | ૧૪૦ |
| ચંદ્રસેન કથા | ૩૦ |
| જ્યોતિર્ધરની જીવનગાથા (સ્વ. વીરચંદ રાઘવજી ગાંધીનું જીવન અને કાર્ય) | ૫૦ |
| હું આત્મા છું (ભાગ ૧-૨ - ગુજરાતી) | ૧૫૦ |
| હું આત્મા છું (ભાગ ૧-૨ - હિંદી આવૃત્તિ) | ૨૦૦ |
| આત્મચિંતન | ૧૦ |

## આત્મચિંતનના અસ્ખલિત ઝરણાનો પવિત્ર પ્રવાહ

અધ્યાત્મયોગિની પૂજ્ય લલિતાબાઈ મહાસતીજીના વિદ્વાન શિષ્યરત્ના પૂ. ડૉ. તરૂલતાબાઈ મહાસતીજીએ મુંબઈ યુનિવર્સિટી દ્વારા Ph.D.નો અભ્યાસ કર્યો. યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્ર, અવધૂત યોગી આનંદઘનજી મહાકવિ બનારસીદાસજી અને સંતકવિ કબીરજી એ એમના મહાનિબંધનો વિષય હતો.

આ શોધપ્રબંધના સંશોધન કાર્ય દરમ્યાન પૂજ્ય મહાસતીજીએ આત્મસિધ્ધિ શાસ્ત્ર પર ઊંડો અભ્યાસ કર્યો. ગહન ચિંતન કર્યું. સં. ૨૦૪૨માં આત્મસિધ્ધિ શાસ્ત્ર પરના તેમના વ્યાખ્યાનોનો સંગ્રહ 'હું આત્મા છું' ગ્રંથ રૂપે પ્રગટ થયાં.

આપણે જ્યારે સંકુલ જીવન શૈલીમાં જીવી રહ્યા છીએ ત્યારે આત્મતત્ત્વની ઓળખ કરાવનાર આવા દિવ્ય સાહિત્યની ખૂબ જ આવશ્યકતા છે. આ ગ્રંથના શબ્દો વ્યાખ્યાતાના આચરણમાંથી પરાવર્તિત થઈ, અનુભૂતિના રસાયનમાં સ્નાન કરી અક્ષરદેહને પામ્યા છે.

વ્યાખ્યાનની ભાષા પ્રવાહિત છે. ચિંતનસભર તત્વ અને સમજાવવાની સરળ શૈલીએ વ્યાખ્યાનના આ સંગ્રહને લોકભોગ્ય બનાવ્યો છે. એટલે જ આજે આ ગ્રંથની ગુજરાતીમાં ચોથી આવૃત્તિ અને હિન્દીમાં બીજી આવૃત્તિનું પ્રકાશન થઈ રહ્યું છે. બે વર્ષે પૂર્વે અંગ્રેજીમાં બે હજાર સેટનું પ્રકાશન થઈ ચૂક્યું છે.

કેટલાંય ઉપાશ્રયો મંડળો અને અભ્યાસ વર્તુળમાં આ ગ્રંથનું વાચન સ્વાધ્યાય અર્થે ખૂબ જ ઉપયોગી બન્યું છે.

આત્મચિંતનના સતત વહેતા અસ્ખલિત ઝરણા જેવા આ દિવ્ય ગ્રંથને તત્વદર્શી પૂ. જયંતીલાલજી મહારાજ સાહેબે 'દેવતાઈ અરીસા' જેવો લેખાવ્યો છે.

વિદુષી પૂજ્ય ડૉ. તરૂલતાબાઈ મ.સ.જીએ 'હું આત્મા છું'માં આત્માના અદ્ભૂત રહસ્યોનું ખૂબ જ સરળ શૈલીમાં ઉદ્ઘાટન કર્યું છે. અંતર્મુખ થવાનું એલાન કરી આપણી નિજી સંપત્તિનું આપણને દર્શન કરાવ્યું છે.

'હું આત્મા છું'ના દરેક પ્રકરણને અંતે 'આત્મ ચિંતન'ની કાવ્યાત્મક શૈલીમાં લખાયેલી કેટલીક પંક્તિઓ મૂકી છે જે 'હું આત્મા છું'ના રાજમાર્ગ તરફ જતી પગદંડી જેવી ભાસે છે.

દ્રવ્યાનુયોગ આત્મતત્ત્વના સિધ્ધાંતો સમજવા માટે કથાનુયોગ કેટલું ઉપકારી છે તે પૂજ્ય મહાસતીજીએ આ વ્યાખ્યાનોમાં સિધ્ધ કરી બતાવ્યું છે. દૃષ્ટાંતો અને કથાઓ દ્વારા વ્યાખ્યાનને રસમય તો બનાવ્યું જ છે, સાથે સાથે વાચક કે શ્રોતા માટે જૈન દર્શનના ગહન રહસ્યો સુવાચ્ય અને સુપાચ્ય બન્યા છે.

સંતોનું જીવન પ્રયોગશાળા જેવું છે. પોતાની જાત પર સતત પ્રયોગ કરી અને કાંઈ પ્રાપ્ત થાય તેને પરમાર્થે ઉપયોગ કરે છે. અનુભૂતિની નીપજ પછી પ્રગટ થયેલા આ શબ્દો સ્વ પરનું કલ્યાણ સાધવામાં સહાયક બનશે.

૧૯૯૮ પૂજ્ય ગુરુદેવ સૌરાષ્ટ્ર કેસરી પ્રાણલાલજી મહારાજ સાહેબનું જન્મશતાબ્દી વર્ષ હતું. પૂ. ગુરુદેવની સ્મૃતિ ચિરંજીવ રાખવા પૂજ્ય બાપજી, પૂજ્ય તરૂલતાબાઈ મ.સ. આદિ સતીવૃંદની પ્રેરણાથી જ સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રીસર્ચ સેન્ટરની સ્થાપના થઈ. જેમની પ્રેરણાથી આ સેન્ટરની સ્થાપના થઈ છે. એવા પૂજ્ય મહાસતીજીના વ્યાખ્યાનોનો સંગ્રહ પ્રગટ કરવાની તક આ સેંટરને મળી છે તે આપણું પરમ સદ્ભાગ્ય છે.

આ કાર્યમાં શ્રી કીરીટભાઈ દફ્તરી (ટેક્સાસ – અમેરિકા)નો અમને ખૂબ જ સહયોગ સાંપડ્યો છે તે બદલ આભાર.

પ્રકાશન કાર્યમાં સહયોગ આપવા બદલ પ્રકાશન સૌજન્ય દાતાઓનો આભાર.

સેંટરના કાર્યોમાં વિવિધ સહયોગ આપવા બદલ શ્રી તુષારભાઈ બાટવીયા, શ્રી કુમુદભાઈ મહેતા, શ્રી જીતુભાઈ શેઠ, શ્રી મિલનભાઈ અજમેરા, શ્રી બિપીનભાઈ સંઘવી શ્રી હસમુખભાઈ અજમેરા અને શ્રીમતી મધુબેન જી. બરવાળિયાનો આભાર.

મુમુક્ષુ અને જીજ્ઞાસુઓની જ્ઞાન પિપાસાને આ ગ્રંથ સંતોષ આપશે જ એવી શ્રધ્ધા છે.

જ્ઞાનના આ સતત વહી રહેલા દિવ્ય ઝરણામાંથી આપણે યથાશક્તિ આચમન કરી આત્માનું ઉર્ધ્વગમન કરીએ તે જ અભ્યર્થના.

ગુણવંત બરવાળિયા
માનદ્ સંયોજક
સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન
ફિલોસોફિકલ એન્ડ લીટરરી
રિસર્ચ સેન્ટર

અક્ષયતૃતિયા
મે – ૨૦૦૨

# અનુક્રમણિકા


| નંબર | વિષય | પાન નંબર |
|---|---|---|
| ૧ | ભોગ્ય સ્થાન નહીં કોય | ૧ |
| ૨ | ભાવ કર્મ નિજ કલ્પના | ૭ |
| ૩ | ઝેર સુધા સમજે નહીં | ૧૧ |
| ૪ | કારણ વિના ન કાર્ય તે | ૧૮ |
| ૫ | કર્મ સ્વભાવે પરિણમે | ૨૫ |
| ૬ | પણ તેનો નહીં મોક્ષ | ૩૬ |
| ૭ | ઉપજે મોક્ષ સ્વભાવ | ૩૯ |
| ૮ | આત્મ - ચિંતન | ૪૫ |
| ૯ | આત્યંતિક વિયોગ | ૪૭ |
| ૧૦ | હોય કદાપિ મોક્ષપદ | ૫૩ |
| ૧૧ | ઉદય ઉદય સદ્ભાગ્ય | ૫૮ |
| ૧૨ | મોક્ષ ભાવ નિજવાસ | ૬૪ |
| ૧૩ | તે કારણ છેદક દશા | ૭૨ |
| ૧૪ | મુખ્ય કર્મની ગ્રંથ | ૮૦ |
| ૧૫ | સર્વાભાસ રહિત | ૮૬ |
| ૧૬ | આત્મ - ચિંતન | ૯૦ |
| ૧૭ | કર્મ અનંત પ્રકારના | ૯૧ |
| ૧૮ | હણે બોધે વીતરાગતા | ૯૭ |
| ૧૯ | હણે ક્ષમાદિક તેહ | ૧૦૨ |
| ૨૦ | તે પદની સર્વાંગતા | ૧૦૮ |
| ૨૧ | જાતિ વેષનો ભેદ નહિ | ૧૧૨ |
| ૨૨ | વર્તે અંતર શોધ | ૧૧૮ |
| ૨૩ | લહે શુધ્ધ સમક્તિ તે | ૧૨૧ |
| ૨૪ | આત્મ - ચિંતન | ૧૨૮ |
| ૨૫ | અનુભવ, લક્ષ, પ્રતીત | ૧૨૯ |
| ૨૬ | કોટિ વર્ષનું સ્વપ્ન પણ | ૧૩૪ |
| ૨૭ | કેવળ નિજ સ્વભાવનું | ૧૪૦ |
| ૨૮ | ઉદય થાય ચારિત્રનો | ૧૪૫ |
| ૨૯ | અવ્યાબાધ સ્વરૂપ | ૧૫૦ |
| ૩૦ | કર વિચાર તો પામ | ૧૫૫ |
| ૩૧ | સહજ સમાધિમાંય | ૧૬૧ |
| ૩૨ | આત્મ - ચિંતન | ૧૬૮ |
| ૩૩ | નિજ પદ નિજ માંહિ લહ્યું | ૧૭૫ |
| ૩૪ | અજર અમર અવિનાશી ને | ૧૮૦ |
| ૩૫ | વૃત્તિ વહી નિજભાવમાં | ૧૮૭ |
| ૩૬ | શુધ્ધ ચેતન રૂપ | ૧૯૨ |
| ૩૭ | આત્મ - ચિંતન | ૧૯૮ |
| ૩૮ | અહો! અહો! શ્રી સદ્ગુરુ | ૨૦૦ |
| ૩૯ | શું પ્રભુ ચરણ કને ધરૂં | ૨૦૯ |
| ૪૦ | દાસ, દાસ, હું દાસ છું | ૨૧૬ |
| ૪૧ | ભિન્ન બતાવ્યો આપ | ૨૨૨ |
| ૪૨ | આત્મ - ચિંતન | ૨૨૬ |
| ૪૩ | આત્મભ્રાંતિ સમ રોગ નહિ | ૨૨૭ |
| ૪૪ | ભવ સ્થિતિ આદિ નામ લઈ | ૨૩૪ |
| ૪૫ | તે નિશ્ચય નહી સાર | ૨૪૧ |
| ૪૬ | આગળ જ્ઞાની થઈ ગયા | ૨૪૮ |
| ૪૭ | આત્મ - ચિંતન | ૨૫૭ |
| ૪૮ | સર્વ જીવ છે સિધ્ધ સમ | ૨૫૯ |
| ૪૯ | એ જે તજે નિમિત્ત | ૨૬૫ |
| ૫૦ | મુખથી જ્ઞાન કથે | ૨૭૦ |
| ૫૧ | હોય મુમુક્ષુ ઘટ વિષે | ૨૭૬ |
| ૫૨ | આત્મ - ચિંતન | ૨૮૦ |
| ૫૩ | બાકી કહીએ ભ્રાંત | ૨૮૨ |
| ૫૪ | સકલ જગત તે એઠવત | ૨૮૮ |
| ૫૫ | દેહ છતાં જેની દશા | ૨૯૭ |
| ૫૬ | એક ચિનગારી | ૩૦૬ |
| ૫૭ | વિકસતી ક્ષિતિજો | ૩૧૬ |
| ૫૮ | આરોહ-અવરોહ | ૩૨૭ |
| ૫૯ | આરાધનાનું અમૃત | ૩૪૦ |
| ૬૦ | પ્રગટ્યો ભાણ | ૩૫૮ |
| ૬૧ | વીરનું વીરત્વ | ૩૭૦ |
| ૬૨ | ક્રાંતીવીર મહાવીર | ૩૮૪ |
| ૬૩ | અપરાધને અલવિદા | ૪૦૧ |
| ૬૪ | આલોયણા | ૪૨૨ |
| ૬૫ | આત્મ સિધ્ધિ શાસ્ત્ર **(શ્રીમદ્ રાજચંદ્રના હસ્તાક્ષરમાં)** | ૪૫૭ |

## અમારા ધાર્મિક જીવનના તારણહાર

બા.બ્ર.પૂ. લલિતાબાઈ મ.સ.

બા.બ્ર.પૂ. તરૂલતાબાઈ મ.સ.

બા.બ્ર.પૂ. જશુબાઈ મ.સ.

બા.બ્ર.પૂ. વસુબાઈ મ.સ.

બા.બ્ર.પૂ. સુમિત્રાબાઈ મ.સ.

બા.બ્ર.પૂ. અરૂણાબાઈ મ.સ.

બા.બ્ર.પૂ. જયવંતીબાઈ મ.સ.

બા.બ્ર.પૂ. મીરાબાઈ મ.સ.

બા.બ્ર.પૂ. શ્વેતાબાઈ મ.સ.

બા.બ્ર.પૂ. મિત્તલબાઈ મ.સ.

બા.બ્ર.પૂ. શ્રેયાબાઈ મ.સ.

બા.બ્ર.પૂ. શ્રી દત્તાબાઈ મ.સ.

બા.બ્ર.પૂ. શ્રુતિબાઈ મ.સ.

કોટિ કોટિ વંદન....

# ભોગ્ય સ્થાન નહીં કોય....!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની-અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, આત્મિકસિદ્ધિ આપે છે. કોઇપણ કાર્ય પરિણામરહિત હોતું નથી. કાર્યનું ફળ તો હોય જ છે. આધ્યાત્મિક ક્ષેત્રે આરાધનાનું ફળ સિદ્ધિ છે.

સિદ્ધિ એટલે સિદ્ધદશા. સિદ્ધિનો બીજો અર્થ ચમત્કારિક લબ્ધિ પણ થાય છે. વિશેષ પ્રકારની યોગ સાધના વડે યોગીઓ એ શક્તિ પામી શકે છે. જો કે સર્વ જીવોમાં આ શક્તિ પડી હોય છે. અનાયાસે એ પ્રગટ થતી નથી. વળી સહુને એ જાણ નથી હોતી કે પોતામાં આવી શક્તિઓ હોઇ શકે ! તેથી કોઇ પુરુષમાં આ લબ્ધિ જોતાં માણસ આશ્ચર્ય પામે છે. પણ ગમે તે માનવ પ્રયાસ વડે લબ્ધિ પામી શકે છે. ચમત્કારિક લબ્ધિઓનું મૂલ્ય ભૌતિક જગત સુધી જ છે. તેનાથી કોઇ આત્મિક ઉન્નતિ થતી નથી. આત્મવિશુદ્ધિ થતી નથી, બલ્કે લબ્ધિઓનો ઉપયોગ ભૌતિક ઉપલબ્ધિઓ માટે કરવામાં આવે તો આત્મા વિરાધક બને છે. માટે જ સાચા સાધક પુરુષો લબ્ધિઓનો પ્રયોગ કરે નહીં.

મહાયોગી આનંદઘનજીના જીવન સાથે એક ઘટના જોડાયેલી છે. તેઓ નિર્જન વનમાં, આત્મ-મસ્તીમાં વિચરતા હતા. જગતની એમને પડી ન હતી. એક દિવસ એક વૃક્ષ તળે નિજાનંદમાં ઝુલી રહ્યા હતા. તે સમયે એક સંન્યાસી હાથમાં કંઇક કૂપો લઇને આવ્યો, અને કહ્યું:

''મહારાજ! મારા ગુરુદેવે આપના માટે સુવર્ણસિદ્ધિનું રસાયણ મોકલ્યું છે, જે વનસ્પતિના રસના મિશ્રણથી બનાવેલું છે.''

''કોણ તારા ગુરુદેવ?''



''મહારાજ! આપના પૂર્વાશ્રમના મિત્ર! જેઓ સંન્યસ્ત અવસ્થામાં છે.''

''શા માટે મોકલ્યું છે?''

''મહાન ચમત્કારિક છે આ રસ. આપને ઉપયોગી થશે!''

''મને ? મને શો ઉપયોગ એનો?''

''મહારાજ! આ રસને પથ્થર પર નાખતાં પથ્થર સોનું થઇ જશે!''

''પણ હું શું કરૂં એને?''

''અરે! મહારાજ! સમજ્યા નહીં? આ રસાયણ આપની પાસે હશે તો હજારો લોકો આપના ચરણ ચૂમતા આવશે!''

''ભક્તોને તો છોડીને આવ્યો! જે સમાજ, ભક્ત થઇને મારી પાછળ ફરતો હતો, તેમાંથી છૂટી, અલખની આરાધના કરવા આવ્યો છું અને એ કરી રહ્યો છું. મારે હવે ભક્તો અને સેવકો નથી જોઇતા!'' અને આવેલા સંન્યાસીને થયું આ અઘોરી સમજતો નથી. એ શું જાણે કે આની કિંમત કેટલી હોય? ખાખરાની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે? અને તે ફરીથી વિનવવા માંડ્યો. પણ આનંદઘનજી જેનું નામ, એ તો પોતાના આત્માનંદમાં રસબોળ હતા. તેમને આવાં રસાયણો સાથે શું મતલબ અને જ્યારે પેલો આગન્તુક માનતો નથી, ત્યારે એ રસનો કૂપો ઉપાડીને દૂર ફેંકી દે છે. પેલો જોઇ રહ્યો. અરે! મારા ગુરુની વર્ષોની મહેનત આણે ધૂળમાં મેળવી દીધી. અફસોસ કરવા માંડ્યો. આનંદઘનજી ઉઠ્યા પેલાને સમજાવવા માટે કે આવી સિદ્ધિઓ અમારી ચારે બાજુ ઘૂમે છે પણ અમે એની દરકાર નથી કરતા. અમારે મન તેનું મૂલ્ય ધૂળ જેટલું પણ નથી. તેઓ થોડે દૂર એક શિલા પર ગયા અને ત્યાં જઇ મૂત્ર વિસર્જન કર્યું અને એ જ ક્ષણે પથ્થરની શિલા, સુવર્ણમાં પરિવર્તિત થઇ ગઇ. પેલો આભો બની જોતો જ રહ્યો. આનંદઘનજી તેને કહે છે ''ઉપાડ આ પથ્થર! લઇ જા તારા ગુરુ પાસે! અને કહેજે, તમે તો રસાયણ મોકલ્યું પણ હું તો તૈયાર સુવર્ણ જ આપુ છું, જા મારા તરફથી ભેટ આપજે.'' પેલો સંન્યાસી વીલે મોઢે પાછો ફર્યો.

બંધુઓ ! સાધનામાં એ શક્તિ છે કે, મહાપુરુષો જ્યારે સાધના કરે ત્યારે એક બાજુ એ અમાપ કર્મ-નિર્જરા થતી જાય. તેથી આત્મ વિશુદ્ધિ

વધતી જાય અને બીજી બાજુ શુભભાવોના થોકબંધ પુણ્ય બંધાય, અને પરિણામે આવી શક્તિઓ પેદા થાય. યોગીપુરુષોના શરીરમાં એવી શુદ્ધિ થઇ જાય કે તેમના શરીરમાંથી મળ – મૂત્રનો ત્યાગ કરે તે પણ લબ્ધિયુક્ત હોય. સનત્કુમાર ચક્રવર્તીને થૂંકમાં લબ્ધિ પેદા થઇ હતી કે થૂંકવાળી એક આંગળી શરીરના થોડા ભાગ પર લગાડી તો રક્તપિત્તવાળો એ ભાગ કંચન જેવો નિર્મળ થઇ ગયો.

બંધુઓ! સાધના કરનાર સાધકને આવી સિધ્ધિઓ તો ઘણી મળે પણ એ તરફ એનું લક્ષ્ય ન હોય. વળી આવી સિદ્ધિ માટે સાધના ન કરે. અનાયાસે લબ્ધિ થાય તો ભલે થાય. તેનાથી તેઓ લોભાય નહીં. સાચા ગુરુ પણ કદી શિષ્યને આવી પ્રલોભનકારી સાધના માટેનાં સૂત્રો ન આપે. શિષ્ય કદાચ જીદ કરીને એ સૂત્રો ગુરુ પાસેથી જાણી લે તો પણ ગુરુને તેનો ખેદ હોય.

એક શિષ્યે પાણી પર ચાલવાની સિદ્ધિ પામવા માટે બાર વર્ષની સાધના કરી. એ પ્રાપ્ત કરીને, ઊછળતા હૈયે ગુરુ પાસે આવીને પોતાની સિદ્ધિ પ્રાપ્તિની વાત ગર્વભર્યા સૂરમાં રજૂ કરી. ગુરુએ માત્ર એટલું જ કહ્યું, બેટા! જે કાર્ય માત્ર બે પૈસામાં નાવિક કરી આપે તેની પાછળ તેં જીંદગીનાં અમૂલ્ય બાર વર્ષ ગાળી નાખ્યાં. બંધુઓ! આ છે ભારતીય સાધકોનું માનસ!

અહીં સાધનાની પરંપરા માત્ર આત્માની સિદ્ધિ કરવા માટે જ છે. જિજ્ઞાસુ સાધકના અંત:કરણમાં આત્માને જાણવા, સમજવાની, અનુભવવાની જ લગની હોય છે. તેથી જ આત્મસિદ્ધિશાસ્ત્રમાં શ્રીમદ્જીએ છ પદોને શંકા સમાધાનરૂપે રજૂ કર્યાં છે. અહીં એક પ્રશ્ન તેના ઉત્તર સાથે જ ઉદ્ભવે છે.

શિષ્યના પ્રશ્નમાં કેટલું ઊંડું ચિંતન ભર્યું છે! ગહન ચિંતન વગર આવા પ્રશ્નો થવાનો સંભવ નથી. આપણે જાણીએ છીએ કે શ્રીમદ્જીએ પોતે જ આ પ્રશ્નો ઊભા કર્યા છે અને પોતે જ જવાબ આપ્યા છે. આવા ઊંડા પ્રશ્નો એ સૂચવે છે કે શ્રીમદ્જીનું તત્વવિષયક ચિંતન કેટલું વિશાળ અને ગહન હશે. તત્વજ્ઞાન એકવાર વાંચી કે સાંભળી લેવાથી આત્મસાત્ થતું નથી પણ તેને ખૂબ વાગોળવું પડે છે. ત્યારે જ આત્માની અનંત જ્ઞાનશક્તિ જાગ્રત થાય છે. શ્રીમદ્જી પૂર્વના સંસ્કારો સાથે લઇને આવ્યા



હતા એ જ બતાવે છે કે પૂર્વજન્મોમાં તેઓએ જે જ્ઞાન મેળવ્યું હશે તે ઊંડા ચિંતન દ્વારા વાગોળીને પચાવ્યું હશે. તેથી જ આત્મા સાથે સંસ્કાર બનીને રહ્યું અને આ જન્મે અનાયાસે જાગ્રત થઇ ગયું.

સામાન્ય માણસ કોઇ એક તત્વ વિષે વિચારવા બેસે તો તેના વિચારો બે-પાંચ પળ ચાલે અને અટકી જાય, તેમાંય Link ન હોય. આગળ શું વિચારવું તેની સમજણ જ ના પડે. જ્યારે ચિંતનશીલ વ્યક્તિ જ્ઞાનાદિના વિચારોને નિરંતર પોતામાં ઘોળ્યા કરતો હોય. શ્રીમદ્જી પણ ઊંડા તત્વજ્ઞાનના સંસ્કારને સાથે લઇને અવતર્યા તેથી જ આવી ઉત્કૃષ્ટ રચના તેમના દ્વારા થઇ.

બંધુઓ! આપણે પણ વીતરાગની વાણીને સાંભળી તેના પર ચિંતન કરી આત્મા પર ચિંતન કરી આત્મા પર સંસ્કાર પાડીએ. આજે આપણામાં એ સંસ્કાર નથી દેખાતા તેનું કારણ એ છે કે ગત જન્મોમાં જે કરવું જોઇએ તે કરીને આવ્યા નથી. ત્યાં માત્ર વિષયોના ભોગની મઝા જ માણી છે.તેથી એ સંસ્કારો ગાઢ છે, અને જ્ઞાન-દર્શનાદિના સંસ્કારો દેખાતા જ નથી. આ નાના જીવનમાં ઘણું કરવાનું છે તે કરી લઇએ, આત્માને જ્ઞાન-દર્શનના ભાવોથી સંસ્કારીત બનાવી લઇએ!

અહીં શિષ્ય આવો સંસ્કારી છે તેથી જ તેના હૈયામાં જિજ્ઞાસા છે. તેણે ત્રણ પદોને જાણી લીધા પછી મનમાં સંશય જાગ્યો કે આત્મા કર્તા છે. કર્મો કરે છે તો ભોગવતો પણ હશે જ ને? કરેલાં કર્મોનું ફળ તો હોય જ ને! પણ ભોગવવા પાછળ કયું તંત્ર કામ કરતું હશે? ખૂબ વિચારતાં પણ મગજમાં બેસતું નથી. તેથી ઉપકારી ગુરુદેવની સામે હૃદય ખોલી નાંખ્યું.

**જીવ કર્મકર્તા કહો, પણ ભોક્તા નહીં સોય,**
**શું સમજે જડ કર્મ કે, ફળ પરિણામી હોય?.. ૭૯..**

ભન્તે! જીવ કર્મોનો કર્તા છે એ તો મેં સ્વીકારી લીધું. શુભભાવ વડે જીવ પુણ્યકર્મ કરે અને અશુભભાવ વડે પાપકર્મ કરે. પણ પુણ્ય અને પાપ બન્ને કર્મો તો જડ છે. તેનામાં જ્ઞાનશક્તિ નથી. તેઓને પોતાને એ ખબર નથી કે પોતે પુણ્યરૂપ છે કે પાપરૂપ છે. વળી સમય થતાં જીવને સારું ને માઠું ફળ આપવું એ પણ એને ખબર નથી. જીવે આવાં કર્મો કર્યાં છે માટે

જીવને એ-એ પ્રકારનાં ફળ આપવા જોઇએ એવું જડ કર્મો કઇ રીતે જાણે? અને જીવને ફળ તો કર્મોનું જ મળે છે ને? જો જડ કર્મો ફળ આપવા સમર્થ નથી તો જીવ કર્મ-ફળનો ભોક્તા છે એમ કઇ રીતે કહી શકાય?

વ્યવહારમાં પણ જડ પદાર્થોનો ઉપયોગ અને તેનું મળતું ફળ એ આપણા પ્રયત્નથી મળે છે. જડ એમ ને એમ ફળ નથી આપી દેતું. આપણે જમવા બેઠા, સામે થાળી પીરસેલી છે, રોજ એ જ થાળીમાંથી એ ભોજનના પદાર્થો ખાઇએ છીએ. પણ આપણે હાથમાં લઇ મુખમાં મૂકવું પડે છે. ભોજન એમ ને એમ મુખમાં પડીને ભૂખની શાન્તિરૂપ ફળ આપતું નથી. માટે જીવને જડ કર્મો ફળ આપી શકે નહીં. તો તે ભોક્તા કેમ કહેવાય?

પણ આપ જો જીવને ભોક્તા કહો જ છો તો વળી એક પ્રશ્ન ઊભો થાય છે.

**ફળદાતા ઈશ્વર ગણ્યે, ભોક્તાપણું સધાય;**
**એમ કહ્યે ઈશ્વર તણું, ઈશ્વરપણું જ જાય.. ૮૦..**

એમ માની લઇએ કે ઈશ્વર તો સર્વના કર્મોને જાણતો જ હોય તેથી જેમ ન્યાયાધીશ ગુનેગારોને ગુનાની સજા આપે છે તેમ ઈશ્વર જીવોને તેનાં કર્મો ભોગવાવે તો જ જીવનું ભોક્તાપણું સિદ્ધ થાય. એટલું કહ્યા પછી વળી શિષ્યને જ એમ થાય છે કે ઈશ્વરને ફળ દાતા માનીએ તો ઈશ્વરના સ્વરૂપને ખંડિત થવું પડે.

આ વિશ્વના અનંતાનંત જીવો, માત્ર સિદ્ધોને છોડીને, સર્વ કર્મસહિત છે. સમયે-સમયે દરેક જીવને કર્મફળ તો ભોગવવાનું જ છે. ઈશ્વરે સમયે-સમયે દરેક જીવને ફળ આપવાં જ પડે. હવે જો ઈશ્વર આ પ્રપંચમાં પડે તો એ પરભવોમાં જ રહે. ઈશ્વર એટલે તો મુક્ત આત્મા. તે માત્ર નિજ સ્વભાવનો જ કર્તા હોય. સ્વ-સ્વરૂપમાં જ નિમગ્ન હોય. પણ જો તેને જીવોને ફળ આપવારૂપ કાર્ય કરવું પડતું હોય તો તેનામાં પરભાવોનું કર્તાપણું આવ્યું. આટલા જીવોના કર્મોનો હિસાબ રાખતાં રાખતાં તે પોતે જ કર્મથી લેપાય જાય તો તેનું ઈશ્વરપણું ટકી શકે નહીં.

ઈશ્વરત્વ તેનામાં ન રહે તો તે સામાન્ય ચેતન પ્રાણી જેવો થઈ જાય. તો પછી તેને પણ કર્મ હોય અને તેના કર્મોનું ફળ તેને કોણ ભોગવાવે? આમ ઘણી જ અવ્યવસ્થા ઊભી થઇ જાય. માટે ઈશ્વર પણ જીવોને ફળ



દેવામાં સમર્થ નથી. તે તેના ઈશ્વરત્વમાંથી બહાર આવે નહીં અને ફળ આપે નહીં. જો આમ જ છે તો પછી ભોક્તાપણું સિદ્ધ થઇ શકે નહીં. તેથી શિષ્ય કહે છે —

**ઈશ્વર સિદ્ધ થયા વિના, જગત નિયમ નહીં હોય;**
**પછી શુભા-શુભ કર્મનાં, ભોગ્ય સ્થાન નહીં કોય..૮૧..**

હે ગુરુદેવ! ઈશ્વર અર્થાત્ સંપૂર્ણ પુરુષ. વીતરાગ અને શુદ્ધ સ્વભાવી પરમાત્મા. આવા ઈશ્વર જીવોને ફળ દેનાર સિદ્ધ થતા નથી. તેઓ જગતના પ્રપંચમાં પડતા નથી. એમ કહી તો દઇએ પણ તો જગતનું તંત્ર જે વ્યવસ્થિત રીતે ચાલે છે તે કોણ ચલાવે છે? આપણે જોઇએ છીએ કે વિશ્વ-નિસર્ગનાં સર્વ કાર્યો નિયમથી જ થઇ રહ્યાં છે. સૂર્યનો ઉદય અને અસ્ત, ઋતુઓનું પરિવર્તન, દિવસ અને રાત્રિ, ગ્રહોનું ફરવું, વૃક્ષનું ઉગવું, ઝરણાનું વહેવું વગેરે ક્રિયાઓ નિયમિતપણે થયા જ કરે છે. એ બધું પણ થશે નહીં.

એ જ ન્યાયે જીવનાં શુભાશુભ કર્મના ભોગવવા માટેના સ્થાનો સ્વર્ગ-નરક આદિ મનાયા છે તે વ્યવસ્થા પણ નહીં રહે. જીવને કર્મો ભોગવવાના સ્થાનો જ ન હોય તો ભોક્તાપણું પણ કેમ હોય?

શિષ્યના મનમાં એ વાતનો બહુ ઊંડો પ્રભાવ છે કે વિશ્વનું તંત્ર ઈશ્વર વિના ચાલી જ ન શકે. અન્યથા એ શક્ય જ નથી.

કર્મફળના ભોક્તૃત્વ વિષે શિષ્યના મનમાં આવી આશંકાઓ જન્મી છે. તે ગુરુદેવને કહે છે, હે ગુરુદેવ! મારા પર કૃપા કરો! આપ તો ઉપકારી છો. તો મારા જેવા અજ્ઞાનીને અજ્ઞાનભાવમાંથી બહાર કાઢવા મારો કર ગ્રહો. આધાર આપો!

શિષ્યની નમ્ર વિનંતીને સ્વીકારી ગુરુદેવ તેની શંકાઓનું સમાધાન કરવા તત્પર થયા છે. સમાધાન શું છે તે અવસરે....

# ભાવકર્મ નિજ કલ્પના....!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની-અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના જીવને શુદ્ધ સ્વાભાવિક દશાના આનંદની અનુભૂતિ કરાવે છે. અનાદિથી અશુદ્ધ દશામાં પરિણત થઇ વિકૃત આનંદને જ જીવે માણ્યો છે. સ્વ-સન્મુખ થયો નહીં, તેથી નિર્મળ આનંદ માણી શક્યો નહીં.

સાધનાના રાહે ચડતો જીવ સ્વ-સન્મુખ થઇ, સ્વમાં પરિણત થવા માંડે છે, જેથી પરિણામે સર્વ બાહ્ય ભાવો છૂટી જાય છે. પોતે પોતામાં ઠરવાં માંડે છે. શાંત થઇ જાય છે.

આવી દશાને ઝંખતો શિષ્ય ગુરુદેવ સમક્ષ અનેક શંકાઓ રજુ કરે છે. જીવ કર્મફળનો ભોક્તા છે કે નહીં? એ સંદેહ શિષ્યના અંતરમાં ઉઠ્યો છે. ગુરુદેવ સમક્ષ મુક્યો છે. તેને સમજાવતાં પહેલા આત્મામાં ભોક્તૃત્વ કઇ-કઇ દૃષ્ટિથી ઘટી શકે તેનો વિચાર કરી લઇશું.

જેમ વ્યવહાર અને નિશ્ચય બન્ને દૃષ્ટિથી આત્માનું કર્તૃત્વ વિચાર્યું, એ જ રીતે ભોક્તૃત્વ પણ બન્ને દૃષ્ટિથી આત્મામાં ઘટિત થઇ શકે છે.

૧. વ્યવહારનયથી, એક રીતે જીવ ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થોથી ઉત્પન્ન સુખ-દુ:ખનો ભોક્તા છે. ઇન્દ્રિયો દ્વારા પદાર્થોને ગ્રહણ કરવાથી સુખ અથવા દુ:ખનો અનુભવ સહુને છે. જેમકે :- અમુક સંગીત સાંભળ્યું બહુ મઝા આવી, અમુક દૃશ્ય જોયું, જરાય ન ગમ્યું. મઝા આવી તે સુખ અને ન ગમ્યું તે દુ:ખ, આવો ભોગ નિરંતર ચાલતો જ હોય છે. વળી પદાર્થ મેળવીને પણ સુખ-દ:ખ ભોગવવાનાં હોય છે.

૨. એજ વ્યવહારનયથી, બીજી રીતે જીવ કર્મના ઉદયે કરી જે સુ-ફળ કે કુ-ફળ મળે તેના સુખ-દુ:ખનો ભોક્તા છે. પુણ્યના ઉદયે અનુકૂળતા અને પાપના ઉદયે પ્રતિકૂળતા વેઠવી જ પડે છે. કર્માધીન જીવ કર્મના ઉદયમાં વહી જતો હોય તેથી ઉદયજન્ય સુખ-દુ:ખનો ભોક્તા છે.

૩. અશુદ્ધ નિશ્ચયનયથી, ચેતન ભાવરૂપ રાગ-દ્વેષનો ભોક્તા છે.



રાગ-દ્વેષ વિભાવ છે, પણ ચેતનના આશ્રયે ઉત્પન્ન થતા હોય છે. તેથી તે ચેતનરૂપ છે. તેનો ભોક્તા જીવ છે. જીવ રાગ અનુભવે છે તો દ્વેષ પણ અનુભવે છે.

૪. શુદ્ધ નિશ્ચયનયથી જીવના મૌલિક ગુણો અનંતજ્ઞાન,અનંતદર્શન, અનંતવીર્ય અને અનંતસુખનો ભોક્તા છે. ગુણોનું પરિણમન સહજરૂપે સમયે સમયે થયાં કરતું હોય છે. જીવ તેનો અનુભવ લેતો રહે છે માટે ભાવોનો ભોક્તા છે.

૫. પરમ શુદ્ધ નિશ્ચયનયથી જીવ અભોક્તા છે. આ નય ભોગ્ય અને ભોક્તામાં ભેદ નથી સ્વીકારતો, એ કેવળ શુદ્ધ નિરપેક્ષ સ્વભાવને જ ગ્રહણ કરે છે. જીવ પોતાના શુદ્ધ સ્વરૂપે નિરંતર રહ્યા જ કરે છે તેથી તે અભોક્તા છે.

આમ વ્યવહાર અને નિશ્ચયનયથી આત્માનું ભોક્તાપણું-અભોક્તાપણું બતાવ્યા પછી હવે શ્રી ગુરુ શિષ્યની શંકાનું સમાધાન આપે છે.

**ભાવકર્મ નિજ કલ્પના, માટે ચેતન રૂપ;**
**જીવ વીર્યની સ્ફુરણા, ગ્રહણ કરે જડધૂપ...૮૨...**

કર્મ ત્રણ પ્રકારનાં : ૧. ભાવકર્મ, ૨. દ્રવ્યકર્મ, ૩. નોકર્મ.

આત્માના રાગ-દ્વેષ રૂપ પરિણામ તે ભાવકર્મ છે. રાગ-દ્વેષ વિકારરૂપ હોવા છતાં ચેતન આત્મામાં જ ઉત્પન્ન થાય છે માટે તેને ભાવકર્મ કહ્યાં છે. આ ભાવકર્મનું નિમિત્ત પામીને કર્મવર્ગણાના પુદ્ગલો ખેંચાઇ આત્મા પર આવે છે તે દ્રવ્યરૂપ છે, માટે તેને દ્રવ્યકર્મ કહ્યાં અને બંનેના પરિણામ સ્વરૂપ શરીર તે નો-કર્મ છે.

રાગ-દ્વેષ એ આત્માના વિકારી ભાવો છે. આપણે પણ રાગ-દ્વેષનો અનુભવ કરીએ છીએ તે ભાવાત્મક રીતે જ કરીએ છીએ. કોઇ વ્યક્તિ કે વસ્તુનાં રાગ–પ્રીતિ આપણાં અંતરમાં છે, તે માત્ર અંતરથી જ અનુભવી શકાય. બહાર કોઇ પદાર્થરૂપે દેખાડી ન શકાય. હા, રાગનાં પોષણ માટે થતાં કાર્યોથી રાગને જાણી શકાય કે માપી શકાય. પણ રાગ જોઇ ના શકાય. એવું જ દ્વેષનું. એ પણ અંદરમાં અનુભવાય પણ બતાવી ન શકાય. દ્વેષના કાર્યને જાણી શકાય, જોઇ શકાય પણ એ કાર્યના કારણરૂપ દ્વેષને જાણી ન શકાય. આમ રાગ દ્વેષ ભાવાત્મક છે અને આત્માના વિકારી ભાવ છે માટે ભાવકર્મ છે.

વળી એ આત્માના અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે. જ્ઞાનદશામાં રાગાદિ નથી. આત્મા જ્ઞાન સ્વભાવથી ચ્યુત થાય છે. ત્યારે કર્મોનાં ઉદયરૂપ પ્રવર્તતું અજ્ઞાન કેટલીયે વિકૃતિ પેદા કરે છે, તેમાં તે રાગ-દ્વેષને પણ પેદા કરે છે. જીવના અજ્ઞાનથી પેદા થતા હોવાથી રાગ-દ્વેષને ચેતન માન્યા છે.

આત્મા પોતે શાંતરસમય હોવા છતાં જ્ઞાન સ્વભાવમાં ન રહે ત્યારે તેનું આત્મવીર્ય સ્ફુરાયમાન થાય. આ આત્મા અનંતવીર્યનો ધારક છે. આત્મા જેટલો સ્વભાવથી દૂર ખસે એટલું વધુ વીર્ય સ્ફુરે અને જીવનાં મન, વચન, કાયાના યોગોને ચંચળ બનાવે. યોગોની ચંચળતા આત્માને પણ સ્થિર ન રહેવા દે. આત્મામાં કંપન પેદા થાય, આ કંપન વાતાવરણમાં પડેલ કર્મ પુદ્ગલોને ખેંચી કર્મરૂપે પરિણત કરે છે. આમ આત્મા જ અજ્ઞાને કરી કર્મનો કર્તા બને છે.

આત્મા જ્ઞાનભાવમાં રમતો હોય, સમ્યગ્દર્શી બની નિજ સ્વરૂપની રમણતામાં ઝૂલતો હોય એ નિમિત્ત પામીને આત્માના અસંખ્ય પ્રદેશે રહેલ અનંતવીર્ય ઉલ્લસિત થાય, અંતર્ભૂત થાય ત્યારે એ કોટિ કર્મોની નિર્જરા કરી લે છે. જીવમાં એક પ્રકારનો ભાવોલ્લાસ પેદા કરે છે. જે જીવને અતિ વેગે કર્મક્ષય તરફ દોરી જાય છે.

જીવનો સવળો પુરૂષાર્થ આત્મવીર્યનો ઉપયોગ, કર્મનિર્જરા માટે કરે છે અને અવળો પુરૂષાર્થ આત્મવીર્યના બળે અનંત કર્મોને ઉપાર્જન કરે છે.

અહીં ગુરુદેવ એ જ બતાવવા માગે છે કે રાગ-દ્વેષ રૂપ ભાવકર્મો ચેતનના આશ્રયે ઉત્પન્ન થઇ જડ એવાં કર્મોનાં કારણરૂપ બને છે. અને તેથી વ્યવહારનયે આત્મા કર્મનો કર્તા બને છે.

અહીં આ બધું કહેવાનું પ્રયોજન એ જ છે કે જો આમ જીવ કર્મનો કર્તા બનતો હોય તો એ કર્મફળનો ભોક્તા પણ બને જ. ભાવકર્મોથી દ્રવ્યકર્મો આકર્ષાય છે. દ્રવ્યકર્મોના ઉદયે વળી જીવ એ રૂપ પરિણમે છે. અને બાહ્યમાં પણ દેહાદિની ક્રિયાઓ એ રૂપે થાય છે. દેહાદિની ક્રિયાના કારણે ફરી રાગ-દ્વેષ અને કર્મબંધ થાય છે. આમ આ આખુય ચક્ર ચાલ્યા જ કરે છે. સર્વના મૂળમાં અજ્ઞાન છે. જ્યાં સુધી અજ્ઞાન પડ્યું છે ત્યાં સુધી જ આત્મા કર્મનું ભોક્તૃત્વ છે. જે સમયે અજ્ઞાન જશે તે જ સમયથી એ નિજ સ્વભાવનો કર્તા-ભોક્તા બની જશે.

જડ કર્મો ચેતનને ફળ કેવી રીતે આપી શકે તે સમજાવવા માટે



ગુરુદેવે આટલી ભૂમિકા બાંધી. કર્મો જડ હોવા છતાં પણ જ્યાં સુધી આત્મા સાથે એક ક્ષેત્રવગાહી રહ્યાં છે ત્યાં સુધી એને ચેતનનો પાવર મળ્યા કરે છે. પાવરને કારણે એ પોતાને કરવા યોગ્ય કાર્ય કરી લે છે.

ચેતન આત્માથી પાવર મેળવવા માટે કર્મ ચેતનને ભ્રમિત કરી નાંખે છે. તો જ ચેતન, કર્મને વશ થાય. નહીં તો ન થાય.

આપણા સહુનો અનુભવ છે કે આપણે આત્મભ્રાંતિમાં જીવી રહ્યાં છીએ એટલે જ કર્મોનું જોર આપણાં પર ચાલે છે. અન્યથા અનંત શકિત ધારક આત્મા પર જડ કર્મો કેમ સવાર થઇ શકે ?

આત્માને ભૂલાવામાં નાંખી કર્મોને જે કરવું હોય તે કરી લે છે. તેમ એજ આત્માને સારાં-માંઠાં ફળ દેવા માટે પણ આત્માને ભૂલાવે અને ફળ આપી દે છે.

હવે જડકર્મો કેવી રીતે આત્માને ફળ આપે છે તે ગુરુદેવ સમજાવશે.

ડ

# ઝેર સુધા સમજે નહીં....!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની - અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના પરમાર્થ સાધવાની સાધના છે. જીવે આજ સુધી પરમાર્થ સાધ્યો નથી. માત્ર દેહ અર્થે ભૌતિક ઉપલબ્ધિઓની પ્રાપ્તિમાં જ એ પડ્યો રહ્યો.

જીવને એ જાણ નથી કે દેહનાં, મનનાં, ઇન્દ્રિયોનાં સુખો કરતા પણ, વિશેષ સુખ ક્યાંય મળે છે! આત્મા - પરમાત્મા જેવા શબ્દો પણ જેના કાને નથી પડ્યા તેને કયાંથી ખબર કે 'હું આત્મા છું' તેમ 'હું પરમાત્મા છું.' મારા પરમાત્મભાવને પ્રગટ કરી શકુ છું.

બંધુઓ! જીવનો જે Fieldમાં જેટલો વિકાસ થયો હોય, એટલી જ ઈચ્છાઓ એને થાય. પછી ભલે પોતાના Fieldની ઇચ્છાઓ અનેક હોય. જેમ કે ભારતનાં તદ્દન નાનાં ગામડાંઓ જે શહેરોથી ઘણાં જ દૂર અને અંદરનાં ભાગમાં છે, ત્યાં રહેનાર માણસે કદી ટ્રેન પણ જોઇ નથી. અરે! એ જાણતો પણ ન હોય કે જે એક ગામથી ખૂબ દૂરનાં ગામમાં લઇ જાય! એને ટ્રેનમાં બેસવું છે એવો વિચાર પણ ન આવે તો એરમાં બેસવાનો વિકલ્પ જ ક્યાંથી ઊઠે? આજના વિજ્ઞાને કરેલી શોધોથી પણ એ બિલકુલ અજાણ, એને કોઇપણ જાતનાં વૈજ્ઞાનિક સાધનોથી સગવડતા મેળવી લેવાની ઇચ્છા પણ ન જન્મે!

આપણે પણ એ ગ્રામ્યજનથી કંઇ વિશેષ નથી. માત્ર દેહને ઇન્દ્રિયોનાં પ્રદેશમાં જ વસ્યા છીએ. તેમાંથી બહાર નીકળી અમાપ રિદ્ધિનો સ્વામી આત્મા એ જ હું છું. તેમજ મારા આત્મામાં જ અવિકલ સુખના ખજાના ભર્યા છે એથી તદ્દન અજ્ઞાત એવા આપણા આત્મિક સુખની પ્રાપ્તિના પ્રયત્નો ક્યાંથી કરીએ?

પણ, આજે આવા દુષમકાળમાં પણ આપણે સૌ ભાગ્યશાળી છીએ



કે વીતરાગની વાણીરૂપ શાસ્ત્રો તથા સત્સંગ બંને મળ્યાં છે. પોતાની જ્ઞાન દશાથી આત્માને પામી શકાય છે એવી સચોટ ખાતરી ગુરુદેવો કરાવે છે. ત્યારે સાંસારિક વાસનાઓને છોડી દઇ આત્મિક ઉપલબ્ધિ માટે પુરૂષાર્થ કરીએ. સંસારસુખો તો બહુ ભોગવ્યાં પણ હવે આત્મિક આનંદની અનુભુતિ કરવી છે. સંસારના ભોગો મીઠા લાગતા હશે પણ પરિણામે તે કડવા ઝેર છે. શાસ્ત્રોમાં કહ્યું છે

**जहा किम्पाग फलाणं, परिणामो न सुन्दरो ।**
**एवं भुत्ताणं भोगाणं, परिणामो न सुन्दरो ॥**

તેમ જ

**खणमित्त सुकखा, बहुकालदुक्खा.....।**

સુંદર દેખાતા કિંપાક્વૃક્ષનાં ફળો ખાવાથી ઝેરરૂપે પરિણમે છે. તેમ દેહ-ઇન્દ્રિયના ભોગો ભોગવતી વખતે બહુ મીઠા લાગે. ક્ષણ એક જૂઠા સુખની અનુભૂતિ કરાવે પણ પરિણામે દીર્ઘકાળ સુધી દુ:ખ જ આપે.

તો બંધુઓ! અજ્ઞાનભાવે જીવ ઇન્દ્રિયજન્ય વિષયો, વૈષયિક પદાર્થોને ભોગવે છે. પણ એ જ જીવ જ્યારે અજ્ઞાન ટાળી જ્ઞાનદશાને જાગ્રત કરે ત્યારે પોતામાં રહેલ સ્વભાવદશાનો ભોક્તા બને છે. સંસારના સર્વ પદાર્થો હાજર હોય, ઇન્દ્રિયો સંપૂર્ણ હોય, દેહ સશક્ત હોય છતાં અંતરમાં પ્રગટ થયેલી ઉદાસીનતા પદાર્થોના ભોગવટામાં નિર્વેદને જ સેવતી હોય. તેથી જ સર્વ રિદ્ધિ-સિદ્ધિના સ્વામી ચક્રવર્તી ભરત તદ્ભવ મોક્ષે પધારી ગયા. ભોગજન્ય પદાર્થો તો જડ છે એ જીવને આકર્ષી શકે નહીં, પણ જીવને રાગ-દ્વેષનો ભોગવટો કરવો પણ ગમે છે. એ રાગાદિમાં ભળી જાય છે તેથી જ પોતે ભોગો તરફ આકર્ષાય તેને ભોગવે છે. અનાદિથી જીવને આ જ અભ્યાસ છે.

જિજ્ઞાસુ શિષ્ય, કે જેનું મન સંસારના ભોગોથી વિરક્ત થવા માંડ્યું છે. તે તત્વની દૃષ્ટિએ જીવનું ભોક્તૃત્વ શું છે તે જાણવા માગે છે. જીવ કર્મોનો કર્તા છે એ તેની શ્રદ્ધામાં ઊતર્યું છે પણ સાથે-સાથે એય જાણ્યું કે કર્મ તો જડ છે. જડ કર્મો કઇ રીતે ફળ આપવા સમર્થ હોઇ શકે ?

ગુરુદેવે આના સમાધાન અર્થે પ્રથમ ગાથામાં એ સમજાવ્યું કે જીવ કર્મનો કર્તા કઇ રીતે છે. કર્મના કર્તુત્વમાં ચેતનની પ્રેરણા હોય તો

ભોક્તૃત્વમાં પણ હોય. આ તર્ક ઉપસ્થિત કરી હવે જડકર્મો ફળ કઇ રીતે આપે તે સમજાવે છે.

**ઝેર સુધા સમજે નહીં, જીવ ખાય ફળ થાય;**
**એમ શુભાશુભ કર્મનું, ભોક્તાપણું જણાય....૮૩..**

વત્સ! વ્યવહારમાં જોયું છે કે જડ પદાર્થોની અસર બહુ મોટી હોય છે. સામાન્ય રીતે વિચાર કરીએ તો રોજના ભોજનની અસર શરીરમાં દેખાય છે. ભોજનના પદાર્થો જડ હોય છે. છતાં શરીરમાં શક્તિ, લોહી, ચરબી વગેરે બધું જ બનાવે છે. આહારના બળે માણસ જીવતો હોય છે. કેટલાક ભોજ્ય પદાર્થ તો નશીલા પણ હોય છે. ભારે ખોરાક ખાઇને ઊઠો, ને ઘેન ચડવા માંડે. આરામ કરવાની ઇચ્છા ન હોય તો પણ સૂઇ જવું પડે. આ છે ભોજનના પદાર્થોની શરીર પર અસર.

મદિરા પીધેલા માણસ પર, મદિરાની અસર કેટલી? તેને ભાન-શાન ભૂલાઇ જાય, ડાહ્યો ગણાતો માણસ વિચિત્ર રીતે વર્તન કરવા માંડે, તેના જ્ઞાનતંતુઓ શિથિલ થઇ જાય.

ઓપરેશનના ટેબલ પર સૂતેલા માણસને ડૉક્ટર એનસ્થેસિયા આપે અને તે મૃતવત્ થઇ જાય. શરીરના કોઇપણ ભાગને કાપે, તેને ખબર ન પડે. કેટલી જબરજસ્ત અસર આત્મા પર ? જે આત્માને એક સોયની અણી અડે તેનું પણ સંવેદન છે એ આખું શરીર કપાઇ જાય તો પણ વેદી ન શકે, ક્યાં ગયો આત્મા ? આત્મા તો ત્યાં ને ત્યાં હોય પણ પેલા પદાર્થે, જે વેદે છે એવા જ્ઞાનતંતુઓને અત્યંત સુષુપ્ત, અવસ્થામાં મૂકી દીધા તેથી સંવેદન કરી શકે નહીં.

એ જ રીતે કોઇ માણસ ઝેર ખાય તો મરી જાય છે અને ઉત્તમ પદાર્થ જેને અમૃત કહેવાય તે ખાય તો તેનાથી તેની શરીરશક્તિ-જીવનશક્તિ વધે છે.

જેટલા કહ્યા તે બધા જ પદાર્થો જડ છે છતાં તેની અસર શરીર પર થતી આપણે અનુભવીએ છીએ. તેમાં પણ પોતાની ઇચ્છાથી ઝેર આદિ લે તો જ અસર થાય, અન્યથા ન થાય તેમ પણ નથી. જાણ્યે-અજાણે લઇ લીધું તો પણ તેની અસર થાય જ છે.

જેમ આ બધી અસરો શરીર પર, મન પર, જ્ઞાનતંતુઓ પર, આત્માની સંવેદનશકિત પર થાય છે, એ જ રીતે શુભાશુભ કર્મોની અસર



આત્મા પર થાય છે. એ સમજવા માટે કર્મબંધનની પ્રક્રિયાને વિસ્તારથી સમજીએ.

આત્મા અને કર્મ પરમાણુઓના સંબંધ વિશેષને બંધ કહે છે. તેના ચાર ભેદ છે. પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ.

**પ્રકૃતિબંધ:** પ્રકૃતિ શબ્દનો અર્થ છે સ્વભાવ, જેથી જુદાં-જુદાં કર્મોમાં જ્ઞાનાદિની ઘાત કરવાનો જે સ્વભાવ ઉત્પન્ન થાય છે તે પ્રકૃતિબંધ કહેવાય છે. જેમ કે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય. આ આઠ સ્વભાવ, કર્મોમાં ઉત્પન્ન થાય છે.

જીવના યોગ અને કષાયરૂપ ભાવોના નિમિત્તથી જ્યારે કર્મવર્ગણાઓ કર્મરૂપ પરિણત થાય છે ત્યારે તેમાં ચાર બાબતો ઊભી થાય છે. ૧. સ્વભાવ, ૨. સ્થિતિ, ૩. ફળ દેવાની શક્તિ, ૪. પરિણામ. એમાં સ્વભાવ અને પરિણામ એટલે કે પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ જીવની યોગશક્તિ પર નિર્ભર છે તથા સ્થિતિ અને ફળ દેવાની શક્તિ અર્થાત્ સ્થિતિબંધ અને રસબંધ જીવના કષાયભાવો પર નિર્ભર છે. યોગશક્તિ જેવી તીવ્ર કે મંદ હશે. બંધને પ્રાપ્ત કર્મ પુદ્ગલોનો સ્વભાવ અને પરિણામ પણ એવા જ તીવ્ર કે મંદ રહેશે. જીવના કષાય જેવા તીવ્ર કે મંદ હશે, બંધને પ્રાપ્ત પરમાણુઓની સ્થિતિ અને ફળદાયક શક્તિ પણ એવી જ તીવ્ર અગર મંદ હશે.

આમ પહેલાં પ્રકૃતિબંધમાં કર્મો જ્ઞાનાવરણાદિ રૂપે પરિણમે છે.

**પ્રદેશબંધ:** પુદ્ગલના એક પરમાણુને એક પ્રદેશ કહે છે તેથી જે પુદ્ગલ સ્કંધ કર્મરૂપ પરિણત થાય છે તે પુદ્ગલસ્કંધોનું પરિમાણ, પરમાણુ વડે આંકવામાં આવે છે. જેમકે અમુક સમયમાં આટલા પરમાણુવાળા પુદ્ગલસ્કંધ, અમુક જીવના કર્મરૂપ પરિણત થયા છે, તેને પ્રદેશબંધ કહે છે.

જે પુદ્ગલસ્કંધ કર્મરૂપ પરિણત થાય છે તેને કર્મવર્ગણા સ્કંધ કહે છે. આ લોક પુદ્ગલાસ્તિકાયથી ઠસોઠસ ભરેલો છે. તે પુદ્ગલો અનેક વર્ગણાઓમાં વિભાજિત છે. તેમાં એક કર્મવર્ગણાનો વર્ગ પણ છે. આ કર્મવર્ગણા જ જીવના યોગ અને કષાયનું નિમિત્ત પામીને કર્મરૂપ પરિણત થઇ જાય છે પરંતુ પ્રત્યેક જીવ એવી જ કર્મવર્ગણાઓને ગ્રહણ કરી શકે છે કે તેનાથી અત્યંત નિકટ હોય. જેમ આગમાં તપાવેલા લોહના ગોળાને પાણીમાં નાંખવાથી, એ જે જગ્યાએ પડશે તે સ્થાનના પાણીને જ ગ્રહણ

કરશે, દૂરના પાણીને નહીં. એ જ રીતે જીવ પણ જે આકાશપ્રદેશમાં સ્થિત હોય તે જ આકાશ-પ્રદેશમાં રહેનારી કર્મવર્ગણાઓને ગ્રહણ કરે છે. વળી જેવી રીતે તપાવેલો લોહનો ગોળો પાણીમાં નાખવાથી ચારે તરફથી પાણીને ખેંચે છે તેવી જ રીતે જીવ પણ સર્વ આત્મપ્રદેશોથી કર્મોને ગ્રહણ કરે છે.

ભોજન પેટમાં જવા પછી કાલક્રમથી રસ, રૂધિર આદિ રૂપ થઇ જાય છે તેમ પ્રતિ-સમય જે કર્મવર્ગણાઓને જીવ ગ્રહણ કરે છે, તે કર્મવર્ગણાઓ પણ, એ સમયે જેટલાં કર્મોનો બંધ થવાનો હોય, એટલા ભાગોમાં વહેંચાઇ જાય છે.

આયુષ્યકર્મનો બંધ કાયમ નથી થતો. જ્યારે થાય છે ત્યારે એક અંતર્મુહૂર્ત સુધી જ. જીવનમાં એક જ વાર આયુષ્યનો બંધ થાય છે. એ સમયે જેટલાં કર્મપુદ્ગલો ગ્રહણ થાય તેના આઠ ભાગ થઇ જાય. આયુષ્ય ન બંધાતું હોય ત્યારે સાત ભાગ થાય. દશમા ગુણસ્થાને આયુષ્ય અને મોહનીય છોડી શેષ છ ભાગ થાય અને તેરમા ગુણસ્થાને એક કર્મ જ બંધાય છે માટે ગ્રહણ કરાયેલા પુદ્ગલ તે એકરૂપ જ રહે છે.

કર્મપુદ્ગલોનું વિભાજન કેવી રીતે થાય છે તે જોઇએ. આયુષ્યકર્મનો ભાગ સર્વથી થોડો છે. કારણ તેની સ્થિતિ સર્વ કર્મથી ઓછી છે. આયુષ્યકર્મથી નામ તથા ગોત્રકર્મનો ભાગ અધિક છે કારણ આયુષ્યકર્મની સ્થિતિ ૩૩ સાગરોપમની છે અને નામગોત્રની ૨૦ ક્રોડાક્રોડ સાગરની છે. તે બન્નેને સરખો ભાગ મળે છે. જ્ઞાનાવર્ણીય, દર્શનાવર્ણીય અને અંતરાયની સ્થિતિ નામ-ગોત્રથી વધારે અટલે કે ૩૦ ક્રોડાક્રોડ સાગરની છે તેથી નામ, ગોત્રથી તે ત્રણેયને વધારે ભાગ મળે છે. આ ત્રણેય કર્મથી મોહનીયકર્મનો ભાગ અધિક છે કારણ કે તેની સ્થિતિ ૭૦ ક્રોડાક્રોડ સાગરની છે. વેદનીયકર્મનો ભાગ સહુથી અધિક છે. જો કે વેદનીયની સ્થિતિ મોહનીયકર્મથી ઘણી ઓછી છે તો પણ મોહનીયથી વેદનીયનો ભાગ વધારે છે કારણ કર્મપુદ્ગલનાં ઘણાં દ્રવ્યો વિના વેદનીયકર્મનાં સુખદુ:ખાદિનો સ્પષ્ટ અનુભવ થઇ શકતો નથી. વધારે પુદ્ગલ મળે તો જ વેદનીય પોતાનું કાર્ય કરવામાં સમર્થ બની શકે છે. માટે સ્થિતિ થોડી હોવા છતાં પણ સહુથી વધુ ભાગ તેને મળે છે.

**સ્થિતિબંધ:** બંધ થઇ ગયા પછી જે કર્મ જેટલા કાળ સુધી આત્મા સાથે લાગીને રહે, તે તેનો સ્થિતિકાળ. બંધાવાવાળાં કર્મોમાં આ સ્થિતિકાળની



મર્યાદાનું થવું તેને જ સ્થિતિબંધ કહેવાય છે. સ્થિતિ બે પ્રકારની. જઘન્ય અને ઉત્કૃષ્ટ. ઓછામાં ઓછી સ્થિતિ જઘન્ય અને વધુમાં વધુ સ્થિતિ તે ઉત્કૃટ સ્થિતિ.

બીજી રીતે બે પ્રકારની સ્થિતિ કહી. કર્મ બંધાયા પછી જ્યાં સુધી ઉદયમાં ન આવે પણ આત્મા સાથે રહે તે અબાધાકાળ અને ઉદયમાં આવ્યા પછી જ્યાં સુધી ઉદયમાં રહે તે સ્થિતિ. જે કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ જેટલા સાગરોપમની હોય એટલાં સો વર્ષનો અબાધાકાળ હોય છે.

**રસબંધ:** બંધ પ્રાપ્ત કર્મ પુદ્ગલોમાં ફળ દેવાની શક્તિ હોય છે તેને રસબંધ કહે છે. જીવોની સાથે બંધાયા પહેલા કર્મ પરમાણુઓમાં કોઇ વિશિષ્ટ રસ નથી હોતો. તે નીરસ ને એકરૂપ હોય છે પરંતુ જ્યારે જીવ દ્વારા કર્મ પરમાણુઓ ગ્રહણ કરવામાં આવે ત્યારે જ જીવના કષાયરૂપ પરિણામોના નિમિત્તથી તેમાં અનંતગુણ રસ પડે છે. જે જીવના ગુણોની ઘાત કરે છે તેને જ રસબંધ કહે છે.

જેમ સૂકું ઘાસ નીરસ અને લુખ્ખું હોય છે પણ જુદાં-જુદાં પ્રાણીઓનાં પેટમાં જઇ દૂધ બને, તેની ઘટ્ટતા અને ચીકાશમાં તારતમ્યતા હોય છે. વળી ગુણામાં પણ અંતર પડે છે. ભેંસ, ગાય અને બકરીના દૂધમાં આ ભેદ જોવા મળે છે. તેમ જુદાં-જુદાં જીવ જ્યારે કર્મ ગ્રહણ કરે ત્યારે સહુના કષાયભાવોમાં તરતમતા હોય છે તેથી કર્મની ફળ દેવાની શક્તિરૂપ રસમાં પણ તરતમતા બને છે. અને ઉદયમાં આવે ત્યારે તીવ્ર કે મંદ રસ ફળ આપે છે.

રસ અથવા અનુભાગ બે પ્રકારનો હોય છે. તીવ્ર અને મંદ. આ બંને પ્રકારનો અનુભાગ શુભ-અશુભ બંને પ્રકૃતિઓમાં હોય છે. શુભ પ્રકૃતિઓના રસને શેરડીના રસની ઉપમા આપવામાં આવે છે કારણ કે ભોગવવામાં એ મીઠો અને સ્વાદિષ્ટ શેરડીના રસ જેવો હોય છે. અશુભ પ્રકૃતિઓના રસને લીમડાના રસની ઉપમા અપાય છે. લીમડાનો રસ કડવો હોય તેમ અશુભ પ્રકૃતિઓનાં ફળ પણ દુ:ખદાયી હોય છે. આ બંને રસોમાં પણ અનેક પ્રકારે વધતા-ઓછાપણું હોય છે, જેને તીવ્ર, તીવ્રતર અને તીવ્રતમ તથા મંદ, મંદતર અને મંદતમ રૂપ ષડ્ગુણ હાનિ-વૃદ્ધિ કહે છે.

આમ કરેલાં કર્મોને અમુક પ્રકૃતિરૂપે, અમુક પ્રદેશોના પરિમાણ રૂપ, અમુક સ્થિતિ અર્થાત્ અમુક કાળ સુધી અને મંદ-તીવ્ર રસરૂપે જીવ ભોગવે છે. આ ચારેય પ્રકારનાં બંધનાં કારણરૂપ જીવના કષાયભાવો તથા

યોગની પ્રકૃતિનું માધ્યમ મુખ્ય કારણ વિભાવ છે. જીવ જ્યારે વિભાવ પરિણામને પરિણમે છે ત્યારે કષાયો કરે છે અને કષાયના આશ્રયે તે-તે પ્રકારની પ્રવૃત્તિ થાય છે.

જેમ કર્મ કરવામાં ચેતન આત્માએ ભાગ ભજવ્યો, તો જ જડ પરમાણુઓ કર્મરૂપ પરિણમ્યાં તેમ કર્મોના ઉદય વખતે પણ આત્મા હાજર છે, આત્મા સાથે લાગેલાં કર્મો જ ઉદયરૂપ પરિણમ્યાં છે, અન્ય નહીં. તેથી તે કર્મો પણ ફળ આપવા સમર્થ થાય છે.

જડ પદાર્થ પોતે કંઇ ન કરી શકે પણ, માનવ કે પશુ-પક્ષી વગેરે કોઇ જીવ જડને પ્રવર્તાવે તો જડમાં ઘણું સામર્થ્ય છે. આજના વૈજ્ઞાનિક યુગમાં સમજવું જરાય મુશ્કેલ નથી. પુદ્‌ગલનો અંતિમ ભાગ પરમાણુ પોતે એકલો શું કરી શકે? તેનામાં અખૂટ શક્તિ હોવા પછી પણ જડ હોવાના કારણે તે કંઇ કરી શકતો નથી પણ એ જ અણુની શક્તિ માપીને તેને પ્રયોગાત્મક ધોરણે ઉપયોગમાં લીધી તો એ વિશ્વનો વિનાશ કરી શકે તેવી સર્જનાત્મક શક્તિ પણ વિકસિત થઇ. એ સિવાય પણ અનેક રીતે જડ શક્તિઓને નાથવામાં આવી છે અને તે માનવ પ્રાણીઓનાં ઉપયોગમાં આવે છે.

તેથી જ ગુરુદેવ કહે છે કે પદાર્થ પોતે ન જાણતો હોવા પછી પણ તેનામાં રહેલી શક્તિની અસર થાય છે તેમ શુભાશુભ કર્મ પણ જીવને ફળ આપવા શક્તિમાન છે. આત્મા પર રહેલ કર્મ તેની સ્થિતિ પાકતાં ફળ આપે છે અને ફળ આપી પોતાની જાતે જ આત્માથી અલગ થઇ જાય છે.

આમ જીવ કર્મનો કર્તા છે તો તે ભોક્તા પણ છે.

આત્માના ભોક્તૃત્વને સિદ્ધ કરતા અન્ય તર્કો અવસરે....

# કારણ વિના ન કાર્ય તે....!

વીતરાગ પરમાત્મા-અનંતજ્ઞાની અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્‌ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના વિભાવના કારણે રહેલી વિચિત્રતાનું ભાન જીવને કરાવી, અનેકરૂપતામાંથી બહાર લાવી એકરૂપતા પ્રાપ્ત કરાવે છે. જીવનું સ્વરૂપ એક અને અખંડ હોવા છતા સંસારમાં રહેલ અનંત પ્રાણીઓમાં વિભિન્નતા દેખાય છે.

મનુષ્યરૂપે બધાં જ મનુષ્ય સરખાં, શરીરાકૃતિ સરખી હોવા છતાં પણ એક મનુષ્ય બિલકુલ બીજા જેવો જોવા નથી મળતો. ક્યારેક કંઇક સરખાપણું બે માનવોમાં જોવા મળે તો તે પણ કરોડોમાં કોઇક. કદાચ બેલડાના બે બાળકો સમાન દેખાય. છતાં સૂક્ષ્મતાથી જોતાં જરા ફેર તો દેખાશે. હાથ, પગ, આંખ, કાન, નાક, મુખ, વગેરે યથાસ્થાને જેટલાં હોવા જોઇએ તેટલા જ હોય પણ તેના દેખાવમાં ફરક હોય. એ જ રીતે શરીરની દૃષ્ટિએ પશુઓમાં-પક્ષીઓમાં પણ આ અંતર રહે છે. શરીરની દ્રષ્ટિએ વિભિન્નતા જગતમાં દેખાય છે.

માનસિક દૃષ્ટિએ પણ માનવાળા જીવોમાં વિભિન્નતા દૃષ્ટિગોચર થાય છે. જડ પુદ્‌ગલોનું બનેલું મન, મનરૂપે બધાંને એકસરખુ મળ્યું પણ મનનાં કાર્યોમાં ખૂબ અંતર. કોઇ માણસને નાનો એવો પ્રસંગ ખૂબ જ ઊંડી અસર કરી જાય. મન અપસેટ થઇ જાય. અરે! તેના કારણે ભયંકર બીમારી નોતરી લે, જ્યારે કેટલાક માણસનાં મન એવાં હોય કે દુ:ખદ પ્રસંગ પણ તેના મનને ચલિત ન કરી શકે.

બીજી દૃષ્ટિએ માનસિક સ્થિતિ સહુની જુદી-જુદી. રસ અને રૂચિ પણ જુદાં. એક વ્યકિતને અમુક વ્યક્તિ બહુ જ પ્રિય હોય તો બીજી વ્યક્તિને એ જ ચીજ કે એ જ વ્યક્તિ અત્યંત અપ્રિય હોય. આવા ગમા-અણગમાના ભાવો દરેકના મનમાં જુદી-જુદી રીતે પડ્યા હોય છે.

એથી પણ આગળ વધીએ તો આધ્યાત્મિક ભૂમિકા પર સહુમાં ભિન્નતા હોય. જેમ કે સહુ સાથે બેસીને પ્રાર્થના કરતાં હોય. ભગવાન ઋષભદેવની સ્તુતિ રૂપ ભક્તામર સ્તોત્રનું સ્મરણ થતું હોય પણ ભગવાન પ્રત્યે સહુને એકસરખા જ ભક્તિભાવ જાગતા જ નથી. કોઇ ભક્તિરસની ભરતીથી પ્રસન્નતા અનુભવતા હોય તો કોઇ માત્ર બોલી જવા ખાતર બોલી જતા હોય. હૃદયને પ્રાર્થનાના ભાવો સ્પર્શે પણ નહીં.

એકસાથે ઘણા લોકો સામાયિક લઇ બેઠા હોય. સામાયિક એટલે સમતાયોગની સાધના. એક વ્યક્તિને સામાયિક કરતાં સમતાભાવ અંતરમાં સધાય પણ ખરો. ભલે થોડીવાર સમતા રહે પણ સમતાનો અનુભવ તો કરીલે. બીજી વ્યક્તિ વધારે સાધી શકે અને પ્રાયોગિક જીવનમાં સમતા ઊતરવા માંડે. એક વ્યક્તિને અનેક સામાયિકો કર્યા પછી પણ સમતા શું તે ખબર પણ ન પડે.

એ જ રીતે ધર્મના નામે થતાં સર્વ ક્રિયા-અનુષ્ઠાનો તપ-જપ-ભકિત-સ્વાધાય વગેરેની સહુને સરખી અસર જોવા નથી મળતી. સહુ જીવોને પરિણામ જુદું-જુદું.

વળી એક જ નિમિત્ત, કોઈની નાની સરખી ભૂલ એક વ્યક્તિને ભયંકર ગુસ્સો કરાવે, વ્યક્તિ ખૂબ આવેશમાં આવી જાય, ધ્રૂજવા માંડે, અને બીજી વ્યક્તિ એ જ નિમિત્તમાં તદ્દન શાંત રહે, એને નિમિત્ત જરાય ખળભળાવે નહીં.

એટલું જ નહીં બંધુઓ! આપણા સહુનો અનુભવ છે કે કોઇ નાનુ નિમિત્ત આપણને ખૂબ અસર કરી જાય. ક્રોધથી લાલચોળ થઇ જઇએ. ન બોલવાનું બોલી નાખીએ. વ્યાકુળ થઇ જઇએ, આખી પરિસ્થિતિને પલટાવી નાખીએ પણ ક્યારેક એ કે એથી મોટું નિમિત્ત આવે તો પણ આપણે ખામોશ રહી જઇએ. કંઇ ન થાય મનમાં, જતું કરી દઇએ. આ બાબત પર વિચાર કરીએ ત્યારે આપણને જ આપણી જાતની વિચિત્રતાનો ખેદ થાય કે આ તે કેવું? કોઇની નાની ભૂલે મેં કેવા ઉધામા કર્યા. અને અહીં આટલું મોટું નુકસાન થયું તો પણ મને કંઇ ન થયું. બન્ને વખત ભૂલ કરનાર વ્યક્તિ એ જ અને જોનાર પણ હું જ છતાં બન્ને પ્રસંગના મારા વ્યવહારમાં આટલી ભિન્નતા કેમ?



આમ સમગ્રપણે વિચાર કરતા પ્રત્યેક વ્યક્તિની પોતાની જુદાં-જુદાં સમયની સ્થિતિ જુદી, એ જ રીતે અનેક વ્યક્તિઓમાં એક સમયમાં વિભિન્ન વિચિત્રતાઓ! આ વિચિત્રતાઓ પાછળ કંઇ ને કંઈ કારણ ચોક્કસ છે. ભલે પ્રત્યક્ષ કારણ હોય કે પરોક્ષ પણ, કોઇ ને કોઇ કારણ તો હોય જ છે. કારણ વિના કાર્ય નથી હોતું.

આ કાર્ય-કારણ ભાવને સમજાવવાની સાથે-સાથે ગુરુદેવ શિષ્યની શંકાનું સમાધાન આપે છે. જીવ કર્મનો કર્તા હોવા પછી પણ ભોક્તા કઇ રીતે હોઇ શકે તે શિષ્યની શંકા છે. ગુરુદેવ ફરમાવી રહ્યાં છે-

**એક રાંક ને એક નૃપ, એ આદિ જે ભેદ;**
**કારણ વિના ન કાર્ય તે, તે જ શુભાશુભ વેદ...૮૪...**

હે શિષ્ય! જગતમાં કોઇ નિર્ધન છે, તો કોઇ ધનવાન છે, કોઇ પંડિત છે, તો કોઇ મૂર્ખ છે, કોઇ ઊંચ છે, કોઇ નીચ છે. અને આગળ કહી તે બધી જ શારીરિક, માનસિક, આધ્યાત્મિક વિચિત્રતાઓ જીવોમાં દેખાય છે. તે સર્વની પાછળ કંઇ ને કંઇ કારણ છે.

આ કારણ પ્રત્યક્ષમાં ક્યારેક દેખાય છે, ક્યારેક નથી દેખાતું. કોઇ માણસ ખૂબ મહેનત કરે અને ધન કમાય ત્યારે તો આપણે એમ માનીએ કે એણે પરિશ્રમ કર્યો, તેનાં ફળસ્વરૂપ ધન પ્રાપ્તિ થઇ, પણ ઘણી મહેનત કર્યા પછી પણ સુખ-સાધન-સગવડતાઓ ન પામી શકે ત્યારે શું સમજવું? વ્યવહારમાં બોલીએ છે કે એનાં નસીબ જ એવા છે! નસીબ એ શું છે? ભૂતકાળનો વૈભાવિક પુરૂષાર્થ તે વર્તમાનનું પ્રારબ્ધ! શુભભાવો સહિત થયેલો પુરૂષાર્થ પુણ્યરૂપે પરિણમે છે અને અશુભ ભાવથી થયેલો પુરૂષાર્થ પાપનું નિબંધન કરાવે છે. નસીબ એ કોઇ અદ્રશ્ય વિધાતાએ લખેલ જન્મપત્રિકા નથી. પણ જીવ પોતે જ પૂર્વ-જન્મોમાં જે-જે પુણ્ય-પાપ કરીને આવ્યો છે તે ભાથું પ્રારબ્ધ રૂપે સાથે લઇને આવ્યો છે.

આથી નિશ્ચિત થાય છે કે વર્તમાનમાં જે પરિસ્થિતિમાંથી પસાર થઇ રહ્યો છે તે સર્વ શુભાશુભ કર્મોનાં કારણરૂપ છે. પૂર્વે કરેલાં કર્મો ઉદયમાં આવી તે-તે પ્રકારનાં ફળ આપી રહ્યાં છે. સર્વ જીવનાં કર્મો એકસરખાં નથી હોતાં. વિભિન્ન યોનિઓમાં ગયેલ જીવે જુદા-જુદા સમયે જુદા-જુદા ભાવોના કારણે અનેક પ્રકારનાં કર્મો ઉપાર્જન કર્યા છે. તેના ઉદયથી પ્રેરાઇને

સર્વજીવો પણ એ જ રીતે જુદા-જુદા પરિણામ વાળા હોવાને કારણે જુદી-જુદી જાતનાં કર્મો બાંધે છે. તે કર્મોનાં ફળસ્વરૂપ સર્વ જીવો જુદા-જુદા સંયોગોને પામે છે. માટે જ આટલી બધી વિચિત્રતાઓ દેખાય છે.

કર્મ પરમાણુઓ જડ હોવા પછી પણ જીવનું નિમિત્ત પામી જુદી-જુદી રીતે પરિણમે છે. જ્યાં સુધી આ પરમાણુઓ કર્મરૂપ નથી પરિણમ્યાં ત્યાં સુધી તેનામાં કંઇ અંતર નથી હોતું. સર્વ સરખા જ હોય છે. પણ જીવોના રાગાદિ ભાવોની તારતમ્યતાને કારણે પરમાણુઓમાં તારતમ્યતા ઊભી થાય છે.

એ જ રીતે આ વિશ્વમાં પરમાણુઓની અનંત-અનંત વર્ગણાઓ પડી છે, જે પોતાના સ્વતંત્ર વિચરણમાં કોઇ જીવને લાભ નુકસાન કંઇ જ કરતી નથી. પણ જીવ એ પરમાણુ સ્કંધોને ગ્રહણ કરે, પછી તેમાં રૂપાંતર થાય છે અને તેના જુદા જુદા પરિણામો દૃષ્ટિમાં આવે છે.

પરમાણુઓ પોતાના સ્વભાવથી જ એક બીજા સાથે મળે છે અને વિખરાય છે. એકલો હોય ત્યાં સુધી એ માત્ર પરમાણુ જ છે. પણ બે અને તેથી અધિક મળી જાય ત્યારે સ્કંધ બને છે. કોઇ જીવના, કોઇપણ જાતના નિમિત્ત વગર, આવા અનંત-અનંત સ્કંધો વાતાવરણમાં પડેલા જ છે. આ સ્કંધોમાં જુદી-જુદી જાતની યોગ્યતાઓ આપમેળે જ ઊભી થાય છે, જેના કારણે એ સ્કંધો જીવના ઉપયોગમાં આવે છે. આવા સ્કંધો આઠ પ્રકારના છે.

**૧. કર્મવર્ગ:** જે સ્કંધો જીવ રાગાદિ ભાવો વડે ગ્રહણ કરે છે તે ગ્રહાયેલા કર્મરૂપે પરિણમવાની યોગ્યતાવાળા છે. કર્મરૂપે આત્મા સાથે અમુક કાળ સુધી રહે છે પછી ફળ આપી આત્માથી અલગ થઇ જાય છે. ફરી પાછા એ જ જીવને અથવા બીજા જીવને કર્મરૂપે જ ઉપયોગમાં આવે છે.

**૨. મનોવર્ગ:** મનવાળા જીવો કંઇ ને કંઇ વિચારે છે. વિચારો જડ છે. પરમાણુરૂપ છે. જીવ જ્યારે વિચારે છે, તે પહેલાં મનોશક્તિ દ્વારા વાતાવરણમાંથી મનોવર્ગણાના પુદ્ગલ સ્કંધોને ગ્રહણ કરે છે, પછી જ વિચાર કરી શકે છે. એક વિચાર આવીને પસાર થઇ ગયો એટલે એ જ ક્ષણે મનોવર્ગણાના પુદ્ગલ સ્કંધો જીવથી જુદા પડી જાય છે. ફરી વાતાવરણમાં



મળી જાય છે.

**૩. ભાષાવર્ગ:** ભાષા પર્યાપ્તિ જે જીવોને છે તેઓ ભાષા દ્વારા ભાવોને વ્યક્ત કરે છે. શબ્દો દ્વારા બનતી ભાષા જડ છે. જ્યારે કોઇ પણ માનવ કે પ્રાણી ભાષા બોલે છે, તે બોલતાં પહેલાં ભાષાવર્ગણાનાં પુદ્ગલોને, પોતાને મળેલી ભાષા પર્યાપ્તિની શક્તિ વડે ખેંચે છે. તેને ભાષારૂપ પરિણમાવે છે. પછી છોડી દે છે. ભાષાવર્ગ પરમાણુઓ જીવને બોલવાના ઉપયોગમાં આવે છે.

**૪. શ્વાસોચ્છ્વાસ વર્ગ :** એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી સર્વ પ્રાણીઓને જીવન જીવવા શ્વાસોચ્છવાસની મુખ્ય આવશ્યકતા છે. બધા જ જીવો શ્વાસ લેતા - મુકતા હોય છે પણ આપણે જાણી શકતા નથી. શ્વાસ લેવાની પધ્ધતિ ભિન્ન-ભિન્ન હોય છે. વનસ્પતિ એકેન્દ્રિય જીવ છે. તે જીવો ઑક્સિજન તથા કાર્બન હવામાંથી લે છે અને છોડે છે, તે વિજ્ઞાને પણ સાબિત કર્યું છે. હવાની સાથે-સાથે શ્વાસોચ્છવાસ વર્ગના પરમાણુ સ્કંધોને પણ જીવ ગ્રહણ કરતો હોય છે. પ્રત્યેક શ્વાસ સાથે આ પુદ્ગલો ગ્રહણ થાય છે અને ઉચ્છવાસ સાથે એ પુદ્ગલોનો ત્યાગ થાય છે.

**૫. ઔદારિક વર્ગ :** માનવ તથા પશુને ઔદારિકશરીર હોય. સ્થાવર, વિગલેન્દ્રિય તથા પંચેન્દ્રિય પ્રાણીઓનાં જે શરીરો આપણે જોઇ શકીયે છીએ તે બધાં જ ઔદારિકશરીર. જે શરીર સડન-પડનના સ્વભાવવાળું છે. વળી જે ઉદાર એટલે કે મુખ્ય શરીર છે તેને ઔદારિકશરીર કહેવાય છે. આ શરીરને બનાવવામાં તથા ટકાવી રાખવામાં જે પુદ્ગલ સ્કંધો ઉપયોગમાં આવે તેને ઔદારિકવર્ગ કહે છે.

આ શરીર જ્યારે બન્યું ત્યારે જીવે ઔદારિક સ્કંધોને કરી બનાવ્યું. માના ગર્ભમાં રહેલું બાળક માના શરીરમાંથી પોષણ મેળવીને વૃદ્ધિ પામે છે. એ મળતું પોષણ ઔદારિક વર્ગના પુદ્ગલો હોય છે. જન્મ્યા પછી આહાર પાણી રૂપ જે કંઇ પદાર્થો લેવાય છે તે પણ ઔદારિક પુદ્ગલો જ અને રોમ વડે જે આહાર થાય છે અર્થાત્ પુદ્ગલો ખેંચાય છે તે પણ ઔદારિક પુદ્ગલો જ.

દેખાતું આખુંયે જડ-જગત ઔદારિક વર્ગના પરમાણુઓથી જ બનેલું છે. એ સિવાયનાં બીજા પુદ્ગલો આ જગતમાં આપણે નજરે જોઇ શકતાં

નથી.

**૬. વૈક્રિયવર્ગ :** દેવ અને નારકીનાં શરીર વૈક્રિય પુદ્ગલોનાં બનેલાં છે. જે પુદ્ગલો લોહી, માંસ, મજ્જા આદિ સપ્ત ધાતુરૂપમાં પરિણમી ન શકે. માત્ર પુદ્ગલો જ હોય. દેવ-નારકનાં શરીરમાં લોહી માંસ આદિ ન હોય. દેવનું શરીર શુભ વૈક્રિય પુદ્ગલોથી નિર્મિત હોય અને નારકનું શરીર અશુભ વૈક્રિય પુદ્ગલોથી.

કોઇ માનવ પણ આ લબ્ધિને સાધન દ્વારા મેળવી શકે છે. તો તે માનવ અનેક જાતનાં નાનાં-મોટાં રૂપો બનાવી શકે છે. એ રૂપો બનાવવામાં ઉપયોગી થતાં પુદ્ગલો વૈક્રિય પુદ્ગલો હોય. દેવો પણ આ પૃથ્વી પર આવે ત્યારે અન્ય રૂપ ધારણ કરે છે તે પણ વેક્રિય પુદ્ગલો દ્વારા જ કરે છે.

વાયુને પણ વૈક્રિયશરીર હોય. તે પણ નાનાં મોટા રૂપ ધારણ કરે છે. આમ વિવિધ શરીરરચનામાં ઉપયોગી થતાં પુદ્ગલો તે વૈક્રિય વર્ગ.

**૭. આહારકવર્ગ :** આ પુદ્ગલો વિશ્વમાં સહુથી થોડા છે. ચૌદ પૂર્વધારી મહાત્મા, સંયમી પુરુષ, મનમાં ગહન તત્વની શંકા થતાં દૂર વિરાજીત કેવળી પરમાત્માને પ્રશ્ન પૂછવા જવા માટે જે શક્તિનો ઉપયોગ કરે, તે શક્તિને આહારક લબ્ધિ કહે છે. આ લબ્ધિ દ્વારા એક નાનું શુભ પુદ્ગલોનું પૂતળું બનાવવામાં આવે, જે પૂતળું યોજનો દૂર કેવળી ભગવાન પાસે જઇ શંકાનું સમાધાન કરી પાછું આવે અને પછી વિખેરાઇ જાય. આ પૂતળું બનાવવા માટે જે પુદ્ગલ સ્કંધો ઉપયોગમાં આવે છે તે આહારક વર્ગ.

આ લબ્ધિ માત્ર ચૌદ પૂર્વધારી મુનિને જ પ્રાપ્ત થઇ શકે છે, અન્ય કોઇને નહીં.

**૮. અવર્ગ-વર્ગ :** બિનઉપયોગી પુદ્ગલ સ્કંધો જે વિશ્વમાં સહુથી વધારે છે. આ વર્ગના નાના-મોટા સ્કંધો વાતાવરણમાં ફર્યા કરતા હોય, જે કદી કોઇ જીવને ઉપયોગી થયા નથી અને થવાના પણ નથી. માત્ર પુદ્ગલ રૂપે તેનું અસ્તિત્વ છે. તે મળે અને વિખરાય એમ થયા કરે છે.

આમ આ આઠ પ્રકારના પરમાણુ - પુદ્ગલ-સ્કંધો વિશ્વમાં ઠસોઠસ ભર્યા છે, પણ જ્યાં સુધી જીવના ભાવોનું નિમિત્ત ન પામે ત્યાં સુધી તે જીવ પર કશી જ અસર કરતા નથી. તે પોતાના સ્વતંત્ર વિચરણમાં જ



વિચરી રહ્યા હોય. જડ છે, છતાં જીવના નિમિત્તે જીવ સાથે જોડાય ત્યારે, આત્માના ચૈતન્યના કારણે જાણે તેનામાં પણ ચેતન આવતું હોય તેમ એ પ્રવર્તવા માંડે છે. એવી જ રીતે આત્મા પર રહેલા કર્મો જડ હોવા છતાં પણ આત્મા સાથે એક ક્ષેત્રાવગાહી રહ્યાં છે. તેથી આત્મા પર તેની અસર થાય છે.

શિષ્યના મનની શંકા કે જડ કર્મો કઇ રીતે જીવને ફળ આપે ? તેના સમાધાનમાં ગુરુદેવે એ સમજાવ્યું છે કે જડ પરમાણુ પુદ્ગલોનું પરિણમન જીવના આશ્રયે કેવું-કેવું થાય છે અને તે કેટલું કાર્ય કરી શકે છે.

વિશ્વની જેટલી જડ શક્તિઓ આજે આપણે ઉપયોગમાં લઇએ તે પણ આપણી ચેતનશક્તિના સાથથી જ. જો ચેતન ન હોય તો જડ કશુંય કરી શકે નહીં. ચેતનની પ્રેરણા પામી જડ ઘણું કરી શકે છે.

તેની સાબિતી પ્રથમ કહ્યું તેમ આ જગતની અંદર દેખાતી વિચિત્રતાઓ.

આમ જડકર્મો ફળ દેવા સમર્થ છે એ ગુરુદેવે સમજાવ્યું. હવે શિષ્યના મનમાં એક બીજી વાત છે કે કદાચ સર્વ શક્તિમાન ઈશ્વર જીવને ફળ દેવામાં જજનું કામ કરતો હોય! તે યોગ્ય છે કે નહીં એ શંકા તેણે ઉઠાવી છે. ગુરુદેવ આ જિજ્ઞાસાનું સામાધાન પણ કરશે જે અવસરે.......

# કર્મ સ્વભાવે પરિણમે...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના આત્માથી આત્માને પામવા માટે છે. આજ સુધી જે કંઇ પામવાનો પ્રયાસ કર્યો તે ઇન્દ્રિયોથી, મનથી, બુદ્ધિથી, પણ આત્માથી નથી કર્યો. અનુભવી પુરુષોએ સ્વયંથી સ્વયંને નીરખવા માટે જ આરાધના બતાવી છે. એના માટે બાહ્યચક્ષુ બંધ કરવાં પડશે અને આંતરચક્ષુ ખોલવા પડશે.

જિજ્ઞાસુ શિષ્ય ઇન્દ્રિય, મન અને બુદ્ધિના આશ્રયે મેળવેલ જાણકારીના કારણે અતીન્દ્રિય આત્માવિષયક તત્વોમાં શંકિત થયો છે. આત્માને કર્મનો કર્તા સ્વીકાર્યા પછી, આત્મા કર્મફળનો ભોક્તા હોઇ શકે તે વિષે એને સંદેહ છે. ગુરુદેવ એ સંશયોને છેદી રહ્યા છે.

જીવોની વિચિત્રતાઓનું દર્શન કરાવી, એ જ જીવને કર્મનું ભોગવવાપણું છે એ સિદ્ધ કર્યું. ઇશ્વર કર્મનો કર્તા નથી તો તે જીવને કર્મફળ દેવામાં પણ સમર્થ નથી. અને જીવનાં કર્મોનો ન્યાય કરવા માંડે, તો ઇશ્વરનું ઈશ્વરત્વ રહેતું નથી. અને શિષ્ય પણ માને છે. છતાં હજુ મનમાં એમ છે કે ઇશ્વર ફળ ન આપતો હોય તો જગતનો કોઇ નિયમ જ ન રહે. તેથી જીવ શુભાશુભ કર્મફળને ભોગવે પણ નહીં.

શ્રી ગુરુદેવ આ શંકાનું સમાધાન આપે છે :

**ફળદાતા ઈશ્વરતણી, એમાં નથી જરૂર;**
**કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર....૮૫...**

હે શિષ્ય! તું પોતે જ સમજે છે કે ઈશ્વર ફળ દેવા સમર્થ નથી. તેથી એ વાતો તો ભૂલી જ જવાની કે ઈશ્વર ફળ આપે તો જ જીવ ભોગવે. બીજી વાત સંસારના જીવને સારાં-નરસાં કર્મફળ ભોગવતાં આપણે જોઇએ જ છીએ. કોઇ સુખી અને કોઇ દુ:ખી એ જ છે જીવનાં કર્મફળ. જો જીવો



કર્મ ભોગવે છે, તો તેની પાછળ કોઇ વ્યવસ્થિત તંત્ર પણ હશે.

એ નિયમ છે, કર્મનો પોતાનો સ્વભાવ! સંસારના સર્વે દ્રવ્યો અનંત શક્તિમાન છે. આત્મા અચિંત્ય શક્તિમાન છે. તેની સંપૂર્ણ શક્તિ ખીલી ઊઠી છે ત્યારે તે સર્વથા મોક્ષને પામે છે. શુદ્ધ-બુદ્ધ બની જાય છે. એ જ રીતે જડ દ્રવ્યમાં પણ અનંત શક્તિ છે. એ શક્તિના આધારે પોતાનું સ્વતંત્ર પરિણમન પણ છે. વળી જડ દ્રવ્યો એકથી બીજા રૂપે પરિણમે, તો પણ તેની ત્રિકાળી અનંત શક્તિનો નાશ થતો નથી.

વળી કાર્મણવર્ગણાના પુદ્‌ગલો જીવના રાગાદિ રૂપ ભાવકર્મોનું નિમિત્ત પામીને દ્રવ્યકર્મરૂપ પરિણમે છે, ત્યારે જીવ પર પોતાનો અધિકાર જમાવવાની એક વધુ શક્તિ તેનામાં પેદા થાય છે. જ્યાં સુધી એ પુદ્‌ગલો કર્મરૂપ ન પરિણમ્યાં હોય ત્યાં સુધી જીવને કંઇ કરવા સમર્થ નહીં પણ જીવ સાથે તેનો કર્મરૂપ સંબંધ થયો કે તેનામાં કેવા રૂપે, કેટલું, ક્યાં સુધી અને કેવી તીવ્રતાથી ફળ આપવું આવી યોગ્યતાઓ પ્રગટે છે. વળી કર્મ જડ પુદ્‌ગલ છે. પુદ્‌ગલોનું પોતાનું પરિણમન છે, તેથી સમય થતાં એ ઉદયમાં આવી જીવને ફળ આપે છે અને નિવૃત્ત થઇ જાય છે. જેમ-જેમ કર્મ પરમાણુ ઉદય આવલિકામાં પ્રવેશી જીવને ફળ આપે છે તેમ-તેમ તે નિ:સત્વ થઇ-થઇને ખરી જાય છે, આવું સ્વાભાવિક પરિણમન તેનું ચાલુ જ છે.

ઝેર કે અમૃત શરીરમાં જઇ તેની અસર જેટલી માત્રામાં પહોંચાડવાની હોય, તે પહોંચાડી નિવૃત્ત થઇ જાય છે. તેમ શુભકર્મ પુણ્યરૂપ ફળ આપી ચાલ્યાં જાય છે અને અશુભકર્મ પાપરૂપ ફળ આપી ચાલ્યાં જાય છે. એકવાર ફળ આપી દીધા પછી એ દાઢ વગરના સાપ જેવાં થઇ જાય. કશું જ કરી શકે નહીં. કારણ તેને જીવનો સાથ છૂટી ગયો. જીવની સાથે છે ત્યાં સુધી જ તેનું જોર છે. પછી નિર્માલ્ય! હા, પોતે પોતામાં પોતાની રીતે પરિણત થયા કરે, પણ જીવને અસર કરવામાં અસમર્થ!

તો એમ કર્મો જડ હોવા પછી પણ જીવને ફળ આપે છે. તેથી જ જીવને કરેલાં કર્માનુસાર ભિન્ન-ભિન્ન ગતિઓમાં, તે-તે સ્થાને જ જઇ કર્મ ભોગવવાં પડે છે એ પણ હકીકત છે શિષ્ય એમ માને છે કે, ઈશ્વર હોય તો જ આખાયે જગતનું નિયંત્રણ કરે, વ્યવસ્થા રહે. પણ જ્યાં ઈશ્વર જ સિદ્ધ થતો નથી, ત્યાં વિશ્વનું સંચાલન અશક્ય છે તેથી જ જીવને શુભાશુભ કર્મોને ભોગવવાના સ્થાન પણ ન હોઇ શકે.

આનો ઉત્તર ગુરુદેવ આપે છે-

**તે-તે ભોગ્ય વિશેષનાં, સ્થાનક દ્રવ્ય સ્વભાવ;**

**ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ...૮૬...**

જીવ જેવાં શુભાશુભ કર્મો કરે છે તેને ભોગવવાં જ પડે છે. આ કર્માનુસાર શુભાશુભ અધ્યવસાયો થાય છે અને આ અધ્યવસાયો જ જીવની ભાવગતિ છે. ભાવગતિને અનુરૂપ એનાં ફળ ભોગવવા માટે દ્રવ્યગતિ પણ છે જ.

દ્રવ્યગતિ ચાર છે. નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ. તેમાં ઉત્કૃષ્ટ શુભ કર્મોને ભોગવવાનું સ્થાન દેવગતિ-સ્વર્ગ, ઉત્કૃષ્ટ અશુભ કર્મો એટલે કે પાપ અધ્યવસાયોને ભોગવવાનું સ્થાન તે નરક. શુભાશુભ મિશ્ર અધ્યવસાયને ભોગવવાનું સ્થાન તે મનુષ્ય અને તિર્યંચગતિ.

ગતિ પર થોડો વિચાર કરીએ. એ સ્થાન એવું છે માટે ત્યાં ગયેલા જીવને એવાં ફળ ભોગવવાં પડે છે, એમ નથી. પણ એવાં કર્મો કર્યાં છે માટે તે સ્થાનમાં જવું પડે છે અને કર્મો ભોગવે છે. જેમ કે કોઇ માણસ ખૂન કરતાં પકડાયો, તેને જેલમાં લઇ જવાયો અને તેને કોર્ટે ફાંસીની સજા આપી. તો આ સજા જેલમાં જ અપાય. કોઇને તેના ઘરમાં ફાંસી અપાતી નથી. વળી એ જેલમાં ગયો માટે તેને ફાંસી થઇ એમ નથી. જો એમ હોત તો જેલમાં રહેનાર કર્મચારીઓ, સુપરિન્ટેન્ડન્ટ વગેરે અન્ય માણસોને પણ સજા થવી જોઇએ,પણ જે ગુનેગાર છે તેને જ તે સ્થાનમાં સજા થાય છે, બીજાને નહીં. તેમ જીવે જેવાં કર્મો કર્યાં હોય તે ભોગવવા માટે તેવાં સ્થાનો છે. ત્યાં રહીને એ કર્મો તેને ભોગવવાનાં હોય.

આ સ્થાનો કોઇએ બનાવ્યાં છે એમ પણ નહીં. લોકનું પરિણમન એ પ્રકારનું છે. ચૈતન્ય દ્રવ્ય શુભાશુભ અધ્યવસાયમાં પરિણમે અને ચેતનના ભાવોનું નિમિત્ત આપી કર્મોમાં શુભાશુભ ફળ આપવાની યોગ્યતા પ્રગટે, તે જીવને ફળ આપે. આમ ચૈતન્ય અને જડનો નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. તેથી લોકમાં એવા સ્થાનોનું નિર્માણ આપમેળે થયેલું છે.

ગુરુદેવ કહે છે જીવની શક્તિ અનંત છે. જડની શક્તિ અનંત છે. એ શક્તિને આપણી સ્થૂળ બુદ્ધિ વડે માપી શકાય નહીં. તેનાં ગહન રહસ્યો ઉકેલીને કથવાં બહુ મુશ્કેલ છે, પણ હે શિષ્ય! આ ઊંડી વાતોને અહીં સંક્ષેપથી કહી છે.



પોતામાં રહેલ અનંત શક્તિને એ પ્રગટ કરવાનો પ્રયત્ન કરે તો સંસારભાવથી ઊંચી ઊઠી, સ્વભાવને પામી શકે છે. પોતે પોતામાં ઊંડો ઊતરે તો સ્વને ઓળખી શકે છે. તે માટે ચિન્મય ચિંતન અનિવાર્ય છે. બંધુઓ! માણસો ચિંતા ઘણી કરતા હોય પણ તેને ચિંતા કરતા નથી આવડતું. મનને જરાક જ ફેરવી નાંખે તો ચિંતાના બદલે ચિંતનમાં તેનો પ્રવેશ થઇ જાય.

યુરોપનો એક અતિ-શ્રીમંત ગૃહસ્થ, આર્થર એનું નામ. સંસારનાં મનાયેલાં સર્વ સુખો, સર્વ સાધનો એને ઉપલબ્ધ હતા. ભોગોમાં આળોટતો હતો. એના જીવનનું એક માત્ર લક્ષ્ય હતું ધન. એ લક્ષ્યની પૂર્તિ માટે તેણે પારાવાર પુરૂષાર્થ કર્યો, પ્રારબ્ધે સાથ આપ્યો અને તેણે લક્ષ્યને સાધી લીધું હતું. ધનની સાથે સાથે ચિંતાઓ પણ એટલી જ એના મન પર હતી. એ ના તો દિવસે ખાઇ શકતો કે ના તો રાત્રે ઊંઘી શકતો. અન્ન અને ઊંઘ તેના વેરી થઇ ગયાં હતાં.

બંનેને ભોગવી શકે તે માટેના સર્વ પ્રયત્નો પણ તેના નિષ્ફળ ગયા. બસ, માત્ર ચિંતા-ચિંતા. તેની પત્ની પણ આર્થરની આ સ્થિતિ જોઈ દુ:ખી હતી. અનેકવાર, અનેક રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યા પછી પણ આર્થર ચિંતા છોડી શકતો ન હતો. મનને શાંતિ મળતી ન હતી.

આર્થરને એક ડૉક્ટર મિત્ર હતો. જે માનવમનના ઊંડાણને પામી શકતો હતો. આર્થરની પત્નીને લાગ્યું કે આને શાંતિ આપી શકે તો તે માત્ર તેનો ડૉક્ટર મિત્ર જ. તેણે આર્થરને મહા-મહેનતે એ ડૉક્ટર મિત્ર પાસે મોકલ્યો.

આર્થરે પત્નીનું કહ્યું માન્યું અને મિત્ર પાસે ગયો. ડૉકટરે પ્રેમથી આવકાર્યો, બેસાડ્યો. સારી રીતે વાત કરી. કેમ આવવાનું થયું એમ પૂછતાં આર્થર કહે છે, દોસ્ત! બહુ મૂંઝાયો છું, મગજ પર ખૂબ ચિંતાઓ છે. વ્યાકુળતા દિન-પ્રતિદિન વધતી જાય છે. ઊંઘ-આરામ બધું જ હરામ થઇ ગયું છે. હવે તો બહુ મૂંઝાયો છું, સમજાતું નથી શું કરવું? તું ડૉકટર છે, તારી પાસે દવા લેવા આવ્યો છું. હવે તો તું જ મને આ ચિંતાના બોજમાંથી બચાવી શકીશ. આર્થર ડૉકટર પાસે એકદમ નરમ ઘેંશ જેવો થઇ ગયો. ડૉકટર જાણે એને દેવ દેખાય છે. એ ડૉકટરને વિનવી રહ્યો છે.

ડૉકટર સમજી ગયો, આને શારીરિક કોઇ રોગ નથી પણ ધનની

તૃષ્ણા, ભોગની લાલસા, સંસારની આસક્તિ એને ઘેરી વળી છે જેથી સત્યને એ ઓળખી શક્યો નથી, પરિણામે ચિન્તાઓ તેના પર સવાર થઇ ગઇ છે. તેને આર્થરને આશ્વાસન આપતા કહ્યું, બહુ સરસ દવા છે મારી પાસે, ચોક્કસ સારૂં થઇ જશે. એ અંદરની રૂમમાં ગયો, થોડીવારે બહાર આવી, દવાની ચાર પડીકી આર્થરના હાથમાં મૂકી. આવતી કાલ સવારથી આ દવા લેવાની છે. ત્રણ-ત્રણ કલાકે એક-એક પડીકી અને એક જ દિવસમાં ફરક પડી જશે.

આર્થર ખુશ થતો ઊઠ્યો. ચાલ્યો. ડૉક્ટરે ઊભો રાખ્યો. અરે! આર્થર દવા લેવાની વિધિ તો જાણી લે! આવતી કાલે સૂર્યોદય પહેલાં દરિયા કિનારે જવાનું. દૂર દૂર એકાંત-નિર્જન સ્થાન પર, સમુદ્રતટે તારે બાર કલાક રહેવાનું! ખાવા-પીવાની વસ્તુઓ અને શરીર પર ઢીલાં વસ્ત્રો. આ સિવાય કંઇ સાથે નહીં લઇ જવાનું!

આર્થરે તો દવા દીધી પાછી:

''મારે નથી જોઇતી તારી દવા! બાર કલાક મારો ધંધો છોડીને દરિયે પડ્યો રહું એ કેમ પોષાય? મારે કેટલી એપોઇન્ટમેન્ટ્સ હોય? કેટલાં કામ હોય? એ બધાંનું શું? મારે નથી જવું!''

અરે! ભાઇ, તારે શાંતિ જોઇતી હોય, તારા મનને ચિન્તાઓથી મુક્ત કરવું હોય તો એકવાર તો જા! જઇને જો તો ખરો!

મિત્રના પ્રેમભર્યા શબ્દોએ જાદુ કર્યો અને આર્થરે કંઇક વિચાર્યું. ભલે તું બહુ કહે છે તો જઇશ, બાર કલાક ફ્રી હોઇશ તો ત્યાં પણ મારે ઘણૂ કામ થઇ જશે. એક ફોન અને બીજો રેડિયો, બે લઇને જઇશ. બધા સમાચાર પણ મળશે. ફોનથી વ્યાપારની વાતો પણ થઇ જશે. કંઇ વાંધો નહીં! તું કહે છે તો હું જઇશ!

ના ભાઇ, ના! કશુંય સાથે નથી લઇ જવાનું. રેડિયો, ફોન નહીં અને કાગળ-પેન પણ નહીં! ભાઇ! માત્ર ૧૨ કલાક જ છોડવાનું છે, છોડી દે. પછી જો તને કેટલી પ્રસન્નતાનો અનુભવ થાય છે!

આર્થર અંદરથી દુ:ખી છે. મનથી ખૂબ જ વ્યાકુળ છે. ચિંતાઓ તેને ફોલી ખાઈ રહી રહી છે. તેથી મને-કમને ડૉક્ટર મિત્રની વાત માની લીધી. ઘરે ગયો. પત્નીને વાત કરી. પત્ની ખૂશ થઇ, સમજુ હતી, સમજી ગઈ. તેણે તો બધી જ તૈયારી કરી આપી. બીજે દિવસે સવારે ખાવા-



પીવાનો સામાન તથા બિછાવવા માટે એકાદ આસન લઇ આર્થર ઉપડી ગયો સમુદ્રતટે, દૂર-દૂર એકાંત નિરવ સ્થાન શોધી, આસન જમાવ્યું. બેઠો, ચારે બાજુ કાંઇ નથી. થોડીવાર તો ગભરાયો. શું કરવુ અહીં બેસીને! મૂંઝવણ થવા માંડી. ઊભો થયો. આંટા મારવા માંડ્યો. વળી બેઠો. એટલામાં સૂર્ય ઉદય થવા માંડ્યો. એ તો જોઇ રહ્યો. જાણે સમુદ્રમાંથી અગ્નિનો ગોળો બહાર આવતો હોય એવો પ્રતિભાસ થવા માંડ્યો. કદી આવું દૃશ્ય જોયું નથી, મન પ્રફુલ્લિત થઇ ગયું અને ઉપર ઊઠતા સૂર્યને તથા આકાશના બદલાતા રંગોને જોવામાં તન્મય થઇ ગયો. સૂર્ય કેટલો ઉપર આવી ગયો ત્યાં સુધી એને ખ્યાલ ન રહ્યો. ઓચિંતુ યાદ આવ્યું અરે! પડીકી લેવાનો સમય થઇ ગયો છે.

એક નંબરની પડીકી ખિસ્સામાંથી કાઢી, ખાલી. સાવ ખાલી. દવા નથી, ગોળી નથી, કોઇ પાવડર નથી. આ શું? ગુસ્સો આવ્યો. મિત્રે મારી મશ્કરી કરી છે. ખાલી કાગળને શું કરૂં? બે-ચાર વાર ફેરવી-ફેરવીને કાગળ જોયો. દવા તો ન જ દેખાણી પણ તેમાં કંઇક લખેલું હોય તેમ લાગ્યું. ધ્યાનથી જોયું, વાંચ્યું. તેમાં લખ્યું હતું Listen Carefully - શાંતિથી સાંભળ.

વાંચીને આર્થર વિચારે છે, શું સાંભળું? આ લખવાનું પ્રયોજન શું? આ તે કંઇ દવા છે! આર્થર બુદ્ધિમાન છે. એ સમજ્યો કે જરૂર મારો મિત્ર મને કંઇક કહેવા માંગે છે. જ્યારે મારી પાસે રેડિયો, ટેપરેકોર્ડર કે કોઇ માણસો-કશું જ નથી ત્યારે હું શું સાંભળું? સાંભળવાનાં સાધનો વગર શું સંભળાય? આમ વિચારે છે ત્યાં તો પ્રાત:કાળના ખુશનુમા વાતાવરણમાં થોડે દૂર ૫-૭ નાનાં નાનાં ભૂલકાંઓનો કિલકિલાટ કાને પડ્યો. બાળકો હસી રહ્યાં છે. આજે પહેલી વાર આર્થરને બાળકોના હાસ્યમાં મધુરતા સંભળાણી! એ વિચારે છે. આહા! નાનાં બાળકોનું હાસ્ય આટલું મીઠું?

બંધુઓ! આર્થરને પણ બાળકો છે. છતાં કદી એ બાળકો સાથે નિર્દોષ રમત માણી શક્યો નથી. બાપ તરીકેનું વાત્સલ્ય બાળકોને આપી શક્યો નથી. સંતાનોનો પ્રેમ માણી શક્યો નથી. ધન કમાવાનું ભૂત તેનાં દિલ-દિમાગ પર એવું તો સવાર થઇ ગયું હતું કે બાળકોમાંથી મળતા આનંદને એ માણી શક્યો ન હતો. એટલામાં, આકાશમાં ઊડતાં પક્ષીઓનો મધુર કલરવ તેના કાને પડ્યો. તેમાં તેને મીઠાશ લાગી. સમુદ્રનાં ઊછળતાં

મોજાનો ધ્વની તેના કાનમાં ગુંજારવ કરવા લાગ્યો. તેમાં તેને સંગીતના સુર સંભળાયા. આ વિશ્વમાં આટલું બધું માણવા જેવું છે એ જાણતો ન હતો. આ સ્વરો તેના મનને આનંદ આપી રહ્યા છે. સાંભળવામાં લીન થઇ ગયો છે. પણ આર્થર વિચારક છે. એ વિચારે છે : ના, મારે માત્ર આ અવાજો જ નથી સાંભળવાના, બીજું કંઇક સાંભળવાનું પણ છે! એ શું? મારો મિત્ર મને કઇ તરફ સંકેત કરી રહ્યો છે?

વિચારતાં આર્થર બહારથી અંદર વળ્યો. અંતરમાંથી આવતા અવાજો તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું. સાંભળવાનો પ્રયત્ન કરે છે. અંતરમાં કોઇક બોલી રહ્યું છે. બંધુઓ! અંદરનાં અવાજો સાંભળવાની જીવને આદત નથી. બહારના અવાજો જ જીવને સાંભળવા ગમે છે. એટલે જ એ એકાંતે રહી શકતો નથી. એકલા પડતા જ આત્મા કંઇક કહેવા માંડે છે. તેનો કકળાટ સાંભળી ન શકાય તેવો હોય છે. તેથી જ પોતે પોતાને સાંભળવા નથી માગતો. દુનિયા જાણે, ન જાણે પણ પોતે જાણે છે કે અંદરથી કેવો છે. વળી આત્મા પણ એકાંતે જ રજૂ થાય છે. એને સાંભળતાં માણસ ગભરાય છે, મુંઝાય છે. એ અવાજો ભયાનક લાગે છે. એટલે જ માણસ આસપાસ ઘોંઘાટભર્યું વાતાવરણ રાખે છે, કે આત્મા અંદરથી બોલવા ના માંડે અને બોલે તોય તેના બહેરા કાને એ અવાજ અથડાય જ નહીં.

આર્થરની આ જ સ્થિતિ હતી. એ મૂંઝાવા માંડ્યો. અકળામણ વધી રહી છે. અંદરથી કોઇ બોલી રહ્યું છે. સાંભળવાની હિંમત નથી, પણ મિત્રે કહ્યું છે માટે સાંભળવું છે, અને અંદરથી અવાજ આવ્યો : આર્થર! તું કોણ છે? આજ સુધી તેં શું કર્યું? આર્થર તાજ્જૂબ થઇ ગયો, મને કોણ પૂછે છે? તું કોણ છે? હું કોણ છું? આર્થર! હું આર્થર છું! આર્થર કોણ? આ શરીર! ના, અંદરથી તો કોઇ બીજો બોલી રહ્યો છે. તે બોલનાર કોણ છે? આર્થર વિચારે ચડ્યો. તેને કદી આવો પ્રશ્ન અંદરમાંથી ઊઠ્યો જ નહોતો, આજ સુધી તેને અવકાશ જ ન હતો. અંતરમાંથી અવાજ ઊઠી શકે એનું ભાન જ નહોતું. ત્યાં હું આત્મા છું એવો વિચાર તો ક્યાંથી ઉદ્‌ભવે? આજે એ આત્માનો અવાજ સાંભળી રહ્યો છે. એ વિચારે ચડી ગયો. હું કોણ? એના મનમાં રટણ ચાલ્યું. જવાબ તો મળતો નથી પણ હું કોઇ જુદો છું - સ્વતંત્ર છું એવો એને ભાસ થવા માંડ્યો. હું એ શું? તેનો ઉત્તર શું? એ નથી સમજાતું છતાં આ પ્રશ્ન ઉઠ્યો એ પણ એને ગમવા માંડ્યો અને એ



વિચારમાં કેટલો સમય પસાર થઇ ગયો એ ખબર રહી નહીં.

ત્રણ કલાક ક્યારનાય વીતી ગયા છે. હવે બીજો ડોઝ લેવાની તાલાવેલી લાગી. અંદરમાં શાંતિનો અનુભવ થઇ રહ્યો છે. તેણે બીજી પડીકી ખોલી. વાંચ્યું. તેમાં સુંદર સુત્ર હતું - Try Reaching Back પાછા ફરવાનો પ્રયત્ન કર. ક્યાંથી પાછા ફરૂં? વિચારતાં સમજાયું કે, મિત્ર ભૂતકાળ જાણે છે માટે ભૂતકાળમાં જવાનું કહે છે. કેટલોક ભૂતકાળ ભૂલી જવા માટે હોય તો કેટલોક યાદ રાખવા માટે. આર્થરને પણ એમ જ હતું. તેનો ભૂતકાળ બોધ આપે તેવો હતો. તે વિચારે છે.

ગરીબ વિધવા માનો દીકરો. ચાર ભાઇ-બહેન. ખાવા કે પહેરવા પણ પૂરૂં નહીં. છતાં નિર્દોષ જીવનનો આનંદ માણતા હતા. આખાયે વર્ષમાં સારૂં ખાવાના નામે ક્રિસમસમાં માત્ર એક દિવસ કેક ખાવા મળે. તેય સવારે એક કેક માએ બનાવી હોય. સાંજે તેના ચાર ટુકડા થઇ એક જ ટુકડો મળવાનો હોય. પણ એનો આનંદ દિવસભર હોય. આર્થર આ દિવસો યાદ કરે છે. અહા! એ કેકનાં એક નાનાં ટુકડામાં કેટલો આનંદ હતો! તેમાં કેટલો સ્વાદ હતો! આજે ભાત-ભાતનાં ભોજન મળે છે. સ્વાદ નથી, રૂચિ નથી, ભૂખ નથી, તૃપ્તિ નથી. શું કારણ? ધન મળ્યા પછી પણ સુખ કેમ નહીં? નિર્ધન દશામાં જે સુખ અને આનંદ મળ્યાં તે આજે નથી મળતાં, તો નક્કી થાય છે કે ધનમાં સુખ નથી. ધન સુખનું કારણ નથી.

આ વિચારે આર્થરની આંખો ખૂલી ગઇ. આજ સુધી ધનની પાછળ ખુંવાર થઇ ગયો. બધું જ ભૂલી જઇ, ઈશ્વરનો ડર રાખ્યા સિવાય ભયાનક પાપો કર્યા. માત્ર ધન મેળવવાની તૃષ્ણાથી જ. આજ સુધી તેની પત્ની અને મિત્રો ધનની તૃષ્ણા ઓછી કરવાનું કહેતાં હતા પણ તેને સમજાતું નહોતું. ધન જ ચિંતાનું કારણ છે એ માનવા તૈયાર નહોતો. પણ શાંતચિત્તે અંતરનાં એકાંતમાં વિચારણા કરવાથી, ભૂતકાળને જોવાથી સમજાયું કે, આજ સુધી ધન માટે જેટલા ઉધામા કર્યા તે બધા અનર્થની ખાણ સમા જ પૂરવાર થયા, અંતે આર્થરના મનમાં વસી ગયું કે ધનસંપત્તિ જ સર્વસ્વ નથી. ધન તો ચાલ્યું જનાર છે. નહોતું ને આવ્યું તેમ આવીને ચાલ્યું જશે, માટે તેનું અભિમાન કરવા જેવુ પણ નથી.

આર્થરની આંખ આડેનાં પડળો ઊતરવા માંડ્યા - સત્ય સમજાવા

માંડ્યું. હળવાશનો અનુભવ થવા માંડ્યો. એ આનંદમાં ત્રણ નહીં ચાર કલાક વીતી ગયા. ત્રીજી પડીકી ખોલી.

ચિત્ત શાંત છે. મન પ્રસન્ન છે. સર્વ બોજાથી મુક્ત. રાહત અનુભવે છે. અને એણે ત્રીજી દવા લીધી. દુવા વાંચી-

Re-examine your motives. તારા હેતુઓને ફરીથી તપાસ. મારો હેતુ? શાનો હેતુ? મેં કદી હેતુ વિચાર્યો નથી. જીવું છું બસ, જીવું છું. શાના માટે જીવું છું? હશે ને કોઇ કારણ? આર્થર વિચારે છે. હવે હાથમાં ચાવી આવી ગઇ છે. હેતુ શોધવા બહાર જવું પડે તેમ નથી. તે પોતામાં જ ઊતર્યો. અંતરમનને તપાસ્યું, નિરીક્ષણ-પરીક્ષણ કર્યું અને તેને સમજાયું કે મારા જીવનનું ચરમ અને પરમ ધ્યેય માત્ર ધન અને ધનને આશ્રયે નામના, યશ, પ્રતિષ્ઠા! આ મેળવવા માટેની જ મારી મથામણ છે. તો શું આ હેતુ યોગ્ય છે! નામ કોના રહ્યાં છે? મારા જેવા તો કેટલાય શ્રીમંતો માટીમાં મળી ગયા. કોણ તેઓને યાદ કરે છે? તો મને કોણ યાદ રાખશે? અરેરે! આર્થર જે નામ માટીમાં મળવાનું છે તેના માટે આટલી તીવ્ર વેદના વેઠી રહ્યો હતો? ઓહો! આ બધું જ નકામું? આજ સુધીનું જીવન મેં વ્યર્થ ગુમાવ્યું.

બંધુઓ! જે આર્થર કાલે એમ કહેતો હતો કે બાર કલાક બિઝનેસ છોડી દઉં તો શું થાય? મારા વિના કેમ ચાલે? એ આજે પોતાની બધી જ પ્રવૃત્તિઓને ખોટી ઠરાવી રહ્યો છે. જેમાં એને જીવનનું સર્વસ્વ દેખાતું હતું તેની ક્ષણભંગુરતાનો પ્રતિભાસ થયો. પોતે જાણે કોઇ ઉદાત્ત હેતુ વગરનું જીવન જીવ્યો હોય તેમ, આજ સુધીનો કરેલો પરિશ્રમ અર્થ વગરનો લાગ્યો. આ વિચારમાં ઊંડો ઊતરી ગયો. સમય પસાર થઇ રહ્યો છે.

હવે માત્ર એક ડોઝ બાકી છે. જે પડીકીઓમાં કોઇ અજબ જાદુ ભર્યો છે, જે જીવનનું ધરમૂળથી પરિવર્તન કરવા સમર્થ છે, એ દવા લેવાની લગની લાગી છે. એટલો બધો હળવો થઇ ગયો છે કે વિચાર કરતાં-કરતાં કિનારાની રેતીમાં જ્યાં બેઠો હતો ત્યાં ઊંધો સૂઇ ગયો. ચોથી પડીકી ખોલીને વાંચી. લખ્યું હતું :- Write your worries on the sand. તારી ચિંતાઓ રેતી પર લખી નાખ.

વાંચતા જ આર્થર વિચારવા લાગ્યો. ચિંતા? ચિંતાઓનો તો પાર જ ક્યાં છે? કેટલી યાદ કરૂં? કેટલી લખું? પણ ના, મને આ દવાએ તો



અમૃત પાયું છે. માટે લખી તો નાખીશ જ. એ એક, બે, ત્રણ, નંબર કરી ચિંતાઓ લખવા માંડ્યો. ઊંધો સૂતો છે. હાથની આંગળીથી રેતીમાં લખી રહ્યો છે. મન એટલું હળવું થઇ ગયું છે, કે જેના માથે ચિંતાઓના ગજ ખડકાયા હતા, એ બધી જ ચિંતાઓ જાણે સમાપ્ત થઇ ગઇ છે. હવે ચિંતા યાદ આવતી નથી. ૪-૫ લખી, યાદ કરી રહ્યો છે ત્યાં તો પગને કંઇક સ્પર્શ થયો. સફાળો બેઠો થઇ ગયો. શું અડ્યું ? જુએ છે ત્યાં તો સૂર્યાસ્ત થઇ રહ્યો છે. સમુદ્રમાં ભરતી આવી રહી છે. મોજાં ઊછળવા માંડ્યાં છે. મોજાનાં પાણીનો સ્પર્શ થયો હતો. અને સમુદ્રની ભરતીને એ નિહાળી રહ્યો હતો ત્યાં તો એક મોટું મોજું આવ્યું અને રેતી પર લખેલી ચિંતાઓને લઇ સમુદ્રમાં વિલીન થઇ ગયું. આર્થર જોઇ જ રહ્યો. એ ચમક્યો! અરે! જે ચિંતાઓ કાળનાં પ્રવાહ સાથે વહી જનાર છે તેના માટે અત્યાર સુધી દુ:ખી થતો રહ્યો! હું કેવો મૂરખ!

બંધુઓ! માનવ ખોટી ચિંતાઓના બોજથી દબાતો જ રહ્યો છે પણ એ માનતો હોય એવી ૧૦૦ ચિંતાઓમાંથી ૯૬ તો આવતી જ નથી. બાકી ચારમાંથી બે નો ઉકેલ સહેલાઇથી થાય એવો હોય છે. શેષ રહી બે. ખરેખર તો માણસને માત્ર બે ચિંતાઓ સામે જ લડવાનુ હોય છે. પણ વ્યર્થ સો ચિંતાઓના બોજ નીચે પોતાની શક્તિને ખર્ચી નાખી હોય એટલે જેની સામે લડવાનું છે, ત્યાં લડવાની શક્તિ તેનામાં બચતી જ નથી.

આર્થર વિચારે છે. અહા! આ કુદરતી સંકેત મને કેવી મોટી શિક્ષા દઇ જાય છે. શા માટે આટલી ચિંતાઓ મેં સેવી? કાળના પ્રવાહમાં સુખ કે દુ:ખ બધું જ સમાપ્ત થનાર છે. 'દુ:ખનું ઓસડ દહાડા' બસ! આવા વિચાર કરતાં તો આર્થર હળવો થઇ ગયો. થર્મોસ-ટિફિનમાં બચેલ ચા-નાસ્તો કરીને નિસર્ગના ખોળે મન-મસ્ત થઇને બેઠો છે. પોતે પોતાની સાથે વાર્તાલાપ કરી રહ્યો છે. ચિત્ત પ્રસન્નતા અનુભવી રહ્યું છે. આકાશમાં ચંદ્રોદય થઇ ગયો છે. શીતલ મંદ સમીર વહી રહ્યો છે. અને આર્થરની આંખોમાં ઊંઘ ભરાણી. નહીં પલંગ, નહીં ગાદી, નહીં તકિયો, નહીં A.C. અને રેતી પર ઊંઘી ગયો. અનેક મહિનાઓથી નહોતી માણી શક્યો તેવી મીઠી ઊંઘમાં સરી પડ્યો. એક ઊંઘે સવાર થઇ. સૂર્યનું પહેલું કિરણ તેના દેહને સ્પર્શ્યું અને આંખ ઊઘડી. ચારે બાજુ જુએ છે. ક્યાં છે પોતે? ઓહો! ગઇ કાલે સવારે ૧૨ કલાક માટે સમુદ્ર કિનારે આવ્યો હતો તેના બદલે ૨૪

કલાક થઇ ગયા. એ ઊઠ્યો, અંતર પ્રસન્નતાથી ઉભરાઇ રહ્યું છે, ચાલવા માંડ્યો ઘર ભણી.

ઘરના આંગણામાં જ પત્ની રાહ જોઇને ઊભી છે. હસતાં-હસતાં સ્વાગત કરે છે. ત્યાં તો નાનું બાળક ડેડી-ડેડી કરતું દોડ્યું અને આર્થરે બાળકને તેડી લીધું. વાત્સલ્યભર્યા ભાવે બાળકને પ્રેમથી ભીંજાવી દીધું. બાળકને પણ નવાઇ લાગી! આ એ જ મારા ડેડી છે? મને કોઇ દિવસ પ્રેમ ન કરનાર! આ ડેડીને આજે શું થયુ છે?

બંધુઓ! આર્થરનું જીવન પલટાઇ ગયું. સંસારની તુચ્છ કામનાઓથી મુક્ત થઇ ગયો. જીવનનાં મૂલ્યો બદલાઇ ચૂક્યાં. બાકીનું જીવન પ્રસન્નતાપૂર્વક શાંતિથી જીવ્યો. આર્થર આજ સુધી ચિંતા કરતો હતો. એ ચિંતાને બદલે ચિંતન તરફ વળ્યો. પોતે કોણ છે? શું કરે છે? શા માટે કરે છે? વગેરે વિચાર્યું. પોતાનામાં જ ઊંડો ઊતર્યો તો એ સુખી થયો, કારણ સુખ પોતામાં જ પડ્યું છે. બહારનાં સાધનો માનવને સુખી કરી શકે નહીં.

આપણે પણ આત્મામાં પડેલી અનંત શક્તિઓને જાગ્રત કરીએ તો ધારીએ તે કરી શકીએ તેમ છીએ.

જિજ્ઞાસુ શિષ્ય શક્તિના જાગરણ માટે જ શંકારૂપ મનના મેલને ગુરુદેવની વાણીનાં વારિ વડે ધોઇ રહ્યો છે. જેમ-જેમ શંકાઓ શમતી જાય છે તેમ તેનો આત્મા શુદ્ધ બનતો જાય છે. અહીં ચોથી શંકાનું સમાધાન પણ થઇ ગયું છે. જે કર્મો કરે તે ભોગવે, એ સમજાવતાં એ પોતાની શ્રદ્ધા વ્યક્ત કરે છે.

**ચોથું પદ તે મારો આત્મા જ ભોક્તા,**
**કીધેલા કર્મોનો ભોગ....હાં...**
**પોતે કરીને પોતે જ ભોગવે (૨)**
**ઈશ્વરનો માને ના યોગ.... મારી....**

પાંચમા પદ વિષેની શંકા અવસરે.....

# પણ તેનો નહીં મોક્ષ...!

વીતરાગ પરમાત્મા - અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર,જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતા, ભવ્યાત્માને મોક્ષનો માર્ગ બતાવી ગયાં છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, કર્મના ચક્ર-વ્યૂહને તોડી નાખે છે. જેને કર્મોનાં વ્યૂહમાંથી છૂટવું છે તે જ જીવ આરાધનાના માર્ગે વળે છે. ક્રમશઃ આરાધનાના સોપાનો ચડતો-ચડતો સર્વોચ્ચ સોપાનને પામી જાય છે.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં આવા જ જિજ્ઞાસુ શિષ્યને સંસારથી છૂટવાની તડપ જાગી છે. તેથી જ ગુરુદેવનાં ચરણોમાં રહી, મનને સ્વચ્છ કરતો જાય છે. સંસાર કર્માધીન છે અને મોક્ષ સ્વાધીન છે. સ્વાધીન સુખને પામી શકાય કે નહીં તે વિષે સંશય છે, જે ગુરુદેવ પાસે રજૂ કરે છે.

**કર્તા ભોક્તા જીવ હો, પણ તેનો નહીં મોક્ષ,**
**વિત્યો કાળ અનંત પણ, વર્તમાન છે દોષ.....૮૭**

ગુરુદેવ! જીવ કર્મનો કર્તા છે તથા કર્મફળનો ભોક્તા છે એમ મને દૃઢ શ્રદ્ધા જાગી છે. આપની પરમ કૃપાથી કર્મનો આ સિદ્ધાંત અંતરથી સમજ્યો છું. પણ સંસારનાં સર્વ જીવો પર દૃષ્ટિપાત કરતાં, જીવની નિત્યતાના કારણે પણ જન્મ-મરણના ચાલતાં ચક્રને જોતાં, એમ લાગે છે કે જીવ કર્મ કરે છે અને ભોગવે છે. ભોગવતાં વળી નવાં કર્મો ઉપાર્જન કરે છે. આમ કર્મ કરવા અને ભોગવવાની Cycle ચાલે જ છે. એક-એક જીવ અનંતકાળથી આ જ ઘટમાળમાં આવર્તન લઇ રહ્યો છે. વર્તમાનમાં પણ જીવ અને કર્મનો એવો ને એવો સંબંધ દેખાય છે. જો જીવનો મોક્ષ થતો જ હોત તો આજ સુધી થવો જોઇતો હતો. અનંતકાળમાં જે નથી થયું તે હવે

કેમ થાય? અનંતકાળના ભ્રમણામાં આત્મા અને કર્મની જે સ્થિતિ હતી તે આજે પણ છે. જેવાં કર્મો કરે તેવા એ ભોગવ્યાં કરે છે.

**શુભ કરે ફળ ભોગવે, દેવાદિ ગતિ માંય;**
**અશુભ કરે નરકાદિ ફળ, કર્મ રહિત ન ક્યાંય...૮૮...**

શુભ કર્મો કરે તેનું ફળ ભોગવવા દેવ-મનુષ્ય ગતિમાં જીવ જાય છે. ત્યાં પુણ્યનાં સુ-ફળ ભોગવે છે, ભૌતિક સુખોને માણે છે. અશુભ કર્મો કરે તો તેનું ફળ નરક-તિર્યંચ ગતિમાં જઇ ભોગવે છે. પાપના કુ-ફળરૂપ દુ:ખ ભોગવે છે. આમ ગતિઓનું આવાગમન ચાલુ જ છે, ક્યાંય કર્મરહિત થયો હોય એવું દેખાતું નથી.

અહીં 'શુભ કરે ફળ ભોગવે, દેવાદિ ગતિ માંય એમ કહી શિષ્યે ભ્રમને તોડ્યો છે. પોતાની સત્ય સમજણને રજુ કરી છે. સમાજમાં બહુ મોટી ભ્રામક માન્યતા ચાલે છે કે પુણ્ય કરવાથી મોક્ષ મળે છે. જેમ પુણ્ય કરવાથી સંસારસુખના સાધનો મળી રહે તેમ મોક્ષ પણ કોઇ શ્રેષ્ઠ સ્થાન છે. દેવલોકથી પણ ઊંચુ સ્થાન છે તેથી ઘણાં પુણ્ય કરનારો મોક્ષમાં જાય છે અને ત્યાંના સુખો ભોગવે છે.

વળી આ માન્યતાના અનુસંધાનમાં એક બીજો ભ્રમ પણ સેવાય છે તે એ કે પુણ્યકરણી, તે જ ધર્મ છે. તેનાથી જુદો બીજો કોઇ ધર્મ નથી. દાન વગેરે કરીને માણસો સંતોષ માનતા હોય છે કે આપણે ધર્મ કરી લીધો. આવા ધર્મથી મોક્ષ માને છે.

આ બંને માન્યતાઓ તે નર્યું અજ્ઞાન છે. પ્રથમ વાત તો એ કે પુણ્ય એ ધર્મ નથી. પુણ્ય એ આશ્રવ છે. આશ્રવ છે ત્યાં કર્મબંધ છે. કર્મ હોય ત્યાં સુધી મોક્ષ નથી કે કર્મના ફળસ્વરૂપ પણ મોક્ષ નથી. માટે પુણ્ય એ ધર્મ નથી. આશ્રવ અધર્મ છે. સંવર ધર્મ છે. માટે મોક્ષ સંવરથી થાય, પણ આશ્રવથી નહીં.

જેનાથી શુભ કર્મો બંધાય તે પુણ્ય-આશ્રવ અને જેનાથી આત્મા પર રહેલાં કર્મોની નિર્જરા થાય તે ધર્મ. મોક્ષ ધર્મથી થાય.



આમ આ માન્યતાના ભ્રમને તોડવા શિષ્યે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે શુભ કર્મો એટલે કે પુણ્ય ભોગવવા જીવ દેવાદિ ગતિમાં જાય અને પાપ ભોગવવા નરકાદિ ગતિમાં જાય. આગતાગતિ ચાલુ જ છે. ત્યાં ફરી કર્મબંધન થાય છે. તેથી જીવ કર્મરહિત ક્યાંય થતો નથી. મોક્ષ એટલે સર્વથા કર્મરહિત થવું તે. જીવ કર્મનો કર્તા તથા ભોક્તા હશે, છે, એ માની લીધું પણ તેના મોક્ષની સંભાવના નથી.

આમ શિષ્ય જીવના મોક્ષ વિષયમાં તર્કયુક્ત શંકા લઇ, શ્રી ગુરુના ચરણમાં ઉપસ્થિત થયો છે. વિનય સહિત નમ્ર મુદ્રામાં ગુરુચરણે પ્રાર્થી રહ્યો છે. ઉપકારી ગુરુદેવ આ શંકાનું સમાધાન યથોક્ત રીતે આપશે જે અવસરે.

ડ

# ઊપજે મોક્ષ સ્વભાવ...!

વીતરાગ પરમાત્મા-અનંતજ્ઞાની અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના અનંતકાળનાં બંધનને છેદી નાખે છે, જીવ સર્વ પ્રથમ ક્યારે બંધાયો, તે જાણતો ન હોવા છતાં, બંધનને તોડવામાં એ સમર્થ છે.

અનંતકાળથી નિગોદમાં પડેલો જીવ, કશાયે પુરૂષાર્થ વિના, માત્ર અકામ નિર્જરાના બળે આગળ વધે છે. એ સ્થાનમાંથી બહાર આવવાનું સામર્થ્ય જીવમાં પડ્યું છે. વળી નિગોદના જીવની ચેતના અતિ અલ્પ માત્રામાં વિકસિત હોય છે જેના કારણે ચિકણા કર્મો બાંધવાનો ત્યાં અવકાશ નથી. તેથી જ સત્તાગત કર્મોને ભોગવતો-ભોગવતો એ ઉપર ચડે છે. ત્યાં તેણે સહેલાં છેદન-ભેદનનાં દુ:ખો કોણે, ક્યારે આપ્યાં, તેનું તેને ભાન નથી. તેથી જ તે જીવોમાં ઉગ્ર રાગ-દ્વેષ સંભવતાં નથી, અને બંધાતા નથી. નિગોદના જીવોમાં પણ ચારેય કષાયો તથા ચારેય સંજ્ઞાઓ છે પણ એ વિભાવો, ઉગ્રરૂપે પરિણમવાનું સામર્થ્ય ત્યાં ધરાવતાં નથી.

એટલું જ નહીં, બે ઇન્દ્રિય, તેઇન્દ્રિય કે ચૌરેન્દ્રિય જીવોને કોઇ સામે ઉગ્ર થવું હોય તો કેમ થાય? આપણે વાત-વાતમાં ઉગ્રતા ધારણ કરી લઇએ છીએ, પણ એ જીવોને કોઇ સતાવે, મારી નાખે તો પણ તેઓ કશું કરી શકતા નથી. અરે! માનવ થયા પછી પણ કોઇની સત્તા નીચે દબાયેલો માણસ પણ તેના ઉપરી અધિકારીના વાક્પ્રહારો મૂંગા મોઢે સહન કરી લે છે. કષાયોની ઉત્તેજના થવા દઇ શકતી નથી.

તો એકેન્દ્રિય-નિગોદમાં પડેલા જીવની ચેતના સુષુપ્ત છે, જ્ઞાનનો અલ્પ અંશ જ જાગ્રત છે. તેથી તેના વિભાવ પરિણામો તીવ્રભાવે પરિણમી શકતાં નથી. જેની ચેતના જેટલી વધુ જાગ્રત એટલાં વિભાવ પરિણામો પણ ઉત્કૃષ્ટ ભાવે પરિણમી શકે છે. કષાયો તીવ્રતમની કોટીએ પહોંચી શકે છે. તેના કષાયો જેટલા વધુ તીવ્ર તેના તેટલાં કર્મબંધન પણ વધુ. જ્યાં નિકાચીત



કર્મો બંધાય છે ત્યાં ઉગ્ર કષાયોનો રસ રેડાય તો જ બંધાય. જીવ જેમ જેમ વિકસિત થતો ગયો, તેની ચેતના વધુ ને વધુ જાગ્રત થતી ગઇ, તેમ તેમ વિભાવ પરિણામો-રાગાદિ પણ તીવ્ર થતાં ગયાં, પરિણામે વિકસિત ચેતનાના આશ્રયે, વધુ કર્મનિર્જરા કરી મુક્તિ તરફ આગેકૂચ કરવાની હતી તેના બદલે વધુ ગાઢ કર્મો બાંધી દુર્ગતિને નોતરી લીધી.

અલ્પતમ વિકાસવાળો જીવ કર્મબંધન કરે તો તે કાચા-સૂતરનાં બંધન જેવો હોય, કે જરા પ્રયાસથી તૂટી જાય પણ પંચેન્દ્રિયપણા સુધી પહોંચેલો જીવ, ઇન્દ્રિય, મન, બુદ્ધિ અને જાગ્રત ચેતનાના કારણે કાથીના દોરડાથી બંધાય, કે પછી છૂટવો મુશ્કેલ! બંધુઓ! દોરડાનો વિચાર કરો! નાળિયેરના સૂકાં છોતરાં, જેનો એક-એક તાંતણો અલગ કરી નાખવામાં, પીંજી નાખવામાં આવે અને પછી તેને વળ દઇ એક-બીજા સાથે Joint કરી લાંબુ મજબૂત દોરડું બનાવવામાં આવે ત્યારે એ એવું શક્તિશાળી બની જાય કે ગમે તેવી વસ્તુને બાંધી શકે. ચાલીસ હાથ ઊંડા કૂવામાંથી પાણી ખેંચી શકે. પણ તેના તાંતણા જુદા થઇ જાય તો તે નિર્માલ્ય! અંતરમાં પેલા કષાયોના ભાવને વિખેરી નાખીએ, એક-એક પરમાણુ છૂટો કરી નાખીએ તો તે આત્મા પર પોતાનું જોર જમાવી શકે નહીં.

બંધુઓ! આ કરી શકવાનું સામર્થ્ય પણ જીવમાં જ છે. જેમ પંચેન્દ્રિય જીવ કર્મ બાંધવામાં શૂરો તેમ તે કર્મોના ભુક્કા કરવામાં પણ શૂરો! કર્મ બાંધવાના સમયે જેમ આત્માનું અનંતવીર્ય સ્ફુરાયમાન થાય અને થોકબંધ કર્મો બાંધે છે, તેમ માનવના શરીરમાં રહેલ વિકસિત ચેતનાનું અનંતવીર્ય સ્વભાવના પુરુષાર્થમાં સ્ફુરાયમાન થાય તો તે સર્વ કર્મોનો ક્ષય કરી નાખે છે. રાગ-દ્વેષનો સંપૂર્ણ નાશ કરવા માટે થતી વીર્યસ્ફુરણા માત્ર એક માનવ જ કરી શકે. દેવોમાં એ ક્ષમતા નથી.

પ્રવૃત્તિ માર્ગે સ્ફુરાયમાન વીર્ય સાતમી નરકની તૈયારી કરી લે છે. તો નિવૃત્તિમાર્ગે જાગતો વીર્યોલ્લાસ મોક્ષની મંઝિલે પહોંચાડી દે છે. રાજર્ષિ પ્રસન્નચંદ્રજીએ માત્ર અંતર્મુહૂર્તમાં આ બન્ને છેડાની શક્તિઓ જગાડી લીધી. પરભાવમાં વહેતી ચેતનાએ આત્માના અસંખ્ય પ્રદેશે વિલસતા વીર્યને એવું જબરદસ્ત સ્ફુરાયમાન કર્યું કે નરકની સોપાન શ્રેણીએ ચડવા માંડ્યાં પણ પરમાંથી વૃત્તિ પાછી ફરી, સ્વના લક્ષ્યે પરિણત થવા માંડી કે વીર્યના પ્રવાહે રાહ બદલી નાખ્યો. એ જ વીર્યશક્તિએ, વિભાવમાંથી નિવૃત્તિ લીધી અને કર્મોનો નાશ કરવા માંડ્યો તો સર્વ ઘાતી કર્મોનો ક્ષય

પણ અલ્પ સમયોમાં કરી લીધો.

અધ્યાત્મયોગી આનંદઘનજી મહારાજ પણ આત્માના અનંતવીર્યના ઉલ્લાસથી થતી યોગશક્તિની નિષ્ફળતા વિષે બતાવે છે -

**ઉત્કૃષ્ટ વીર્ય નિવેશે, યોગક્રિયા નવિ પેસે રે;**
**યોગતણી ધ્રુવતાને લેશે, આતમશક્તિ ન ખેસે રે....વીર.....**

આત્મામાં જ્યારે ઉત્કૃષ્ટ વીર્ય ઉલ્લસિત થઇ ઊઠે છે ત્યારે મન, વચન, કાયાની યોગશક્તિ તેમાં પ્રવેશ પામી શકતી નથી અર્થાત્ અનંત વીર્યના સ્ફુરાયમાન થવાથી આત્માની પરિણામધારા એટલી વિશિદ્ધ બનતી અતિ ત્વરાએ આત્મા ગુણસ્થાનના વિકાસમાં આગળ વધી જાય છે. તેથી યોગોની ક્રિયા મંદ પડવા માંડે છે. કર્મને ગ્રહણ કરવારૂપ યોગોનો વ્યાપાર બંધ થવા માંડે છે. લેશ્યા પણ નષ્ટ થવા માંડે છે. ઉત્કૃષ્ટ આત્મવીર્યથી આત્મા અયોગી, અક્રિય અને અલેશી બની જાય છે. યોગોનો પ્રભાવ આત્મા પર હવે રહેતો નથી તેથી યોગો સ્થિર થઇ જાય છે. અને યોગો સ્થિર થતાં આત્મા પણ સ્થિર થઇ જાય છે. અર્થાત્ સયોગી આત્મા અયોગી બની જાય છે. સર્વ પુદ્‌ગલોનો સંગ છૂટી જાય છે. આત્મા તથા પુદ્‌ગલ બન્ને દ્રવ્યો સ્વતંત્ર બની જાય છે. આત્માનો મોક્ષ થઇ જાય છે.

શિષ્યની દૃષ્ટિ માત્ર પ્રવૃત્તિ પર જ છે. તેથી એ ગુરુદેવને કહી રહ્યો છે કે શુભ અને અશુભ ભાવમાં પ્રવૃત્ત થયેલો જીવ, પુણ્ય અને પાપકર્મ ઉપાર્જન કરતો રહે છે અને તેના ફળસ્વરૂપ સ્વર્ગ-નરક આદિમાં ફર્યા કરે છે. આની આદિ નથી દેખાતી, તો અંત પણ નથી દેખાતો, ગતિના પરિભ્રમણનો અંત આવે તો મુક્તિ થાય. માટે મોક્ષ હોય તેવું લાગતું નથી. ગુરુદેવ સમાધાન ફરમાવે છે -

**જેમ શુભાશુભ કર્મપદ; જાણ્યાં સફળ પ્રમાણ;**
**તેમ નિવૃત્તિ સફળતા; માટે મોક્ષ સુજાણ.....૮૯...**

વત્સ! તારા ધ્યાનમાં આ સિદ્ધાંત તો આવ્યો જ છે કે શુભભાવનું શુભફળ અને અશુભભાવનું અશુભ ફળ જીવ પાસે જ છે. શુભાશભ ભાવમાં પ્રવૃત્ત થયેલ જીવનો પુરૂષાર્થ નિષ્ફળ નથી જતો. પ્રમાણ સહિત આ સિદ્ધાંત સાબિત થયો છે. હવે આ સિદ્ધાંતને જ વધુ સ્પષ્ટપણે વિચારીએ.

શુભાશુભ ભાવમાં પ્રવૃત્ત થયેલો આત્મા સુગતિ અને દુર્ગતિરૂપ,



સુખ તથા દુ:ખરૂપ ફળને પામે છે. તેમ જ્યારે જીવ શુભ અને અશુભ બન્ને ભાવોથી નિવૃત્ત થઇ જાય ત્યારે તેનામાં પોતાની સ્વ-પરિણતિરૂપ સહજ એવો શુદ્ધભાવ પ્રગટ થાય છે. જે શુદ્ધભાવ શુભાશુભ ભાવે બાંધેલાં કર્મોનો ધ્વંસ કરવામાં સક્ષમ છે. આ શુદ્ધભાવ શુભાશુભ રૂપ અશુદ્ધ ભાવોનો વિરોધી છે. તે વિભાવની નિવૃત્તિરૂપ છે અને સ્વભાવની પ્રવૃત્તિરૂપ છે. બંધુઓ! બહુ જ વિચારણીય છે આ વિષય.

શુદ્ધભાવ એ આત્માનો ભાવ છે. તે વિભાવની નિવૃત્તિરૂપ છે. તો સ્વભાવની પ્રવૃત્તિરૂપ છે. શુદ્ધભાવની પ્રવૃત્તિ જ આત્માનું સ્વાભાવિક કર્તુત્વ છે. જેમજેમ જીવની શુદ્ધ સ્વાભાવિક દશા વધતી જાય છે તેમતેમ વિભાવોનું જોર મંદ થતું જાય છે. આત્મા કર્મોથી છૂટવા માંડે છે. જેટલા અંશે કર્મોનું છૂટવું થાય છે એટલે અંશે જીવોનો મોક્ષ થાય છે. કોઇપણ જીવનો મોક્ષ માત્ર એક સમયમાં સીધો જ નથી થઈ જતો. હા, ઉપચારથી એમ કહી શકાય કે જીવને બંધનમાંથી છૂટતાં માત્ર એક સમય જ લાગે છે. પણ યથાર્થતા એમ છે કે અનાદિના મિથ્યાત્વી જીવને જે સમયે સમ્યગ્દર્શન થયું એ જ સમયે એનો મોક્ષ થઇ જાય એવું બનતું નથી. જીવ ક્રમે-ક્રમે જ આગળ વધે છે, પછી ભલે કોઇ હળુકર્મી જીવ શીઘ્ર વિકાસ કરે અને કોઇ જીવને અર્ધપુદ્‌ગલ પરાવર્તન જેટલો સમય ચાલ્યો જાય. પણ ક્રમે-ક્રમે કર્મોથી છૂટતો જાય છે, બંધનમુક્ત થતો જાય છે અને અંતે મોક્ષને પામે છે.

આમ શુભાશુભ ભાવોની નિવૃત્તિ થતાં જીવને મોક્ષ પ્રાપ્ત થાય છે તેમ ગુરુદેવ ફરમાવે છે. હે શિષ્ય! તું એ સમજ કે પ્રવૃત્તિ સફળ છે તેમ નિવૃત્તિ પણ સફળ છે. શિષ્યે પૂછ્યું હતું કે અનંતકાળથી કર્મ-સહિત જીવ રખડ્યા કરે છે, હજુ એવો ને એવો જ છે, જીવમાંથી દોષ ગયો નથી. તેના ઉત્તરમાં ગુરુદેવ કહે છે -

**વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;**
**તેહ શુભાશુભ છેદતાં, ઉપજે મોક્ષ સ્વભાવ.....૯૦....**

અનંતકાળ એમ જ વ્યતીત થઇ ગયો તેનું કારણ એ છે કે જીવ શુભાશુભ ભાવમાં જ રહ્યો છે. તેને દૂર કરવાનો પ્રયાસ જ કર્યો નથી. સર્વ સામાન્ય જીવો સારા-માઠા ભાવોમાં જ રહેતા હોય, તે ભાવોથી નિવૃત્ત થવા જેવું છે તેની તેઓને ખબર જ નથી.

માણસ નિવૃત્તિ એટલે બેકારી સમજે છે. જેમાં કંઇ કરવાનું નહીં, હાથ જોડીને બેસી રહેવાનું, આળસુ થઇ પડ્યું રહેવાનું એ નિવૃત્તિ. પ્રવૃત્તિ

કરે તો તેનું કાંઇક પરિણામ હોય! નિવૃત્તિનું શું ફળ? કાંઇ જ નહીં! પણ નિવૃત્તિ એ શું છે? જીવ એક કાર્યમાં રોકાયેલો હતો તેમાંથી હટી જઇ, તે કાર્યને છોડી દેવું એટલે તેનાથી નિવૃત્ત થઇ જાય. તે એક જગ્યાએથી નિવૃત્ત થાય તો જ બીજી જગ્યાએ પ્રવૃત્ત થઇ શકે. નિવૃત્તિના સમયનો સદુપયોગ થઇ શકે.

બસ, આત્માના ભાવોમાં પણ આમ જ છે. શુભ અને અશુભ બંને વિકારી ભાવો છે, અશુદ્ધ ભાવો છે. તેનો ત્યાગ કરવાનો છે, બંનેને છેદી નાખવાના છે, તેનાથી નિવૃત્ત થવાનું છે. પરિણામે આત્મા નિજ-સ્વભાવમાં સ્થિત થાય અને શુદ્ધભાવ પ્રગટ થાય છે. વળી જીવના સ્વભાવમાં સંસાર નથી. સંસાર તો વિભાવ પરિણતિએ પરિણત થયો એટલે ઉત્પન્ન થયો છે. પણ જીવ સંસાર ભાવથી ખસવા માંડે તો પોતાના મૂળ સ્વરૂપરૂપ મોક્ષ સ્વભાવ દબાયેલો છે તે જાગ્રત થઇ જાય.

રાગ અને દ્વેષના ભાવો સર્વ યોનિઓમાં જીવ કરતો જ રહ્યો. ચાહે એ માનવ બન્યો, દેવ, નારક કે પશુ બન્યો પણ રાગાદિમાંથી નિવૃત્ત થયો નથી.

બે પશુઓ સાથે બાંધેલા હોય, તેને લીલું ઘાસ નાખવાં જાવ. એકને નાંખ્યુ અને બીજાને નાખતા જરા વાર લાગી કે તે પશુ વ્યાકૂળ થઇ ઊઠશે. તમારા પર તેને દ્વેષભાવ આવશે. તેને પણ લીલું ઘાસ નાખશો એટલે તમારા પર તેને પ્રેમ જાગશે. આ તથા અન્ય યોનિઓમાં જીવે રાગ-દ્વેષ કર્યા જ છે. તેમાં પણ માનવ બન્યા પછી તો રાગાદિની માત્રા વધી ગઇ. બંધુઓ! જાણો છો? મનુષ્ય જ ભવ એક એવો છે કે, ત્યાં જ જીવના શુભ-અશુભ અને શુદ્ધ ત્રણેય ભાવો Climax પર પહોંચી શકે છે. શુભભાવોને આગળ વધારતો જીવ પુણ્યાનુબંધ કરવા માંડે તો સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં મહર્દ્ધિક દેવરૂપે જન્મ લે છે, અશુભ ભાવોથી પાપનાં પોટલાં બાંધતો રહે તો સાતમી નરકની ઘોર યાતના સહેવા ચાલ્યો જાય. અને એ જીવ શુભ-અશુભ બંને ભાવોને છેદીને શુદ્ધભાવોમાં પરિણત થવા માંડે તો સર્વ કર્મોનો ક્ષય કરી મોક્ષને પામી જાય. આ ત્રણેય Climax પર ચડવાની શક્તિ માત્ર માનવમાં જ છે.

તેથી જ શ્રીમદ્જી ફરમાવે છે કે શુભ-અશુભ એ તારો સ્વભાવ નથી પણ તે બંનેથી ભિન્ન એવો મોક્ષસ્વભાવ જ તારો પોતાનો છે. એ ભાવને જાગ્રત કરી લે. બંધુઓ! જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવનો વિકાસ કરવાથી શુદ્ધભાવ પ્રગટે છે, વિકાસ પામે છે.



માત્ર જોવું અને જાણવું એ જ તારું સ્વરૂપ, એથી આગળ કશું જ નહીં માટે પુરુષાર્થ તો એ કરવાનો છે કે રાગ-દ્વેષના ભાવોથી ખસી જઈ, જ્ઞાતા-દ્રષ્ટા ભાવમાં સ્થિર થતો જા. આ માટે પ્રબળતમ પુરુષાર્થ જોઈએ. જીવના સ્વભાવને ભૂલાવનાર રાગ-દ્વેષ જેટલા પ્રબળ, સામે પુરુષાર્થ પણ એટલો જ પ્રબળ જોઈશે.

પાણીનો સ્વભાવ શીતળતાનો. પણ પાણીને ચૂલા પરથી ઉતારીએ જ નહીં, એ ઊકળતું જ રહે તો ઠંડુ થાય શી રીતે? પાણીને તેના મૂળભૂત સ્વભાવમાં જોવું છે તો, કાં ચૂલા પરથી ઉતારી લો અને કાં ચૂલામાંથી અગ્નિને બુઝાવી દો. પછી કશું જ નહીં કરવું પડે! ગમે તેટલી ડીગ્રી ગરમ થયેલું પાણી હશે પણ એક વખત અગ્નિનો સંગ છૂટી ગયો તો એ સ્વયં શીતળ થવા માંડશે. ભલે સમય લાગે પણ પાણીને પોતાના મૂળ સ્વભાવમાં આવ્યે જ છૂટકો છે.

બંધુઓ! આત્માના જ્ઞાતા-દ્રષ્ટા ભાવરૂપ મોક્ષસ્વરૂપ, રાગ-દ્વેષના ચૂલે ચડી વિકૃત થઈ ગયું છે, ઊકળી રહ્યું છે. એકવાર માત્ર એટલું કરો કે રાગ પણ નહીં કરું અને દ્વેષ પણ નહીં કરું. ઈન્દ્રિયો છે ત્યાં સુધી વિષયો તો ગ્રહણ થશે, પણ હું તો માત્ર સાક્ષી જ રહીશ. પછી જુઓ જીવનો નિજ સ્વભાવ પ્રગટ થાય છે કે નહીં? જેમ પાણી નીચેથી અગ્નિને હઠાવ્યા પછી ચાર-છ કલાક તેને શીતળ થતાં લાગશે, તેમ જ્ઞાતા-દ્રષ્ટા ભાવને કેળવવાની શરૂઆત કરીશું પછી તરત જ મોક્ષ થઈ જશે એમ નહીં થાય, સમય લાગશે. પણ એકવાર રાગાદિની મંદતા આવી અર્થાત્ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરી લીધા પછી અર્ધ પુદ્ગલ પરાવર્તનથી વધુ સમય નહીં લાગે. તેનો મોક્ષ નિશ્ચિત જ છે.

આમ શિષ્યની શંકા હતી કે શુભાશુભ કર્મો કરવાં, તેને ભોગવવાં, ફરી કરવા - આ ચક્ર ચાલુ જ છે તેથી જીવનો મોક્ષ સંભવી શકે નહીં. તેના ઉત્તરમાં જ શ્રી ગુરુએ ફરમાવ્યું કે શુભાશુભ ભાવ નિવૃત્ત થઈ મોક્ષસ્વભાવ પ્રગટ કરનાર જીવ મોક્ષને પામી શકે છે. શુભાશુભ ભાવ એ જીવનો સ્વભાવ નથી પણ મોક્ષસ્વભાવ એ જ જીવનું સ્વરૂપ છે.

આ વિષયમાં વધુ એક વાર વિચારણા કરી ગુરુદેવ સમજાવે છે તે અવસરે.....

# આત્મ-ચિંતન

હું... આત્મા...છું... હું...આત્મા ...છું

સહજ... એ મારું રૂપ...

હું...સહજ સ્વભાવી છું...કૃત્રિમ નથી...હું...ચૈતન્ય... હું...આત્મા સ્વયંભૂ છું...આત્માને કોઇ પેદા કરી શકે નહીં ... કોઇ રચી શકે નહીં... હું સ્વતઃ ... સહજ સ્વભાવી દ્રવ્ય છું... સહજતા... એ મારો સ્વભાવ...

હું ... આત્મા છું... માટે જ ... આત્મા છું...

તેનું કોઇ કારણ નથી... તેની કોઇ રચના નથી... સહજરૂપે હું આત્મા... ચૈતન્ય ... એ મારો સહજ ગુણ...

જ્ઞાયકતા... એ મારો સહજ સ્વભાવ... મારામાં... કોઇએ ચૈતન્યનો આરોપ કર્યો નથી... જ્ઞાયકતાનો કોઇએ આરોપ કર્યો નથી... મારૂં ચૈતન્ય... સહજ છે... મારી જ્ઞાયકતા સહજ છે... હું આત્મા ...દ્રવ્યરૂપે સહજ..., જ્ઞાનાદિ ગુણો રૂપે સહજ અને તેથી...સર્વ પદાર્થો રૂપે સહજ... આ આત્માનું સ્વાભાવિક પરિણમન... સહજરૂપે થાય છે...

વૈભાવિક પરિણમનમાં... કર્મના ઉદયની અપેક્ષા છે... રાગ-દ્વેષ ના ભાવોની અપેક્ષા છે..., તેમાં કોઇની અપેક્ષા નથી. સર્વ અપેક્ષાઓથી રહિત... પોતે... પોતામાં સહજભાવે પરિણમે છે...

મારામાં જ્ઞાનગુણનું પરિણમન ... સહજ છે... જ્ઞાન થવા માટે... બહારના કોઇ પણ પદાર્થની... આવશ્યકતા નથી... કોઇના આલંબનની જરૂર નથી...

દર્શનગુણને પરિણમાવવા માટે મારી શ્રદ્ધા... મારાં આત્મભાવમાં... રહે તે જ આવશ્યક છે...



ચારિત્રભાવને પરિણમાવવા માટે... બાહ્યલિંગની આવશ્યકતા નથી... આત્મા.. આત્મામાં રહે... નિજાનુભૂતિમાં વાસ કરે... એ ચારિત્રનું પરિણમન છે.

રત્નત્રયરૂપે પરિણમવવું... એ મારો સહજ સ્વભાવ છે...

રાગ-દ્વેષરૂપે પરિણમવું ...એ કૃત્રિમતા છે... સહજતા નથી... મન... વચન... કાયાના યોગે કરી...જેટલું પરિણમન થાય છે... તે બધું કૃત્રિમ પરિણમન છે..., કરાયેલું છે... જ્યારે નિજ સ્વાભાવિક દશાનું પરિણમન... એ સહજ પરિણમન છે...

મારે... વૈભાવિક પરિણમનથી પર થઇ... મારા સ્વાભાવિક પરિણમનમાં ...સ્થિર થવું છે... સહજ દશાને પામવી છે, સહજ સ્વભાવી આત્માને... નિહાળવો છે... સહજાનંદી આત્માને... અનુભવવો છે... તે માટે માત્ર... આત્માનું ચિંતન... થોડી ક્ષણો વધુ... એકાગ્ર થઇ... આત્માનું ચિંતન...

**હું... આત્મા...છું...હું ...આત્મા...છું**

**ૐ... ... ... શાંતિ...શાંતિ...શાંતિ**

# ....આત્યાંતિક વિયોગ!

વીતરાગ પરમાત્મા- અનંતજ્ઞાની અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના સંપૂર્ણતામાં પરિણમે છે ત્યારે જ જીવની આત્યંતિક મુક્તિ થાય છે. આરાધનાનું ફળ મુક્તિ, પણ જેટલે અંશે આરાધના એટલે અંશે મુક્તિ.

કોઇ પણ જીવની મુક્તિ એક ક્ષણમાં થઇ જાય તેમ બનતું નથી, પણ ક્રમે-ક્રમે થાય છે. જેવી રીતે સૂર્ય પૂર્વાકાશની ક્ષિતિજમાંથી સંપૂર્ણપણે બહાર આવતાં પહેલાં તે ક્રમે-ક્રમે ઉપર ચઢતો હોય. અત્યારે છ વાગે સૂર્યોદય થતો હોય તો લગભગ પાંચ વાગ્યાથી આકાશના રંગોમાં પરિવર્તન થવાં માંડે. પો ફાટે, પ્રભાત થાય અને ધીમે-ધીમે સૂર્ય ઉપર આવે. સર્વપ્રથમ ક્ષિતિજમાં માત્ર એક પાતળી લાલ કિનાર દેખાય, જે પ્રતિક્ષણે સ્થૂલ થતી જાય અને થોડી ક્ષણોમાં આખાય સૂર્યનો ગોળા ઉપર આવી જાય. આ પ્રક્રિયા ધીરે-ધીરે થાય છે.

એ જ રીતે કોઇ પણ આત્મા, અનાદિનો મિથ્યાત્વી હોય અને જે સમયે પ્રથમ સમ્યક્ત્વ પામ્યો તે જ ક્ષણે મોક્ષ પામી જતો નથી પણ વિભાવોના અંધકારમાં ડૂબેલો માનવ ક્રમશઃ આગળ વધે છે. સમ્યક્ત્વ પામ્યા પછી પણ ચોથા ગુણસ્થાને કેવળ અવસ્થાને પામી જાય એવું આજ સુધી બન્યું નથી. શનૈઃ શનૈઃ મોહનીય કર્મને ખપાવતો જીવ આગળ વધે છે.

જીવમાં અનંત શક્તિ પડી છે. પણ કર્મોનાં ગાઢ આવરણોના કારણે એ શક્તિનો અનુભવ નથી. તેથી જ આ જીવ કર્મબંધનો દ્વારા આત્માને વધુ ને વધુ આવરિત કરતો રહ્યો છે. પણ જો એ એકવાર કૃષ્ણપક્ષી મટી શુક્લપક્ષી બની જાય તો તેનો ઉદય થવો નિશ્ચિત જ છે.

આ શબ્દપ્રયોગ સમજવા જેવો છે. કૃષ્ણપક્ષ કોને કહેવાય ? જે પક્ષમાં દિવસે-દિવસે અંધકાર વધતો જાય, પૂનમ જાય અને કૃષ્ણપક્ષ શરૂ



થાય. વદ એકમનો ચંદ્ર જોઇએ તો પૂનમના ચંદ્ર કરતા બહુ ફરક ન દેખાય. પણ સૂક્ષ્મતાથી જોતાં તેની તેજસ્વિતા ઓછી થઇ ગઈ હોય, પૂનમના ચંદ્ર કરતા ધૂંધળો થઇ ગયો હોય. વળી એનો ઉદય પણ મોડો થાય. દિન-પ્રતિદિન જેમ-જેમ દિવસો વીતતા જાય તેમ-તેમ ચંદ્ર વધુ ને વધુ ફિક્કો પડતો જાય, અંધકાર વધતો જાય. અમાસ આવે ત્યાં પૂર્ણ અંધકાર થઇ જાય.

શુક્લપક્ષમાં બીજનો ચંદ્ર એક પાતળી દોરી જેવો હોય, તે પ્રકાશ પણ ન આપે પરંતુ તેનો વિકાસ થતો જાય તેમ-તેમ પ્રકાશ વધતો જાય. સુદ આઠમ-દશમનો ચંદ્ર પણ પ્રકાશ આપે. ચંદ્રનું તેજ વધતું જાય અને પૂર્ણિમાની રાત્રે સોળે કળાએ ખીલેલો ચંદ્ર પૂર્ણ પ્રકાશિત હોય. સારી આંખોવાળો માણસ એ પ્રકાશમાં વાંચી શકે, કાર્ય કરી શકે.

આમ કૃષ્ણપક્ષી જીવ, જ્યાં સુધી છે ત્યાં સુધી આત્મામાં મિથ્યાત્વનો અંધકાર વધતો જાય. અરે! ક્યારેક વધ-ઘટ થાય પણ પ્રકાશમાં તો ન જ આવી શકે. દર્શન-મોહનીય કર્મ પાતળું પડે થોડો અંધકાર છેદાય, અને બીજના ચંદ્ર જેવી, શુક્લપક્ષી દશાનો પ્રારંભ કરે પછી જ આત્મવિકાસના માર્ગમાં વધુ ઉજ્વળ બનતો જાય. પરંતુ પહેલાં તો જીવને કૃષ્ણપક્ષીમાંથી શુક્લપક્ષી થવામાં જ સમય લાગે.

જેમ કે આજે વદ એકમ હોય અને આપણે ઇચ્છીએ કે કાલે પૂર્ણિમાનો ચંદ્ર ઊગે તે તો ન જ થઇ શકે! કોઇ શક્તિ પણ આમાં ફેર-ફાર ન કરી શકે! આજે વદ એકમ છે તો પૂર્ણિમાનો ચંદ્ર જોવા તમારે એક મહિના સુધી રાહ જોવી જ પડશે. ગમે તેવી ઉથલ-પાથલ કરી નાખો. આજનું વિજ્ઞાન ગમે તેટલું એડ્વાન્સ હોવા પછી પણ અને ચંદ્ર પર જઇ આવ્યાનો દાવો કરતું હોય તો પણ એ ચાહે ત્યારે પૂર્ણિમાના ચંદ્રને ઉગાડી ન શકે. એ તો એના ક્રમથી જ થાય. ભલે કૃષ્ણપક્ષ હોય, પણ તેની ગતિ ચાલુ છે. તેથી મહિના પછી પૂર્ણચંદ્રનાં દર્શન થશે.

એવી જ રીતે જીવ શુક્લપક્ષી થયો, દર્શનમોહ પાતળુ પડ્યું, ગાઢ અંધકારમાંથી એકવાર બહાર આવ્યો પછી તરત જ સર્વ કર્મોનો ક્ષય કરવા જેવી વીર્યશક્તિની સ્ફુરણા ન કરી શકે. તેને સમયની રાહ જોવી જ રહી. પણ શુક્લપક્ષી આત્માની પૂર્ણતાને પામશે તે નિશ્ચિત.

શિષ્યને મોક્ષના હોવાપણા વિષે શંકા છે. ગુરુદેવ એ શંકાનું સમાધાન

કરી રહ્યાં છે. જીવ સ્વયં જ મોક્ષ સ્વભાવી છે. એ સ્વભાવ જાગૃત થઇ જાય તો જીવ પુરૂષાર્થની દિશામાં ત્વરિત ગતિએ પ્રગતિ કરશે. એ પુરૂષાર્થ અજ્ઞાનને છેદી નાખે, પર-સંયોગોને તોડી નાખે અને આગળ વધતા મુક્ત થઇ જાય. એ બતાવતાં ગુરુદેવ ફરમાવે છે -

**દેહાદિક સંયોગનો,આત્યંતિક વિયોગ;**
**સિદ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંત સુખભોગ...૯૧.....**

હે વત્સ! મળેલા દેહાદિ સંયોગનો જ્યારે આત્યંતિક વિયોગ થશે ત્યારે મોક્ષ એજ ક્ષણે થશે. દેહ, ઇન્દ્રિય, મન, બુદ્ધિ વગેરે સંયોગ-સ્વભાવે જીવ સાથે છે. તેનો સંયોગ છે તેનો વિયોગ પણ હોય જ. આ જીવ ભૂતકાળમાં દેહ, ઇન્દ્રિય વગેરે અનેક વાર પામ્યો અને એટલી જ વાર એ સર્વનો વિયોગ પણ થયો. જ્યાં જ્યાં જન્મ ધર્યો ત્યાં-ત્યાં દેહ તો મળ્યો જ, સાથે એકથી લઇ પાંચ ઇન્દ્રિયો પણ મળી. ક્યારેક મન મળ્યું, બુદ્ધિ મળી અને તે જનમનું આયુષ્ય પૂર્ણ થતા એ બધું જ છોડીને વળી નવો જન્મ ધારણ કર્યો. ત્યાં પણ એ જ મેળવ્યું. એમ અનંતવાર દેહાદિનો સંયોગ થયો અને વિયોગ પણ થયો. છતાં જીવ પાર ન પામ્યો. કારણ એજ કે એકવાર દેહાદિનો વિયોગ થયા પછી જીવ સાથે કર્મો તો રહ્યાં જ, કે જે ફરી-ફરીને દેહાદિનો સંયોગ કરાવે.

જેમ દેહાદિનો વિયોગ અલ્પ કાળ માટે જ થયો, તેમ આત્મા સાથે લાગેલા કર્મો પણ ક્ષય ન થતાં તેનો પણ સંયોગ અને વિયોગ થતો જ રહ્યો. ક્યારેક કર્મો વધારે તો ક્યારેક ઓછા. પણ અનંતા આંકને તેણે તોડ્યો નહીં. તેથી ફરી-ફરીને આ સંયોગ-વિયોગમાં જ જીવ અટવાતો રહ્યો.

અહીં જ્ઞાની ગુરુ ફરમાવે છે કે આવા ક્ષણિક વિયોગથી જીવ ઠેકાણે આવે નહીં, પણ આત્યંતિક વિયોગ અર્થાત્ એકવાર વિયોગ થયા પછી ફરી કદી સંયોગ ન થાય એવો પ્રબળ પુરૂષાર્થ જીવ કરી લે, કર્મનાં સર્વ સંયોગોનો જ ત્યાગ કરી દે તો પછી ફરી નવો દેહ ધારણ કરવાનો નહીં રહે. દેહ ન મળતાં તેને કારણે પ્રાપ્ત થતાં ઇન્દ્રિય, મન, બુદ્ધિ આદિનો સંયોગ પણ નહીં થાય. આત્મા સર્વથા શુદ્ધ, નિજ સ્વરૂપને પામી જશે. અને તેનું જ નામ સિદ્ધપદ, શાશ્વત સ્વરૂપ. જ્યાં અનંત-અનંત કાળ સુધી જીવને નિજ સ્વભાવના સુખનો જ ભોગ છે.



આ ગાથામાં સિદ્ધપદને શાશ્વત કહ્યું તેનું કારણ એ છે કે જૈન પરંપરા સિદ્ધિને અનંત માને છે. એકવાર એક જીવ મુક્ત થઈ ગયો પછી ફરી એને જન્મધારણ કરવાનો નથી આ સૃષ્ટિમાં માનવ અવતાર કે અન્ય કોઇ અવતાર લઇને આવવાનું નથી. જો એમ ન થતું હોય, તો મોક્ષનો કોઇ અર્થ જ નથી. ફરી-ફરી જન્મ લેવાના બાકી જ રહે તો સર્યું એ મુક્તિથી! અહીં તો જે જીવ સિદ્ધ થાય, મોક્ષ પામે તે અનંતકાળ માટે જ. સર્વ સંયોગ-વિયોગથી પર થઇને માત્ર એક જ અટલ, નિશ્ચલ શાશ્વત સ્થિતિ એ જ મોક્ષ. તેથી જ મહાયોગી આનંદઘનજી મહારાજે આત્મ મસ્તીમાં ગાયું છે -

**રીઝ્યો સાહેબ સંગ ન પરિહરે રે,**
**ભાંગે સાદિ અનંત.... ઋષભ.**

આદિ-અનંત જેની સ્થિતિ છે, એવા પરમાત્મપદને પામી જવું, એ જ છે સાહેબને રીઝવવાપણું. આ આદિ-અનંતને સમજીએ.

જીવ સાથેના ભિન્ન-ભિન્ન સંબંધોને ચાર રીતે જાણી શકાય. ૧. અનાદિ અનંત, ૨. અનાદિ અંત, ૩. આદિ અનંત, ૪. આદિ અંત.

જીવ અનાદિ અનંત છે. તેની ક્યારેય ઉત્પત્તિ થઇ નથી અને નાશ પણ કદિ થશે નહીં. તેથી જીવની આદિ પણ નથી અને અંત પણ નથી.

જીવ અને કર્મનો સંબંધ અનાદિ-અંત છે. આ જીવને સર્વ પ્રથમ કર્મ લાગ્યાનો સમય મળતો નથી. ખાણમાં પડેલા સોનાની જેમ અનાદિકાળથી જ જીવ સાથે કર્મ છે. અનાદિ હોવા છતાં આ સંબંધનો અંત છે. જીવ પુરૂષાર્થ કરે તો, જેમ માટીમાંથી અલગ થઇ જઇ સોનું શુદ્ધ બની જાય છે, તેમ જીવ પણ શુદ્ધ બની જાય છે. અર્થાત્ કર્મનાં સંબંધનો અંત આવી જાય છે. તેથી કર્મનો સંબંધ અનાદિ હોવા છતાં અંતવાળો છે.

આત્માની મોક્ષ સ્થિતિ આદિ-અનંત છે. સંસારનાં પરિભ્રમણમાં જીવ અનાદિકાળથી બંધનમાં હતો. પહેલા કદી મુક્ત થયો નથી. પણ જ્યારે સર્વ કર્મોનો ક્ષય થાય ત્યારે સર્વ પ્રથમ મોક્ષદશાની પ્રાપ્તિ થાય છે. અને તે દશા અનંતકાળ સુધી જીવની સાથે રહે છે. તેનો કદી અંત આવતો નથી તેથી મોક્ષદશારૂપ સ્થિતિ જીવને આદિ અનંત છે.

આદિ-અંતવાળી સ્થિતિ તો જીવને અનેક પ્રકારે ઘટિત થઇ શકે છે. જીવ અને કર્મનો સંબંધ અનાદિ હોવાં છતાં પ્રત્યેક કર્મની અપેક્ષાએ એ કર્મ

જ્યારે જીવને લાગ્યું તે તેની આદિ થઇ, અને તે આત્માથી અલગ થઇ ગયું ત્યારે અંત થયો. બીજી રીતે અનાદિ મિથ્યાત્વી જીવને પ્રથમ સમ્યક્‌ત્વ થાય ત્યારે જીવની સમકિત દશાની આદિ થઇ અને એ સમકિત ક્ષાયિક ન હોય, પણ ઉપશમ કે ક્ષયોપક્ષમ હોય તો થયા પછી ચાલ્યું જાય તો એનો અંત થઇ ગયો. આમ કેટલાક ભાવો જીવની સાથે આદિ-અનંતવાળા હોય છે.

આનંદઘનજી મહારાજ, જેની આદિ છે પણ કદિ અંત થવાનો નથી એવા અનંત-શાશ્વત પરમાત્મ ભાવને પ્રાપ્ત કરવાની વાત કરે છે જે પરમાત્મ તત્ત્વ અંતરમાં જ પડ્યું છે તેને પ્રગટ કરવાનું છે, તેને રીઝવવાનું છે, અર્થાત્ પોતે પોતાના આત્મદેવને જ રીઝવવાનો છે. મંદિરોમાં જઇ પ્રભુની પ્રતિમાની સન્મુખ પૈસા-ચોખા કે ફળ-ફૂલ ધરવાથી નહીં આત્મદેવ રીઝે કે નહીં એ પ્રતિમાનો દેવ રીઝે. પણ અંતરઆત્માને રીઝવવા માટે તેનામાં તન્મય થવું પડશે. સર્વ બાહ્ય સંયોગોથી પર થઇ માત્ર તન-મન-માં આત્મદેવને નીરખવો પડશે.

કબીરની દાંપત્ય ભક્તિ એમ જ પ્રભુને રીઝવે છે. કબીરે પ્રભુની વિરહ વ્યથાનો અનુભવ કર્યો છે. અને પ્રભુને પ્રિયતમ માનીને તેમને રીઝવવાનો પ્રયાસ પણ કર્યો છે. જ્યારે કબીર આત્માનુભૂતિમાં ઊંડા ઊતરી જાય છે ત્યારે પોતામાં જ પ્રભુના અસ્તિત્વનો આભાસ તેમને મળે છે. પણ એ પ્રભુ પ્રગટ થતો નથી. ત્યારે તેને કેમ પામવો એની દુવિધામાં પડે છે. તેઓ કહે છે...

**પ્રીતમકો પતિયાં લિખૂં, જો કહુઁ હોત વિદેશ;**
**તનમેં, મનમેં, નૈન મેં, તાકો કા સંદેશ...?**

મારો પ્રિયતમ જો પરદેશ હોત તો પત્ર લખી તેમનાં સમાચાર મેળવત, તેમને બોલાવત; પણ જે મારા તનમાં, મનમાં, નયનોમાં સમાયેલો છે તેને કયાં સંદેશ મોકલું ? તેમને શું સંદેશ મોકલું ? અર્થાત્ કબીર કહે છે, મારો પરમાત્મ પ્રભુ, સચ્ચિદાનંદઘન બ્રહ્મ મારા ઘટમાં જ વિરાજે છે. તેને શોધવા ક્યાંય દૂર જવું પડે તેમ નથી. એકવાર જો એ રીઝી ગયો તો પછી એ કદી મારાથી દૂર ક્યાંય નહીં જઇ શકે ! દામ્પત્ય ભાવનું પ્રતિક બાંધીને વળી કબીર કહે છે : મારા નયનોની ઓરડીમાં, આંખની કીકી રૂપ પલંગ પર પિયુને બેસાડી, પલકોનાં પરદાને નાંખી દઇ, પિયુને રીઝવી લઉં...



**નયનનકી કરી કોઠરી, પુતરી પલંગ બિછાય;**
**પલકનકી ચિક ડારિકે, પિયુ કૌ લેઉ રિઝાય...!**

બાહ્ય દૃષ્ટિ બંધ કરી, આંતરચક્ષુને ખોલી, આત્મભાવમાં લીન થઇ જવાય તો પરમાત્મા પ્રિયતમ પ્રગટ થયા વિના રહે નહીં. પછી સદા શાશ્વત સુખની મોજમાં મસ્ત બની પરમાત્મા સાથે આનંદ માણ્યા કરૂં.

બસ આ છે આદિ-અનંત પરમાત્વ તત્વ, ગાથામાં શ્રીમદ્‌જી પણ એ જ કહે છે. સર્વ બાહ્ય સંયોગોનો સર્વથા વિયોગ થઇ જતાં શાશ્વત તથા અનંત એવા સિદ્ધપદને પામી શકાય છે. જે સુખનો કદી અંત નથી તેવા અંતરહિત સુખની પ્રાપ્તિ પુરૂષાર્થ વડે સર્વ જીવને પ્રાપ્ય છે.

શિષ્યના અંત:કરણમાં થયેલ મોક્ષ છે કે નહીં ? એ વિષયની જે શંકા હતી તેનું સમાધાન ગુરુદેવે આપ્યું છે કે જ્ઞાતા-દૃષ્ટા ભાવરૂપ મોક્ષ સ્વભાવ પ્રગટ થાય તો જીવ મોક્ષને અવશ્ય પામી શકે છે. શિષ્યને જ્યાં આ સમાધાન થયું કે મોક્ષ છે, ત્યાં તેનું અંત:કરણ પ્રસન્નતાથી ઝૂમી ઊઠ્યું અને અંતર ગુંજારવ કરવા માંડ્યું.

**પાંચમું પદ તે સૌથી સોહામણું,**
**મોક્ષની પ્રાપ્તિ પમાય...(૨)**
**પર સંયોગે સંસારે આથડયો,**
**સ્વભાવે સ્વમાં સમાય...મારી...**

ઘણાં સમાધાન પછી હવે માત્ર એક જ જિજ્ઞાસા શિષ્યનાં અંત:કરણમાં રહી છે. તેની વિચારશક્તિ અને ચિંતનશીલતાએ તેને આવી જિજ્ઞાસા માટે પ્રેરિત કર્યો છે. તે જિજ્ઞાસાથી ઊભા થતા પ્રશ્નો કેવા છે તે અવસરે...

# હોય કદાપિ મોક્ષપદ...!

વીતરાગ પરમાત્મા- અનંતજ્ઞાની અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના આરાધ્યની પ્રાપ્તિ માટે જ છે. જીવ આરાધક છે, જ્ઞાનાદિ રત્નત્રય આરાધના છે અને પરમાત્મપદની પ્રાપ્તિ તે આરાધ્ય છે. બીજા શબ્દોમાં સાધક, સાધના અને સાધ્ય.

માત્ર આત્મિક દૃષ્ટિથી જ નહીં પણ વ્યવહારિક જગતમાં પણ આ ત્રણેયનું હોવું જરૂરી છે. માનવનું બૌદ્ધિક સ્તર જેટલું વિકસિત હશે એટલી ઇચ્છાઓ તેને થશે. કંઇક મેળવવું છે, કંઇક પામવું છે. એ છે સાધ્ય. એ મેળવવા માટે થઇ રહેલ પ્રયત્ન તે છે સાધના અને પ્રયત્ન કરનાર પ્રાણી છે સાધક. માનવને અનેક પ્રકારની ઇચ્છાઓ થયા જ કરે છે. એ બધી જ ઇચ્છાઓ પૂર્ણ થાય કે નહીં. સંયોગ હોય, શક્તિ હોય, પ્રારબ્ધ હોય, પુરૂષાર્થ હોય, તો જ પૂર્ણ થાય અન્યથા ન પણ થાય. પરંતુ માનવ તેમજ અન્ય પ્રાણીઓને, સહુને ઇચ્છા તો થયા જ કરે છે.

વળી એ ઇચ્છાઓ પણ જે કંઇ મળવાની શક્યતા છે તેના માટે જ થશે. જે વસ્તુનું અસ્તિત્વ નથી, મળી શકે તેમ જ નથી તેવી ઇચ્છા કદી કોઇ જીવને થતી નથી. વળી આ ઇચ્છાઓ સારી પણ હોય, ખરાબ પણ હોય. ઇચ્છાની પૂર્તિનાં પ્રયત્નો પાપકારી નિંદ્ય પ્રવૃત્તિરૂપ પણ હોય અને નિરવદ્ય પ્રવૃત્તિરૂપ પણ હોય. જે હોય તે. અહીં સમજવું છે એ જ કે વ્યાવહારિક જગતની પ્રાપ્તિઓમાં પણ સાધક, સાધના અને સાધ્ય આ ત્રણ યથાર્થ હોવા પછી જ સિદ્ધિ મળી શકે છે.

જીવજંતુઓમાં પણ આ જોવા મળે છે. અહીં એક નાનો ખોરાકનો



કણ પડ્યો હોય, દૂર કીડીનું દર હોય, કીડી ગંધથી પ્રેરાઇને અહીં સુધી આવે પહેલાં તો તેનામાં ઇચ્છા પેદા થઇ, પછી અહીં આવવા સુધીનો પુરૂષાર્થ કર્યો. સાકર કે અન્નનાં કણને લઇને એ ચાલતી થઇ. આમ કીડી પોતે સાધક, તેનો પુરુષાર્થ તે સાધના, અન્નનો કણ મેળવવો તે સાધ્ય અને મેળવી લીધો તે સિદ્ધિ.

આ કોણે શીખવ્યું કીડીને? નાના એવા પ્રાણીને કેમ ખબર પડી કે જઇને કણ લઇ લઉં? બંધુઓ! આ છે જીવની પોતાની શક્તિ. તેનામાં પડેલી આહારસંજ્ઞા, ભોગવૃત્તિ તેને પ્રેરે છે અને તે કાર્ય કરી લે છે. જીવનો આ જ અનાદિનો અભ્યાસ છે. આ તેને નથી શીખવવું પડતું. પણ જીવ નિજ સ્વભાવને ભૂલી ગયો છે. પોતે જાગે તો સાધી શકે છે. જે કંઇ સાધવાનુ છે તે પોતે પોતામાં જ સાધવાનું છે એ ભાન ભૂલી ગયો છે. વાસ્તવમાં વિચારીએ તો જીવ જ સાધક છે, જીવનમાં નિજ સ્વભાવ વડે થતો પુરુષાર્થ તે જ સાધના છે. આત્માનાં મોક્ષ સ્વભાવને સર્વથા જાગૃત કરવો તે સાધ્ય છે અને તેની સાકારતા એ જ સિદ્ધિ છે, મોક્ષ છે.

પાંચમા પદના સમાધાનમાં ગુરુદેવે આ જ બતાવ્યું. છેલ્લે અત્યંત મહત્વપૂર્ણ પદની સિદ્ધિ કરવી છે. અહીં એક પ્રશ્ન વિચારણીય છે કે મોક્ષ ઉપાય એ જ સર્વથી શ્રેષ્ઠ પદ છે. તો તેને છેલ્લે કેમ રાખ્યું ? આત્મા છે, તે નિત્ય છે, કર્તા છે, ભોક્તા છે અને મોક્ષ છે. આ પાંચેય પદોની શ્રદ્ધા જેના અંત:કરણમાં યથાર્થરૂપે જાગી છે તેવો જીવ જ આત્મ સાધનાના માર્ગે પ્રવૃત્ત થઇ શકે છે. પહેલાં આત્મ-સાધનાનો માર્ગ બતાવાય અને જો જીવને આત્માના હોવાપણાની જ શ્રદ્ધા ન હોય, મોક્ષના અસ્તિત્વની શ્રદ્ધા ન હોય તો સાધના કરે શા માટે? એટલે જ શ્રીમદ્જીએ મુમુક્ષુઓની ક્ષદ્ધાને પથ્થરની રેખા સમ દૃઢ કરી પછી જ મોક્ષનો ઉપાય દર્શાવ્યો છે.

જગતમાં પણ એમ જ બને છે. આપણને ખબર છે કે ખાણમાં સોનું, રૂપું કે હીરા છે તો તેને મેળવવા માટેનો ઉપાય શોધીએ છીએ. ગમે-તેટલું જોખમ ખેડીને પણ મૂલ્યવાન પદાર્થને પામવા કાર્યરત થઇએ છીએ.

સમુદ્રનાં તળિયે પડેલી સમૃદ્ધિને પણ મૃત્યુની પરવાહ કર્યા સિવાય માણસ મેળવવાનો પ્રયાસ કરે છે. અરે! તમે પેટ્રોલ શોધ્યું! કેમ મળ્યું? શું તેની નદીઓ વહી જાય છે? ના, કેટલું ઊંડું સારકામ કર્યા પછી એ મળે છે. એકવાર જાણવું જોઇએ કે અમુક વસ્તુ, અમુક સ્થાને છે તો આકાશ-પાતાળ એક કરીને પણ મેળવ્યે જ છૂટકો. વળી એ મેળવવા માટેની યથાર્થ ટેકનિક પણ જાણવી પડે. ધરતીનાં પેટાળમાં પડેલા પદાર્થોને મેળવવા ૨૫-૫૦ ફીટ ઊંડો ખાડો ખોદવાથી ન મળે. અરે! ઊંડાણમાંથી પણ તેને જ મળે જે એનો જાણકાર છે. પૂર્ણ જાણકારી પ્રાપ્ત કર્યા સિવાય મૂલ્યવાન પદાર્થ મેળવી શકાતો નથી.

શિષ્યને પાંચ પદોનું સમાધાન થયું છે. અને જ્ઞાની ગુરુદેવ મોક્ષમાર્ગનાં યથાર્થ જ્ઞાતા છે. તેઓ પાસેથી એ રાજમાર્ગ મેળવવો છે તેથી શિષ્ય ચિંતનમાં ઊતરે છે. પણ જેમ-જેમ ચિંતનમાં ઊંડો ઊતરતો ગયો તેમ-તેમ ગૂંચવણ વધતી ગઇ. આ ગૂંચ ગુરુદેવ સિવાય કોઇ ઉકેલી શકે તેમ નથી તેથી, મનની મૂંઝવણ રજૂ કરતાં ગુરુદેવ સમીપે શિષ્ય કહે છે:

**હોય કદાપિ મોક્ષપદ, નહિ અવિરોધ ઉપાય;**
**કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય?...૯૨...**

હે ગુરુદેવ! આપે મોક્ષપદની સિદ્ધિ કરી અને વિચારતા મારી શ્રદ્ધામાં પણ બેસે છે. હવે એ મોક્ષને પામવાનો કોઇ ઉપાય તો જરૂર હોવો જોઇએ. પણ અવિરોધી ઉપાય પણ હોય એમ મને લાગતું નથી. આવી મહાન સિદ્ધિને પામવાનો ઉપાય પણ એવો મહાન જ હોય અને તેનો કોઇ વિરોધ ન કરી શકે. કોઇનો તર્ક એ માર્ગને ઊથલાવી ન શકે તેવો સર્વ સંમત હોવો જોઇએ. અહીં શિષ્યનાં મનમાં આ શંકા શા માટે ઉદ્ભવી છે ? અવિરોધ માર્ગ તેને કેમ દેખાતો નથી ? એ બીજી ગાથામાં એ પોતે જ બતાવે છે.

**અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક;**
**તેમાં મત સાચો કયો, બને ન એહ વિવેક....૯૩...**



અહીં અનેક ધર્મો અને અનેક દર્શનો છે. સહુ પોતાની માન્યતાથી મોક્ષ માને છે. અને મોક્ષના ઉપાયો સહુ ભિન્ન ભિન્ન બતાવે છે. જેમકે કોઇ કહે કે જ્ઞાનમાર્ગ જ સાચો છે. ખૂબ ભણો, ખૂબ જ્ઞાન સંપાદન કરો, નિત્ય શાસ્ત્રોની ચર્ચા કરો. જેટલું મેળવાય તેટલું જ્ઞાન મેળવો, મોક્ષ થઇ જશે.

કોઇ તપનો માર્ગ બતાવે છે. તપથી કર્મોની નિર્જરા થાય છે. માટે જેટલું થાય તેટલું ઘોર તપ કરો. શરીરને કષ્ટ આપો. દેહને જેટલું વધુ કષ્ટ આપશો એટલો મોક્ષ જલ્દી થશે. માટે બધું જ છોડીને માત્ર તપ જ કરો.

તો વળી કેટલાક માત્ર ભક્તિને જ મોક્ષનો માર્ગ સમજી બેઠા છે. જ્ઞાનમાર્ગ અને તપમાર્ગ તો કઠીન છે. ભક્તિમાર્ગ સહુથી સરળ. બસ પ્રભુનાં કીર્તનરૂપ ભક્તિ કર્યા કરો અને મોક્ષ મળી જશે.

તો વળી કેટલાક લોકો હિંસાદિનાં કાર્યોમાં પણ મોક્ષમાર્ગની પ્રરૂપણા કરે છે. કેટલાક ક્રિયા-અનુષ્ઠાનોમાં ધર્મ સમજી એને જ મોક્ષનો માર્ગ કહેતાં ફરે છે. આમ સર્વ પોતપોતાની માન્યતાને સાચી ઠરાવી મોક્ષનાં માર્ગરૂપ બતાવે છે. મહાયોગી આનંદઘનજી મહારાજ પણ કહે છે-

**અભિનન્દન જિન દરિસણ તરસીએ,**
**દરિસણ દુર્લભ દેવ;**
**મત-મતભેદે રે જો જઇ પૂછીએ,**
**સહુ થાપે અહમેવ... અભિનન્દન...**

ચોથા તીર્થંકર અભિનન્દન પ્રભુની સ્તુતિ કરતાં તેઓ કહે છે કે હે પ્રભુ! હું આપના દર્શનનો પ્યાસો છું. પણ આપનું દર્શન દુર્લભ છે. વળી મત-પંથ-સંપ્રદાયો પણ અનેક છે. તેઓને જઇને પૂછીએ તો સહુ એમ કહે છે કે અમારો મત સાચો છે. અમારા મતની માન્યતાથી જ પરમાત્મદર્શન થાય. અન્ય કોઇ પ્રભુનાં દર્શન કરાવવામાં સમર્થ નથી. અહીં પરમાત્મદર્શન અર્થાત્ નિજ આત્માની ઉપલબ્ધિ. બીજા શબ્દોમાં કહીએ સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શનની પ્રાપ્તિનાં માર્ગ સહુ જુદા-જુદા બતાવે છે.તેમાં પણ પોતે

માનેલા મત-પંથ-સંપ્રદાયનાં રાહે ચાલવાથી જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થશે એમ કહે છે.

શિષ્યે બધાં જ દર્શનોનો અભ્યાસ કર્યો છે. અનેકની વાતો સાંભળી છે. તેથી તે મૂંઝવણમાં મૂકાઇ ગયો છે કે આટલા બધા માર્ગમાંથી કયો માર્ગ સાચો! વળી એકાદ માર્ગને સાચાં માની તેનાં પર ચાલવા માંડીએ અને જો એ માર્ગ ખોટી મંઝિલે પહોંચાડે તો ત્યાંથી પાછું ફરવું ભારે જ પડે. માટે હવે કયા માર્ગને ગ્રહણ કરવો? સાચા અને ખોટા માર્ગનો વિવેક કેમ કરવો? અને જો એ વિવેક ન થતો હોય તો પછી કયા માર્ગને આરાધવો?

વળી બીજો પ્રશ્ન એ પણ છે કે આત્મા પર કર્મો તો અનાદિ કાળથી જ લાગેલાં છે. અનંત ભૂતકાળમાં આ જીવ કર્મો કરતો જ રહ્યો છે. અને આ ભવનું આયુષ્ય તો કેટલું સિમિત? આટલાં નાના આયુષ્યમાં અનંતકાળના એકઠા કરેલા અનંતાનંત કર્મોનો નાશ શી રીતે થઇ શકે?

શિષ્યના મનમાં એ આશંકા છે કે જેટલો કાળ જીવે કર્મ બાંધવામાં કાઢ્યો એટલો જ સમય તેનો નાશ કરવામાં પણ જોઇએ ને! માનવ ગમે તેટલા પુરૂષાર્થ કરે તો પણ અનંત કર્મોને છેદવા જેટલું સામર્થ્ય તો તેનામાં હોય જ ક્યાંથી ?

આમ શિષ્યના મનમાં મોક્ષ ઉપાય વિષે ગડમથલ ચાલી છે. અનેક દર્શનોનાં અનેક મતો તેને મૂંઝવી રહ્યાં છે. વળી તેની નજર સામે અનંત ભૂતકાળ ઊભો છે. તેથી મોક્ષના ઉપાય માટે કોઇ સ્થિર ઉપાય દેખાતો નથી. આ ઉપરાંત જગતની અન્ય માન્યતાઓ પણ તેને મૂંઝવે છે. એ માન્યતાઓ શું છે તે અવસરે.

# ....ઉદય ઉદય સદ્ભાગ્ય!

વીતરાગ પરમાત્મા- અનંતજ્ઞાની અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધનાનો હેતુ છે મોક્ષ.

મોક્ષ હોય પણ મોક્ષનો ઉપાય ન હોય તો મોક્ષ થાય શી રીતે ? એ શંકા શિષ્યના મનમાં ઉદ્ભવી છે. એ માટે જેટલા પ્રશ્નો એના મનમાં ઊઠ્યા તે સર્વ પ્રશ્નો ગુરુદેવ સમક્ષ રાખી રહ્યો છે. અન્ય પદોનાં વિષયમાં આટલા પ્રશ્નો તેને થયા ન હતા, કારણ એ છે કે શિષ્યના અંતરમાં મોક્ષ પ્રાપ્તિની પ્રબળતમ પિપાસા જાગી છે. નરી મુમુક્ષુતા તેનામાં ભરી પડી છે. તેના અંતરની શ્રદ્ધા તેને કહે છે કે હું આત્મા છું, હું પરમાત્મા છું. પરમાત્મપદની પ્રાપ્તિ કરી શકું છું. તો શા માટે એ દિવ્ય શક્તિ પ્રગટ ન કરી લેવી? મારા અંતરમાં જ દિવ્ય સુખનો શાશ્વત નિધિ પડ્યો છે તો એને કેમ ન મેળવું?

ભૌતિક સમૃદ્ધિ માટે પણ આવું થતું જોઇએ છીએ. બંધુઓ! જ્યારે તમને ખ્યાલ આવે કે અહીં મારો આટલો હક્ક છે, આટલો અધિકાર છે, તે મેળવવા માટે મહેનત કરો કે નહીં? જેટલા ઉપાયો કરવા પડે તે કરો ને? અરે! અધિકાર મેળવવા લડવું-ઝગડવું પડે, એથી આગળ વધી કોર્ટે ચડવું પડે તો પણ તૈયાર ને? આટલું જ નહીં, હક્ક મેળવવા જતા થોડી આબરૂ ગુમાવવી પડે તો એ ગુમાવીને પણ મેળવી લ્યો ને? આમ શા માટે? એ અધિકાર પ્રત્યેનું આકર્ષણ અને મળ્યા પછી તેનાથી મળતાં સુખની કલ્પના એટલી બધી પ્રબળ હોય કે મેળવવાનો પ્રયાસ કર્યા વગર રહો જ નહીં.

બંધુઓ! જાણો છો કે આ ભૌતિક સંસારની મળેલી સમૃદ્ધિ કે અધિકારો કેટલાં સમયના! અલ્પ સમયનાં જ. વળી મળ્યા પછી સુખ શાંતિ મળશે જ એવી ગેરેન્ટી પણ નહીં. કદાચ દુ:ખરૂપ પણ નીવડે. જ્યારે અહીં તો આત્મિક અધિકારની પ્રાપ્તિની વાત છે. શિષ્યને પોતામાં પડેલા પરમાત્વતત્વ પરત્વે દૃઢ વિશ્વાસ જાગ્યો છે. તેને પ્રગટ કરવાનાં ઉપાયો

જાણવા છે. પણ અનેક મત દર્શનવાદીઓ પોતાના માર્ગને છાતી ઠોકીને સાચો ઠરાવી રહ્યાં છે. બીજાને ખોટા કહી ભાંડી રહ્યાં છે. તો તેમાં સાચો માર્ગ કયો? કોને અનુસરવું? તે વાત શિષ્ય સમજી શકતો નથી.

વળી શિષ્ય અભ્યાસી છે. અનેક મત-પંથની માન્યતાઓને તે જાણે છે. આરાધના કરનાર વ્યક્તિ જેમ સત્ય માર્ગને જાણે તેમ ખોટા માર્ગને જાણી લેવો પણ તેના માટે જરૂરી છે. કારણ અન્ય માર્ગની માન્યતાઓ તેના માર્ગમાં વિઘ્નરૂપ બનીને આડી ન આવે, પોતાનો માર્ગ સરળ બને. તેથી જ આ વિષયમાં થતી અન્ય શંકાઓ તે ગુરુદેવ સમક્ષ રજૂ કરે છે-

**કઈ જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ;**
**એનો નિશ્ચય ના બને, ઘણાં ભેદ એ દોષ....૯૪...**

હે ગુરુદેવ! કઇ જાતિમાં જન્મ લેવાથી મોક્ષ થાય તે કૃપા કરીને સમજાવો.

ભારતમાં પુરાણકાળથી જાતિભેદની વ્યવસ્થા ચાલી આવે છે. ક્ષત્રિય, બ્રાહ્મણ, વૈશ્ય અને શુદ્ર- આ ચાર વર્ણમાં માનવ સમુદાયનું વિભાજન કરવામાં આવ્યું હતું. જે કાળે આ થયું એ કાળે તેનું વ્યાવહારિક તથા ધાર્મિક મૂલ્ય હોય. સમયની માંગ સાથે આ વિભાજનની જરૂર પડી હોય તેથી થયું હોય. પણ કાળના પરિવર્તન સાથે ઘટિત થતું આવ્યું છે તેમ ધીરે ધીરે મૂલ્યો ઘસાતા જાય. નવી પેઢીઓના નવા મૂલ્યો સ્થાપિત થાય અને જૂના મૂલ્યો ભૂલાતાં જાય. તેનું પરિણામ હિતકારી પણ હોય અને અહિતકારી પણ હોય. ક્યારેક તો આવી વ્યવસ્થા વિકૃત બની જાય. તે એટલી હદ સુધી કે તેનાં મૂળભૂત સિદ્ધાંતો બિલકુલ વિસરાઇ જાય.

જાતિ-વર્ણની વ્યવસ્થા તેના કાર્યને અનુરૂપ થઇ હતી. ક્ષત્રિયોને રાજ્યની ધૂરા સંભાળવાની, પ્રજાનું રક્ષણ અને વિકાસ એ બન્ને કાર્યો તેનાં. બ્રાહ્મણોના હાથમાં ધર્મ-તંત્ર હતું. સામાન્ય જનસમૂહ કુમાર્ગે ન ચાલ્યો જાય, નીતિ-સદાચારમાં બંધાઇને રહી સાત્વિક જીવન જીવે એ જોવાનું કામ બ્રાહ્મણોનું હતું. વૈશ્યોના હાથમાં આખુંયે અર્થતંત્ર હતું. આર્થિક દ્રષ્ટિએ રાજ્યનો વિકાસ કરવો, રાજ્યને સમૃદ્ધ બનાવવું. અન્ય પ્રદેશોમાં પોતાના દેશની આબરૂ કેમ વધારવી, આ કાર્ય વૈશ્યોનું હતું અને સમાજ જીવનની જરૂરિયાતોને સર્વ રીતે પૂરી પાડવાનું કામ શૂદ્રોનું હતું.



આમ આખીયે મનુષ્યજાતિ નિર્ભયતા અને સરળતાથી વ્યવસ્થિત જીવન જીવી શકે માટે આ વ્યવસ્થા થઇ હતી. અને જ્યાં સુધી આ મૂલ્યો સચવાયા ત્યાં સુધી સહુ સંપ-સંગઠ્ઠનથી જીવ્યા. પણ મળેલ મોટાઇને પચાવવાની તાકાત ન હોય તો અજીર્ણ રૂપે પરિણમે. ક્ષત્રિયો, બ્રાહ્મણો તથા વૈશ્યો મોટાઇનાં ગુમાનમાં ભાન ભૂલ્યા અને શૂદ્રોને હડધુત કરવા માંડ્યા. તેઓને કોઇ જ અધિકાર નહીં. સામાજિક દરજ્જો પણ નહીં અને ધર્મ કરવાનો પણ અધિકાર નહીં. ભૂલે-ચૂકે મંદીરના આંગણામાં તો નહીં પણ મંદિરના પાછળનાં ભાગમાં કોઇ શૂદ્ર આવી ચડ્યો અને અજાણતા જ વેદનાં મંત્રો તેના કાનમાં પડી ગયા તો એ એનો એટલો મોટો ગુનો લેખાતો કે મૃત્યુદંડથી ઓછી સજા એને ન હોય. એટલું જ નહીં, તુલસીદાસ જેવા ભક્તકવિ જ્યાં એક બાજુ એમ બતાવે કે રામચંદ્રજી હલકી એવી ભીલ જાતિને પણ ગળે લગાવે. ત્યાં બીજી બાજુ એ કહે કે શૂદ્ર તો તાડનનો અધિકારી છે. તેને મારવો જ જોઇએ. વિચારો બંધુઓ કે કેટલી હદ સુધી માનવની માનવતા મરી પરવારી હશે!

એટલું જ નહીં, એક સમય એવો પણ આવ્યો કે ક્ષત્રિયો એમ માનવા લાગ્યા કે ધર્મ તો શૂરવીરો જ કરી શકે. અમારામાં શૂરવીરતા છે. માટે અમે જ ધર્મ કરવાના અધિકારી, અન્ય નહીં. વળી અમુક શાસ્ત્રાભ્યાસ બ્રાહ્મણ જ કરી શકે. બીજાને શાસ્ત્રનો સ્પર્શ કરવાનો પણ હક્ક નહીં. આમ સામાજિક ક્ષેત્રે તથા ધાર્મિક ક્ષેત્રે આવી માન્યતાઓનું પ્રચલન વધતું ચાલ્યું. એથી જ શિષ્યના મનમાં પ્રશ્ન છે કે કઇ જાતિમાં જન્મ લેવાથી મોક્ષ મળે?

બીજી વાત કયા વેશમાં મોક્ષ? મોટા ભાગનાં જૈનો એમ માનતા હોય છે કે જૈનનો વેશ ધારણ કર્યો હોય તો જ મોક્ષ મળે, એટલું જ નહીં, દિગમ્બરો એમ કહેશે કે દિગમ્બર વેશે જ મોક્ષ મળે. શરીર પર વસ્ત્ર હોય તો પણ મોક્ષ ન મળે. અને તેથી જ પોતાને શાસ્ત્રોનાં અઠંગ અભ્યાસી કહેવડાવતા વાચાલ લોકો દિગમ્બર જૈન ધર્મની જય બોલાવે! કેવી ઘોર અજ્ઞાનતા? કેવી વિડંબના!

ભગવાન મહાવીરના ચરણોમાં દીક્ષિત થયેલા સાધુઓમાં કેટલાંક સચેલક અર્થાત્ વસ્ત્રધારી અને કેટલાક અચેલક એટલે વસ્ત્રવિહોણાં, નગ્નત્વને ધારણ કરનારા હતાં. છતાં બંને પ્રકારનાં સાધુઓ સાધના દ્વારા મોક્ષ પામી ગયા. કોઇને પણ દિગમ્બરત્વ કે શ્વેતામ્બરત્વનું લેબલ લાગેલું

ન હતું છતાં તેમનો મોક્ષ થવામાં ક્યાંય વાંધો આવ્યો નહીં.

એટલું જ નહીં, સ્ત્રીનો મોક્ષ ન થાય, પુરૂષોનો જ થાય એવી પણ એક જોરદાર માન્યતા પ્રવર્તે છે. માતા મરૂદેવી, ચંદનબાળા, મૃગાવતી વગેરે મોક્ષે પધાર્યા છે તેમ તેઓ સ્વીકારે નહીં. સ્ત્રી શરીર મોક્ષપ્રાપ્તિનો પુરુષાર્થ ન કરી શકે. અરે! આ કાળમાં પણ આપણે એવી વીરાંગનાઓ સાંભળી છે. ઝાંસીની રાણી અને લક્ષ્મીબાઇ જેવી શૂરતાથી ભરેલ નારીઓએ મોટા યુદ્ધો ખેલ્યા છે. કેવી શક્તિ હશે એમનામાં? છતાં આવી માન્યતાઓ ચાલે છે.

શિષ્ય આવી અનેક માન્યતાઓને જાણે છે તેથી એ પૂછે છે કે કઇ જાતિ, વેશમાં મોક્ષ થાય તે નિર્ણય કરી શકાતું નથી અને જો એનું સમાધાન ન મળે તો પછી બધું વ્યર્થ -

**તેથી એમ જણાય છે, મળે ના મોક્ષ ઉપાય;**
**જીવાદિ જાણ્યા તણો, શો ઉપકાર જ થાય?...૯૫...**

ગુરુદેવ! વિચારતાં એમ લાગે છે કે આટલા મતભેદ, આટલી વિભિન્નતા જ્યાં પ્રવર્તતી હોય ત્યાં મોક્ષનો સચોટ ઉપાય મળે જ શી રીતે? અને જો મોક્ષનો ઉપાય ન હોય તો આપે આત્મા છે કહીને જે પાંચ પદો સમજાવ્યા તેનો અર્થ પણ શું? શા માટે એ જાણવા? એથી લાભ શો? માત્ર હું જાણું છું એવો અહંકાર વધારવા માટે તો આ જાણવું નથી. જો એ જ્ઞાન મોક્ષ-પ્રાપ્તિમાં ઉપકારક નીવડતું હોય તો જ જાણવાનો અર્થ છે. હે ગુરુદેવ! મેં આપને આટલો શ્રમ આપ્યો. કેટલા સમયથી આપને મારી શંકાઓ કહી-કહીને વ્યથિત કરી રહ્યો છું! અને જો એ જાણવાનું કશું જ ફળ ન હોય તો મેં આપને વ્યર્થ પરિશ્રમ આપ્યો!

શિષ્યના અંત:કરણમાં ગુરુભક્તિ પડી છે. તેથી ગુરુદેવને શ્રમિત કરવા નથી માગતો, પણ સાથે-સાથે ગુરુદેવ પ્રત્યે અચલ શ્રદ્ધા છે કે તેમના ચરણમાં આવ્યો છું તો એમ ને એમ પાછો નહીં જાઉં. મારા અંતરમાં ગમે તેટલાં શંકાના જાળાં હશે તે સર્વને સાફ કરી અંતરને સ્ફટિક જેવું નિર્મળ બનાવશે જ. માટે જ નિર્ભયતાથી ગુરુદેવ સમક્ષ એક પછી એક પ્રશ્નો રજૂ કરી રહ્યો છે. જેમ ચાલતાં શીખી ગયેલું બાળક આમ-તેમ દોડા-દોડી કરતું હોય, તેને ન તો પડવાનો ભય હોય, ન લાગવાનો ભય. તે



જાણતું હોય કે મારી પાછળ બહુ મોટું રક્ષણ છે મારી મા. એ મને પડવા નહીં દે, લાગવા નહીં દે. તેથી નીડરતા પૂર્વક ફરતું હોય. શિષ્યની અડોલ શ્રદ્ધા ગુરુચરણમાં સમર્પિત થયેલી છે તેથી તે અનેક તર્કો-ચાહે યોગ્ય હોય કે અયોગ્ય- તેની પરવાહ કર્યા વગર ગુરુદેવ પાસે મૂકી રહ્યો છે અને તેથી જ હવે છેલ્લે કહી રહ્યો છે -

**પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ;**
**સમજુ મોક્ષ ઉપાય તો, ઉદય ઉદય સદ્ભાગ્ય...૯૬...**

અહો ગુરુદેવ! આપની અસીમ કૃપા મારા પર છે. આપે અમાપ વાત્સલ્ય મારા પર વહેવડાવ્યું, આપની અખંડ કરૂણાનો ધોધ મારા પર વરસી રહ્યો છે. મારી પાંચેય શંકાઓનું સમાધાન મને સર્વાંશે થઇ ગયું છે. હવે એ વિષે એક અંશમાત્ર પણ શંકા અંતરમાં રહી નથી. હું ખૂબ જ આશ્વસ્ત થયો છું. હવે એક છટ્ઠી શંકા આપના સમક્ષ રાખું છું. જો એની યથાર્થ પ્રતીતિ મને થઇ જાય તો હું મારી જાતને મહાન ભાગ્યશાળી માનીશ.

બંધુઓ! શ્રીમદ્જીએ આ ગાથામાં બહુ જ વિચારપૂર્વક સુંદર શબ્દ પ્રયોગ કર્યો છે. તેઓ કહે છે, **'ઉદય ઉદય સદ્ભાગ્ય'** શિષ્ય કહે છે, આખાયે સંસારની રિદ્ધિ-સિદ્ધિ કે સંપત્તિ મળી જાય. સત્તા કે અધિકાર પ્રાપ્ત થાય તેમાં મારૂં સદ્ભાગ્ય નથી. કારણ એ તો જીવે અનેકવાર મેળવ્યું અને અનેકવાર ગુમાવ્યું, તેની કોઇ નવાઇ નથી. પણ જો મને મોક્ષનો ઉપાય લાધી જાય, તે વિષે મારા મનમાં શંકા ન રહે, મોક્ષ ઉપાય મારી શ્રદ્ધામાં બેસી જાય, મારા શ્વાસમાં વણાય જાય, તેને મારી બુદ્ધિ સ્વીકારી લે, મારા આચરણમાં તે ઓત:પ્રોત થઇ જાય , મારી વૃત્તિઓને તે નિર્મૂળ કરી નાંખે, મારી પ્રગતિને સમ્યગ્ રાહે લઇ જાય, જો આટલું થાય તો મારા પુણ્યનો ઉદય થયો તેમ માનીશ. તે જ મારા સદ્ભાગ્યનો ઉદય-સર્વોદય થયો એમ માનીશ.

અહીં શિષ્ય, સમર્પિત ભાવે ગુરુદેવના ચરણે પોતાની સર્વે શ્રદ્ધા સમર્પિત કરતો થકો ગુરુદેવને વિનવી રહ્યો છે. હે ગુરુદેવ! બધા સંશયોનું સમાધાન યથાર્થ રીતે થઇ ગયું છે; અંત:કરણના એક ખૂણામાં પણ સંદેહ નથી. હવે માત્ર એક છેલ્લી શંકા છે. બસ, મને એનાથી નિ:શંક કરો.

બંધુઓ! શિષ્ય જ્યારે આટલા સમર્પિતભાવે, જિજ્ઞાસાવૃત્તિથી ગુરુના

ચરણમાં શંકા રજૂ કરી રહ્યો છે ત્યારે ગુરુદેવનો આત્મા પણ ઉલ્લસિત થઇ ગયો છે. આ પણ યોગાનુયોગ હોય છે. યોગ્ય પાત્ર જ્યારે આવા સંતોની સન્મુખ આવે ત્યારે આપોઆપ તેનું અંત:કરણ ખૂલી જાય છે. ઉલ્લસિત થઇ જાય છે.

મને યાદ છે. ૧૯૭૧માં અમે જબલપુર (એમ.પી.)માં હતાં ત્યારે ત્યાંના એક વૃદ્ધ શ્રાવક લાલચંદજી તેમનું નામ. મંદિરમાર્ગી પણ તત્વ જિજ્ઞાસુ. તેઓ ચાર-આઠ દિવસે ઉપાશ્રયે દર્શન કરવા આવે ત્યારે પૂ. મોટા મહાસતીજી પાસે વિનયપૂર્વક કાંઇ ને કાંઇ પ્રશ્ન રાખે. તેઓની યોગ્યતા જ કાંઇક એવી કે એ પ્રશ્નનો જવાબ પૂ. બાપજી આપે તો એ અદ્ભૂત હોય. અમે તો સાંભળીને તાજ્જુબ થઇ જઇએ. એ જાય પછી અમે એકવાર પૂ. બાપજીને પૂછ્યું - બાપજી! આ જ પ્રશ્ન અમે પણ પહેલાં પૂછ્યો હતો, પણ આપે અમને આવું સમાધાન નહોતું આપ્યું. પૂ. બાપજીએ ફરમાવ્યું કે, આ શ્રાવકની કોઇ ભવિતવ્યતા એવી છે, પાત્રતા ઊંચી કોટીની છે કે મારા મુખમાંથી પણ અનાયાસે જ આવા શબ્દો નિકળે છે. અને પછી તો જાણે અમારો ક્રમ થઇ ગયો કે જ્યારે લાલચંદજી દર્શન કરવા આવે કે અમે પૂ. બાપજીના ચરણોમાં હાજર થઇ જઇએ. અને અમને શાસ્ત્રના અદ્ભુત રહસ્યો જાણવા મળે.

બંધુઓ! અહીં પણ યોગ્ય શિષ્ય ગુરુદેવનાં ચરણોમાં, યોગ્ય શંકાઓ લઇ રજૂ થયો છે. અને ગુરુદેવનું ઉલ્લસિત અંતર શાસ્ત્રના ઊંડા રહસ્યોને ઉકેલી રહ્યું છે. શિષ્યની શંકાનું સમાધાન કરવા ગુરુદેવ તત્પર થયાં છે.

મોક્ષનાં ઉપાય રૂપ છઠ્ઠું પદ તે જ સર્વ શ્રેષ્ઠ પદ છે. બાકીનાં પાંચ પદોને પણ યથાર્થ રીતે પ્રગટ કરવા અને અનુભવવા માટે આ પદ, તે ચાવીરૂપ છે. આ પદ તે જ સિદ્ધરૂપ છે. શ્રદ્ધામાં, જ્ઞાનમાં અને આચરણમાં ઉતારવા જેવું આ પદ છે. સૌથી વધુ સમજીને આચરવા માટેનું પદ પણ આ જ છે. હવે ગુરુદેવ શિષ્યની શંકાનું સમાધાન કરવાની સાથે મોક્ષના ઉપાયો શું બતાવે છે તે અવસરે......

૬

# ...મોક્ષભાવ નિજવાસ!

વીતરાગ પરમાત્મા- અનંતજ્ઞાની અનંતદર્શની, પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, અયોગીદશાની પ્રાપ્તિ અર્થે છે. યોગી મન-વચન-કાયાના યોગને સાધી લે છે, તેના પર નિયંત્રણ કરી લે છે. પોતાની ઇચ્છા પ્રમાણે યોગનું પ્રવર્તન કરાવી શકે છે. યોગો દ્વારા અદ્ભૂત અને અસંભવ લેખાતાં કાર્યો કરી શકે છે, પણ જૈન પરંપરા યોગીને મહત્વ ન આપતાં અયોગી સાધનાની મૌલિકતા ધરાવે છે.

જ્યાં સુધી યોગ છે ત્યાં સુધી સંપૂર્ણ મોક્ષ નથી. કેવળી પરમાત્મા પણ યોગ સહિત વિચરણ કરે ત્યાં સુધી તેઓ સિદ્ધ થઇ શકે નહીં. જે સમયે સર્વ યોગોનું રૂંધન કરી, અયોગી અવસ્થાને પ્રાપ્ત કરે તે સમયે તરત જ તેઓનો મોક્ષ થઇ જાય.

આ મોક્ષ ઉપાય વિષે શિષ્યના મનમાં શંકા છે. એ કહી રહ્યો છે, કે ગુરુદેવ! આપે આપેલાં પાંચેય પદનાં સમાધાન બુદ્ધિ દ્વારા સમજી મારી શ્રદ્ધામાં મેં ઉતાર્યાં. તેથી હવે મારા અંતરમાં તે વિષે કોઇ શંકા નથી. બંધુઓ! બુદ્ધિથી સમજવું એક વાત અને તેને ચિંતન દ્વારા વાગોળી શ્રદ્ધામાં પચાવવું એ મહત્ત્વપૂર્ણ વાત. શિષ્ય ચિંતક છે તેથી માત્ર બુદ્ધિથી અપનાવી કોરો તર્કવાદી નથી થયો. અને વિચાર્યા વગર માત્ર અંધશ્રદ્ધાથી પણ તત્વને નથી અપનાવ્યું. બુદ્ધિ અને શ્રદ્ધા બંનેનો મેળ સાધી તત્વને આત્મસાત્ કર્યું છે.

જે તત્વ માત્ર ગતાનુગતિક શ્રદ્ધાથી સ્વીકારાયું હોય પણ સમજણપૂર્વક, વિચારપૂર્વક, યથાર્થતાની જાણપૂર્વક જો સ્વીકાર્ય ન બન્યું હોય તો તેવી શ્રદ્ધા તૂટતા વાર નથી લાગતી. કોઇ વ્યક્તિમાં મૂકેલી શ્રદ્ધા પણ વિચારપૂર્વકની ન હોવાનાં કારણે તૂટી જતી હોય છે. તત્વનું પણ એમ જ છે. અહીં શિષ્યની શ્રદ્ધા વિચારણાથી નિષ્પન્ન થયેલી છે.

શિષ્ય છઠ્ઠા પદને યથાર્થરૂપે સમજવાની તૈયારીવાળો થયો છે અને ગુરુદેવ સુપાત્ર શિષ્યની યોગ્યતા પર પ્રસન્ન થઇ તેને પોતાનાં અંતરમાં પડેલું સર્વ જ્ઞાન આપવા તત્પર થયાં છે. બંધુઓ ! યોગ્ય પાત્ર વિના અનુભવી ગુરુ જ્ઞાન આપે નહીં. આજે ભારતમાંથી અનેક ઉચ્ચ કોટીની વિદ્યાઓ સમાપ્ત થઇ ગઇ, તેનું કારણ એ જ છે. પાત્રનાં અભાવે વિદ્યાધારી પુરુષો એ વિદ્યાને પોતાની સાથે લઇ ગયા, પણ કોઇને આપી શક્યા નહીં.

કેટલાંક વર્ષો પહેલાની વાત કરૂં. અમારા દાદાગુરુ પૂજ્ય તપસ્વીજી શ્રી માણેકચંદજી મહારાજની જ્ઞાનપિપાસા અતિ તીવ્ર હતી. તેઓ જ્ઞાનપ્રાપ્તિ અર્થે એ જમાનામાં મારવાડ પધાર્યા કે જ્યારે વિહારની કઠીનતા ઘણી હતી. યુવાન વયે પૂજ્ય ફકીરચંદજી મહારાજ સાહેબની સેવામાં રહ્યા. પૂજ્ય તપસ્વીજી મહારાજમાં વિનય, નમ્રતા-વિવેક વગેરે ગુણો એટલાં હતાં કે તેઓની યોગ્યતા જોઇ પૂજ્ય ફકીરચંદજી મહારાજ સાહેબ ફિદા-ફિદા થઇ ગયા. તેઓએ કહ્યું હતું કે આ કાઠિયાવાડી સાધુની સુ-પાત્રતા જોઇ મારૂં હૃદય સંતોષ પામે છે. મારી પાસે રહેલા જ્ઞાનને આપવા માટે હું પાત્રની શોધમાં હતો. મને મળી ગયું. મારૂં બધું જ્ઞાન હું એને આપી દઇશ. અને બંધુઓ! પૂ. ફકીરચંદજી મહારાજે હૃદયના ઉલ્લસિત ભાવે પૂ. તપસ્વીજી મહારાજ સાહેબને સર્વ જ્ઞાન આપી દીધું. પૂ. તપસ્વીજી મહારાજ અથાગ જ્ઞાન લઇ મારવાડથી પાછા પધાર્યા.

આ કાળમાં પણ એવા મહાપુરુષો હશે કે જેઓની પાસે આગમ જ્ઞાનના ઊંડાં મર્મો ભર્યાં હશે. આપણે પાત્ર બનીએ તો એ મર્મો અને સાધનાનાં સૂત્રો પામી શકીએ. પાત્ર ન બની શકવામાં મોટામાં મોટું વિઘ્ન કોઇ હોય તો તે છે આપણો અહંભાવ. હું કંઇક છું, કંઇક વિશિષ્ટ છું, બીજામાં નથી તે મારામાં છે, આવી જાતનો અહંકાર આપણને યોગ્ય બનવા દેતો નથી. અધૂરાના અધૂરા જ રહીએ છીએ અને પરિણામે ગુરુગમ કે સંતસમાગમ મળ્યા પછી પણ તેઓનાં સાંનિધ્યે જે પ્રાપ્ત કરવાનું છે તે નથી કરી શકતા. બે કાંઠે વહેતી નદીનાં તીરે માત્ર તાડ જેવાં થઇ ઊભા રહીએ તો અંજલિભર પાણી પણ ન પામીએ કે તૃષા ન છીપે. પણ વાંકા વળીને પાણીની અંજલી ભરીએ તો જરૂર મીઠાં પાણીનાં આસ્વાદ સાથે એ



પ્યાસ બુઝાવવાનું કામ કરે. પણ વાંકો વળે તો ને? નમે તો ને? અહંકાર જાય અને નમ્રતા પ્રગટે તો જ કંઇક પામી શકાય.

સુયોગ્ય શિષ્ય અતિ નમ્ર બની ગુરુદેવ સમક્ષ શંકા મૂકે છે. હવે તીવ્ર તાલાવેલી જાગી છે. માત્ર સમજવાની જ નહીં પણ યથાર્થ સમજુ તો યથાર્થ આચરી શકું એવા ભાવ લઇને ગુરુદેવ સમીપે હાજર થયો છે. ગુરુદેવ પણ શિષ્યની યોગ્ય ભાવનાનો એવો જ યોગ્ય પ્રતિસાદ આપતા કહે છે –

**પાંચે ઉત્તરની થઇ, આત્મા વિષે પ્રતીત;**
**થાશે મોક્ષોપાયની, સહજ પ્રતીત એ રીત....૯૭...**

હે શિષ્ય! મારૂં અંત:કરણ પ્રસન્નતા અનુભવે છે. મારો શ્રમ સાર્થક થતો નિહાળું છું. તને તત્વ આત્મસાત્ થયું છે, તે વિચારી, ચિંતન કરી શ્રદ્ધામાં ઉતાર્યું છે. બંધુઓ! શ્રીમદ્જીએ કેવો સાર્થક શબ્દ પ્રયોગ કર્યો છે! **'આત્મા વિષે પ્રતીત'** શિષ્યે માત્ર બુદ્ધિથી નથી સ્વીકાર્યું પણ વિચારીને આત્મા સુધી પહોંચાડ્યું છે. આપણે બુદ્ધિ દ્વારા ઘણી વાતો સ્વીકારી લીધી હોય છે. પણ તેને શ્રદ્ધા સુધી પહોંચાડતા નથી તેથી તે આચરણમાં ઊતરતી નથી, અને તેથી જ આપણું જ્ઞાન માત્ર બુદ્ધિએ ભેગી કરેલી માહિતીરૂપ જ રહે છે પણ **''ज्ञानस्य फलम् विरति''** ના ન્યાયે આચાર રૂપમાં આવતું નથી. શ્રદ્ધામાં બેસે તો જ આચારરૂપે સાકાર થાય.

ગુરુદેવે શિષ્યમાં જ્ઞાન આત્મસાત્ થતું જોયું તેથી જ તેઓ શિષ્ય પર વધુ કૃપા વરસાવી રહ્યા છે. તેઓ કહે છે, પાંચે ઉત્તરો મેં આપ્યા તેની પ્રતીતિ તને થઇ છે તે જ તારી યોગ્યતાને સાબિત કરે છે, તેથી જ મારૂં હૃદય બોલે છે કે એ જ રીતે મોક્ષોપાયની પ્રતીતિ પણ તને સહજ રૂપે જ થશે. તેમાં સમય કે શ્રમ નહીં લાગે. મોક્ષ ઉપાયને સમજવો એ તારા જેવા સુમતિ ધારક શિષ્ય માટે રમત વાત છે. ડાબા હાથનો ખેલ છે.

બંધુઓ! ભૌતિક જીવન વ્યવહારમાં આવું ઘણી વાર બોલતા હો છો કે અમુક કામ કરવું, કોઇને ઠગવો, કોઇને ફસાવવો, શીશામાં ઉતારવો, એ તો મારા ડાબા હાથનો ખેલ છે. પણ એ બધાં જ ખેલો પરિણામે પાપકારી અને દુ:ખદાયી છે. હું તો તમને કહીશ કે મોક્ષનો ઉપાય સમજવો જેમ શિષ્યને સહજ છે તેમ સહુને સહજ થાય તેવું કંઇક કરો ને !

અંતરમાં પડેલી શ્રદ્ધાની શક્તિને જાગૃત કરી લો, તત્ત્વને પામવાની પાત્રતા પેદા કરી લો તો આપણા માટે પણ મોક્ષોપાય સમજવો અને આચરવો સહજ થઇ જશે.

એ માટે જોઇએ પુરુષાર્થ, મોહનીય અને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ વધારતાં જઇએ તો પહેલા સમજાશે અને પછી આચરણમાં આવશે, ગૃહસ્થી માટે પણ એ શક્ય છે. ઇતિહાસમાં અનેક મહાપુરુષોની વાતો આવે છે કે તેમને મન કેવળજ્ઞાન પામવું એ પણ સહજ હતું. ભરત ચક્રવર્તીએ ચપટી વગાડતામાં કેવળજ્ઞાન પ્રગટ કર્યું. વિચારો બંધુઓ! જે ભરત અરીસાભવનમાં રૂપમાં અહંનું પોષણ કરવા માટે પ્રવેશ્યા હતા તેઓ સર્વથા અહંને તોડી કેવળ લઇ બહાર પધાર્યા. કેટલો સમય લાગ્યો! અને કેવો શોખીન હશે એ જીવ! તમે રોજ અરીસામાં મુખ જુઓ છો. જોઇને અભિમાન પણ કરતા હશો. સુંદરતા પ્રત્યે સજાગ પણ હશો. છતાં તમારે ત્યાં કેટલા અરીસા? દરેક રૂમમાં એક, અરે! બબ્બે! પણ નહીં, ભરતે તો અરીસા-ભવન બનાવ્યું હતું. ઉપર-નીચે, આગળ-પાછળ, ચારે બાજુ, છયે બાજુ અરીસા જ અરીસા .... અને ત્યાં જઇ સૌંદર્યના અભિમાનનું પોષણ. પણ બંધુઓ! એ ભાવોને ખંખેરતા વાર ન લાગી. બહુ જ સહજરૂપે છૂટી ગયું. હું તમને પૂછું છું કે જ્યારે તમે અરીસામાં મુખ જુઓ છો તો ક્યારેય ભરત યાદ આવે છે? એમ થાય છે કે મને પણ અરીસામાં રૂપ નિહાળતાં કેવળજ્ઞાન કેમ ન થાય? ભોગમાં પણ જો ત્યાગ યાદ આવતો હોય તો સમજી લેજો કે મોક્ષોપાય આપણા માટે પણ સહજ જ હોઇ શકે.

અહીં ગુરુદેવે પાત્રને પિછાણ્યું છે અને જ્ઞાન આપી રહ્યાં છે. તેથી જ કહે છે, તારા માટે મોક્ષોપાય સમજવો બહુ સહેલો છે. ગુરુદેવના મુખમાંથી નીકળેલા ઉપકારી વચનો શિષ્યને પણ ગદ્‌ગદ્‌ કરી મૂકે છે. બંધુઓ! ગુરુદેવની અસીમ કૃપાધારા શિષ્ય પર વરસી રહી છે. આ ક્યારે વરસે? ક્યારે આવા સુંદર ઉદ્‌ગારો ગુરુદેવના મુખમાંથી નિકળે ? શિષ્યની એવી ભવિતવ્યતા હોય ત્યારે જ. આપણે પણ ઈચ્છીએ કે આપણા ગુરુજનોનાં મુખમાંથી હંમેશા આપણા માટે આશિષવચનો જ નિકળે. પણ ભાઇ! ગુરુદેવનાં હૃદયને સંતોષ્યું ન હોય તો એ કેમ બને! ગુરુદેવનું અંત:કરણ ગમે તેટલું ઇચ્છે તો પણ આપણી અપાત્રતા તેમનાં હૃદયને ખોલવા જ ન



દે. વચનો નીકળે જ નહીં. માટે આપણે પાત્ર બનવાની અત્યંત જરૂર છે.

પોતાના અંત:કરણના ભાવો પ્રદર્શિત કર્યા પછી હવે મોક્ષોપાય શું છે તેનું સુ-વિસ્તૃત વિવેચન ગુરુદેવ આપી રહ્યાં છે. જીવની ક્યાં ભૂલ છે તે સમજાવતા ગુરુદેવ કહે છે –

**કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ;**
**અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાન પ્રકાશ....૯૮...**

વત્સ! મોક્ષમાર્ગને પામવા સર્વપ્રથમ અજ્ઞાનને સમજીને ટાળવું આવશ્યક છે. અજ્ઞાન શું છે? ગાથામાં કહ્યું : કર્મભાવ અજ્ઞાન છે. કર્મના ઉદયે કરીને મળેલ સ્થિતિને પોતાની સ્થિતિ માનવી, પોતાનું સ્વરૂપ માનવું તે કર્મભાવ છે. આપણને કોઇ પૂછે : તમે કોણ છો? આપણે કહીએ અમે મનુષ્ય છે. ઠીક છે. અન્ય ભેદોને વિસરી જઇ, માનવતાવાદી દ્રષ્ટિકોણથી એમ કહો તો બરાબર છે. પણ આધ્યાત્મિક દ્રષ્ટિએ વિચાર કરીએ તો હું મનુષ્ય છું એમ માનવું તે અજ્ઞાન છે. કારણ મનુષ્યપણું પામવું તે ઔદયિક ભાવ છે. કર્મોનાં ઉદયે કરી મનુષ્ય થવાય.

જીવ જ્યારે મનુષ્યગતિ નામકર્મ બાંધે, મનુષ્યનું આયુષ્ય બાંધે, ત્યારે તેના પરિણામ સ્વરૂપ મનુષ્ય થાય. તેની સાથે જે-જે ઈન્દ્રિયો મળી, પંચેન્દ્રિય થયો એ પણ નામકર્મનો ઉદય, ઉચ્ચ ગોત્ર મળ્યું તે ગોત્રકર્મનો ઉદય. શારીરિક સુખાકારી પ્રાપ્ત થઇ તે સાતાવેદનીયનો ઉદય. આમ અત્યારે આપણું જે સ્વરૂપ છે તે કર્મનાં કારણે જ છે. માટે તે વૈભાવિક સ્વરૂપ છે. જીવના પોતાના સ્વરૂપમાં મનુષ્યગતિ, પંચેન્દ્રિયપણું, ઊંચ કૂળ, શારીરિક, માનસિક અનુકૂળતાઓ આદિ-આદિ નથી, તેથી એ બધી જ જીવની વિકૃત પર્યાયો થઇ. પર્યાયોને પોતાનું સ્વરૂપ માની લેવું તે ઘોર અજ્ઞાનતા છે. પર્યાય નાશવંત છે, સદા રહેનાર નથી. જ્યારે આત્મા તો સદા અસ્તિત્વવાન શુદ્ધ દ્રવ્ય છે.

પ્રાપ્ત થયેલી પર્યાયોમાં પ્રીતિ કરવી, તેમાં આસક્ત રહેવું તે અજ્ઞાન છે. કર્મનાં ઉદયે પ્રાપ્ત થયેલી સ્થિતિમાં પ્રીતિ રાખવી, તેને જ પોતાની માનવી અને પોતાનું મૂલ સ્વરૂપ શુદ્ધ, બુદ્ધ, ત્રિકાળી ચિન્મય સ્વભાવ છે તે ભૂલી જવું તેના જેવું કોઇ અજ્ઞાન નથી. પોતાનું સ્વરૂપ તો મોક્ષ છે. સદા-સર્વદા નિજાત્મમાં વાસ કરવો તે જ છે મોક્ષ. સ્વમાં વાસ કરવાનો છે.

પુદ્‌ગલની પર્યાયોને સ્વ માની તેમાં જ આજ સુધી વાસ કર્યો છે ત્યાંથી હટી જઇ સ્વ આત્મામાં સ્થિર થવું તે જ છે મોક્ષ-ભાવ. એવો મોક્ષભાવ પ્રગટ કરવા માટે અંધકાર સમ અજ્ઞાનનો નાશ કરવો પડશે અને તે જ્ઞાનપ્રકાશ આવતાં જ નાશ પામે અન્યથા નહીં.

અંધકારને દૂર કરવા માટે એક નાનો દીવો જ બસ છે. પણ એ પ્રગટાવો જોઇએ. કવિવર રવિન્દ્રનાથે એક કાવ્યમાં સુંદર કલ્પના રજૂ કરી છે. સંધ્યાના ઓળા ઊતરી રહ્યા છે. સૂર્ય અસ્તાચલ પર જઇ રહ્યો છે. સૂર્યનાં મુખ પર ઉદાસી છે. ચિંતાથી ફિક્કો પડી ગયો છે. માનવ જગત, પ્રાણી જગત, વનસ્પતિ જગત, સર્વ તેની સામે હાજર છે. કોઈકે પૂછ્યું : સૂર્યદેવ ! જતાં-જતાં આપના મૂખ પર ચિંતા કેમ દેખાય છે ? સૂર્ય જવાબ આપે છે : હું તો જઇ રહ્યો છું. આખુયે જગત અંધકારમાં ડૂબી જશે. મને તો પાછા ફરતા સમય લાગશે. ત્યાં સુધી જગતને અજવાળવાનું કામ કોણ કરશે ?

સહુ સ્તબ્ધ થઇ ગયા. સૂર્યદેવનું વિરાટ કાર્ય કોનાથી થઇ શકે ? કોઇ જવાબ આપી શકતું નથી. એટલામાં એક ખૂણે પડેલું નાનું એવું કોડિયું સળવળ્યું :

મહારાજ! ક્ષમા કરજો! બહુ જ અલ્પબળ ધરાવું છું. નાનકડી કાયા પણ આપની ઉદાસી મારાથી નથી સહેવાતી તેથી મારાથી બનશે એટલું કાર્ય આપના બદલે હું કરીશ!

અને સૂર્ય સંતોષના સ્મિત સાથે ક્ષિતિજમાં ઊતરી ગયો.

બંધુઓ! જ્યાં સૂર્ય પ્રકાશ નથી ત્યાં નાનકડું કોડીયું કઇંક પ્રકાશ જરૂર પાથરી શકે! આપણાં અંત:કરણમાં પડેલા અજ્ઞાન અંધકારને દૂર કરવા જ્ઞાનનું એક તેજકિરણ પણ બસ થઇ પડશે. માટે પ્રથમ દેહ-આત્માની ભિન્નતાનું ભેદ-વિજ્ઞાન પ્રગટાવી લઇએ. શ્રીમદ્‌જીએ એ જ કહ્યું: **''અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાન પ્રકાશ''** જ્ઞાનનો પ્રકાશ થશે તો અંધકાર ઊભો નહીં રહી શકે.

એકવાર, અંધકાર રડતો-રડતો બ્રહ્મા પાસે ગયો. ચોધાર આંસુએ રડી રહ્યો છે. બ્રહ્માએ પૂછ્યું :

''ભાઈ! તું કોણ છે? શા માટે રડી રહ્યો છે?''



''પ્રભો! હું અંધકાર! મોટી ફરિયાદ લઈને આવ્યો છું!''

''ફરિયાદ? તારે વળી શાની ફરિયાદ?''

''પ્રભો! પ્રકાશ મારી પાછળ પડ્યો છે. જ્યાં જાઉં ત્યાં આવે ને મને ટકવા જ દેતો નથી. મેં એનું શું બગાડ્યું છે? શા માટે મારી પાછળ પડ્યો છે?''

''એમ! બોલાવો પ્રકાશને! એ શું સમજે છે તેના મનમાં! આ જગતમાં રહેવાનો સહુને અધિકાર છે!'' બોલાવ્યો પ્રકાશને. આવ્યો, હસી રહ્યો છે. બ્રહ્મા સામે રજૂ થયો છે. પણ તેને કાંઇ ચિંતા નથી. રડવાનું કોઇ કારણ નથી. હાથ જોડી પ્રણામ કરી કહે છે :

''પ્રભો! મને યાદ કર્યો?''

''હા! આવ! તારો અપરાધ થયો છે. તારે સજા ભોગવવી પડશે!''

''પ્રભુ! અપરાધ? મારો શું અપરાધ? એ તો કહો!''

''તું અધકારની પાછળ કેમ પડ્યો છે? એ જ્યાં હોય ત્યાં જઇ તેને ભગાડી મૂકે છે! ક્યાંય રહેવા જ દેતો નથી! શું તારો જ અધિકાર છે આ જગતમાં રહેવાનો!'''

''પણ પ્રભુ! આ આપને કહ્યું કોણે''?

''અરે ખુદ અંધકાર જ રડતો-રડતો આવ્યો હતો મારી પાસે!''

''પ્રભુ, પ્રભુ! માફ કરો મને! મારા અનંતકાળના અનવરત ભ્રમણમાં મેં ક્યાંય અંધકારને જોયો જ નથી! એ કેવો હોય એની જ મને ખબર નથી!''

બંધુઓ! ખરેખર! જ્યાં પ્રકાશ આવે ત્યાં અંધકાર ટકી જ ના શકે. તો તેણે અંધકારને ક્યાંથી જોયો હોય? બસ આમ આપણે પણ જ્ઞાનનું કિરણ પ્રગટાવીએ તો અજ્ઞાન રૂપ અંધકાર ઊભો રહી શકશે નહીં. આપણી દેહાત્મબુદ્ધિ, મન, પ્રાણ કે ઇન્દ્રિયોને આત્મા માનવાની ભૂલ એ જ આપણું અજ્ઞાન છે. આ અજ્ઞાનને ટાળવા ભેદ-વિજ્ઞાનને પ્રગટ કરીએ.

પ્રથમ-જડ-ચેતન ભેદ વિજ્ઞાન. દેહ અને આત્મા ભિન્ન છે. દેહ જડ છે, આત્મા ચેતન છે.

બીજું - સ્વભાવ- વિભાવ ભેદ વિજ્ઞાન–જ્ઞાનાદિ તે આત્માનાં સ્વભાવ છે અને ક્રોધાદિ તે વિભાવ છે.

ત્રીજું-સ્વભાવ પર્યાય અને સ્વભાવ ગુણ ભેદ વિજ્ઞાન-ગુણ ત્રૈકાલિક છે અને નિત્ય છે, પર્યાય ક્ષણિક છે.

ચોથું- ગુણ-દ્રવ્ય ભેદ વિજ્ઞાન-જેમાં ગુણ રહે દ્રવ્ય. હું આત્મા દ્રવ્ય છું અને જ્ઞાનાદિ મારા ગુણો છે.

આમ અનેક પ્રકારે ભેદવિજ્ઞાન કરવું તે જ્ઞાન છે અને આ થતાં જ અજ્ઞાન નાશ પામશે. રાગદશા એ જીવની ભ્રમણા છે, અજ્ઞાન છે. જીવનાં શુધ્ધ સ્વરૂપમાં કયાંય રાગાદિ નથી. આવી દૃઢ શ્રદ્ધા એ જ જ્ઞાન છે.

જ્ઞાન પ્રકાશ છે. પ્રકાશ વિના માર્ગ સૂજે નહીં, માર્ગે ચાલી શકાય નહીં, આગળ વધાય નહીં. પ્રકાશ હોય તો જ પથ પર ડગ ભરી શકાય.

અહીં ગુરુદેવ શિષ્યને મોક્ષનો માર્ગ બતાવી રહ્યાં છે. તેમાં સર્વ પ્રથમ જ્ઞાન-પ્રકાશની આવશ્યકતા છે. તો જ પગ ઉપડશે માટે પ્રથમ અજ્ઞાનને દૂર કરી જ્ઞાન પ્રગટાવવું તે કર્તવ્ય છે એમ કહે છે.

આ પદને સમજાવવા અહીં લગભગ ૨૨ ગાથાઓમાં વિસ્તૃત વિવેચન કર્યું છે. જેથી શિષ્ય મોક્ષોપાય યથાર્થ રીતે સમજે.

આગળ અવસરે......

# તે કારણ છેદક દશા....!

વીતરાગ પરમાત્મા - અનંતજ્ઞાની, અનંતદર્શની, પ્રભુ વીર,જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતા, ભવ્યાત્માને મોક્ષનો માર્ગ બતાવી ગયાં છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, મોક્ષભાવ જાગૃત થયા પછી જ થાય છે.

અનાદિકાળથી જીવ બંધભાવમાં જ પડ્યો છે. આજ સુધીની જીવની સર્વ પરિણતિ બંધ અર્થે જ થઇ. વૈભાવિક પરિણમનોએ કાંતો જીવને શુભકર્મનો બંધ કરાવ્યો કાં અશુભકર્મનો. આ બંધ દશા એ જ છે અજ્ઞાનભાવ, એ જ છે કર્મભાવ.

શુભ અને અશુભ બન્ને ભાવોને કર્મભાવ કહ્યાં અને કર્મભાવને અજ્ઞાન કહ્યું. અર્થાત્ પાપભાવ પણ અજ્ઞાન અને પુણ્યભાવ પણ અજ્ઞાન આમ શા માટે? મિથ્યાત્વી જીવ પાપ અને પુણ્ય બંને પ્રકારનાં કર્મોનો બંધ કરે છે. મિથ્યાત્વી છે માટે માત્ર પાપ જ બાંધે એમ નથી. એ જીવને પણ કષાયની મંદતા હોય, મન-વચન-કાયાના શુભ યોગ પ્રવર્તતા ભાવો વડે પુણ્ય-પાપ બંનેનો બંધ કરે. જો બંને પ્રકારના જીવોના પાપભાવ અને પુણ્યભાવને અજ્ઞાન કહ્યાં તો બન્ને જીવોમાં અંતર શું રહ્યું ? બંને અજ્ઞાની જ કહેવાય!

પણ ના, એમ નથી. પ્રથમ તો એ સમજીએ કે પુણ્ય-પાપનાં બંધને અજ્ઞાન નથી કહ્યું પણ એ ભાવોને અજ્ઞાન કહ્યાં. અર્થાત્ કર્મભાવની રૂચિને, પ્રીતિને અજ્ઞાન કહ્યું. મિથ્યાત્વી જીવને તો કર્મભાવમાં આસક્તિ હોય જ, પ્રીતિ હોય જ તેથી તેનો તે ભાવ અજ્ઞાનરૂપ છે. પણ સમકિતી જીવના મતિ-શ્રુત પણ અજ્ઞાનરૂપ ન રહેતાં જ્ઞાનરૂપ પરિણત થઇ ગયાં હોય, તેથી તેની સ્વ-સ્વરૂપની દૃષ્ટિ ખૂલી ગઇ હોય. પોતે આત્મા છે, સર્વથી ભિન્ન છે, અસંગ છે, આવી પ્રતીતિ તેને વર્તતી હોય તેથી કર્મભાવ તે મારો ભાવ નથી પણ વિકાર છે તેની દૃઢ શ્રદ્ધા તેનાં અંતરમાં રમતી હોય, તેથી કર્મભાવ

પ્રત્યેની આસક્તિ તૂટી ગઇ હોય. આ છે મિથ્યાત્વી અને સમકિતી જીવનાં કર્મભાવમાં અંતર. કર્મબંધ અજ્ઞાન નથી પણ કર્મભાવ અજ્ઞાન છે. સમકિતીને કર્મભાવ છૂટી ગયો હોય અને મોક્ષભાવ પ્રગટ થઇ ચૂક્યો હોય.

હવે કર્મબંધના કારણ અને તેના પંથ વિષે શ્રીમદ્જી ફરમાવે છે.

**જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ;**

**તે કારણ છેદક દશા, મોક્ષપંથ ભવ અંત....૯....**

રાગ અને દ્વેષ આ બે મુખ્ય કારણો છે કર્મબંધનાં, થોડો વિસ્તાર કરીએ તો મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, અને યોગ આ પાંચ કારણો કર્મબંધના છે. આ કારણોનું સેવન અને તેનાં પ્રત્યેની આસક્તિ જ જીવને એ માર્ગમાં રોકી રાખે છે.

સામાન્ય રીતે એમ થાય કે કોઇ પદાર્થ કે વ્યક્તિનો રાગ, માણસને હોય તે તો સમજ્યા! પણ રાગનો રાગ કઇ રીતે હોય? એ તો કોઇ આંખે દેખાતો સ્થૂલ પદાર્થ નથી કે તેને જોઇ, તેના પર રાગ જાગે! પણ આપણાં જ અંતઃકરણને તપાસીએ કે જેનાં પ્રત્યે આપણને રાગ છે તે રાગને ટકાવી રાખવા માટે, એ વ્યક્તિનું આપણે કેટલું કરીએ છીએ! તેનો કેટલો ખ્યાલ રાખીએ છીએ? તન- મન, ધનથી કેટલો ભોગ આપીએ છીએ? અમુક પ્રકારની શક્તિ ન હોવા છતાં પણ શક્તિનો વિચાર ન કરતા રાગીના રાગને સંભાળવા કેટલો શ્રમ વેઠીએ છીએ! વાસ્તવમાં એ વ્યક્તિ માટે આ બધું નથી કરતાં પણ આપણા અંતરમાં પડેલા રાગ-ભાવને પોષણ જોઇએ છે. આલંબન વગર તેનું પોષણ થાય નહીં. તેથી એ વ્યક્તિને આધાર બનાવી, આપણાં પોતામાં રહેલા રાગભાવને પંપાળ્યા કરીએ છીએ.

એ વ્યક્તિને આપણા પ્રત્યેના રાગમાં જરાય ઊણપ ન આવે તે માટે પણ એટલો પરિશ્રમ! આ છે રાગનો રાગ!

આવું જ દ્વેષનું છે. જે વ્યક્તિ સાથે દ્વેષભાવ છે તેનું પોષણ કરવા માટે પણ બધાં જ પ્રયત્નો! તેનું ખરાબ જોઇને, સાંભળીને ખૂશ થઇએ! આપણે તેનું બગાડી ન શકતા હોઇએ પણ બીજો કોઇ બગાડે તો, બગાડનાર પર આપણને રાગ થાય. આમ અંતરમાં પડેલી દ્વેષ ભાવનાનું પણ પોષણ કરીએ છીએ.



જ્યાં સુધી રાગ-દ્વેષનાં પોષણનો ભાવ પડ્યો છે ત્યાં સુધી આત્માની અબંધ અવસ્થા પ્રગટ થાય નહીં. બંધદશા પરની પ્રીતિ બંધદશાને જ સબળ બનાવે. જેને બંધદશા પર પ્રીતિ છે તેને અબંધદશા પર પ્રીતિ ક્યાંથી સંભવે! તેથી જ મોક્ષભાવ જાગે નહીં. અને રાગ-દ્વેષનો આ માર્ગ એટલે બંધનો પંથ.

આ કારણોને છેદી નાખે એવી દશા અંતરમાં પ્રગટે તો જ મોક્ષનો પંથ હાથ લાગે. દશા સહજ હોય એકવાર અંતરમાં પ્રગટ થઇ ચૂકી પછી તેને દિશા મળી જશે. રાહ ચીંધવો નહીં પડે.

આ દશા શું છે? બંધુઓ! આપણે રાગ તથા દ્વેષની દશાનો અનુભવ કર્યો છે. પ્રિય વ્યક્તિ કે પદાર્થને જોતાં જ, અરે! જોઇએ પણ નહીં, માત્ર તેનું નામ સાંભળીએ! અને નામ પણ ન સાંભળતાં માત્ર સ્મૃતિ જ થાય તો ય આપણા રોમ-રોમ ઉલ્લસિત થઇ જાય, પ્રસન્નતા છવાઇ જાય, સુખદ સ્મૃતિઓને વાગોળવા માંડીએ. માણેલી અનુભૂતિઓમાં ફરીને આળોટવા માંડીએ. કેટલો સમય આમાં ચાલ્યો જાય તે ખ્યાલ પણ ન રહે. આ છે જીવની સહજ રાગદશા કે જેને જાગૃત કરવા માટે કશો જ પ્રયત્ન કરવો પડતો નથી.

દ્વેષદશા પણ જીવને આવી જ સહજ હોય છે. એટલે જ કોઇ સાથેનાં વેરાનુબંધ ભવોભવ સુધી ચાલે છે. પ્રત્યક્ષ યોગ ન મળે તો મનોમન શત્રુનું કેટલું અહિત કરી નાખતા હોઇએ છીએ. આ બધા જ ભાવો સહજ રીતે આત્મામાં જાગૃત થઇ જાય છે.

રાગ-દશા તથા દ્વેષ-દશા જેટલી સહજ આપણાં માટે છે એથી પણ વિશેષ સહજતા રાગ-દ્વેષ રહિતની દશામાં પ્રગટે તો જ બંધના પંથનો અંત આવે. રાગાદિની પરંપરા અનાદિની પરંપરા અનાદિથી ચાલી આવે છે. તેનું છેદક બળ હજુ સુધી આત્માએ જાગૃત કર્યું નથી. એ જ્યારે જાગૃત થશે ત્યારે રાગાદિમાં મંદતા આવશે. અન્યથા રાગાદિનું જોર કંઇ ઓછું નથી. તે આત્મવીર્યને જાગૃત થવા જ નથી દેતાં. તેથી જ જીવે પ્રયત્નપૂર્વક આત્મવીર્યનું ઉત્થાન કરવું પડશે.

તેમાં સર્વ પ્રથમ દશા એટલે સમકિત દશા. મિથ્યાત્વ આશ્રવને રોકી જીવ, સમકિત સંવર નીપજાવે તો જ અનાદિ પરંપરાની એક કડી વચમાંથી

તૂટે! ક્રોધાદિને વશ કરવા માટેના પ્રયત્નો તો જીવ અનેક કરી ચૂક્યો, પણ તેમાં સફળ થયો નથી, થાય પણ નહીં. પ્રથમ પ્રયત્ન કરવાનો છે મિથ્યાત્વને દૂર કરવાનો. જો મિથ્યાત્વ દૂર થાય તો અનંતાનુબંધી કષાયો દૂર થવાનાં જ. બાકીના રહેલાં અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન કષાયોનું જોર પછી બહુ ચાલે નહીં. એ જરૂર પોતાનું પોત પ્રકાશે, આડા આવે, પણ પછી જીવને હાથમાં એક ચાવી આવી ગઇ હોય એટલે પુરૂષાર્થ વડે આગળ વધે. તે કષાયોને લડત આપવા જેટલી શક્તિ આત્માએ પ્રગટ કરી લીધી હોય. લડતાં કયારેક હારે તો પણ ફરી ઊભો થઇ, શૌર્ય બતાવે અને આખરે કષાયોએ હાર સ્વીકારવી જ પડે. તેને દૂર થયે જ છૂટકો. પણ એકવાર જો મિથ્યાત્વને મારીને ભગાડ્યું તો જ આ બધું કરવા માટેની સહજદશા આત્મામાં જાગૃત થઇ જાય.

જેમ વિભાવે પરિણમતા આત્મામાં રાગાદિની દશા સહજ રૂપે દેખાય છે તેમ જ્યારે જીવ સ્વભાવે પરિણમવા માંડે એટલે મોક્ષદશા પણ એટલી જ સહજ થઇ જાય.

રાગાદિ ભાવો જ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ અનેક પ્રકારનાં છે, તેમાં જિનેશ્વર અને જિનેશ્વરના માર્ગની અડોલ, અચલ, નિષ્કંપ શ્રદ્ધા ન થવી તે પણ મિથ્યાત્વ છે. જ્યાં સુધી જિનવચનોમાં શ્રદ્ધા નથી, જિનનાં પ્રરૂપેલા માર્ગ પ્રત્યે સમર્પણતા નથી, જિનેશ્વર પ્રતિ અનન્ય ભક્તિભાવ નથી ત્યાં સુધી જીવ આત્મ-સાક્ષાત્કાર સુધી ન પહોંચી શકે. મિથ્યાત્વ ભાવો હટી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઇ શકે.

જિનેશ્વર પ્રતિ એવી નિષ્પ્રકંપ શ્રધ્ધા હોય કે ગમે તે થાય, ભૌતિક દૃષ્ટિએ, શારીરિક, માનસિક દૃષ્ટિએ ગમે તેટલું નુકસાન વેઠે છતાં જિનેશ્વર પ્રતિની શ્રદ્ધામાં ફરક ન પડે. અન્ય સ્થાને લોભાય નહીં.

દેવ અરિહંત, ગુરુ નિગ્રંથ અને કેવળી પ્રરૂપિત દયામય ધર્મ, આ ત્રણ તત્ત્વોની યથાર્થ શ્રદ્ધા અંતરમાં રમવા માંડે. પોતે દેવ તો તેને જ માને કે જે સર્વથા વીતરાગ હોય. વીતરાગતાથી જરા પણ ઓછું ન જ ચાલે. રાગાદિનાં પરિણામો સહિત ગમે તેવો પુરુષ હોય પણ તે દેવની કોટીમાં તો ન જ આવે. આવી અનન્ય શ્રદ્ધા ત્યાં સમકિત.



ભગવાન મહાવીરના સમયની વાત. પ્રભુ ચંપાપુરીમાં પધાર્યા છે. સમોસરણ લાગ્યું છે. સંખ્યાબંધ માનવો અને દેવો પ્રભુની દેશના સાંભળવા ઉપસ્થિત થયા છે. દેશના પૂર્ણ થતાં એક સંન્યાસી, અંબડ જેનું નામ, જે પ્રભુનો ઉપાસક હતો તે પ્રભુનાં ચરણોમાં હાજર થયો અને કહ્યું:

''પ્રભુ! રાજગૃહી જાઉં છું. કોઇ સંદેશો?''

''હા અંબડ! રાજગૃહીના રાજા શ્રેણીકના રથનો સારથી બહુ ભાવિક છે, તેની પત્ની સુલસાને ધર્મ-સંદેશ કહેજે!''

મસ્તક ઝુકાવી અંબડ ચાલ્યો, પણ મનમાં સળવળાટ થવા માંડ્યો! મહાવીર જેવા મહાન વિભૂતિ, ત્રિલોકીનાથ, દેવ-દાનવના પૂજ્ય પ્રભુ, એક નાચીજ નારીને ધર્મસંદેશ મોકલે છે? કેમ? શું હશે! સંશય પેદા થયો!

બંધુઓ! માનવ મન કેટલું અળવિતરૂં છે. વીતરાગ પ્રત્યે પણ શંકા જન્માવે તો સામાન્ય સંતોનું શું ગજું? સંતોનાં સાનિધ્યમાં કોઇ ભાવિક ભક્ત વધુ સમય ગાળે તો તમારા સહુના મનમા સંશય જાગે જ છે ને? શું હશે? કેમ આ ભાઇ કે બહેન વધારે જાય છે સંતો પાસે! શું હોય? સંતો પાસે ધર્મ-દલાલી સિવાય બીજું શું હોય? પણ માનવમન સમજે તો ને!

અંબડ રાજગૃહી પહોંચ્યો. પણ મનમાંથી સંશય ખસતો નથી. કેવી છે સુલસા? પરીક્ષા કરૂં! રાજગૃહીના સીમા પ્રદેશમાં જઇ બ્રહ્માનું રૂપ લીધું. જનતા તો ઉમટી પડી. સાક્ષાત્ બ્રહ્માજી પધાર્યા છે. સહુ દર્શને દોડ્યાં. સુલસાને કોઇએ બોલાવી, ન ગઇ વળી વિષ્ણુનું રૂપ લીધું. ફરી શિવજીનું રૂપ લીધું. હજારો માનવોનાં ટોળે-ટોળાં જઇ રહ્યાં છે. પણ સુલસા શાંત ભાવે જ બેઠી છે. સુલસા ક્યાંય ન દેખાણી! અંબડને આશ્ચર્ય છે. પણ મનમાં નિર્ણય કર્યો કે હવે તો ઇ સુલસા આવે જ, અને તેણે સાક્ષાત્ મહાવીરનું રૂપ ધારણ કર્યું.

પહેલા જનારાઓએ સુલસાને કહ્યું સુલસા હવે તો ચાલ, તારા પ્રભુ આવ્યા છે. પણ સુલસાએ જે જવાબ આપ્યો તે અત્યંત માર્મિક હતો, હૈયાને વીંધનારો હતો. એ કહે છે :

ના, બહેન ના, મારા પ્રભુ અહીં પધારે તો મારૂં અંતર સાક્ષી આપે જ! પ્રભુ નગરમાં તો શું? પણ નગરથી દૂર-દૂર પધાર્યા હોય તો પણ મારા

હૈયે આનંદના ઓઘ ઉછળવા માંડે. અહીં તો મારા પ્રાણમાં કોઇ સ્પંદન નથી થતું, તેથી એ મારા મહાવીર નહીં પણ બીજું કોઇ હશે. જાવ તમે!

એ ન ગઇ! બંધુઓ! વિચારો! સુલસાના આત્મા-પ્રદેશે તેના આરાધ્ય દેવ પ્રત્યેની શ્રદ્ધા કેટલી વણાયેલી હશે? કે પ્રભુ પધારે, એનો સંદેશો એના પોતાના અંતરમાંથી જ આવે! કોઇએ સંદેશ આપવો ન પડે! કેવી અનન્ય ભક્તિ! કેવી અડોલ નિષ્ઠા! કેવી સમર્પિત શ્રદ્ધા!

એ ન ગઇ તે ન જ ગઇ! અંબડ દૂર-દૂર સુધી આંખો ખેંચીને જોઇ રહ્યો છે, પણ સુલસા નથી દેખાતી. એ વિચારે છે, કેવી હશે આ નારી? કેમ નહીં આવતી હોય? પણ ના, હજુ, એક પરીક્ષા કરૂં! તેણે રૂપ સમેટી લીધુ. જૈન સાધુનુ રૂપ લઇ ઓધોપાત્રા લઇ, ધર્મલાભ કહી, સુલસાના આંગણામાં ઊભા રહ્યાં. સુલસા અંદરથી ભક્તિભાવે દોડી આવી. હાથ જોડી સ્વાગત કર્યું. પોતાના અહોભાગ્યને બિરદાવવા માંડી. આજ સુપાત્રદાનનો અવસર આવ્યો.

ત્યાં તો સાધુ રૂપ અંબડે, સુલસા પાસે સચેત પદાર્થની માંગણી કરી, અને સુલસા થંભી ગઇ! માફ કરજો મહારાજ, કાંતો આપ કોઇ બહુરૂપી છો, કાં જિનેશ્વરના ધર્મને વિસરી ગયા છો, સાધુ અકલ્પનીય પદાર્થ ન માંગે. મને માફ કરો! હું જિનેશ્વરની ઉપાસિકા છું. મારાથી સચેત પદાર્થ તમને નહીં અપાય. પધારો મહારાજ.

હવે સ્તબ્ધ થવાનો વારો અંબડનો હતો. તે હૃદયથી ગદ્ગદ્ થઇ ગયો. જિનેશ્વર અને તેના માર્ગ પ્રત્યેની અનન્ય નિષ્ઠા જોઇ, આવો લબ્ધિધારી સાધક પણ સુલસાના ચરણમાં નમી પડ્યો. પોતાનું મુળરૂપ પ્રગટ કરી કહેવા લાગ્યો, સુલસા! પ્રભુએ કહી તેવી જ તું છે. તારી પરીક્ષા કરવા જ મેં આટલા રૂપો ધારણ કરી તને લલચાવવા પ્રયાસ કર્યો પણ તુ ન લોભાણી . ધન્ય છે તારી નિષ્ઠાને! તારી નિશ્ચલતાને! સુલસા! પ્રભુએ માત્ર તારા માટે જ ધર્મસંદેશ મોકલ્યો છે. આવડી મોટી રાજગૃહી નગરીમાં તું એક જ ભાગ્યશાળી છે કે પ્રભુ તને ધર્મસંદેશ પાઠવે છે.

સુલસા એ ધર્મસંદેશ માથે ચડાવી કહે છે, મને માફ કરજો. પણ મારી શ્રદ્ધા માત્ર મારા નાથનાં ચરણોમાં જ સમર્પિત છે. તે સિવાય ક્યાંય શ્રદ્ધા



નમે નહીં. આપ કે અન્ય દેવતાઓ આદરણીય ભલે હોય પણ મારા માટે નમસ્કારણીય તો માત્ર મારા આરાધ્ય દેવતા એક જ. એ સિવાય મારૂં મન ક્યાંય ન માને!

બંધુઓ! કૃષ્ણ ગોકુળથી મથુરા ગયા પછી ગોપીઓને યાદ કરે છે. ત્યારે ઉદ્ધવ નામનો તેમનો મિત્ર પણ ગોકુળમાં આવે છે કે ગોપીઓમાં એવું શું છે કે કૃષ્ણ આટલા યાદ કરે છે. ગોકુલ આવી, ઉદ્ધવ ગોરીઓને સમજાવે છે કે કૃષ્ણ તો તમને ભૂલી ગયો છે. તમે એને છોડી દો અને નિરાકાર બ્રહ્મની આરાધના કરો. ત્યારે ગોપીઓએ પણ ખૂબ જ માર્મિક ઉત્તર આપ્યો છે.

**ઉધો ! મન નાંહી દસ-બીસ,**
**એક હું તો જો ગયો શ્યામ સંગ**
**કો આરાધે ઈશ......**
**ઉધો મન નાંહી દસ - બીસ. ......**

હે ઉદ્ધવ! અમારે દસ-વીશ મન નથી . એક જ હતું અને તે શ્યામની સંગે ચાલ્યું ગયું તો હવે તારા નિરાકાર ઈશને કોણ આરાધે? અર્થાત્ સર્વસ્વ સમર્પિત ભાવે ગાપીઓ કૃષ્ણને આરાધે છે. સુલસાની ભક્તિ પણ એવી જ છે. માત્ર મહાવીર સિવાય ક્યાંય તેનું હૃદય ઝુકતું નથી. અનન્ય શ્રદ્ધા તેના રોમ-રોમમાં ભરી છે. અને એવા જ ભક્તિભાવથી એ પ્રભુ પ્રત્યે પોતાના ભાવો પ્રગટ કરે છે કે જે શ્રી માનતુંગસુરિજીએ ભગવાન ઋષભદેવની સ્તુતિ કરતા ગાયા છે

मन्ये वरं हरिहरादय एव दष्टा
दष्टेषु येषु हृदयं त्वयि तोषमेति ।
किं विक्षितेन भवता भुवि येन नान्यः
कश्चिन्मनो हरति नाथ! भवान्तरेऽपि ॥ २९.....

હે પ્રભુ! મેં અન્ય દેવોને પણ જોયા તે ઠીક થયું, કારણ કે તેઓને જોયા પછી આપની સાચી ઓળખાણ મને પડી ને તેથી જ હવે મારૂં મન આપ સિવાય બીજે ક્યાંય ઠરતું નથી.

આમ અરિહંત દેવ પ્રત્યેની અનન્ય શ્રધ્ધા એ સમકિતનું મૂળ છે. તેથી

જીવની ભ્રાંતિ ટળી જાય છે. જીવ એ જાણે છે કે જેવું જિનનું રૂપ છે તેવું જ મારૂં રૂપ છે. હું આત્મા છું, પરમાત્મા છું. મારા પરમાત્મભાવને પ્રગટ કરી શકું છું.

આ સિવાય પરમાં પોતાના સુખની કલ્પના એ પણ મિથ્યાત્વ છે. પરલક્ષ્યે જીવ ભ્રાંતિમાં ભમ્યા કરે છે. જીવને મોક્ષ પંથ પ્રશસ્ત કરવો હોય તો પરમાં અર્થાત્ દેહાદિમાં, પુદ્ગલાનંદમાં સુખની માન્યતા છે તે તોડવી પડશે. મારૂં સુખ મારામાં જ છે. હું અનંત સુખ સ્વભાવી, શુધ્ધ ચિદ્રુપ ત્રિકાળી નિત્ય આત્મા છું. પૂર્ણ જ્ઞાનાનંદ એ મારૂં સ્વરૂપ છે. હું નિર્મલ છું અસંગી છું. આદિ જીવનાં નિજ સ્વરૂપની પ્રતીતિ વર્ત્યા કરે તે જ છે અબંધદશા. આવી અબંધદશા પ્રગટ થતાં જ મિથ્યાત્વ રૂપ બંધનો માર્ગ પણ છેદાઇ જશે. અને એ છેદાતા જ મોક્ષમાર્ગ પ્રશસ્ત થશે.

શ્રીમદ્જી ગાથામાં એ જ ફરમાવે છે કે બંધના કારણોમાં ઓતપ્રોત જીવ બંધના માર્ગમાં ગતિ કરે છે. પણ એ કારણોને છેદી શકે એવી દશા આત્મામાં પ્રગટ થતાં જ મોક્ષપંથ લાધે છે, અને પરિણામે ભવનો અંત થાય છે.

આ મોક્ષમાર્ગને પામવાના વધુ ઉપાયો અવસરે.......

ડ



# ...મુખ્ય કર્મની ગ્રંથ

વીતરાગ પરમાત્મા અનંતજ્ઞાની, અનંતદર્શની પ્રભુ વીર, જગતનાં ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયાં છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના અનાદિની ગાંઠને છેદી નાંખે છે. જીવ ગ્રંથિરહિત બને છે.

એ શેની ગાંઠ છે? શું કરે છે? એ વિચારાધીન છે. સૂતર પોતાનાં મૂળ રૂપમાં ગાંઠરહિત હોય, સરળ હોય. સોયનાં બારીક નાકામાંથી પણ પરોવાય જાય. સોય-દોરાથી કપડું સીવતા હો, સીધો દોરો કપડામાંથી પાસ થઇ જતો હોય પણ જો દોરામાં ગાંઠ પડી તો અટકી જાય, આગળ ન વધે. ગાંઠ ખોલવાના પ્રયાસમાં સફળ થાવ તો સારૂં નહીં તો દોરો કાપવો જ પડે. એટલે જ્યાં ગાંઠ છે ત્યાં અટકાયત છે. બ્રેક લાગી જાય. આગળ વધતું નથી.

વ્યવહારિક જગતની વાત કરીએ તો જે જે વ્યક્તિઓ સાથે સંબંધો હોય તે, ત્યાં સુધી જ સરળતાથી નભતા હોય કે જ્યાં સુધી એક-બીજા વચ્ચે કોઇ ગેર સમજણની ગાંઠ પડી ન હોય. એકવાર જો આવી ગાંઠ પડી જાય તો પછી બધું જ અવળુ પરિણમે. પછી તો આડે લાકડે આડો વેર. જ્યાં સુધી સંબંધોમાં મીઠાશ ત્યાં સુધી મજાકમાં કદાચ એક-બીજાને ગાળો આપો તો પણ એ મીઠી લાગે. અને જો સંબંધ બગડ્યા તો પછી સીધી અને સારી વાત પણ ઊંધી લાગે. ગાંઠ પડી એટલે સંબંધો અટકી જાય.

પણ જે ગાંઠની જરૂર છે તે છે દોરામાં છેડાની ગાંઠ. સોયમાં દોરો પરોવી તેને છેડે ગાંઠ ન મારો તો સીવતા, કપડામાં દોરો રહે નહીં, નીકળી જાય. તેથી તે ગાંઠ ઉપયોગી છે. તેમ વ્યવહારમાં પણ સંબંધ એ સ્નેહની ગાંઠ છે. એ ગાંઠ ન હોય તો સંબંધ બંધાય જ નહીં. સંબંધ ટકે જ

નહીં. સ્નેહની ગાંઠ જ સંબંધોને ટકાવી રાખે છે.

આધ્યાત્મિક ક્ષેત્રે પણ બન્ને પ્રકારની ગાંઠો સમજવી જરૂરી છે. કઇ ગાંઠ અટકાવનાર છે અને કઇ ગાંઠ ઉપયોગી છે? અહીં શ્રીમદ્જી મોક્ષનો ઉપાય બતાવી રહ્યાં છે, તેમાં સર્વ પ્રથમ શું કરવું આવશ્યક છે તે સમજાવે છે.

પહેલા વ્રત-ક્રિયા-અનુષ્ઠાનની વાત ન કરતાં જીવનું અજ્ઞાન જે કર્મભાવના કારણે ઉત્પન્ન થયું છે તેનો નાશ કરવો અને મોક્ષભાવ જે સ્વમાં નિવાસ કરવા રૂપ છે તેને જાગૃત કરવો, એ કહ્યું. એકવાર જીવમાં મોક્ષભાવ જાગૃત થઇ ગયો તો વ્રતો-અનુષ્ઠાનો આપમેળે, સહજરૂપે આચરણમાં ઊતરી જશે. પ્રયત્ન નહીં કરવો પડે.

વળી બંધના કારણોનું સેવન કરવાથી બંધના પંથે આગળ વધાશે અને મોક્ષનાં કારણોથી મોક્ષનાં પંથે આગળ વધાય તે બતાવ્યા પછી કર્મબંધના મુખ્ય કારણો અને તેથી પડતી ગાંઠો, જીવમાં કઇ-કઇ છે તે બતાવતાં શ્રીમદ્જી ફરમાવે છે –

**રાગ-દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;**
**થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ...૧૦૦**

મુખ્ય રૂપે રાગ-દ્વેષ અને અજ્ઞાન એ ત્રણ કર્મબંધનની ગાંઠો છે. જીવનાઆત્મિક વિકાસમાં આ ગાંઠો જ આડી આવે છે. રાગ-દ્વેષની ચર્ચા તો આપણે અનેક વાર કરી, વળી રોજ રાગ-દ્વેષને સેવીયે છીએ. તેથી તેને ઓળખીએ છીએ. એ બે તો મહાબંધન છે. શ્રમણસૂત્રમાં કહ્યું છે- '**दोहि बंधणेहिं, राग बंधणेणं, दोस बंधणेणं**' રાગબંધન અને દોષબંધન આ બન્ને કર્મબંધનના કારણો છે અને ત્રીજું છે અજ્ઞાન.

અજ્ઞાન બે પ્રકારના, એક જ્ઞાનાવર્ણીય કર્મના ઉદયથી અને બીજું મોહનીયના ઉદયથી. બંને અજ્ઞાનમાં અંતર છે. જ્ઞાનાવર્ણીય કર્મના ઉદયના કારણે અજ્ઞાન હોય તે એટલું જ કે જાણપણું ઓછું હોય અથવા ન હોય, બહુ સમજણ ન હોય, બુદ્ધિ ન હોય. પણ એથી બહુ મોટું નુકસાન ન થાય. પણ મોહનીયકર્મના ઉદયના પરિણામ સ્વરૂપ અજ્ઞાન એ વિકૃતિરૂપ



હોય. જે પદાર્થ જેવો છે તેવો એને જાણવો તે સમ્યગ્જ્ઞાન અને જેવો છે તેવો પદાર્થને ન જાણવો બલ્કે નથી તેવો જાણવો, પોતાની મિથ્યા માન્યતાનો પદાર્થમાં આરોપ કરવો તે મોટું અજ્ઞાન. જેને બીજા શબ્દોમાં મિથ્યાત્વ કહીએ. સત્ય સમજણ પ્રગટ ન થવા દે. અવળી માન્યતાથી જીવને મૂંઝવ્યા કરે અને તેથી ભયંકર નુકસાન.

જ્યાં જે નથી ત્યાં તેનો આભાસ ઉભો કરાવે, કુદેવને સુદેવ, કુગુરુને સુગુરુ અને કુધર્મને સુધર્મ માનવા પેરે. એમ જીવને અજીવ તથા અજીવને જીવ માને. વીતરાગના માર્ગની સત્ય પ્રતીતિ ન થવા દે. આમ મોહનીયનું અજ્ઞાન જીવને ભમાવનાર છે. આજ સુધી જીવનો મોક્ષ ન થયો હોય તો કારણભૂત આ અજ્ઞાન જ છે. જ્યારે જ્ઞાનાવરણીયનું અજ્ઞાન જીવને મોટું નુકસાન ન કરે. ભણી ન શકે, કાંઇ યાદ ન રહે. મહેનત કરવા પછી પણ અક્ષર કંઠસ્થ ન કરી શકે પણ એથી મોક્ષ ન અટકે.

માષતુષ મુનિની વાત આપણા ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. તેઓને જ્ઞાનાવરણીય કર્મનો ગાઢ ઉદય હતો. અથાગ પરિશ્રમ પછી પણ શાસ્ત્રની એક ગાથા યાદ ન રાખી શકે. તેઓને ખેદ વર્તે છે. અન્ય મુનિઓ શાસ્ત્રમાં પારંગત છે. પોતે કશું જ શીખી નથી શકતાં. તેઓ પોતાનાં ગુરુ પાસે જઇ ખેદ વ્યક્ત કરે છે. ગુરુદેવ અનુભવી મહાપુરુષ છે. તેઓ જાણે છે કે આ સાધુને જ્ઞાનાવરણીયનો ગાઢ ઉદય છે. પણ તેનામાં મિથ્યાત્વનાં ભાવો નથી, રાગ-દ્વેષ મંદ પ્રવર્તી રહ્યાં છે. આત્મા હળુકર્મી છે, મંદકષાયી છે. ગુરુદેવે મુનિને આશ્વાસન રહે તે માટે એક એક સુંદર સારગર્ભિત સૂત્ર આપ્યું **મા રૂષ મા તુષ** અને કહ્યું : દેવાનુપ્રિય! તમને વધુ યાદ ન રહે તો આટલું જ ગોખો. બસ એથી તમારો બેડો પાર થઇ જશે અને મુનિએ ઉલ્લસિત ભાવે એ સૂત્રને ગોખવાનું શરૂ કર્યું. એ જ ધુન લાગી છે. આખો દિવસ માત્ર આ એક જ સૂત્રનું ઉચ્ચારણ અને તેમ કરતા વચમાંથી રૂષનો રૂ નીકળી ગયો અને માતુષનો મા નીકળી ગયો. રહી ગયું માષતુષ. નિરંતર સૂત્રનું રટણ ચાલુ છે. અને તેઓનું તો નામ જ ઠરી ગયું માષતુષ મુનિ.

સૂત્રનો અર્થ છે પ્રતિકૂળ પરિસ્થિતિમાં રોષ એટલે દ્વેષ ન કરવો તથા

અનુકૂળ પરિસ્થિતિમાં તુષ એટલે રાગ ન કરવો. ખરેખર આ સૂત્રના ઉચ્ચારણની સાથે-સાથે રોષ અને તોષ બંને ગળવા માંડ્યાં અને મુનિને પણ ખબર ન રહી કે એ બંનેનો સર્વથા નાશ ક્યારે થઇ ગયો! અને મુનિ કેવલજ્ઞાન પામી ગયા! બંધુઓ! જ્ઞાનાવરણીયનાં ગાઢ આવરણો મુનિની સમતા અને સરળતા સામે ટકી ન શક્યા. તેને હટી જવું પડ્યું અને કેવલજ્ઞાનનો દીપક પ્રગટી ગયો. શાસ્ત્રો ભણ્યા નહીં, ગાથાઓ ગોખી નહીં, ચર્ચાઓ કરી નહીં. પ્રવચનો આપ્યા નહિ, છતાં રાગ દ્વેષ નિર્મૂળ થઇ ગયાં. અને મોક્ષની મંઝિલે પહોંચી શક્યાં. આમ જ્ઞાનાવરણીયનું અજ્ઞાન, જીવને ભમાવનારૂં નથી, અટકાવનારૂં નથી પણ રાગ-દ્વેષની ગાંઠરૂપ જે અજ્ઞાન છે એ જ જીવને અટકાવે છે. રાગ-દ્વેષ અને અજ્ઞાન એ દોરાની વચલી ગાંઠ જેવો છે. જીવને વિકાસ ક્રમમાં આગળ વધવા દેતા નથી. તે ગાંઠ છેદાય તો જ જીવ મિથ્યાત્વનાં ભાવોથી મુક્ત થઇ સમ્યક્ત્વ પામી શકે છે.

જીવ શુક્લપક્ષી બની આત્માનાં શુદ્ધ ભાવોમાં વૃધ્ધિ કરતો આગળ વધે છે. ત્યારે જ દર્શનમોહનીયની ત્રણ પ્રકૃતિ અને અનંતાનુબંધી કષાયની ચાર પ્રકૃતિ એમ કુલ સાત પ્રકૃતિને ખપાવી સમકિત પ્રાપ્ત કરે છે. જીવ પ્રથમ યથાપ્રવૃત્તિ-કરણ કરે છે. એટલે કે મોહનીય કર્મની ૭૦ ક્રોડાક્રોડ સાગરની સ્થિતિમાંથી ૬૯ ક્રોડાક્રોડ સાગર જેટલી સ્થિતિનાં કર્મો ખપાવી નાખે. માત્ર એક ક્રોડાક્રોડ સાગરની સ્થિતિ જેટલું જ મોહનીયકર્મ શેષ રહે, તેને યથાપ્રવૃત્તિકરણ કહે છે. આટલે સુધી પહોંચવામાં જીવને વિશેષ પુરુષાર્થ કરવો પડતો નથી. અહીં સુધી તો અભવ્ય જીવ પણ અનેકવાર પહોંચી જાય છે. પણ રાગ-દ્વેષની દુર્ભેદ્ય ગાંઠને તે છેદી શકતા નથી. કારણ અભવ્ય જીવને ગાંઠને છેદવા માટે જોઇતા અતિ શુદ્ધ પરિણામો આવતા જ નથી. તેથી આટલું કર્યા પછી પણ તે પાછો ફરી જાય છે. અને ફરી મોહનીયકર્મને વધારી દે છે.

પણ ભવ્ય જીવ જ્યારે આટલે સુધી પહોંચ્યા પછી વધુ વિશુદ્ધ પરિણામધારાને પામે તો રાગ-દ્વેષની ગાંઠને છિન્ન-ભિન્ન કરી નાંખે.... જેને શાસ્ત્રોમાં અપૂર્વકરણ કહ્યું છે. આવા પરિણામો જીવને વારંવાર



આવતા નથી, ક્યારેક જ આવે છે. માટે જ તે પરિણામોને અપૂર્વકરણ કહે છે.

રાગદ્વેષની ગાંઠ તૂટવાથી જીવના પરિણામોમાં વિશેષ શુદ્ધિ થાય છે. શુદ્ધિને અનિવૃત્તિકરણ કહેવામાં આવે છે. એટલે કે સમ્યક્ત્વની પ્રાપ્તિ વિના જીવ રહેવાનો જ નથી. ભેદ-વિજ્ઞાન પ્રગટ કરે જ છે માટે તેને અનિવૃત્તિકરણ કહ્યું છે.

આમ વિશુદ્ધ ભાવધારાથી આગળ વધતો જીવ રાગ-દ્વેષની ગાંઠને છેદી સમ્યક્ત્વ પામે છે.

આ ગાંઠ છેદાય એટલે પહેલા કહ્યું તેમ દર્શનમોહનીયની ત્રણ પ્રકૃતિ તથા અનંતાનુબંધી કષાયની ચાર પ્રકૃતિ ક્રોધ, માન, માયા અને લોભ આ સાત પ્રકૃતિનો ઉપશમ કરે, અથવા ક્ષયોપશમ કરે અથવા ક્ષય કરે. ઉપશમ થાય તો જીવને ઔપશમિક સમ્યક્ત્વ થાય, ક્ષયોપક્ષમ થાય તો ક્ષાયોપશમિક સમ્યક્ત્વ થાય અને ક્ષય થાય તો ક્ષાયિક સમકિત થાય.

અહીં એક વાત વિચારીએ. સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે દર્શન-મોહનીયનો ક્ષય તો અનિવાર્ય છે. પણ ચારિત્ર મોહનીયની પ્રકૃતિ રૂપ અનંતાનુબંધીના ક્ષય-ઉપશમની શી જરૂર?

અનંતાનુબંધી કષાય, મિથ્યાત્વની સાથે રહી કર્મોનો અનંત અનુબંધ કરાવે છે. જેની પરંપરા અનંતકાળ સુધી ચાલે છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો સંબંધ અવિનાભાવી છે તે એક બીજા વગર હોય જ નહીં. મિથ્યાત્વ હોય ત્યાં અનંતાનુબંધી હોય અને અનંતાનુબંધી હોય ત્યાં મિથ્યાત્વ હોય. બંનેનો ઉદય કાળ સાથે જ હોય. વળી બંધને એક બીજાના સહાયક હોય. માટે જ સમકિતની પ્રાપ્તિ માટે બંને સાથે યુદ્ધ કરવું જ પડે. બંનેને હરાવાય તો જ સમકિત પ્રાપ્ત થઇ શકે.

સમ્યક્ત્વ એકવાર થાય એટલે જીવનો મોક્ષ નિશ્ચિત. જો સમ્યક્ત્વ ટકી રહી શકે, આત્માના વિશુદ્ધ પરિણામો તીવ્રથી તીવ્રતર, તીવ્રતમ બનતા જાય તો જીવ તે જ ભવે પણ મોક્ષ લઇ શકે. નહીં તો ત્રણ ભવે, પંદર ભવે કે એથી પણ વધુ ભવો થાય પણ મોક્ષ થવાનો તે નિશ્ચિત. હવે અનંતકાળ કાઢવાનો નથી. અનંત અનુબંધ કરાવનાર અનંતાનુબંધીને એકવાર

નિર્માલ્ય કર્યા પછી તે જોર કરે તો પણ તેનું બહુ જોર ચાલે નહીં, તેથી જીવ મોક્ષમાર્ગમાં આગળ ડગ ભરતો જાય.

ગાથામાં એ જ કહ્યું: **'થાય નિવૃત્તિ જેહથી, એ જ મોક્ષનો પંથ.'** રાગ-દ્વેષ અને અજ્ઞાનથી જેના દ્વારા નિવૃત્ત થવાય તે મોક્ષનો પંથ છે. અહીં સમ્યક્ત્વ પ્રાપ્તિનો પુરૂષાર્થ એ જ મોક્ષનો પંથ છે. જીવ એકવાર આવો પુરૂષાર્થ કરે, સમકિતનો સ્વાદ ચાખી લે તો પછી એ સ્વાદને છોડવાનું મન નહીં થાય. કદાચ સમકિત થયા પછી ચાલ્યું ગયું હશે તો પણ જીવને એ સ્વાદ ભૂલાય નહીં. તેથી ફરી-ફરીને સમકિત દશાની પ્રાપ્તિની ઝંખના જાગે અને પામે. અને આમ જ એ આગળ વધી જાય. આ જ છે મોક્ષનો પંથ.

આવો પુરૂષાર્થ કરવાની ઇચ્છા જીવને ત્યારે જ જાગે કે જ્યારે રાગ-દ્વેષની ગાંઠો ખૂંચવા માંડે. બંધુઓ! કોઇ સાથેના સ્નેહ સંબંધોમાં જો ગેરસમજણની ગાંઠ પડી હોય તો એ ગાંઠ જન્મભર ખટકે છે. છૂટી જાય તો સારૂં એમ જીવ ઇચ્છે. તે માટે પ્રયત્ન થાય. તેમ જ્યારે રાગ-દ્વેષની ગાંઠો ખટકશે, નડશે, ખૂંચશે ત્યારે જ જીવ મિથ્યાત્વ દશામાંથી નીકળી સમકિતને પામવાનો પુરૂષાર્થ આદરી શકશે.

ગુરુદેવ શિષ્યને એ જ સમજાવે છે કે મોક્ષનો માર્ગ શોધવા ક્યાંય ચોકમાં જવાની જરૂર નથી. એ અંદરમાં જ છે. અંદરમાં ઊતરી જા તો માર્ગ સામે જ દેખાશે. સરળ અને સીધો માર્ગ મળી જશે. બસ રાગ-દ્વેષ અજ્ઞાનની ગાંઠોને ગાળવા માંડ એટલે માર્ગ સાફ.

આ માર્ગને વધુ પ્રશસ્ત ગુરુદેવ હવે કરશે.

ડ

# ....સર્વાભાસ રહિત!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, જીવના મૌલિક સ્વરૂપની પ્રાપ્તિ કરાવે છે. જીવનું વર્તમાન સ્વરૂપ તે મૌલિક નથી, કર્મના કારણે મળેલું હોવાથી આભાસી છે.

શ્રીમદ્જી આત્માના શુદ્ધ સ્વરૂપને બતાવવાની સાથે જ અશુદ્ધ સ્વરૂપને પણ બતાવે છે. અશુદ્ધ સ્વરૂપનો ત્યાગ અને શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિની આવશ્યકતા પણ બતાવે છે. તથા એ જ મોક્ષપંથને પામવાની રીત છે, એમ કહે છે -

**આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહિત;**
**જેથી કેવળ પામીએ, મોક્ષપંથ તે રીત...૧૦૧...**

અહીં આત્માના લક્ષણો બતાવ્યા. સત્ અને ચૈતન્ય આ બે લક્ષણો એ આત્માની શુદ્ધ દશા છે. આભાસ એ જીવનું અશુધ્ધ સ્વરૂપ છે, આભાસ રહિતની દશા તે આત્માની શુદ્ધ દશા છે.

સત્ અર્થાત્ અસ્તિત્વ. જેનું સદા-સર્વદા માટે અસ્તિત્વ છે, જેનો કદી નાશ થવાનો નથી તે સત્ અસત્ની ઉત્પત્તિ નહીં અને સત્નો નાશ નહીં. ગીતાકારે પણ કહ્યું છે –

**नासतो विद्यते भावो नाभावो विद्यते सतः**

જગતમાં જે પદાર્થનું અસ્તિત્વ નથી, તે પદાર્થ ક્યારેય નવો ઉત્પન્ન થાય નહીં અને જે પદાર્થ સત્ છે, અસ્તિત્વવાન છે તેનો કદી નાશ થાય

નહીં. આત્મસિદ્ધિ શાસ્ત્રમાં આગ  જ આત્માની નિત્યતાની સિદ્ધિ કરતા આ જ ભાવો શ્રીમદ્‌જીએ બતાવ્યા છે. ચેતન એવો આત્મા અને જડ એવા પરમાણુ બંને મૂળભૂત સ્વરૂપમાં નિત્ય છે. તેનામાં રહેલો અનિત્યતાનો અંશ તે તેઓની પર્યાયો છે. પર્યાયોની ઉત્પત્તિ અને નાશ બંને થયા કરે છે, પણ પદાર્થ પોતે તો ધ્રુવ નિત્ય જ રહે છે.

આત્મા પણ ગતિ, જાતિ આદિ અનેક પર્યાયો ધારણ કરે છે. તેનો નાશ થાય છે. અને એ બધામાં આત્મા એનો એ જ રહે છે. ભવનું ભ્રમણ ગમે તેટલું થાય પણ આત્મા - આત્મા મટી જતો નથી. ત્રણેય કાળે આત્માનું અસ્તિત્વ એક સરખુ જ જળવાઇ રહે છે. એ ત્રિકાળી સત્ પદાર્થ છે. સર્વ કર્મોથી મુક્ત થઇ સિદ્ધદશાની પ્રાપ્તિ થતાં સર્વ બાહ્ય ભવોનો નાશ થઇ જશે પણ આત્માના અસ્તિત્વનો નાશ નહીં થાય. માટે તે સત્ છે.

આત્મા ચૈતન્યમય છે. અન્ય સર્વ દ્રવ્યોથી આત્માને અલગ પાડનારો આત્માનો અસાધારણ ગુણ એટલે જ ચૈતન્ય. આ ગુણ આત્મા સિવાય અન્ય દ્રવ્યોમાં નથી. જડ દ્રવ્ય સત્ છે પણ ચૈતન્યવાન નથી. જડમાં બીજી અનેક શક્તિ છે. તેની શક્તિઓનો ઉપયોગ સંસાર કરી શકે છે. પણ અંતે તે જડ છે. આત્મા ચૈતન્ય છે માટે જ જીવંત છે. જીવનું જીવત્વ એ જ છે તેનું ચૈતન્યત્વ.

વળી આત્મા ચૈતન્યવાન છે માટે જ જ્ઞાનવાન છે. જ્ઞાન એ પણ આત્માનો અસાધારણ ગુણ છે. અન્ય દ્રવ્યોમાં એ નથી. જ્ઞાન આત્માનો ગુણ હોવાને કારણે જ આત્મા સ્વ - પર પ્રકાશક છે. આત્મા સ્વયંને જાણે છે તથા પર પદાર્થોને પણ જાણે છે. જીવની વિશિષ્ટતાઓ જ તેને જડથી જુદો પાડે છે. આ વિશિષ્ટતાઓને લઇને જ આખો સંસાર વ્યવહાર ચાલ્યો છે. ષડ્ દ્રવ્યોમાં જીવ પણ જડ જેવો જ ચૈતન્ય અને જ્ઞાનવિહોણો જ હોત તો આ સંસારનું સ્વરૂપ જ કંઇક જુદુ હોત.



તેમજ આત્મા સત્ છે, ચૈતન્યવાન છે, માટે જ મોક્ષ પામી શકે છે. જો તે સત્ ન હોત તો તેનો નાશ થઇ જાત તો મોક્ષ કોણ પામત ? વળી આત્માનો ત્રિકાળી શુદ્ધ ચૈતન્યાનંદનો નિરંતર અનુભવ એ જ મોક્ષ.

આત્મામાં ચૈતન્યત્વ ન હોય તો મોક્ષ પણ શું હોત ? તેથી જ આત્માના આ વિશિષ્ટ લક્ષણો જ તેનો મોક્ષ હોવાની સાબિતીરૂપ છે.

હવે ત્રીજું લક્ષણ કહ્યું સર્વાભાસ રહિત, જ્યાં આભાસ છે ત્યાં યથાર્થતા નથી હોતી. બંને એક-બીજાનાં વિરોધી છે. આભાસ તે આભાસ જ હોય, યથાર્થ ન હોય અને યથાર્થ હોય ત્યાં આભાસ ન હોય.

આત્મા સદા ચૈતન્ય તથા જ્ઞાન સહિત છે. આ બંને લક્ષણો જેમાં નથી તેને આત્મા માનીને તેમાં જ રાચીએ તો સર્વથી મોટો આભાસ. આજ સુધી જીવે દેહને જ આત્મા માન્યો છે. દેહમાં મારાપણાની બુદ્ધિ કરી , દેહ પ્રત્યેનું મમત્વ વધાર્યું છે. દેહ જડ છે તથા જ્ઞાનરહિત છે તો તે મારૂં સ્વરૂપ ક્યાંથી હોય? કર્મ સંયોગે દેહનો સંયોગ થયો છે. એકવાર નહીં, અનેકવાર આવા સંયોગો થયા અને વિયોગો થયા છતાં દેહમાં મારાપણાની બુદ્ધિ ગઇ નહિં. જીવે જ્યાં જ્યાં દેહ ધારણ કર્યા ત્યાં તરત જ દેહમાં હું પણાની બુદ્ધિ ઉત્પન્ન થઇ અને તે માન્યતાનું પોષણ પણ એ કરતો રહ્યો.

દેહ મળવાની સાથે સાથે કર્મના કારણે બીજું પણ ઘણું-ઘણું મળ્યું અને એ બધું દેહને જ મળ્યું, આત્માને નહીં. નામકર્મના ઉદયે શરીર સુંદર હોય તો કહે હું સુંદર છું. ગોત્રકર્મના ઉદયે શરીર ઊંચા કુલમાં જન્મ્યો તો કહે હું કુળવાન છું. શાતા વેદનીયનાં ઉદયે શરીરે શાતા હોય તો કહે હું સુખી છું, ભાગ્યશાળી છું, પુણ્યવાન છું. આમ દરેક આભાસોને યથાર્થ સાબિત કરવાનો પ્રયાસ કરતો રહ્યો અને અહં સાથે મમને જોડતો રહ્યો.

જ્ઞાની પુરુષો કહે છે, આ બધા જ આભાસો છે. આત્મા મનુષ્ય નથી, સુંદર શરીરધારી નથી, ઊંચા-નીચા કુળનો નથી, પુણ્યવાન નથી. આ બધાં જ આત્માની વિકારી અવસ્થાનાં પ્રતીકો છે. તેને પોતાનાં કેમ

મનાય?

આભાસ છે ત્યાં યથાર્થતા નથી, માટે જ તે જોઇતું ફળ ન આપી શકે, જંગલમાં દેખાતાં ઝાંઝવાના જળ તે યથાર્થ નહીં પણ આભાસ છે, તે કદી તૃષા છુપાવે નહીં. એ જ રીતે આત્માને વિભાવનાં પરિણામે મળેલા સ્વરૂપને પોતાનું સ્વરૂપ માની લેવાય તો આત્માનંદની પ્રાપ્તિ થઇ શકે નહીં.

શ્રીમદ્જી કહે છે અહીં આત્માનું જે સ્વરૂપ બતાવ્યું છે તે સ્વરૂપ માત્ર પામી લેવું એ જ મોક્ષનો પંથ છે. બીજું કશું કરવાનું રહેતું નથી. આત્માને એ દૃઢ પ્રતીતિ થઇ જાય કે હું સદા અસ્તિત્વવાન, અવિનાશી, ત્રિકાળી નિત્ય આત્મ દ્રવ્ય છું. મારૂં સ્વરૂપ ચૈતન્ય છે. અનંતજ્ઞાન ગુણ એ મારો શુધ્ધ સ્વભાવ છે તથા સર્વ આભાસોથી રહિત હું માત્ર આત્મા! આત્મા જ છું! આટલી પ્રતીતિ જીવને આવી જાય તો તે મોક્ષનાં પંથે જ છે.

મોક્ષમાર્ગ નથી મલ્યો, તેનું કારણ પણ એ જ છે કે આજ સુધી સર્વ-સંસારી ભાવોને પોતાનાં માનીને તેમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કર્યો જ નથી. તેથી જીવની ગતિ માત્ર સંસારમાર્ગે જ થઇ પણ તેનાથી ઉપર ઊઠી પરમગતિને પામી શકવાનો પુરૂષાર્થ એ કરી શક્યો નહીં.

આ પુરૂષાર્થ કરવામાં આત્માની જે પરિણામધારા પ્રવર્તે છે એ જ છે જીવનો મોક્ષભાવ. અને એ ભાવે થતો પુરૂષાર્થ, એ જ છે મોક્ષનો પંથ.

મોક્ષપંથની પ્રવૃત્તિ માટે જીવને કરવા યોગ્ય પુરૂષાર્થના ભાવો અવસરે...

ડ

# આત્મ-ચિંતન

‘‘હું..... આત્મા .....છું.... હું..... આત્મા .....છું....’’’

અકર્તાપણું...એ મારો સ્વભાવ...

મારામાં ....કર્તુત્વ નથી.... આ આત્મા ....નિજ સ્વરૂપ દશામાં કર્તા છે...પોતે...પોતામાં સમાઈ જઈ..., આત્મા...નિજ સ્વરૂપ દશામાં લીન.... બને તો એ અકર્તા છે. સ્વરૂપ બહાર થઇ .... વિભાવદશાને.... પોતાની માની તેની સાથે પરિણમે.... ત્યારે એ કર્તા થાય છે.... રાગ હું કરૂં છું.... દ્વેષ હું કરૂં છું.... એવો કરવાપણાનો ભાવ....એ જીવનું કર્તાપણું છે.... શુભ-અશુભ ભાવમાં પરિણમી જઇ....એ પુણ્ય પાપનો કર્તા બને છે....શુભ-અશુભ ભાવ...એ મારા નથી.... પુણ્ય અને પાપ પણ .... મારા નથી....એ બધાથી પર હું છું....

આત્માની શુદ્ધ દશાની પરિણતીમાં....રાગ નથી....અને દ્વેષ પણ નથી....પુણ્ય પણ નથી ....પાપ પણ નથી....એ સર્વથી હું....ચૈતન્યઘન આત્મા છું...., જ્ઞાન-દર્શનમય આત્મા છું.... જગતમાં ફરતી વૃત્તિઓને.... વિભાવમાં વર્તતી વૃત્તિઓને... ત્યાંથી પાછી વાળી .....જેટલી ક્ષણો માટે....હું મારામાં સ્થિર થાઉં...એટલી ક્ષણ હું .... અકર્તા છું...મારે....મારા અખંડ અકર્તાપણાને પ્રગટ કરવું છે....એ માટે કર્તુત્વભાવને છોડું...., જ્ઞાનદર્શનની ઉપયોગમય દશામાં ઝુલું તો મારી સ્વરૂપદશાને....પ્રગટ કરી શકું છું....

એ માટે મને જાણું...., મને ઓળખું.... ,મને અનુભવું .... મારામાં ઠરી જાઉં,....મારામાં સમાઇ જાઉં....મારામાં સ્થિર થઇ જાઉં...., તો મારા સદ્ચિદાનંદ સ્વરૂપને પામી શકું છું.... થોડી ક્ષણો માટે વધુ શાંત થઇ વધુ....એકાગ્ર થઇ....માત્ર....આત્માનું ચિંતન....

હું..... આત્મા .....છું.... હું..... આત્મા .....છું....

ૐ.... શાંતિ.... શાંતિ....શાંતિ....

# આત્મ–ચિંતન

"હું..... આત્મા .....છું.... હું..... આત્મા .....છું...."'

અકર્તાપણું...એ મારો સ્વભાવ...

મારામાં ....કર્તુત્વ નથી.... આ આત્મા ....નિજ સ્વરૂપ દશામાં કર્તા છે...પોતે...પોતામાં સમાઈ જઈ...., આત્મા...નિજ સ્વરૂપ દશામાં લીન.... બને તો એ અકર્તા છે. સ્વરૂપ બહાર થઇ .... વિભાવદશાને.... પોતાની માની તેની સાથે પરિણમે.... ત્યારે એ કર્તા થાય છે.... રાગ હું કરૂં છું.... દ્વેષ હું કરૂં છું.... એવો કરવાપણાનો ભાવ....એ જીવનું કર્તાપણું છે.... શુભ-અશુભ ભાવમાં પરિણમી જઇ....એ પુણ્ય પાપનો કર્તા બને છે....શુભ-અશુભ ભાવ...એ મારા નથી.... પુણ્ય અને પાપ પણ .... મારા નથી....એ બધાથી પર હું છું....

આત્માની શુદ્ધ દશાની પરિણતીમાં....રાગ નથી....અને દ્વેષ પણ નથી....પુણ્ય પણ નથી ....પાપ પણ નથી....એ સર્વથી હું....ચૈતન્યઘન આત્મા છું...., જ્ઞાન-દર્શનમય આત્મા છું.... જગતમાં ફરતી વૃત્તિઓને.... વિભાવમાં વર્તતી વૃત્તિઓને... ત્યાંથી પાછી વાળી .....જેટલી ક્ષણો માટે....હું મારામાં સ્થિર થાઉં....એટલી ક્ષણ હું .... અકર્તા છું...મારે....મારા અખંડ અકર્તાપણાને પ્રગટ કરવું છે....એ માટે કર્તુત્વભાવને છોડું...., જ્ઞાનદર્શનની ઉપયોગમય દશામાં ઝુલું તો મારી સ્વરૂપદશાને....પ્રગટ કરી શકું છું....

એ માટે મને જાણું...., મને ઓળખું.... ,મને અનુભવું .... મારામાં ઠરી જાઉં,....મારામાં સમાઇ જાઉં....મારામાં સ્થિર થઇ જાઉં...., તો મારા સદ્‌ચિદાનંદ સ્વરૂપને પામી શકું છું.... થોડી ક્ષણો માટે વધુ શાંત થઇ વધુ....એકાગ્ર થઇ....માત્ર....આત્માનું ચિંતન....

હું..... આત્મા .....છું.... હું..... આત્મા .....છું....

ૐ.... શાંતિ.... શાંતિ....શાંતિ....

# કર્મ અનંત પ્રકારના....!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, આત્મા પર રહેલા કર્મનાં અનાદિ બંધનને તોડી નાંખે છે. આ બંધન અનાદિ હોવા છતાં અંતવાળું છે.

ભવ્ય આત્મા આ બંધનનો અંત કરી શકે છે પણ અભવ્ય આત્માનાં બંધનો ક્યારેય તૂટતા નથી. તેના બંધનો અનાદિ-અનંત છે. ભવ્યત્વ અને અભવ્યત્વ આ જીવનાં પારિણામિક ભાવો છે. અમુક જીવમાં ભવ્યત્વ અને અમુકમાં અભવ્યત્વ, આમ શાથી? તેનો કોઈ ઉત્તર નથી. તેમાં કોઇ કારણ- કાર્ય ભાવ નથી. એ અહેતુક છે, કારણ તે જીવનાં પારિણામિક ભાવો છે.

જીવના અન્ય ભાવો કર્મ-સાપેક્ષ હોય છે. જેમકે ઔદયિકભાવ, ઔપશમિક ભાવ, ક્ષાયોપશમિક ભાવ અને ક્ષાયિકભાવ. આઠ કર્મોમાંથી કોઇ પણ કર્મનાં ઉદયનાં કારણે જીવની જે આત્મિકદશા થાય તે ઔદયિક ભાવો. જ્ઞાનાવરણીયના ઉદયથી જીવમાં અજ્ઞાનદશા હોય તે ઔદયિક ભાવ છે. એ જ રીતે અન્ય-અન્ય કર્મોનાં ઉદયનાં કારણે થતાં જીવનાં ભાવ તે ઔદયિક ભાવ.

મોહનીય કર્મના ઉપશમના કારણે થતું ઔપશમિક સમ્યક્ત્વ તથા રાગ-દ્વેષની મંદતા તે જીવનો ઔપશમિક ભાવ.

જ્ઞાનાવર્ણીય, દર્શનાવરણીયના ક્ષયોપશમથી થતું જ્ઞાન-દર્શન, મોહનીયના ક્ષયોપશમથી થતું સમ્યક્ત્વ અને રાગ-દ્વેષની મંદતા તથા અંતરાયનાં ક્ષયોપશમથી થતું વીર્યાદિ શક્તિનું જાગરણ તે સર્વ ક્ષાયોપશમિક ભાવ.

ચાર ઘાતિ કર્મોના ક્ષયથી પ્રગટતી વીતરાગતા કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિક સમકિત, યથાખ્યાત ચારિત્ર તથા અનંતવીર્ય શક્તિ એ છે જીવનો

ક્ષાયિકભાવ. સાથે-સાથે ચારેય અઘાતિ કર્મોનાં અર્થાત્ આઠે કર્મોનાં સંપૂર્ણ ક્ષયથી પ્રાપ્ત થતી સિદ્ધદશા તે છે ક્ષાયિકભાવ.

આમ ચારેય ભાવો, કર્મ સાપેક્ષ છે. કર્મ સાથે તેનો સંબંધ છે. પણ આત્માના પારિણામિક ભાવોમાં શેનીય અપેક્ષા નથી. તે નિરપેક્ષ છે. જીવનું જીવત્વ પણ પારિણામિક છે. કોઇ પ્રશ્ન કરે કે જીવ, તે જીવ કેમ છે? તેનામાં જીવત્વ કોણે મૂક્યું? તથા અજીવ, તે અજીવ કેમ? તેનામાં અજીવત્વ કોણે મૂક્યું? તો તેનો ઉત્તર નથી. મૂકવાની કે બનાવવાની આ ચીજ નથી. એ છે એટલે છે. એવું જ છે ભવ્યત્વ-અભવ્યત્વનું.

કેટલાક ભોળા લોકો આ પ્રશ્ન કરતાં હોય છે કે ભગવાને આવો પક્ષપાત કેમ કર્યો? શા માટે અમુક જીવને ભવ્ય બનાવ્યા અને અમુકને અભવ્ય? અભવ્ય જીવનું સંસાર પરિભ્રમણ કદી મટવાનું જ નથી. એ બિચારો વ્રત નિયમો કરી લે, સ્તુતિ-ભક્તિ કરી લે, પૂજા-પાઠ કરી લે, અરે! સાધુપણું સ્વીકારી ઉત્તમ રીતે મહાવ્રતોનું પાલન કરી લે. પણ તેનો મોક્ષ નહીં. શા માટે? તેને આ બધું ઉપરથી જ હોય. અંતરસ્પર્શી ન હોય. તે અંદરથી કોરો-ધાકોર જ રહે. તેનું ભીતર ભીંજાય જ નહીં અને તે સંસારના ફેરા ટાળે નહીં, તો ભગવાને શા માટે એ જીવને અભવ્ય બનાવ્યો!

ભોળા જીવનો પ્રશ્ન તો ઉચિત છે. પણ ઉત્તર એટલો જ કે ભગવાન કોઇને ય બનાવતો નથી. કશું જ બનાવી શકતો નથી. તેણે કોઇનામાંય ભવ્યત્વ કે અભવ્યત્વ મૂક્યું નથી. આ બંને જીવનાં પારિણામિક ભાવો છે.

અનુભવી પુરુષોએ આ પ્રશ્નનો ઉત્તર મગના કોયડુંનાં દ્રષ્ટાંતે આપ્યો છે. એક વાટકો બાફવા મૂકેલા મગમાં બે-ચાર દાણા બફાતા નથી. તે એવા ને એવા જ રહે. તેને ફરી-ફરીને બાફવાના પ્રયત્ન કરે છતાં, પોચા ય ન પડે. આમ કેમ? એવું શું છે એનામાં? ખેડુતને પૂછો! જેના ખેતરમાં એ પાક્યા છે. એ પણ કહેશે, મારા આખા ખેતરમાં અનેક મગ પાક્યા. બધાને એક જ સરખા વાતાવરણમાં રાખ્યા. એ જ જમીન, ખાતર, પાણી, પ્રકાશ, માવજત એ જ મળ્યા. તેની સાથે એક જ શીંગમાં થયેલાં અન્ય દાણાઓ બરાબર થયાં અને આ ચાર દાણા જ આવા થયાં. કેમ? તે હું પણ જાણતો નથી. એ એવા થવાના હશે તેથી થયાં.

બંધુઓ! વૈજ્ઞાનિકોને પૂછો, લેબોરેટરીમાં મોકલો આ દાણાને! ઉકેલ



મળશે ખરો? ન જ મળે. બસ, એવું જ છે આ ભવ્યત્વ અને અભવ્યત્વનું. આ છે જીવનો પારિણામિક ભાવ. નિર્હેતુક.

ભવ્ય જીવ કર્મનાં બંધનો તોડી શકે છે. તેથી હવે શ્રીમદ્જી કર્મબંધન કેટલાં અને કયા કયા છે તે બતાવે છે.

**કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્ય આઠ;**
**તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ....૧૦૨...**

સામાન્ય રીતે કર્મો આઠ પ્રકારના છે તેમ આપણે સાંભળતા આવ્યા છીએ. પણ અહીં અનંત પ્રકારના કહ્યાં.

પ્રત્યેક જીવ સમયે-સમયે કર્મબંધન કરતો હોય છે. કર્મબંધના કારણો વિષે આપણે આગળ વિચારી ગયા છીએ. રાગાત્મક તથા દ્વેષાત્મક પરિણામોના કારણે જીવમાં કર્મબંધ થાય છે. આપણા સહુનો અનુભવ છે કે આ પરિણામો હમેશા એક સરખા જ નથી હોતા. તીવ્ર મંદ ભાવોની ષટ્ગુણ હાનિ-વૃદ્ધિ થયા કરે છે અને તે એક-એકમાં પણ કેટલાં પ્રકાર? એક જીવને એકવાર મંદરાગ થયો, બીજી ક્ષણે વળી જુદી જાતનો. એમ મંદરાગ અનેક પ્રકારનાં. એ જ રીતે મંદતર કે મંદતમ પણ અનેક પ્રકારનાં, તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ પણ અનેક પ્રકારનાં.

આ અપેક્ષાએ એક જ જીવના માત્ર એક જીવનમાં અનંત પ્રકારનાં રાગાદિનાં પરિણામ થાય. જ્યારે જેવા પરિણામો થાય, ત્યારે તેવા જ પ્રકારનાં કર્મો બંધાય. પરિણામોનાં પ્રકાર અનંત તો કર્મનાં પ્રકાર પણ અનંત. પરમ શુદ્ધ જીવમાં અનંત ગુણો છે. આ અનંત ગુણો કર્મનાં કારણે વિકૃત થાય છે ત્યારે જ તેમાં રાગ-દ્વેષનાં અનંત પરિણામો પેદા થાય છે. જે અનંતકર્મોને બાંધે છે. અને તે કર્મોથી અનંત ગુણો વધુ ને વધુ દબાતા જ જાય છે. આમ અનંતની પરંપરા ચાલે જ છે. માટે જ કર્મ અનંત પ્રકારનાં કહ્યાં છે. જ્ઞાનીઓએ પોતાના જ્ઞાનમાં જીવનાં આવા વિવિધ પરિણામો જોયા અને તેનાથી બંધાતા વિવિધ કર્મો પણ જોયાં. છદ્મસ્થ જીવ આ વસ્તુને બુદ્ધિ દ્વારા સમજી ન શકે તેથી અનંત પરિણામોને વિભાજીત કરી આઠ પ્રકારમાં સમાવી દીધાં. જે-જે પરિણામો એક સરખાં લાગ્યા તેનો એક પ્રકાર બનાવ્યો. તેને જ્ઞાનાવર્ણીય કહ્યાં. જ્ઞાનનું આવરણ કરનાર બધાં જ પર્દા, કોઇ જાડો, કોઇ જીણો, કોઇ હલકો, કોઇ ભારે, કોઇ મજબૂત,

કોઇ જીર્ણ, એ બધાં પર્દા જ છે. એમ માની એક પ્રકારમાં સમાવેશ કરી દીધો અને જ્ઞાનાવર્ણીય નામ આપી દીધું. એવી જ રીતે અન્ય-અન્ય કર્મોને પણ સમજાવ્યા. વળી આ અનંત કર્મોને આઠ ભાગમાં સમાવવાનું કારણ પણ એ છે કે સર્વથા શુદ્ધ-બુદ્ધ તેવા સિદ્ધ પરમાત્મામાં આઠ ગુણો પ્રગટ્યા છે તે અનંત ગુણોમાં મૌલિક ગુણો છે. એક-એક કર્મના ક્ષયથી આ એક-એક ગુણ પ્રગટે છે. તેથી આઠ ગુણોને દબાવી દેનાર આઠ કર્મો કહ્યાં. તેથી જ અનંત પ્રકારને આઠમાં સમાવી દીધા. તે ૧. જ્ઞાનાવર્ણીય, ૨. દર્શનાવર્ણીય, ૩. વેદનીય, ૪. મોહનીય, ૫. આયુષ્ય, ૬. નામ, ૭. ગોત્ર, ૮. અંતરાય.

આ આઠ કર્મોમાં ચાર ઘાતી અને ચાર અઘાતી. જ્ઞાનાવર્ણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય આ ચાર ઘાતી કર્મ છે. અને બાકીના ચાર અઘાતી.

ઘાતી કર્મને બે રીતે સમજીએ. એક અર્થ તો એ થાય છે કે આત્માના મૌલિક ગુણોને જે દબાવી દે છે, તેને પ્રગટ નથી થવાં દેતાં, તે કર્મોને ઘાતી કર્મો કહ્યાં. અનંતજ્ઞાન ગુણને દબાવનાર જ્ઞાનાવર્ણીય, અનંતદર્શન ગુણને દબાવનાર દર્શનાવર્ણીય, અનંત-સુખને દબાવનાર મોહનીય અને અનંતવીર્ય ગુણને દબાવનાર અંતરાય. જ્યાં સુધી આ ચારેય કર્મો જોરાવર છે ત્યાં સુધી આત્માનાં શુદ્ધ સ્વભાવરૂપ આ ગુણો પ્રગટ થતા નથી. ગુણોને પ્રગટ ન થવા દેવા તે જ તેની ઘાત કરવા બરાબર છે. અન્યથા કર્મોમાં એ તાકાત નથી કે આત્માના ગુણોનો સર્વથા નાશ કરી નાખે. માત્ર ગુણોને પ્રગટ ન થવા દે.

બીજી રીતે વિચારીએ તો જીવનો પ્રચંડ પુરૂષાર્થ ઊપડે-ત્યારે આ ચારેય કર્મોનો એક સાથે ક્ષય કરી નાખે છે. આજ સુધી જે-જે જીવોએ સાધના કરી તે માત્ર આ ચાર કર્મોનાં ક્ષય માટે જ. સર્વ પ્રથમ મોહનીય સાથે લડ્યા. અને મોહનીય જતાં બીજા ત્રણ ઘાતી કર્મો પણ ગયા. વળી ચારેય કર્મોનો ક્ષયોપશમ પણ જીવ કરી શકે છે. અને પુરૂષાર્થ વડે સર્વથા ક્ષય પણ કરી નાખે છે. અર્થાત્ જીવમાં એ તાકાત છે કે આ ચાર કર્મો ગમે તેટલાં પ્રબળ હોય પણ પુરૂષાર્થ દ્વારા તેનો નાશ કરી નાખે છે. જીવને કરવાનું પણ એ જ છે. અઘાતી માટે કંઇ કરવાનું નથી. અઘાતી કર્મો જીવને હેરાન પણ નથી કરતાં. એ તો બિચારા એના સમયે ઉદયમાં જરૂર



આવે પણ તેથી જીવની સ્વભાવગત સ્થિરતામાં આડા ન આવે. ચાર ઘાતી કર્મ ક્ષય કરી જેમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લીધું છે, તેની પાસે ચાર અઘાતી કર્મો તો છે જ, પણ એ તો બળેલી સીંદરી જેવા નિર્માલ્ય છે, કંઇ કરી શકતા નથી. એનું અસ્તિત્વ તો માત્ર ઘાતી કર્મો છે ત્યાં સુધી જ છે. જે ભવમાં ઘાતીનો ક્ષય થયો એ જ ભવમાં અઘાતીનો પણ ક્ષય થાય જ. પછી એ રહી શકે નહીં. હા, એટલું જરૂર છે કે કેવળજ્ઞાન થયા પછી, કેવળી પરમાત્માંને આ ચાર અઘાતી કર્મો ભલે કશી પીડા નથી આપતાં! વિકૃતિ પેદા નથી કરતાં! પણ મોક્ષ જવામાં વિલંબ કરાવે છે. જ્યાં સુધી આ ચાર કર્મો છે ત્યાં સુધી કેવળીને પણ સદેહે રહેવું પડે છે. પણ, સાથે એ પણ સમજી લઇએ કે કેવળી પરમાત્માની આત્મિક દશામાં તથા સિદ્ધપ્રભુની આત્મિક દશામાં કંઇ જ અંતર નથી હોતું. તેથી કેવળી શરીર સહિત હોવા પછી પણ જીવનમુક્ત જ છે, તેથી તેમને અઘાતી કર્મો નડતર રૂપ નથી.

તાત્પર્ય એ છે કે અઘાતી કર્મોનો નાશ કરવા માટે જીવ પુરૂષાર્થ કરી શકતો નથી. એ કર્મો પુરૂષાર્થથી નાશ થાય તેવા નથી, એનો સમય પૂરો થાય ત્યારે જ જાય. એ પહેલાં પ્રયત્ન વડે તેનો નાશ થઇ શકે નહીં. જ્યારે જીવનો પુરૂષાર્થ ઘાતીકર્મના નાશમાં મહાન ઉપયોગી છે. ગમે તેટલી લાંબી સ્થિતિ હોય તો પણ પુરૂષાર્થ દ્વારા ઉદીરણા કરી એ કર્મોને ખેંચીને ભોગવી લે અને જીવ તેનાથી નિવૃત્ત થઇ જાય.

આમ ચાર ઘાતી કર્મો જીવના અનંત ગુણોની, લગભગ સંપૂર્ણ ઘાત કરવાની એટલે કે તેને દાબી દેવાની શક્તિ ધરાવે છે. તો જીવ પણ ઘાતી કર્મોની ઘાત કરવાની જ નહીં, તેને દાબી દેવાની જ નહીં, પરંતુ તેનો સમૂળગો નાશ કરવાની શક્તિ ધરાવે છે. કર્મોનું નામનિશાન પણ રહેવા ન દે, એવી અમાપ શક્તિ છે જીવમાં.

આ ઘાતી કર્મોમાં પણ મુખ્ય છે મોહનીય, કારણ મોહનીય આત્માનાં અનંત ક્ષાયિક સમકિત, ક્ષાયિક ચારિત્ર, ક્ષાયિક સુખને દબાવવાની સાથે-સાથે મિથ્યાત્વ, રાગ-દ્વેષ, દુ:ખ આદિ વિકૃતિઓ પેદા કરે છે. વિકૃતિ બહુ જ ભયંકર ચીજ છે. એક વિકૃત ચીજ અન્ય સર્વને વિકૃત કરી દે. વિકૃતિ તો સર્વ રોગનું મૂળ છે. આયુર્વેદ કહે છે કે માનવનાં શરીરમાં વાત, પિત્ત અને કફ આ ત્રણે શક્તિરૂપે છે, શરીર માટે ઉપયોગી છે પણ ત્રણમાંથી એકમાં

વિકૃતિ આવી કે શરીરમાં રોગ થાય છે. તે નુકસાનકારક છે.

એલોપથી એમ કહે છે કે શરીરમાં બધાં જ રોગનાં કીટાણુઓ છે. જ્યાં સુધી તેનું સંતુલન રહે ત્યાં સુધી શરીર બધાં માટે સુખકર્તા છે પણ તેનું સંતુલન બગડ્યું, વિકૃતિ આવી કે મહારોગથી શરીર ઘેરાઇ જાય, દુઃખકર્તા બની જાય.

એ જ રીતે આત્માના મૌલિક ગુણો તો આત્માને સર્વથા સુખકારી જ છે પણ મોહનીય રૂપ વિકૃતિ જ્યારે તેમાં આવી અને તે વકરવા માંડે ત્યારે રાગ-દ્વેષ-અજ્ઞાન આદિ ભાવોની વૃદ્ધિ થવા માંડે છે. વ્યવહારિક જીવનમાં તથા આધ્યાત્મિક જીવનમાં, જીવને દુઃખી કરનાર કોઇ હોય તો આ રાગ-દ્વેષ જ છે. પણ મોહનીયકર્મએ જીવને એવો મૂર્છિત કરી દીધો હોય કે જીવને ભાન જ ન રહે કે પોતે શું કરી રહ્યો છે. પોતાની પ્રવૃત્તિ યોગ્ય છે કે અયોગ્ય એની પણ ખબર ન રહે. જયાં મોહનીયનું જોર છે ત્યાં બીજા કર્મો પણ એને સાથ આપે, તેથી તેનું જોર વધતું જ ચાલે. માટે જ મોહનીયને કર્મોનો રાજા કહ્યો છે. સાધનાકાળમાં જીવ મોહનીય સામે લડે છે. જો મોહનીય જીતાય તો પછી બીજા તો જીતાય જ. શ્રીમદ્જીએ પણ કહ્યું -

**એક વિષયને જીતતાં, જીત્યો સૌ સંસાર;**
**નૃપતિ જીતતાં જીતીયે, દળ, પુર ને અધિકાર....**

વિષય એ મોહનીયે જન્માવેલો વિકાર જ છે. તેને જીતી લેતાં સર્વ જીતી શકાય.

હવે મોહનીયના ભેદ-પ્રભેદ સાથે તેને જીતવાના ઉપાય શું? તે અવસરે....

# હણે બોધ વિતરાગતા...!

વીતરાગ પરમાત્મા, **અનંતજ્ઞાની**, અનંતદર્શની પ્રભુ વીર, જગતના **ભવ્ય જીવો** સમક્ષ **અમૃતમય** વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, **સમ્યગ્જ્ઞાન** અને **સમ્યગ્ચારિત્રથી** થાય છે.

આ **ત્રિ-રત્નની આરાધના**, મોક્ષના અવરોધક કારણોનો નાશ કરે છે. **કર્મબંધના** જેટલાં કારણો છે તે બધાં જ મોક્ષ થવામાં બાધારૂપ છે. **માટે પ્રથમ** તેને સમજવા જરૂરી છે.

**મુખ્યરૂપે** મોહનીયરૂપે વિષે વિચારીશું. શ્રીમદ્જીએ અનંત પ્રકારનાં **કર્મોમાં** આઠની મુખ્યતાની સાથે, મોહનીયની પ્રધાનતા બતાવી. મોહનીયનાં બંધના કારણ શું? મોહનીયના ઉદયે પ્રવર્તતા ભાવ કેવા? અને મોહનીય છેદવાનો ઉપાય શો? આ ત્રણે વિષયો વિચારવા આવશ્યક છે.

તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં મોહનીય કર્મનાં બંધ હેતુ આ પ્રમાણે બતાવ્યા છે–

**केवलिश्रुतसंघ धर्मदेवावर्णवादो दर्शन मोहस्य ६-१५**

કેવળી પરમાત્મા, જ્ઞાન, સંઘ, ધર્મ અને દેવનાં અવર્ણવાદ, એ દર્શન મોહનીય કર્મનાં બંધ હેતુ છે. અવર્ણવાદ એટલે નિંદા. કેવળી આદિની નિંદા કરવાથી, ન હોય તેવા દોષોનું તેમનામાં આરોપણ કરવાથી, તેમજ અનેક પ્રકારે તેઓને ખોટા સાબિત કરવાનો પ્રયત્ન કરવાથી દર્શનમોહનીય કર્મ બંધાય છે.

**कसायोदयात्तीव्रात्मपरिणामश्चारित्रमोहस्य ६-१५**

કષાયનાં ઉદયથી થતો આત્મપરિણામ ચારિત્ર મોહનીય કર્મનો બંધહેતુ છે તીવ્ર ક્રોધ, માન, માયા, લોભ કરવાથી ચારિત્ર મોહનીય કર્મ બંધાય છે. જે પ્રકૃતિનો ઉદય હોય, તેનો જ બંધ થાય છે. ક્રોધના ઉદયમાં મોહનીયનો બંધ થતાં, માનના ઉદયમાં માન મોહનીયનો બંધ એમ દરેક પ્રકૃતિના ઉદયમાં તેનો જ બંધ થાય છે. વળી તીવ્ર કષાયનો ઉદય આવે અને તેમાં ભળી જવાય તો એવો જ તીવ્ર બંધ થાય. પણ તીવ્ર કષાયના ઉદયમાં પણ જીવ સમતા રાખી શકે, મન, વચન કે કાયાના એક પણ યોગમાં કષાય પ્રગટ ન થાય તો જીવ કષાયના ઉદયને આધીન ન થવાથી

કર્મ બાંધતો નથી. એ જ રીતે કષાયોનો ઉદય મંદ હોય તો બંધ પણ મંદ થાય છે અને ઉદયમાં ન ભળે તો બંધ થતો નથી.

આમ મોહનીય કર્મનાં બંધનું કારણ મોહનીયનો ઉદય જ છે. દર્શનમોહનીયનાં બંધનાં કારણોમાં કેવળી આદિના અવર્ણવાદને માન્યા તે પણ દ્વેષના કારણે જ અવર્ણવાદ-નિંદા કરવાનું મન થાય છે. જેના પર દ્વેષ નથી તેની નિંદા આપણે નથી કરતા. દ્વેષ થવો તે મોહનીયનો જ ઉદય છે. તેથી દર્શનમોહનીયના બંધનું કારણ પણ મોહનીયનો જ ઉદય.

રાગ-દ્વેષ અને મિથ્યાત્વ, મુખ્યરૂપે મોહનીયના ઉદયથી પ્રવર્તતા ભાવ છે. તેને વિસ્તારથી વિચારીએ તો દર્શનમોહનીયના ત્રણ ભેદ. ૧. મિથ્યાત્વ મોહનીય- જે સત્ય શ્રદ્ધા જાગૃત થવા જ ન દે. ૨. મિશ્ર મોહનીય- જિનમાર્ગ અને અન્ય માર્ગનાં વાસ્તવિક ભેદનો વિવેક ન કરવા દે, ૩. સમ્યકૃત્વ મોહનીય- ક્ષાયિક સમકિત તથા ઉપશમ સમકિતરૂપ શુદ્ધ પ્રતીતિ ન થવા દે.

ચારિત્ર મોહનીયના ૨૫ પ્રકાર. જેમાં ૧૬ કષાય. તરતમ ભાવોનાં કારણે તેના ચાર વિભાજન કર્યા છે. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ- અતિ તીવ્ર. જે અનંત અનુબંધ કરાવે, સમ્યકૃત્વનો સ્પર્શ પણ ન થવા દે, વિપરીત માન્યતાઓમાં જીવને મૂંઝવ્યા કરે.

અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, લોભ-તીવ્ર, સમ્યકૃત્વ થયા પછી પણ વ્રતાદિની શ્રદ્ધા અને આચરણ ન થવા દે.

પ્રત્યાખ્યાન ક્રોધ, માન, માયા, લોભ-તીવ્ર, સમ્યકૃત્વ થયા પછી પણ વ્રતાદિની શ્રદ્ધા અને આચરણ ન થવા દે.

પ્રત્યાખાની ક્રોધ, માન, માયા, લોભ, મંદ. કંઇક અંશે વ્રતાદિ થાય પણ સર્વ વિરતિનાં ભાવો ન જાગવા દે.

સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ- મંદતર, સંપૂર્ણ વીતરાગ દશાને પ્રગટ ન થવા દે.

૯ નો કષાય. જે કષાય તો નહીં પણ કષાયોને ઉત્તેજિત કરવાનાં કારણભૂત હર્ષ, શોક, રતિ, અરતિ, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદના નવેય નામથી જ સ્પષ્ટ છે.

આમ મોહનીય કર્મના ઉદયે જીવમાં આવા ભાવ હંમેશા પ્રવર્તતા હોય છે. જેનો અનુભવ આપણે નિશદિન કરતા હોઇએ છીએ.

હવે શ્રીમદ્જી મોહનીય કર્મનાં નાશ માટેનો ઉપાય કહે છે.



**કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;**
**હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ....૧૦૩**

આગળ કહ્યું તેમ મોહનીય કર્મનાં બે ભેદ, દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. આત્માના શ્રદ્ધા ગુણનો વિકારી ભાવ એટલે મિથ્યાત્વ એ જ દર્શન મોહનીય તથા ચારિત્રગુણનો વિકારી ભાવ એટલે રાગ-દ્વેષ એ જ ચારિત્ર મોહનીય.

આપણાં જીવનની પ્રત્યેક પ્રવૃત્તિનો વિચાર કરીએ તો આપણે વિકૃતિનાં પોષણ અર્થે જ જીવતાં હોઇએ તેમ લાગે છે. આપણી પ્રત્યેક ક્રિયા પાછળ રાગ-દ્વેષ અને મિથ્યાત્વ પડ્યા જ હોય છે. વળી એ ભાવોનાં સેવનમાં આપણે આનંદ માનતા હોઇએ છીએ, એટલું જ નહીં પણ જે કરીએ છીએ તે યોગ્ય જ થઇ રહ્યું છે એવો આગ્રહ પણ ધરાવીએ છીએ.

ભલા! વિકૃતિ તે કંઇ સારી ચીજ છે? નથી. તેથી જ તેને હણવાની વાત છે. એ કેવી રીતે? શાનાથી હણાય તે ઉપાય શાસ્ત્રમાં બતાવ્યા છે. જ્ઞાનીઓ ફરમાવે છે કે આત્મામાં વિકૃતિઓ તો પાર વિનાની છે. તેને એક પછી એક દૂર કરવા પ્રયત્ન કરશો તો પણ એ તો વધતી જશે. માટે તેને છેડવી રહેવા દે. પણ તારી સ્વાભાવિક દશાને પ્રગટ કરી લે. જેટલા અંશે સ્વભાવ પ્રગટ થશે એટલા અંશે વિકાર દૂર થતા જશે. દૂર કરવા પ્રયત્ન નહીં કરવો પડે. મોરનો ટહુકાર સાંભળી ચંદનવૃક્ષ પર રહેલા સર્પો નાસી છૂટે તેમ સ્વભાવ જાગતા વિકારો આપોઆપ ચાલ્યા જશે.

દર્શન મોહનીયને દૂર કરવા બોધ પ્રગટ કરવાનો છે. બોધનો અર્થ સમજવા જેવો છે, સૂચક છે.

આપણને સર્વ પ્રથમ કોઇ પદાર્થનું જ્ઞાન થાય છે ત્યારે તે કયા ક્રમથી થાય છે તે જોઇએ.

ઇન્દ્રિય અને પદાર્થનો સંયોગ થવાથી સર્વ પ્રથમ માત્ર સામાન્ય અવબોધ થાય છે. કંઇક છે એટલું જ થાય છે તે દર્શન. કંઇક છે એ થયા પછી શું હશે? શું હશે? આવી જાતની વિચારણા તે અવગ્રહ. તે પછી આ હશે કે પેલું હશે ? જેમાં નિર્ણય નથી થતો તે છે ઇહા. તે પછી લક્ષણો પરથી જાણી લેવું કે આજ છે, તેવું નિર્ણયાત્મક જ્ઞાનને તે અવાય અને નિર્ણય થયા પછી લાંબો સમય સુધી સ્મૃતિમાં ટકી રહે તે ધારણા. બહુ જ અલ્પકાળમાં આટલી પ્રોસિજરમાંથી પાસ થઇ જઇએ તેથી ખબર નથી રહેતી કે આટલો લાંબો ક્રમ ચાલ્યા પછી જ્ઞાન થયું. આપણે માનીએ છીએ

કે પદાર્થ જોયો કે તરત જ પદાર્થનું જ્ઞાન થઇ ગયું.

પદાર્થનું જ્ઞાન થાય તે વસ્તુનો બોધ થયો કહેવાય. એ જ રીતે સદ્‌ગુરુના ઉપદેશથી સાંભળીને, વિચારીને, ચિંતને કરીને આત્માના શુદ્ધ નિર્મળ, અવિકારી, જ્યોતિસ્વરૂપને પ્રગટરૂપે જાણવું તે બોધ છે. જેને બોધિબીજ કહીએ, ભેદવિજ્ઞાન કહીએ, આત્મ-સાક્ષાત્કાર કહીએ. આવો બોધ જાગૃત થતાં અનાદિકાળની વિપરીત માન્યતાઓ છૂટી જાય છે. કર્તાપણાની તથા ભોક્તાપણાની બુદ્ધિ છૂટી જઇ, પોતે ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ આત્મા છે, એવી શુદ્ધ પ્રતીતિ વર્તે છે. આવો બોધ જ દર્શનમોહનીયને હણવા સમર્થ છે. પછી એ ઉપશમભાવે હણે, ક્ષયોપશમભાવે હણે કે ક્ષાયિક ભાવે હણે પણ દર્શનમોહનીયને ટકવા ન દે.

ચારિત્ર મોહનીયનો નાશ વીતરાગતાથી થાય છે. વીતરાગતા અર્થાત્ રાગદ્વેષ રહિતની દશા. જેમાં સંપૂર્ણ આત્મસ્થિરતા છે. આત્માની અસ્થિરતાનું કારણ ચારિત્ર મોહનીય છે. જેટલી - જેટલી આત્મસ્થિરતા વધતી જશે એટલે અંશે ચારિત્ર મોહનીય ક્ષીણ થતું જશે. ચારિત્ર મોહનીય કર્મ એવું છે કે તે ક્રમે-ક્રમે ક્ષીણ થાય છે. એક સાથે એક જ સમયમાં કોઇ પણ જીવથી સર્વથા ક્ષીણ નથી થતું. ભલે કોઇ હળુકર્મી જીવ ક્ષાયિક સમકિત પ્રાપ્ત કર્યા પછી માત્ર એક અંતર્મુહૂર્તમાં ચારિત્ર મોહનીયનો સર્વથા નાશ કરી નાખે. પણ એટલો સમય તો લાગે જ. જેમ-જેમ રાગ-દ્વેષની મંદતા વધતી જાય, તેમ-તેમ ચારિત્ર મોહનીય ક્ષીણ થતું જાય. અને સંપૂર્ણ રાગ-દ્વેષનો ક્ષય એ જ વીતરાગતા અને ત્યારે ચારિત્ર મોહનીયનો એક અંશ પણ રહેવા ન પામે. જીવ પોતાને સત્-ચિત્ આનંદમય, અવિકારી, અકષાયી સ્વરૂપને પ્રાપ્ત કરી લે. આ ક્રમે-ક્રમે વિકસીત થતી દશાને જ બીજા શબ્દોમાં ગુણસ્થાનની વિકાસદશા કહેવાય છે.

ચોથા ગુણસ્થાને જીવે વીતરાગતાનો આંશિક આસ્વાદ જ પ્રાપ્ત કર્યો હોય જેનાં પરિણામે અનંતાનુબંધી કષાયરૂપ ચારિત્ર મોહનીય ક્ષીણ થઇ જાય. તેનાથી આગળ વધી પાંચમે ગુણસ્થાને આવે એટલે અપ્રત્યાખ્યાની અને છઠ્ઠે ગુણસ્થાને આવે એટલે પ્રત્યાખ્યાની કષાયોનો નાશ કરે. તે પછી સાત, આઠ, નવ ગુણસ્થાન સુધીમાં સંજવલન કષાયના ક્રોધ, માન, માયા અને નવ કષાયોને ક્ષીણ કરી નાખે. હવે બચે માત્ર સૂક્ષ્મ લોભ, તે દસમા ગુણસ્થાને ક્ષય કરી અને બારમા ગુણસ્થાનમાં સંપૂર્ણ વીતરાગતા પ્રગટી ચૂકે.

આ વીતરાગતા પ્રગટ કરવા માટે પ્રયોગાત્મક રૂપે આત્માના શુદ્ધ



સ્વરૂપનું નિરંતર ચિંતન કરવું. હું આત્મા છું - દેહ નથી. દેહાદિ સંર્વ મારાથી ભિન્ન છે. કર્મો મારાથી ભિન્ન છે. વિભાવો ભિન્ન છે. હું રાગાદિ રૂપ નથી પણ જ્ઞાયક સ્વભાવી છું. માત્ર સાક્ષીરૂપ છું. આવું ચિંતન ક્યારેક ઉલ્લસિત પરિણામોને જાગૃત કરે છે અને તે પરિણામો વડે આત્માનો સ્પર્શ થતા વીતરાગતાના અંશરૂપ પ્રથમ સમ્યગ્‌દર્શન, વીતરાગ દર્શન પ્રગટ થાય છે. અને તે જ ક્રમે આગળ વધતાં સંપૂર્ણ અકષાયી સ્વરૂપની પ્રાપ્તિ, તેનો જ અનુભવ, તેની જ રમણતા- એ છે સંપૂર્ણ વીતરાગતા.

આમ દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય બંનેનો ક્ષય કરવા માટે બોધિબીજ તથા વીતરાગતા એ અચૂક ઉપાય છે. અહીં કૃપાળુ ગુરુદેવે મોહનીયના વિકારને દૂર કરવા અચૂક ઉપાય બતાવ્યો છે. જેને આચરવાથી વિકાર દૂર થાય જ તેમા શંકા નહીં. અહીં Experiment નથી કે આ ઉપાય કરી જો, ફાયદો થાય તો ભલે, નહીં તો આવજે મારી પાસે, બીજો ઉપાય બતાવીશ. બંધુઓ! આજના ડોક્ટરો તમારા શરીર પર Experiment કરતા હોય છે ને? ત્રણ દિવસની દવા લઇ જાવ. સારૂં થઇ જશે. ન થાય તો બીજી દવા. એમ જ થાય. ફરી જાવ ત્યારે દવા બદલીને આપે - એમ ત્રણ વાર દવા બદલે. લાગુ ન પડે અને શરીર દરદથી ઘેરાઇ જાય ને પછી મૃત્યુની નોબત આવે.

પણ અહીં ગુરુદેવ એમ ન કહેતાં તેઓએ તો સચોટ ઉપાય બતાવ્યો છે. જેવું ભયંકર દર્દ છે એવી જ પાવરફૂલ દવા છે. દર્દને ભોગવવું જ પડે, ચાલે જ નહીં. એમાં કોઇ ફરક નહીં. વળી આ ઉપાય તો એવો છે કે એકવાર વીતરાગતા પ્રગટ થઇ તો ફરી કદી રાગાદિની બિમારી શરીરમાં પ્રવેશ પામી શકે નહીં. તે ખાતરીપૂર્વકનો જ ઉપાય છે.

જે કારણથી બંધ, તેનાથી વિપરીત કારણે મુક્તિ. રાગ એ કર્મબંધનો અચુક ઉપાય છે. તેથી જ વીતરાગતા એ મુક્તિનો અચૂક ઉપાય છે.

આ જ વિષયને વધુ સ્પષ્ટ કરવા ગુરુદેવ રોજનાં જીવનક્રમમાં અનુભવમાં આવતાં ભાવોને રજૂ કરે છે - જે અવસરે.

# હણે ક્ષમાદિક તેહ......!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધનાનું ફળ છે સંપૂર્ણ વીતરાગતા. વીતરાગદશા જીવની સહજ દશા છે. તે દશાની પ્રાપ્તિનો પુરૂષાર્થ યથાર્થરૂપે થાય તો જીવ નિજદશાને પામી જાય છે.

અનંતકાળથી જીવને ભમાવનાર રાગ-દ્વેષને દૂર કરવાનું અમોઘ સાધન એટલે જ વીતરાગતા. જે આગળની ગાથામાં શ્રીમદ્જી બતાવી ગયા. વીતરાગતાની પ્રાપ્તિનો પ્રાથમિક પુરૂષાર્થ હવે બતાવે છે.

**કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ;**

**પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ....૧૦૪**

ક્રોધ, માન ,માયા અને લોભના ભાવો કર્મબંધ કરાવે છે. વ્યવહારમાં પણ નુકશાન કરાવે છે અને તેનાથી વિરોધીભાવો ક્ષમા, નમ્રતા, સરળતા અને સંતોષ ક્રોધાદિને હણે છે તે સહુનો પ્રત્યક્ષ અનુભવ છે. ક્રોધ આવવાથી આપણને શારીરિક, માનસિક અને આત્મિક અશાંતિ થાય જ છે. પ્રસન્નતા અને આનંદ નષ્ટ થઇ જાય છે. વળી જેના નિમિત્તે ક્રોધ કરીએ તેને પણ અશાંતિ ઊભી થાય. પણ આવેલા નિમિત્તમાં શાંત રહી, ક્ષમા ધારણ કરીએ તો સહુને શાંતિ રહે છે. પાપકર્મના બંધ થતાં નથી.

થોડી સમજદારી અને સમતા હોય તો જીવ પોતાનાં આ આવેગો પર નિયંત્રણ કરી શકે છે. પ્રારંભમાં પ્રયત્નપૂર્વક, માત્ર જેને શુભભાવો જ કહીએ, એ રીતે ક્ષમાદિ ધારણ કરી શકે અને પછી આતમલક્ષ જાગૃત થતાં ક્ષમાદિ તે મારો સ્વભાવ છે, સ્વભાવમાં રહેવું તે મારો ધર્મ છે. આવું લક્ષ્ય થતાં આત્માના સહજ ક્ષમાગુણને જીવ પ્રગટ કરી શકે છે. જરૂર છે માત્ર પુરુષાર્થની.

મોહનીયકર્મ પ્રબળ હોવા છતાં પણ તેને શાંત કરવા, ક્ષીણ કરવા



માટે જીવ પાસે સાધનો પણ વધારે છે. ચાર અઘાતીને દૂર કરવા માત્ર એક ક્ષયરૂપ સાધન. ચાર ઘાતી માટે ક્ષય અને ક્ષયોપશમરૂપ બે સાધનો. જ્યારે મોહનીય માટે ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમરૂપ ત્રણ સાધનો છે. તેથી જો જીવ પુરૂષાર્થ ઉપાડે તો મોહનીયનો નાશ જલ્દી કરી શકે છે.

શિષ્યે આગળ એક પ્રશ્ન કર્યો હતો : **કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય?** એ ખૂબ વિચારણીય છે.

પ્રથમ તો એ કે આત્મા અને કર્મનો સંયોગ અનંતકાળથી ચાલ્યો આવે છે. છતાં એક પણ કર્મની સ્થિતિ અનંતકાળની નથી અને એક પણ જીવ કર્મરહિત રહ્યો નથી. અનાદિથી આજ સુધી જીવ સાથે આઠે-આઠે કર્મો અનંત-અનંત કાર્મણ પુદ્ગલ વર્ગણા સાથે રહ્યાં છે. આજે પણ અનંત અનંત કર્મો જીવ સાથે છે. કર્મનો આ અખંડ પ્રવાહ સમજીએ.

જે ક્ષણે જીવ કર્મ બાંધે, તે ક્ષણે જ તે કર્મની પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ નિશ્ચિત થઇ જાય છે. જે આપણે અગાઉ કહી ગયાં છીએ. તેમાં અહીં સ્થિતિની વાત કરીએ. આઠે કર્મની સ્થિતિ ભિન્ન ભિન્ન છે. એટલું જ નહીં, એક મોહનીય કર્મની સ્થિતિ હંમેશા એક સરખી નથી હોતી. જઘન્ય અંતર્મુહૂર્તથી લઇ ઉત્કૃષ્ટ ૭૦ ક્રોડાક્રોડ સાગર સુધીની ગમે તે સ્થિતિ નિશ્ચિત થાય.

જેમ-જેમ સમય પાકે તેમ-તેમ, એક-એક પરમાણુ ઉદયમાં આવતા જાય અને ફળ આપીને ખરી જાય તેની નિશ્ચિત થયેલી સ્થિતિ પછી એક સમય પણ વધારે એ આત્મા સાથે રહી શકે નહીં. મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ ક્રોડાક્રોડ સાગરની, તેથી વધુમાં વધુ આત્મા સાથે તે આટલો કાળ જ રહી શકે. તે પછી તેને આત્માથી અલગ થવું જ પડે. તેથી એ સાબિત થાય છે કે ઉત્કૃષ્ટ સ્થિતિનું બંધાયેલ મોહનીય પણ અનંતકાળનું તો ન હોય. છતાં અનંતકાળમાં કદી મોહનીયનો સર્વથા ક્ષય થયો નથી તેનું કારણ એ કે દરેક કર્મની કડી જોડાતી રહે છે. પ્રત્યેક સમયે જીવ કર્મ તો બાંધે જ છે. તેથી તેનો પ્રવાહ રોકાતો નથી.

પણ અહીં આપણા માટે Positive Point એ છે કે અનંતકાળની સ્થિતિવાળું એક પણ કર્મ નથી તેથી આપણે તેનો અંત કરી શકીએ છીએ. અરે! કર્મોથી નિષ્પન્ન મિથ્યાત્વ, રાગ-દ્વેષ આદિ ભાવો અનંતકાળનાં હોવા છતાં તેને પણ છેદી શકીએ છીએ તો મર્યાદિત સ્થિતિવાળા કર્મોને

તો જરૂર નષ્ટ કરી નાખી શકીએ.

બીજી વાત શિષ્યના મનમાં એક શંકા એ પણ હતી કે કર્મપ્રવાહ અનંતકાળનો, અને આપણું આયુષ્ય અત્યલ્પ, તેમાં આટલા કર્મોને કેમ છેદાય ? પણ બહુ જ સાદી સમજણની વાત છે કે કોઇ પણ વસ્તુને બનાવતાં કે બનતાં જેટલો સમય લાગે તેટલો સમય તેનાં નાશમાં ન લાગે. એક મોટું મકાન બનતાં ૬ - ૧૨ મહિના લાગે પણ એ જ મકાનને તોડી પાડવું હોય તો કદાચ એટલા દિવસો જ બસ થઇ પડે. એક બીજમાંથી વિશાળ વૃક્ષને વધતાં કેટલાય વર્ષો લાગ્યા હોય પણ તેને નષ્ટ કરવા માટે થોડા કલાકોની જ જરૂર રહે.

એ જ રીતે અનંતકાળનાં કર્મોને નષ્ટ કરવામાં અનંતકાળ નથી લાગતો. બહુ જ થોડા સમયમાં, કે જે અનંતકાળની અપેક્ષાએ નગણ્ય કાળ છે, કર્મો સર્વથા નાશ થઇ શકે છે. આપણી સામે ભગવાન મહાવીરનો ભૂતકાળ મોજૂદ છે. પ્રભુના સત્તાવીશ ભવોની ગણતરી થાય છે. તેમાં પ્રભુએ આત્મા માટે પુરૂષાર્થ કર્યો તેવા ભવ કેટલા? માત્ર આઠ જ ભવ : ૧ - ૩ - ૧૬ - ૧૮ - ૨૨ - ૨૩ - ૨૫ અને અંતિમ અર્થાત્ ૨૭ મો ભવ. જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા તપની આરાધના આ ભવોમાં જ કરી. આ આઠ ભવોના સમયનું માપ કાઢીએ તો કેટલું અલ્પ થાય? આત્મામાં મહાવીરત્વ જાગ્યા પછી કાયર કર્મોનો નાશ કરતા વાર લાગતી નથી.

વળી એક વાત સમજી લઇએ કે જીવ અનંત સંસારનાં ભ્રમણમાં અનંત પુદ્ગલ પરાવર્તન કરે છે. તેમાંથી જ્યારે અંતિમ પુદ્ગલ પરાવર્તન બાકી રહે ત્યારે જ તેને સમ્યગ્દર્શન થાય. સમ્યગ્દર્શન થયા પછી કેટલાક ભવો ભલે થાય પણ તેને મોક્ષ જવાનો સમય નિશ્ચિત થઇ ગયો. કાળ-મર્યાદા બંધાઇ ગઇ. જેમ કોઇ માણસ પર એક લાખ રૂપિયાનું દેણું હોય અને તે ૯૯૯૯૯ રૂ. ચૂકવી દે પછી માત્ર એક રૂપિયાનું જ રહે, તેનું કદાચ વ્યાજ પણ થાય, તો પણ ચૂકવતાં વાર કેટલી?

જીવનું પણ એમ જ છે. જીવ સર્વ પ્રકારે પાત્ર થઇ ગયો હોય. ઉપાદાન તૈયાર હોય, નિમિત્ત મળવાની જ વાર! ઉત્તમ નિમિત્ત મળે તો, તો જીવના વિભાવને તૂટતા વાર નથી લાગતી. ગાથામાં કહ્યું : હણે ક્ષમાદિક તેહ.



ચંડકૌશિક સર્પ જેવો કાળઝાળ જંતુ જેની દૃષ્ટિમાં જ નહીં પણ અંતરમાંય વિષ જ હતું, પોતાની માની લીધેલી માલિકીના સ્થાનમાં કોઇ માનવ કે પશુ કે વૃક્ષ તો ન રહી શકે પણ આકાશમાં પક્ષી પણ ન ઊડી શકે. જો કોઇ આવે તો તેને કૌશિકના વિષનો ભોગ બનવું પડે. આટલી ભયંકર વિષવૃત્તિ હોવા પછી ભ. મહાવીર જેવું અત્યુત્તમ નિમિત્ત મળતા તેનો ક્રોધ શાંત થઇ ગયો. રોમે-રોમે ક્ષમા જાગૃત થઇ ગઇ. બદલાઇ ગયો સર્પ.

ઇન્દ્રભૂતિ ગૌતમ અભિમાનથી ચૂર બની, સર્વજ્ઞ પરમાત્મા પ્રભુ મહાવીરનો ગર્વ ઉતારવા ગયા ને પોતે જ પ્રભુના ચરણમાં સર્વસ્વ સોંપી નમ્રાતિનમ્ર બની ગયાં. માન ગયું અને વિનય પ્રગટ થઇ ચૂક્યો.

એથી પણ થોડા નજીકના ભૂતકાળની વાત કરીએ. જૈન શ્વેતામ્બર ઇતિહાસના સમર્થ વિદ્વાન આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ, જન્મે બ્રાહ્મણ. વેદ, પુરાણ, ઉપનિષદ, વ્યાકરણ, ન્યાય વગેરેના અદ્ભુત વિદ્વાન. તેઓની વિદ્વત્તા સામે કોઈ ટક્કર ન ઝીલી શકે એવું પ્રચંડ તેમનું જ્ઞાન. તેઓ પોતે પણ એ માનતા કે આ જગતમાં મારા જેવી વિદ્વત્તા ધરાવનાર કોઇ પુરુષ જન્મ્યો જ નથી. તે છતાં અંદરમાં યોગ્યતા પડી છે, તેથી મનોમન નિર્ણય કર્યો છે કે એવી કોઇ પણ વ્યક્તિ મને મળશે કે જેનું કહેલું તત્ત્વ સમજી નહીં શકું - તેમનો શિષ્ય બની જઇશ.

એક સમયે એક મકાન પાસેથી પસાર થઇ રહ્યા છે જે મકાનમાં કેટલાક સાધ્વીઓ બિરાજે છે. તેમાંના એક વૃદ્ધ સાધ્વીજી શાસ્ત્રનો સ્વાધ્યાય કરી રહ્યાં છે. શબ્દો હરિભદ્રજીના કાને પડ્યા, તેઓ ત્યાં ઊભા રહી ગયા. વારંવાર એક ગાથા અને તેમાં આવતા એક સરખા શબ્દનું પરિયટન ચાલે છે. સમજવા પ્રયત્ન કરે છે પણ સમજી શકતા નથી.

તેઓ આજ્ઞા લઇ અંદર ગયા, જોયું વૃદ્ધ સાધ્વીજી ગાથાઓનો સ્વાધ્યાય કરે છે. પૂછ્યું : આપ શું બોલો છો? ફરી બોલશો? સાધ્વીજીએ એ જ ગાથા કહી બતાવી :

**चक्कि दुगं हरिपणगं, पणगं - चक्कीण केशवो चक्की,**
**केशव चक्की केशव दुचक्की सी उ। चक्की उ।**

આ ચક્કી - ચક્કી એમને ન સમજાયું. ઘણો વિચાર કર્યો છતાં

સમજાતું નથી. તેમણે કહ્યું : આર્યાજી! આ ગાથાનો અર્થ બતાવશો?

સાધ્વીજી અર્થ કહે છે : દરેક છ આરામાં ૬૩ શલાકા પુરુષ થાય છે. શલાકા અર્થાત્ શ્લાઘનીય, પ્રશંસનીય. તેમાં ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ, ૯ બળદેવ. આ ગાથામાં ચક્રવર્તી અને વાસુદેવ કયા ક્રમથી થયા તે બતાવ્યું છે.

પ્રથમ બે ચક્રવર્તી પછી પાંચ વાસુદેવ.
પછી પાંચ ચક્રવર્તી પછી એક વાસુદેવ.
પછી એક ચક્રવર્તી પછી એક વાસુદેવ.
પછી એક ચક્રવર્તી પછી એક વાસુદેવ.
પછી બે ચક્રવર્તી પછી એક વાસુદેવ.
પછી એક ચક્રવર્તી.

આ ક્રમથી ૧૨ ચક્રવર્તી અને ૯ વાસુદેવ થયા. ચક્કીનો અર્થ ચક્રવર્તી અને હરિનો અર્થ વાસુદેવ.

હરિભદ્રસૂરિ સંસ્કૃતના વિદ્વાન હતા અને આ ગાથા હતી પ્રાકૃતમાં તેથી તેઓ સમજી ન શક્યા. પણ સમજ્યા એટલે તેમનાં અંતરમાં કરેલો નિર્ણય, જે કોઇ નથી જાણતું પણ તે અનુસાર તેઓને સાધ્વીજીના શિષ્ય થવું જ જોઇએ. તેઓ સાધ્વીજીના ચરણમાં પડી ગયા અને કહ્યું આર્યાજી! મને શિષ્ય તરીકે સ્વીકારો. મારી પ્રતિજ્ઞા હતી કે જેનું કહેલું તત્ત્વ ન સમજું તેમનો શિષ્ય થઇ જઇશ ! સાધ્વીજીએ એમને કહ્યું : ભદ્ર પુરુષ ! હું સાધ્વી છું. કોઇ પુરુષને શિષ્યરૂપે ન સ્વીકારી શકું. આપ અમારા ગુરુદેવ આચાર્ય ભગવંત અહીં જ બિરાજે છે, તેમની પાસે જઇ શકો છો. અને હરિભદ્રજી આચાર્ય ભગવંત પાસે જઇ તેમનાં શિષ્ય થઇ ગયા. જૈન સાધુનાં વ્રતો સ્વીકારી લીધાં પણ તેમનું પ્રથમ સમર્પણ જે સાધ્વીજીના ચરણોમાં થયું હતું તેમનો ઉપકાર કદી ભૂલ્યા નહીં. એટલું જ નહીં, એ સાધ્વીજીનું નામ હતું યાકિની. એ સમયે સાધ્વીજીને મહત્તરા કહેતાં. હરિભદ્રસૂરિજીએ દીક્ષા લીધા પછી જ્યાં જ્યાં પોતાનું નામ આવે ત્યાં ત્યાં યાકિની મહત્તરા સુનૂ જ લખ્યું. સુનૂ અર્થાત્ પુત્ર. આપણાં ઇતિહાસના મહાન સમર્થ આચાર્ય પણ ઉપકારને ન ભૂલ્યા. પોતાનો ગર્વ જેણે ગાળ્યો તેને ન વિસર્યા. તેઓએ ૧૪૪૪ ગ્રંથો લખ્યાં. બધે જ યાકિની મહત્તરા સુનૂ



નામ તો ખરૂં જ.

બંધુઓ ! ચંડકૌશિક સર્પ હોય! ઇન્દ્રભૂતિ ગૌતમ હોય કે હરિભદ્ર! પણ ઉપાદાન તૈયાર હતા તો ઉત્તમ નિમિત્તો મળતાં ક્રોધાદિને હણી નાખ્યાં. અનંતકાળથી સતાવતા વિભાવોને દૂર કરી દીધાં. તેથી આપણા વ્યવહારમાં જે બોલાય છે કે - પ્રાણ ને પ્રકૃતિ સાથે જ જાય એ અતિ ભૂલ ભરેલી માન્યતા છે. અનેક અધમ અને પાપી જીવોએ પણ પોતાની પ્રકૃતિને બદલી નાખી છે. ક્રોધી હતા તે ક્ષમાધર થઇ ગયા. અહંકારી હતા તે નમ્રાતિનમ્ર બની ગયાં. ઘોર હિંસક હતા તે અહિંસાના પૂજારી બની ગયા. પ્રપંચી હતા તે સરળતાની મૂર્તિ બની ગયા. આ સહુએ પ્રકૃતિને જ બદલી. તેથી જ તે સહુ પાર પામી ગયા. જો પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જતા હોય તો કોઇ જીવ કદિ મોક્ષ પામી શકે નહીં. ભવોભવ ક્રોધાદિ વિભાવો સાથે જ ચાલે તો છૂટવાનો આરો જ નહીં. પણ એમ નથી.

તેથી જ શ્રીમદ્જીએ પણ કહ્યું કે ક્ષમાદિભાવોને જાગૃત કરવાથી ક્રોધાદિ કષાયોનો નાશ થઇ જાય છે. મોક્ષના સચોટ ઉપાય રૂપ, પ્રયોગાત્મક ધોરણે જીવે શું કરવું જોઇએ તે આટલી ગાથાઓમાં શ્રીમદ્જી કહી ગયા.

હવે શિષ્યની શંકાઓનું સમાધાન અવસરે.

# તે પદની સર્વાંગતા......!

**વીતરાગ પરમાત્મા**, **અનંતજ્ઞાની**, અનંતદર્શની પ્રભુ વીર, જગતના **ભવ્ય જીવો સમક્ષ અમૃતમય** વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને **મોક્ષનો માર્ગ બતાવી** ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્‌દર્શન, **સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્‌ચારિત્ર**થી થાય છે.

આ **ત્રિ-રત્નની આરાધના** એ જ જીવ કરી શકે છે કે જેનું **ચિત્ત** ઉદાત્ત ભાવોથી ભરાયેલું છે. **સંકુચિત** માનસ આરાધનાને યોગ્ય નથી હોતું. ઉદારતા **તેમજ** ઉદાત્તતા **અંતરના** દ્વારોને ખોલી નાખે છે.

**સંકુચિત વિચાર શ્રેણીવાળા**, ક્રિયા અનુષ્ઠાનોની માન્યતાથી મોક્ષ માનનારા, **અનેક ધર્મ-મત-પંથના** વિચારોને સાંભળી-સાંભળી શિષ્યની મતિ મૂંઝાઇ **જાય છે. તેથી જ મોક્ષોપાયની** સત્યતાનો નિર્ણય કરી શકતો નથી. ગુરુદેવ **પાસે તેણે પોતાની શંકા** રાખી હતી. અથવા મત દર્શન ઘણાં..... ગુરુદેવ **એ શંકાનું સમાધાન** આપતા ફરમાવે છે.

**છોડી મત દર્શન તણો, આગ્રહ તેમ વિકલ્પ;**

**કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ....૧૦૫....**

અમુક મત કે **દર્શનને માનવાથી જ મોક્ષ** મળે એવો આગ્રહ તથા વિકલ્પ બંને છોડવાના છે. **આગ્રહ છે ત્યાં અજ્ઞાન છે.** જ્ઞાની કદિ આગ્રહી ન હોય. અજ્ઞાનમાંથી જ કદાગ્રહ જન્મે છે. **પછી તે મત-પંથ** વિષે હોય, ધર્મનાં ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે કે **પારિવારિક ક્ષેત્રે હોય**; પણ અજ્ઞાનતા જ તેમાં ભાગ ભજવે છે. વળી પોતાની માન્યતાના ચોગઠામાં ફસાયેલો, સંકુચિત માનસનો માનવ જ કદાગ્રહી હોય તે સત્ય ચાહક ન હોય. જ્યારે જ્ઞાની, માત્ર સત્યને ઇચ્છે. સાચું તે મારૂં તે સિદ્ધાંત જ્ઞાનીનો અને મારૂં તે સાચું એ સિદ્ધાંત અજ્ઞાનીનો.

જ્ઞાની એક જ વિષયને, વસ્તુને પ્રસંગને અનેક રીતે મૂલવી શકે. અનેક પાસાઓથી તેનું માપ કાઢી શકે. તેથી જ જૈન પરંપરા પ્રબુદ્ધ વિચારક, મહામનિષિઓએ સ્યાદ્વાદનો સિદ્ધાંત આપ્યો. સ્યાદ્વાદ એ શું છે? કદાગ્રહથી સંપૂર્ણ દૂર, સાપેક્ષ દૃષ્ટિ એ જ છે સ્યાદ્વાદ, આમ પણ હોય અને તેમ પણ હોય. બંને વાત પોતપોતાની અપેક્ષાએ સત્ય હોય. એ જ



વાતને નિરપેક્ષ દૃષ્ટિથી વિચારતાં અસત્ય ઠરાવી શકાય, પણ જ્યાં સમન્વયવાદી દૃષ્ટિકોણ હોય ત્યાં આગ્રહ કે અસત્યને અવકાશ જ નથી. તેથી જ ગુરુદેવ શિષ્યને કહી રહ્યાં છે કે અનેક મત-દર્શનોનાં સિદ્ધાંતો તેં સાંભળ્યા પણ તેને સ્યાદ્વાદના સિદ્ધાંતથી કસી લે. તો તેની શુદ્ધતા સત્યતાથી પકડમાં આવશે.

બીજી વાત કહી વિકલ્પને ટાળવાની. રાગ-દ્વેષ જ વિકલ્પ જન્માવે છે. જ્યાં જીવના રાગ-દ્વેષ મંદ પડતા જાય ત્યાં નિર્વિકલ્પ દશા પ્રગટ થાય છે. વિકલ્પો જ એક મત-પંથ-સંપ્રદાય પ્રત્યે રાગ જન્માવે અને અન્ય પ્રત્યે દ્વેષ જન્માવે. અને તેમાંથી જ માન્યતા ઊભી થાય છે કે આ મત સાચો અને ખોટો. બહારના ક્રિયા-અનુષ્ઠાનો પરથી જ તે માપ કાઢતો થઇ જાય. અને પોતે જેની માન્યતામાં વર્તતો હોય તે સંપ્રદાયને માન્ય ક્રિયા આચાર જ સાચા, બીજા ખોટા એવી માન્યતાનો શિકાર થઇ જાય.

દાખલા તરીકે, **સ્થાનકવાસી** સંપ્રદાયની માન્યતાવાળા શ્રાવક **સામાયિક** કરે તો, મુખે મુહપત્તિ બાંધીને કરે. એક દેરાવાસી કરશે તો હાથમાં મુહપત્તિ રાખશે અને **દિગમ્બર પરંપરાવાળા** શ્રાવક મુહપત્તિ રાખશે જ નહીં. આ ત્રણેયને એક સ્થાનમાં ભેગા કરીને પૂછો કે તમારા ત્રણમાંથી કોની રીત સાચી? કલ્પના કરો, શું ઉત્તર મળશે? ત્રણેય પોતાની રીત સાચી કહી, બીજા બેને ભાંડશે. સ્થાનકવાસી કહેશે, ઉઘાડે મુખે સામાયિક કરે તે તો મહાપાપી, તેથી હું કરૂં છું તે સાચું, આ બંને ખોટા. દેરાવાસી કહેશે સામાયિકમાં મુહપત્તિનું પડિલેહણ તો કરવું જ જોઇએ, જો ન થાય તો સામાયિક ખોટી. અને દિગમ્બર કહેશે મુહપત્તિ તો પરિગ્રહ છે, તેથી તે બંને ખોટા, હું અપરિગ્રહી છું તેથી હું સાચો!

કહો બંધુઓ! કોણ સાચો અને કોણ ખોટો? વાસ્તવમાં સામાયિક શું છે? સામાયિકમાં અમુક ઉપકરણો હોવા જ જોઇએ એવી જે પરંપરા છે તે સંપ્રદાયના પૂર્વાચાર્યોએ ચલાવેલી પરંપરા છે. તેનો પણ કંઇક અર્થ હોય, મહત્ત્વ હોય, પણ એનો અર્થ એ નથી કે એમ જ, એ ઉપકરણો સહિત થાય તો જ સામાયિક સાચી, અન્યથા ખોટી. સામાયિક એટલે સમતા. સામાયિક કરીને જે સમતા સાધી શકે તેની સામાયિક સાચી. અનુકૂળતા એને ફુલાવે નહીં અને પ્રતિકૂળતા કરમાવે નહીં. કોઇ પણ પરિસ્થિતિમાં મન વ્યાકુળ ન થતાં સમત્વ સાધી શકે તો ખરી સામાયિક. પછી ગમે તે પંથને માન્ય ઉપકરણો હોય, તેથી કંઇ જ ફરક પડતો નથી.

મારૂં કહેવાનું એ નથી કે સ્થાનકવાસી મુહપત્તિ બાંધવાની છોડી દે કે દેરાવાસી મુહપત્તિ બાંધવા માંડે. પણ વ્રતાદિના રહસ્યોને સમજી, શા માટે કરવા છે? કેવી રીતે કરવા? કર્યા પછી જીવનમાં પરિવર્તન કેટલું? આ વિચાર અતિ આવશ્યક છે. આવું સમજનારો મત-પંથનો આગ્રહી નહીં રહે.

શ્રીમદ્જી કહે છે આગ્રહ અને વિકલ્પ તજી, જે મોક્ષનો માર્ગ બતાવ્યો તેને સાધે તો અલ્પ કાળમાં મોક્ષ થાય. આગળ પણ કહી ગયા કે મોહનીયને જીતો તો મોક્ષ મુઠ્ઠીમાં. અહીં પણ એ જ કહ્યું. દર્શનમોહનીય જીવમાં આગ્રહ જન્માવે છે. અને ચારિત્ર મોહનીય વિકલ્પ ઊભા કરે છે. એ બંનેને બોધ અને વીતરાગતાથી જીતી લેવાય તો પછી જીવને વધુ ભવ કરવાના ન રહે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી કોઇ જીવ તે જ ભવે મોક્ષે જઇ શકે. કોઇ ત્રીજે, તો કોઇ પંદરમે. તેના જન્મો બહુ જ ઓછા રહે. માટે બતાવેલા માર્ગે ચાલવાનું છે. મત-દર્શન-સંપ્રદાયના સંકુચિત કુંડાળામાં ન રહેતા, જેનાથી રાગ-દ્વેષની મંદતા થાય તે આચારને સેવવો. પછી તે ગમે તેણે બતાવ્યો, ગમે ત્યારે બતાવ્યો. કોઇ મત-પંથવાદીઓનો ઠેકો નથી કે તેમના માર્ગે જ રાગ-દ્વેષ મંદ થઇ શકે. બસ, કરવાનું માત્ર એટલું જ છે.

વળી શિષ્યને ગુરુદેવ સમજાવતાં કહે છે -

**ષટ્ પદનાં ષટ્ પ્રશ્ન તેં, પૂછ્યા કરી વિચાર;**
**તે પદની સર્વાંગતા, મોક્ષ માર્ગ નિર્ધાર....૧૦૬.....**

ગુરુદેવ શિષ્યની ચિંતનશીલતાથી પ્રસન્નતા અનુભવે છે. હે શિષ્ય! છ પદનાં છ પ્રશ્નો તે ઘણાં ઊંડા ચિંતન પછી મને પૂછ્યા. અને મેં તેનાં સમાધાન આપવાનો પ્રયત્ન કર્યો. તારામાં રહેલી આત્મિક યોગ્યતાના કારણે એ સર્વ પદોને તું સમજ્યો. એ છ યે પદ એક-બીજા સાથે અતૂટ સંબંધ કરાવે છે. તેમાંથી એક પણ પદને ઓછું આંકવાથી મોક્ષમાર્ગમાં ક્ષતિ પહોંચે. છ યે છ પદને સર્વ રીતે, સર્વથા સમજીને, વિવેક કરીને, આદરવા યોગ્ય આદરવું તે જ છે વાસ્તવિક મોક્ષમાર્ગ.

પ્રથમ પદ : 'આત્મા છે.' આત્માના અસ્તિત્વનો સ્વીકાર ન થાય તો મોક્ષ કોનો? મોક્ષ ઉપાય કરે કોણ? આત્માને ન માનવાથી મોક્ષનો પણ અભાવ થશે.

બીજું પદ : 'આત્મા નિત્ય છે.' આત્માને બૌદ્ધોની જેમ ક્ષણિક માનવાથી, મોક્ષ કોણ પામે? મોક્ષની આરાધના કરનાર તો ક્ષણિક હોવાથી નાશ પામી જાય. તેથી મોક્ષ ન સંભવે. સાંખ્યોની જેમ આત્માને



એકાંતે નિર્લેપ માનવાથી સંસાર કોનો? સંસાર છે તો મોક્ષ છે. આત્માનો સંસાર ન હોય તો મોક્ષ પણ ન સંભવે. નૈયાયિકોની જેમ આત્માને કૂટસ્થ નિત્ય માનવાથી તેની પર્યાયોમાં પરિવર્તન થાય નહીં. અત્યારે મનુષ્ય છે તો હંમેશા મનુષ્ય જ રહે, અથવા શુદ્ધ છે તો શુદ્ધ જ રહે. તો પણ મોક્ષ ન સંભવે. મનુષ્ય મટીને સિદ્ધદશા ન પામે તથા શુદ્ધ જ છે તેને શુદ્ધ થવાનું હોય નહીં. તેથી મોક્ષનો ઉપાય શું કરવાનો?

આત્માને એકાંતે અકર્તા અને અભોક્તા મનાય તો કર્મનો બંધ પણ નહીં થાય. કર્મબંધ નથી તો સંસાર નથી. સંસાર નથી તો મોક્ષ નથી. તેથી મોક્ષપદની સિદ્ધિ થશે નહીં.

'મોક્ષ છે.' આ પદને ન માનતાં મોક્ષના હોવાપણાનો જ નિષેધ કરવામાં આવે અને જીવ કર્મ બાંધ્યા કરે અને ભોગવ્યા કરે. આવું ચક્ર ચાલતું રહે એમ માનીએ તો પણ મોક્ષપદની સિદ્ધિ ન થાય.

છેલ્લું પદ મોક્ષનો ઉપાય, તે નથી તેમ માનતા પણ મોક્ષપદની સિદ્ધિ ન થાય.

પણ સ્યાદ્વાદ શૈલીથી સર્વ પદને અપનાવતાં, જૈનદર્શનની દૃષ્ટિથી વિચાર કરતાં આત્માના અસ્તિત્વને સ્વીકારી, તેને કથંચિત્ નિત્ય અને કંથચિત્ અનિત્ય જાણીએ. આત્મા નિશ્ચયનયે કર્મનો કર્તા અને ભોક્તા ન હોવા છતાં પણ વ્યવહારનયે કર્તાભોક્તા છે. અને તો જ આત્માને મુક્ત કરવાના પ્રયત્નો અને મોક્ષનું મૂલ્ય છે. આત્મા બંધાયો છે તેમ મુક્ત પણ થઇ શકે છે. તે જ તેનો મોક્ષ છે. અને એ મોક્ષ પામવા માટેનો માર્ગ પણ છે.

આમ છ યે પદોને આપણી શ્રદ્ધામાં સ્યાદ્વાદના સૂત્રથી **સાંકળતા** મોક્ષમાર્ગ પ્રશસ્ત બને છે. તેથી જ ગુરુદેવ કહે છે કે હે શિષ્ય! **છ યે પદોની સર્વાંગ સંપૂર્ણતા એ જ મોક્ષમાર્ગ છે તેમ તું અંતરથી નિર્ણય કર. અને આત્મા એ જ મોક્ષમાર્ગને આરાધવાનું અનુપમ સામર્થ્ય ધરાવે છે એ** પણ લક્ષ્યમાં લે.

હવે અન્ય શંકાઓનું સમાધાન અવસરે....

# જાતિ વેષનો ભેદ નહીં...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના એક, અનન્ય અને અવ્યાબાધ સ્થિતિની પ્રાપ્તિ અર્થે થાય છે. કર્મ સહિત જીવ, અનેક પરિસ્થિતિઓમાં અટવાયા કરે છે. છ ખંડની સાહ્યબી ભોગવતો ચક્રવર્તી ગઇ કાલ સુધી ખમ્મા ખમ્મા થતો હોય અને આજે નરકમાં ઉત્પન્ન થાય તો અનંત વેદનાઓથી પીડાતો હોય. કર્મે સ્થિતિ બદલી નાંખી.

આ જ રીતે પ્રત્યેક જીવ, અનેકવાર અનેક પરિસ્થિતિઓમાંથી પસાર થતો રહ્યો. એક અખંડ સ્થિતિને પામ્યો નથી. પણ જે ક્ષણથી મોક્ષમાર્ગે ડગ ભરવા માંડે છે, આત્મામાં સ્થિરતા વધતી જાય છે તે ક્ષણથી જ અવ્યાબાધ સ્થિતિનું પ્રાગટ્ય વધતું ચાલે છે. અને અંતે સર્વ કર્મોથી રહિત થઇ ચિરકાળ સનાતન શાશ્વત સ્થિતિને પ્રાપ્ત કરી લે છે.

શાશ્વત સ્થિતિની પ્રાપ્તિના ઉપાયો એ જ મોક્ષમાર્ગ. શિષ્ય પણ આવી સ્થિતિ પામવા તલસી રહ્યો છે. તેથી જ મનની સર્વ આશંકાઓ ગુરુદેવ સમક્ષ મૂકી દીધી. ગુરુદેવ અત્યન્ત સ્નેહભાવે સરળતાભર્યું સમાધાન આપી રહ્યાં છે. છેલ્લી શંકા હતી 'કઇ જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ?' તેનાં ઉત્તરમાં ગુરુદેવ ફરમાવે છે :

**જાતિ વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય ;**
**સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય....૧૦૭...**

મોક્ષ પામવા માટે જાતિ કે વેષ આવશ્યક નથી. અમુક જાતિનો હોય. ઊંચા કુળમાં જન્મ્યો હોય, તો જ મોક્ષ થાય તેમ નથી. મોક્ષ અર્થે જે સાધના કરવાની છે તે કોઇ પણ વ્યક્તિ કરી શકે છે. આત્માએ આત્માનો



ધર્મ જાગૃત કરવાનો છે. જે આત્મા છે, તે સાધના કરી શકે. જડને સાધના નથી. વળી વ્યાવહારિક ભાષામાં કહીએ તો 'પાળે એનો ધર્મ ને બાંધે એની તલવાર.'

કેટલાક અજૈન લોકો પૂછતા હોય છે કે અમારે જૈનધર્મ સ્વીકારવો હોય તો સ્વીકારી શકાય કે નહીં? ઉત્તર એ જ કે જૈન ધર્મ વિશ્વવ્યાપી ધર્મ છે. એ ગુણપૂજક છે, વ્યક્તિપૂજક નથી. કારણ એ આત્માનો ધર્મ છે. આત્માનો ધર્મ આત્મા સ્વીકારે તો તેમાં કોઇનેય વાંધો શું હોય શકે ? વળી એ પણ જાણી લેવું જોઇએ કે જૈન એ કોઇ જાતિ નથી, કુળ નથી પણ ધર્મ છે. આજે જૈનધર્મને માનનારા મોટે ભાગે વૈશ્યો છે. જ્યારે તીર્થંકરના જમાનામાં ક્ષત્રિયો પણ જૈનધર્મના અનુયાયીઓ હતા. જો કે આ કાળમાં પણ અન્ય વર્ણવાળા જૈન ધર્મી છે. તો કોઇ વર્ણ કે જાતિ કે કુળ સાથે કોઇ પણ ધર્મને સીધો સંબંધ હોઇ શકે નહિ.

ભગવાન મહાવીરનાં ચરણોમાં સર્વ વર્ણના જીવો દીક્ષિત થઇ મોક્ષ પામ્યા છે. એક કવિએ સુંદર રીતે એ ભાવો ગાયા છે.

**કોઇ ન ઊંચું કોઇ ન નીચું, મહાવીરના શાસનમાં**
**એક જ સરખું સ્થાન સહુનું, ધર્મતણાં આંગણમાં...**
**પાળે એનો ધર્મ અહીં છે, જાત - પાતના ભેદ નહીં છે**
**દષ્ટિભેદ નથી જ્ઞાનીને, હરિજન કે બ્રાહ્મણમાં...**
**ગૌતમ જન્મ્યા બ્રાહ્મણ કુળમાં, અભયકુમાર તો ક્ષત્રિયકુળમાં**
**જંબુસ્વામી વૈશ્ય થયા તો, હરિકેશી હરિજનમાં...**
**માણસ મોટો ધર્મ થકી છે, કુળ નહીં પણ કર્મ થકી છે**
**માન્યો છે અધિકાર જવાનો, સહુને મુક્તિ નગરમાં...**

રાગ-દ્વેષ વિજેતા, વીતરાગ, સર્વજ્ઞ પ્રરૂપિત આ માર્ગમાં કંઇ જ ભેદ નથી. ઊંચ-નીચના ભેદ નથી, જાતિ, વર્ણ કે લિંગના ભેદ નથી. જેણે ભેદ વિજ્ઞાન પ્રગટાવી જ્ઞાન અને આત્માના અભેદ સ્વરૂપને અનુભવી લીધું તે મોક્ષનો અધિકારી. પછી એ ગૌતમ જેવો બ્રાહ્મણ હોય, અભયકુમાર જેવો ક્ષત્રિય હોય, જંબુ જેવો વૈશ્ય હોય, કે હરિકેશી જેવો ચાંડાલ હોય !

મળેલી જાતિ તો શરીરની છે. આત્મા કોઇ જાતિનો નથી. માનવરૂપે જન્મ લેનાર વ્યક્તિને આખર કોઇ ને કોઇ કુળમાં તો આવવું જ પડે. જાતિ-કુળની વ્યવસ્થા એ સામાજિક વ્યવસ્થા છે. સમાજને સુગઠિત તથા વ્યવસ્થિત રાખવા માટે એ અનિવાર્ય પણ હોય. છતાં આત્મઆરાધના કરવામાં ક્યાંય આ વ્યવસ્થા બાધારૂપ નથી બનતી. જેનાં અંતરના પડળ ઊઘડી જાય છે એ પછી સામાજિક દૃષ્ટિએ હલકી ગણાતી જાતમાંથી ભલેને આવ્યા હોય, પણ આત્માને સાધી લે છે.

પૂર્વજન્મના ઉત્તમ સંસ્કારો લઇને આવનાર મહાપુરુષો કોઇ પણ પ્રદેશ કે જાતિમાં જન્મ્યા હોય પણ તેમના સંસ્કારો ઝળક્યા વગર રહેતા નથી અને તેઓ આત્માને સાધી લે છે.

શાસ્ત્રીય દૃષ્ટિથી વિચાર કરીએ તો પ્રભુએ પંદર ભેદે સિદ્ધ કહ્યાં. ૧. તીર્થસિદ્ધા, - તીર્થંકર તીર્થની સ્થાપના કરે તે પછી જે મોક્ષે ગયા તે ગણધર આદિ. ૨. અતીર્થસિદ્ધા - તીર્થની સ્થાપના થયાં પહેલાં મોક્ષે ગયા તે મરૂદેવી માતા આદિ. ૩. તીર્થંકર સિદ્ધા - તીર્થંકરની પદવી પામીને મોક્ષે ગયા તે ઋષભદેવ આદિ તીર્થંકરો. ૪. અતીર્થંકર સિદ્ધા - તીર્થંકરની પદવી પામ્યા વિના, સામાન્ય કેવળીરૂપ મોક્ષે ગયા તે. ૫. પ્રત્યેકબુદ્ધ સિદ્ધા - કોઇ પદાર્થને જોઇ, પ્રતિબોધ પામી પોતાની મેળે જ ચારિત્ર લઇ મોક્ષે ગયા તે કરકંડુ આદિ. ૬. સ્વયંબુદ્ધ સિદ્ધા - ગુરુના ઉપદેશ વિના, જાતિ-સ્મરણ જ્ઞાન આદિ પામીને મોક્ષે ગયા તે કપિલ આદિ. ૭. બુદ્ધબોધિ સિદ્ધા - ગુરુનો ઉપદેશ સાંભળી, વૈરાગ્ય પામી મોક્ષે ગયા તે. ૮. એક સિદ્ધા - એક સમયમાં એક જ જીવ મોક્ષે ગયા તે મહાવીર સ્વામી. ૯. અનેક સિદ્ધા - એક સમયમાં ઘણા જીવો મોક્ષે ગયા તે, ઋષભદેવ આદિ. ૧૦. સ્ત્રીલિંગ સિદ્ધા - સ્ત્રીલિંગે મોક્ષે ગયા તે ચંદનબાળા આદિ. ૧૧. પુરુષલિંગ સિદ્ધા - પુરુષલિંગે મોક્ષે ગયા તે. ૧૨. નપુંસકલિંગ સિદ્ધા - નપુંસકલિંગે મોક્ષે ગયા તે, ગાંગેય આદિ. ૧૩. ગૃહસ્થલિંગ સિદ્ધા - ગૃહસ્થના વેષે મોક્ષે ગયા તે મરૂદેવી માતા આદિ. ૧૪. સ્વલિંગસિદ્ધા - સાધુના વેષે મોક્ષે ગયા તે, જંબુસ્વામી આદિ અનેક



મુનિરાજો. ૧૫. અન્યલિંગ સિદ્ધા - યોગી , સંન્યાસી આદિ તાપસના વેષે મોક્ષે ગયા તે વલ્કલચિરી આદિ.

આ પંદર પ્રકારમાં અંતમાં બતાવેલ અન્યલિંગ સિદ્ધા. તે અન્ય જાતિ, વેષમાં રહેલ સાધક પણ મોક્ષ પામી શકે છે તે બતાવ્યું. અર્થાત્ વેષનો ભેદ નથી. વેષ એ તો બાહ્ય આચાર છે. વ્યવસ્થા માટે છે. સાંપ્રદાયિક ઓળખાણ માટે છે. પણ એ વેષથી માણસના અંદરમાં કોઇ પરિવર્તન થઇ જતું નથી. એ તો એનો એ જ રહે છે. વળી સમાજમાં અન્ય વ્યવહારોમાં પણ વ્યવસ્થા માટે અમુક વેષની જરૂર હોય છે.

જેમ કે : નગરની પોલીસ, એને જે કાર્ય કરવાનું છે તે માટે અમુક યુનિફોર્મ આપવામાં આવે છે. હવે આ યુનિફોર્મથી તેનામાં કોઇ શારીરિક, માનસિક શક્તિ આવી જાય છે તેમ નથી. પણ પોલીસના ડ્રેસમાં હોય અને તે નાગરિક વ્યવસ્થા માટે નગરજનોને કહે તો જનતા તેનું કહેવું માને, પણ એ જ માણસ સાદા વેશમાં હોય તો કોઇ જાણી પણ ન શકે કે આ નગરનો સંરક્ષક છે. તો વેશ એક વ્યવસ્થા માટે, સભ્યતા માટે, ઓળખાણ માટે છે.

તેમ : શરીર પર ગમે તેવાં વસ્ત્રો ધારણ કર્યાં હોય, બાહ્ય આચારો જુદા હોય પણ અંતરથી આત્માની વિશુદ્ધિ થઇ ગઇ હોય તો વીતરાગતાની પ્રાપ્તિ થાય જ છે. તેથી જ શ્રીમદ્જીએ ગાથામાં કહ્યું કે 'સાધે તે મુક્તિ લહે' જે સાધના કરે તે સિદ્ધિ પામે. કોઇ પણ જાતિ, વેષ, મત, પંથ કે સંપ્રદાય હોય, ક્યાંય કશોય ભેદ ન રહે.

શિષ્યના મનને મૂંઝવી રહેલ સંશય, કે અમુક જ જાતિ - વેષના જીવો મોક્ષે જાય, અન્ય નહીં - તેનું સુખદ સમાધાન ગુરુદેવે અહીં આપ્યું છે. અહીં સુધી તો શંકાઓના સમાધાન થયાં. હવે ગુરુદેવ એ બતાવવા માગે છે કે જીવને મોક્ષ સાધવો છે તેની અંતરદશા કેવી હોવી જોઇએ ? પ્રધાનતા અંતરદશાની છે. બાહ્ય આચાર-વિચાર, વેશભૂષા, જાતિ-કુળ એ બધું તો નગણ્ય છે. તેથી હવે મોક્ષપ્રાપ્તિની ઇચ્છાવાળા જીવની પ્રાથમિક દશા કેવી હોવી જોઇએ. ખરેખર આત્માની જિજ્ઞાસાવાળો જીવ કેવા ભાવો

ધરાવતો હોય તે બતાવતા શ્રીમદ્જી ફરમાવે છે.

**કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ અંતર દયા, તે કહીએ જિજ્ઞાસ....૧૦૮....**

આત્મસિધ્ધિ શાસ્ત્રમાં થોડા ફેરફાર સાથે આ જ ગાથા બીજીવાર આવી છે. જે સૂચવે છે કે મોક્ષના અભિલાષી જીવને આ ગુણોની કેટલી જબરદસ્ત આવશ્યક્તા હશે? ફરીને એ જ કહ્યું. મોક્ષમાર્ગનો અધિકારી કેવો હોય? પૂર્વપદનું વિવેચન તો આગળ કરી આવ્યા છીએ. ક્રોધાદિ કષાયો જેના શાંત થયા છે. અર્થાત્ રાગ-દ્વેષની મંદતા પ્રવર્તે છે. સર્વ આશા-અભિલાષાઓથી પર થઈ નિરંતર મોક્ષની ભાવના અંતરતમમાં રમ્યા કરે છે. સંસારના પરિભ્રમણનો થાક લાગ્યો છે, સંસારના સુખો તે વ્યર્થ છે. સુખાભાસ છે. દુ:ખના અદશ્ય પર્દા પાછળથી આવતાં સુખ છે. તે જીવે અનંતવાર ભોગવ્યા પછી પણ કંઇ જ પામ્યો નથી. આવી અનેક પ્રકારની વિચારણા તેને સતત ચાલતી હોય તેવા જિજ્ઞાસુ જીવનું એક વિશિષ્ટ લક્ષણ ગાથામાં બતાવ્યું છે.

'અંતરદયા' છકાય જીવોની દયાનું ફરમાન શ્રી પ્રભુએ કર્યું છે. એ છકાયમાં પોતે પ્રથમ છે. પોતે અર્થાત્ આત્મા. જે આત્માની દયા કરી શકે તે જ છકાયની દયા કરી શકે. જેને બીજા શબ્દોમાં સ્વદયા કહીએ. જ્યાં સુધી જીવ પાત્રતા કેળવવાની દશામાં હતો ત્યાં સુધી પ્રાણીદયા સુધી જ સીમિત હતો. પણ હવે તો મોક્ષના માર્ગે પ્રયાણ આદર્યું છે તેથી સ્વદયા, અંતરદયા, પ્રગટ થઈ જ હોય એવા જીવને સમય-સમયની અત્યંત જાગૃતિ વર્તતી હોય. આત્મા ક્યાંય વિષય કષાયથી રંજિત ન થાય. રાગાદિથી મલિન ન થાય, વિભાવોથી ન ખરડાય તેની તકેદારી પળ-પળ પ્રવર્તતી હોય આવો જાગ્રત જીવ, સ્વભાવની પરિણતિમાં જ પરિણમવાના પુરુષાર્થમાં હોય તેથી હિંસાદિના ભાવો તેના આત્મપરિણામમાંથી ઊતરતાં જતા હોય. ક્રમે-ક્રમે તે સારાયે વિશ્વમાં આત્માના દર્શન કરતો થઈ જાય. પછી ન તો અંતરથી વૃત્તિઓની મલિનતા રહે અને ન તો બાહ્ય વ્યવહારોમાં પાપ-પ્રપંચોની ભાવના રહે.



તે કોઈ જીવને હણે નહીં, એટલું જ નહીં, તેનું દિલ પણ ન દુભાવે. પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે કોઈનું પણ અહિત તેના હાથે ન થાય. જાણ્યે-અજાણ્યે તેમના ભાવમાં સ્વ-પર હિતની કામના જ વર્તતી હોય. માર માર કરતો કોઈ દુશ્મન આવે તો પણ પોતે એટલી શાંતિ અને સ્થિરતા ધારણ કરી હોય કે રૂંવાડામાં પણ ઉગ્રતા ન જાગે. આવેલો શત્રુ પાણી-પાણી થઈ જાય, અનેક સંતોના જીવનના એવા પ્રસંગો આપણે સાંભળ્યા છે કે ગમે તેવા પ્રસંગોમાં પણ તેમને દુર્ભાવ જાગે જ નહીં.

ગુરુનાનક પોતાના શિષ્યો સાથે જઈ રહ્યા હતા. એટલામાં તેઓનો કોઈ વિરોધી આવી ગાળો બોલવા માંડ્યો. ગુરુ નાનક સ્થિર છે, શાંત છે, કશોય પ્રતિરોધ કરતા નથી. પ્રતિક્રિયાની કોઈ ભાવના ચિત્તમાં ઉઠતી નથી. સાથે રહેલા શિષ્યો હેરાન થઈ ગયા! ગુરુદેવ કાંઈક તો બોલો! આને રોકો! ઉત્તર આપો! પણ ગુરુ નાનક જેમનું નામ! એ તો પ્રસન્ન મુદ્રામાં, અંતરનાં ઉશ્કેરાટ વિના પેલા આવનારને આશીર્વાદ આપે છે. આ છે સ્વદયા. અંતરદયા, ભાવદયા. જેના અંતરમાં સ્વદયા વણાઈ ગઈ છે, તેના વ્યવહારમાં અન્ય જીવો પ્રત્યે અનુકંપાના ધોધ વહેતા હોય અને ત્યારે જ એ જીવ મોક્ષમાર્ગમાં પ્રગતિ કરી શકે છે.

બસ, તો ગાથામાં બતાવેલા ગુણો, મોક્ષમાર્ગના અધિકારી જીવના ગુણો છે. આપણે એ જાણવું હોય કે મોક્ષની આરાધનાને યોગ્ય બન્યા છીએ કે નહીં? તો આ બેરોમીટર છે. તેનાથી માપી લેવું ઘટે. સ્વયંનું પૃથ્થકરણ આ ગાથાથી કરી લઈએ. તો સ્વનો ખ્યાલ આવી જશે. આવી યોગ્યતા ધરાવનાર સાધક બહુ શીઘ્ર આત્મવિકાસ સાધી શકે છે. કઈ રીતે તે અવસરે-

# વર્તે અંતર શોધ!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની-અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, યોગ્ય ઉપાદાનની અપેક્ષા રાખે છે. જ્યાં સુધી ઉપાદાન તૈયાર ન હોય, ત્યાં સુધી આરાધના થઇ શકે નહીં. વળી ઉપાદાન તૈયાર થતાં યોગ્ય નિમિત્ત પણ મળ્યા વગર રહે નહીં. જીવનો પુરૂષાર્થ ઉપાદાનની તૈયારી માટે જ હોય, નિમિત્તપ્રાપ્તિ માટે નહીં.

ઉપાદાનની તૈયારી સતત પુરૂષાર્થ માગી લે છે. અંતરનો યથાર્થ પુરૂષાર્થ જાગે, નિરંતર થતો રહે તો જ ઉપાદાન તૈયાર થાય છે. વ્યવહારિક ક્ષેત્રે કોઇ પણ પ્રકારની વિશિષ્ટ યોગ્યતા પ્રાપ્ત કરવી હોય તો કેટલાં વર્ષોનો પરિશ્રમ? ડૉક્ટર, વકીલ કે એન્જિનિયર બનવા માટે ૧૭-૧૮ વર્ષ સુધી નિરંતર પરિશ્રમ! કોઇ બાળક S.S.C. પાસ થયા પછી એમ કહે કે દસ વર્ષથી ભણી રહ્યો છું. મારે વિશેષ યોગ્યતા તો પ્રાપ્ત કરવી છે પણ હવે બે - ચાર વર્ષ વિસામો લઇ લઉં, પછી આગળ અભ્યાસ કરીશ! એ બાળક આગળ વધી ન શકે. તેને એક વર્ષનો પણ વિશ્રામ ન અપાય.

બંધુઓ! જીવનું ઉપાદાન તૈયાર કરવા માટે પણ એક-બે વર્ષ નહીં પણ એક-બે ભવ સુધી પ્રબળ પુરૂષાર્થ થવો અનિવાર્ય છે. ઉપાદાન અર્થાત્ જીવની વિશિષ્ટ યોગ્યતા. મોક્ષસાધક જીવની યોગ્યતા કેવી હોવી જોઇએ તે શ્રીમદ્જીએ આત્મસિદ્ધિ શાસ્ત્રમાં બતાવ્યું.

જેના કષાયો શાંત થયા છે, મોક્ષ સિવાય અન્ય સ્પૃહા જેને રહી નથી, સંસાર દુઃખરૂપ ભાસ્યો છે, ભાવદયાથી ભરપૂર અંતર કરૂણામય બન્યું છે. આટલા ગુણોથી રંગાયેલ આત્મા, ઉપાદાનની પૂર્ણ તૈયારી કરી ચૂક્યો છે. હવે તેને માત્ર ઉત્તમ નિમિત્તની અપેક્ષા છે. અને ઉત્તમ નિમિત્તનો યોગ થતાં જિજ્ઞાસુ જીવના આત્મપ્રદેશમાં જે ઘટિત થાય છે તે શું? શ્રીમદ્જી ફરમાવે છે.



**તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્ગુરુ બોધ;**
**તો પામે સમકિતને, વર્તે અંતર શોધ.....૧૦૯....**

યોગ્ય જીવની યોગ્યતા જ સદ્ગુરુના યોગને ખેંચી લાવે છે. આવો જીવ નગરમાં હોય કે વનમાં, પણ તેને માર્ગદર્શક મળી રહે છે. જ્યાં ત્યાં ભટકવાનું બંધ થાય છે. સત્-રાહે ચાલવાના પુરૂષાર્થ રૂપ તત્ત્વનો બોધ સદ્ગુરુ તેને કરે છે.

સર્વ પ્રથમ તો પોતે આત્મા છે. અને જગત જડ છે. આત્મા ચૈતન્ય સ્વરૂપી અને તે સિવાયના અન્ય પાંચ દ્રવ્યો જડ. ચેતન તથા જડ બંને નિજ-નિજ પરિણમનથી જ પરિણમે. એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ પરિણત થઇ શકે નહીં. ચેતનનું પરિણમન ચેતનમાં જ ચેતનરૂપે થાય, પોતાના જ્ઞાનાદિ ગુણરૂપે થાય. જડનું પરિણમન જડમાં જ થાય, વર્ણાદિ ગુણરૂપે થાય. બંને દ્રવ્યો સર્વતઃ સ્વતંત્ર, બંનેના અસાધારણ ગુણો સ્વતંત્ર. જડમાં થતાં પરિવર્તનમાં ચેતન કશું જ કરી શકે નહીં, ચેતનમાં થતી અવસ્થામાં જડ કશું કરી શકે નહીં. આમ બંને દ્રવ્યો એક ક્ષેત્રાવગાહી રહેતાં હોવા છતાં પણ, સંપૂર્ણ રૂપે સ્વતંત્ર હોવાના કારણે, એક-બીજામાં કંઇ કરી શકે નહીં.

સદ્ગુરુનો આવો બોધ પામ્યા પછી, જિજ્ઞાસુ સાધક અંતર્વિચારણામાં ઊતરે. નિજ અંતરમાં કેવા ભાવો પ્રવર્તી રહ્યાં છે તે ઊંડાણમાં જઇ તપાસે. સ્વદ્રવ્ય આત્મા, સર્વ પરદ્રવ્યોથી ભિન્ન છે. જડમાં થતાં પર્યાયો તે મારા પર્યાયો નથી. તે સર્વ પર્યાયોથી હું ભિન્ન છું. દ્રવ્યકર્મ, ભાવકર્મ કે નોકર્મરૂપ હું નથી. એ ત્રણેયથી જુદો ત્રિકાળી ચૈતન્ય, મારૂં સ્વરૂપ દેહાદિરૂપ હું નથી. માટે દેહમાં થતાં આધિ-વ્યાધિ-ઉપાધિ પણ મારા નથી. હું તો પૂર્ણ આનંદઘન જ્ઞાનસ્વરૂપી, શુદ્ધ નિર્મળ આત્મતત્ત્વ છું.

આમ આત્મતત્ત્વ પર થતી ઊંડી વિચારણાને કારણે પોતાના સ્વરૂપની પ્રતીતિની સાથે-સાથે, મહાન ઉપકારી ગુરુદેવ, જેમના નિમિત્તે સાધકમાં આવી વિચારણા પ્રગટી, તેમના પ્રત્યે શ્રદ્ધા, ભક્તિ જાગ્રત થાય છે. તેમનાં વચનોમાં રૂચિ પેદા થાય છે. આ જ સુધી સંસારના ભાવે સંસારરૂપ પરિણતિમાં સ્વની પરિણતિ માની, પરમાં રાચતા જીવને સદ્ગુરુના ઉપદેશની રૂચિ પ્રગટ થઇ ન હતી તેવી અપૂર્વ રૂચિ જાગે છે. આપ્તપુરુષમાં અનન્ય શ્રદ્ધા જાગે છે. શ્રદ્ધાના ભાવોથી આત્મા ઓતપ્રોત થઇ જાય છે. અર્થાત્

વ્યવહાર સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

આવો શ્રદ્ધાથી સભર જીવ એક બાજુ તો સદ્‌ગુરુના ચરણની ભક્તિથી આત્માને હળુકર્મી બનાવતો જાય છે. ત્યારે બીજી બાજુ પોતાના અંતરમાં ઉતરી જાય છે. બાહ્ય દૃષ્ટિને બંધ કરી અંતરના ચક્ષુને ખોલી નિજનું સંશોધન કરે છે. જીવ હંમેશા બહારના જગત સાથે જ સંકળાયેલો રહે છે. બહાર શું - શું થઇ રહ્યું છે તે જાણવા જોવાની જેટલી જિજ્ઞાસા જીવે આજ સુધી સેવી હતી, તેવી નિજ અંતરને જાણવા માટે સેવી નો'તી ... પણ ગુરુદેવના પરમ શાંત રસમય, બોધવચનો શ્રદ્ધામાં સમાતા, સાધક નિજ અંતરની શોધ કરવા માંડે.

પ્રથમ દોષ તો એ જ જણાય કે આજ સુધી પરમાં જ સ્વબુદ્ધિ રહી. સ્વને સમજ્યા વગર, પરના પોષણ અર્થે જ સર્વ પ્રવૃત્તિ થતી રહી. જીવ ત્યાં જ ભૂલ્યો! તેથી જ ભટક્યો! પરમાં પોતાપણાની માન્યતાના કારણે જ પરમાંથી પલ માત્ર પણ દૂર ખસી શક્યો નહીં અને પરિણામે સ્વની સન્મુખ થયો નહીં. હવે સદ્‌ગુરુ જેવું મહાન આલંબન મળ્યું છે. તો સ્વની શોધ કરી સ્વમાં સ્થિર થઇ, સ્વાનુભૂતિ કરવી છે. સાધકને આવી અદમ્ય ઉત્કૃષ્ટ ભાવના જાગ્રત થાય છે અને તે સ્વાનુભૂતિને પામવા સ્વાનુભૂતિનો આસ્વાદ લેવા પ્રયત્નશીલ બને છે.

બસ! હવે સાધક, માર્ગે ચડી ગયો છે. આગેકૂચ થઇ રહી છે. પીછેહઠ કરવાની નથી. માર્ગ મૂકવાનો નથી. રસ્તે થાકવાનું નથી. અદમ્ય ઉત્સાહ અને પરમ પ્રસન્નતાપૂર્વક થયેલ પ્રસ્થાનને પ્રગતિના રાહે અતિ વેગે આગળ ધપાવવાનું છે. તેના પથને પ્રશસ્ત કરનાર સદ્‌ગુરુ તેની સાથે જ છે. તેથી હવે ભૂલાવો નથી, ભ્રમણા નથી, સતની કેડીએ સાધક ચાલ્યો જાય છે.

આવો સાધક, સદ્‌ગુરુના ચરણને સેવતો જિજ્ઞાસુ સાધક, આત્મભાવોના પ્રકાશમાં કેવા અદ્‌ભુત રત્નોને પામે છે તે અવસરે......

# લહે શુદ્ધ સમકિત તે...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની-અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના એ જ જીવ કરી શકે છે કે જેના અંતરમાં આપ્તપુરુષની શ્રદ્ધા, આજ્ઞા, રૂચિ અને તેઓ પ્રત્યે ભક્તિ જાગ્રત થઇ છે.

પ્રથમ શ્રદ્ધા જાગે તો જ તેઓના ઉપદેશની રૂચિ જાગે, તે ઉપદેશને અનુસરવાનો ભાવ જાગે. પણ જો શ્રદ્ધા જ ન હોયં તો આજ્ઞાનું પાલન થઇ શકે નહીં. જેટલી કચાશ શ્રદ્ધામાં, એટલી જ કચાશ આજ્ઞા પાલનમાં. સર્વજ્ઞ સર્વદર્શી જિનેશ્વર દેવ પ્રત્યે હૃદયપૂર્વક શ્રદ્ધા હોય, તેમના કહેલ વચનો સર્વથા સત્ય જ હોય, આવો દૃઢ વિશ્વાસ હોય તો, પ્રભુએ ફરમાવેલ આજ્ઞાનું આરાધન સહજ બની જાય. એ જ રીતે ગુરૂદેવ પ્રત્યેની શ્રદ્ધા પણ અટલ હોય, અચલ હોય તો તેઓની આજ્ઞા આરાધવામાં પણ વિલંબ ન થાય.

બંધુઓ! આપણી શ્રદ્ધાને તપાસવાની જરૂર છે. જો શ્રદ્ધામાં કચાશ હશે તો નિશ્ચય સમ્યક્ત્વ તો દૂર રહ્યું, વ્યવહાર સમ્યક્ત્વ પણ નહીં થાય. જ્યારે અંત:કરણનું ઊંડાણ દેવ-ગુરુ પ્રત્યે એ બોલશે કે **'ત્વમેવ સચ્ચં-ત્વમેવ સચ્ચં'** ત્યારે જ અંતરનાં પટ ખુલશે, અંધકાર ઉલેચાશે, સમ્યક્ત્વ જ્યોત ઝળહળી ઊઠશે!

અહીં યોગ્ય - સુપાત્ર - જિજ્ઞાસુ સાધક આવી અટલ શ્રદ્ધા ધરાવી રહ્યો છે. અંતરના એક-એક તારમાંથી શરીરના રોમેરોમમાંથી શ્રદ્ધા ટપકી રહી છે. આપ્તપુરુષની શ્રદ્ધા ભક્તિરૂપે વ્યવહાર સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ ચૂકી છે. તેથી હવે ગુરુદેવ, આવા યોગ્ય આત્માને નિશ્ચય સમ્યક્ત્વના પુરૂષાર્થ તરફ લઇ જાય છે. ગુરુદેવના અંત:કરણમાં શિષ્ય પ્રત્યે ભારોભાર હિત ભર્યું છે. તેથી તેઓ ચાહે છે કે શિષ્ય શુદ્ધ સમકિતને પામે, આરાધક

બને, રત્નત્રયની ઉત્કૃષ્ટ આરાધના કરી લે. તેથી જ નિશ્ચય સમ્યક્ત્વના કારણરૂપ વ્યવહાર સમ્યક્ત્વની ચર્ચા પ્રથમ કર્યા પછી, હવે નિશ્ચય સમ્યક્ત્વ સમજાવે છે. **નિશ્ચય સમ્યક્ત્વ એટલે શું ?**

અરિહંત પરમાત્મા, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય અને અનંત સુખમાં નિશદિન ઝૂલી રહ્યાં છે. તેઓ આ ગુણોની સંપૂર્ણતાને અનુભવી રહ્યાં છે. એ ગુણોનું અંશે અનુભવવું તે છે નિશ્ચય સમ્યક્ત્વ. અંશે એટલા માટે કે સાધકના મૌલિક ગુણો સંપૂર્ણતઃ પ્રગટ થયાં નથી. જ્યારે મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય થાય તેની સાથે ત્રણ ઘાતીકર્મોનો પણ ક્ષય ત્યારે જ અનંત ચતુષ્ટય પૂર્ણરૂપે પ્રગટ થાય છે. પરંતુ આ જ ગુણોનું અંશે પ્રગટ થવું એજ છે નિશ્ચય સમ્યક્ત્વ. તેથી નિશ્ચય સમ્યક્ત્વની દશામાં ગુણોની અનુભૂતિ પણ આંશિક જ હોય છે. જિનેશ્વર પ્રભુ જે અનુભૂતિમાં રાચી રહ્યાં છે, જેમાં તેઓની નિરંતર રમણતા છે તેવા ઉત્કૃષ્ટ અનુભવનો અંશ મળી જવો તે જ નિશ્ચય સમ્યક્ત્વ!

બંધુઓ! અનુભવી મહાપુરુષો સમ્યક્ત્વી જીવને જિનેશ્વરના લઘુનંદન કહે છે! કેવું સુંદર સંબોધન!

**ભેદ વિજ્ઞાન જગ્યૌ જિન્હકે ઘટ,**
**સીતલ ચિત્ત ભયો જિમ ચંદન;**
**કેલિ કરૈ સિવ મારગમૈં,**
**જગ માંહિ જિનેસરકે લઘુનંદન ;**
**સત્ય સરૂપ સદા જિન્હકે.**
**પ્રગટ્યૌ અવત મિથ્યાત નિકંદન ;**
**સાંતદશા તિન્હકી પહિચાનિ.**
**કરૈ કર જોરિ બનારસી વંદન....**

કવિવર બનારસીદાસે, આવા સમકિતી જીવને વંદન કર્યાં છે. તેઓ કહે છે જેના અંતરઘટને વિષે ભેદ વિજ્ઞાન જાગૃત થયું છે, જેનું ચિત્ત ચંદન જેવું શીતલીભૂત થઇ ગયું છે, એવા જિનેશ્વરનાં લઘુનંદન, શિવમાર્ગમાં ક્રીડા કરી રહ્યા છે. મિથ્યાત્વને મૂળમાંથી જ ઉખેડી નાખી, નિજ સત્યસ્વરૂપને પ્રગટ કર્યું છે. તેઓની શાંત દશાને જાણી, બે હાથ જોડી, બનારસી વંદન કરે છે.



સમ્યક્ત્વી જીવ પણ સામાન્ય લોકો માટે વંદનને યોગ્ય બને છે. ઝાડના નામે ફળ વેચાય તેમ જિનેશ્વરના મહિમાને જાણતા જીવો, સમ્યક્ત્વીના મહિમાને પણ સમજી જ શકે. શ્રીમંત કે આબરૂદાર બાપના દીકરા તરીકે ઓળખાવવામાં પણ માણસ ગૌરવ અનુભવે છે તો જિનેશ્વરના નંદનરૂપે ઓળખાવવામાં કેટલું ગૌરવ ?

બંધુઓ! આવું ગૌરવ પામવાનું સૌભાગ્ય આપણને ક્યારે મળશે ? અંતરમાં એક નિશ્ચય કરીએ, પ્રબળ જિજ્ઞાસા જાગ્રત કરીએ કે સંપૂર્ણ વીતરાગતાની પ્રાપ્તિ અર્થેનો પ્રચંડ પુરૂષાર્થ તો નથી કરી શકાતો, પણ જિનેશ્વરના લઘુનંદન કહેવડાવવું એવી સમ્યક્ત્વદશાની પ્રાપ્તિ તો જરૂર થઇ શકે! આ ભવમાં જ એવો પુરૂષાર્થ કરી લઉં કે જેથી સમ્યક્ત્વ પામ્યા વિના તો ભવ પૂર્ણ ન જ થાય.

ઉપકારી ગુરુદેવ શુદ્ધ સમ્યક્ત્વદશા પ્રગટ શી રીતે થાય તે બતાવતાં કહે છે –

**મત દર્શન આગ્રહ તજી, વર્તે સદ્ગુરુ લક્ષ;**
**લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ.....૧૧૦....**

અમુક મત, પંથ કે સંપ્રદાયની માન્યતાથી મોક્ષ છે એવો કદાગ્રહ જેને નથી, જે સત્યનો ગ્રાહક છે તેવો જીવ સદ્ગુરુની આજ્ઞાનો આરાધક બની શકે છે. મત-પંથનો આગ્રહ ધરાવનાર જીવ કદાગ્રહી હોય છે. જેનું વિવેચન આગળ એકથી વધારે વાર થયું છે. મત-પંથમાં ધર્મ નથી. ધર્મ આત્માનો સ્વભાવ છે અને તે આત્મામાંથી જ પ્રગટ કરવાનો છે. માટે સત્યનો ઇચ્છુક જીવ મત-પંથની માન્યતાને વળગી ન રહે, તેમાં કદાગ્રહ ન સેવે. મત-પંથને ગૌણ કરી સદ્ગુરુની આજ્ઞાની આરાધના માટે ઉત્સાહી રહે. એ તો કહે –

**અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ.**

આરાધના કરવા હું ઉપસ્થિત થયો છું, તત્પર થયો છું. તેથી એ જીવ સદ્ગુરુનાં ચરણમાં, નિર્મળ ભાવે સમર્પિત થાય છે. મન-વચન-કાયા ત્રણે યોગથી આજ્ઞાને આરાધે છે. સદ્ગુરુના માહાત્મ્યને એ જાણે છે. સદ્ગુરુ પોતે નિશદિન આત્મામાં ઝૂલી રહ્યાં હોય, પરભાવોની પ્રીતિ તો ક્યારનીય છૂટી ગઇ હોય, સ્વાનુભવની અનુપમ મસ્તી તેઓ માણતા હોય, જે ખુદ

માણી શકે તે જ અન્યને પણ આપી શકે. જિજ્ઞાસુ સાધકના અંતરમાં સત્પુરુષનું ચિત્ર સ્પષ્ટ હોય. તે જાણતો હોય કે –

**સત્પુરૂષ તે જ કે જેહનો આત્મોપયોગ જ અટલ છે,**
**અનુભવપ્રધાન જ વચન જેનું, શાસ્ત્ર-શ્રુતિએ પટલ છે;**
**અંતરંગ ઇચ્છારહિત જેની ગુપ્ત આચરણા સદા,**
**નિન્દા - સ્તુતિ સાતા-અસાતાથી ન મન સુખ-દુ:ખ કદા....**

આત્માનો સ્વભાવ છે ઉપયોગ. સત્પુરુષનો ઉપયોગ આત્મામાં જ હોય. બાહ્ય પ્રવૃત્તિ બીજી કરવી પડતી હોય તે કરે છતાં 'હું આત્મા છું' ની પ્રતીતિ તેઓની અટલ હોય. પરભાવોની ભિન્નતાની પ્રતીતિ ક્ષણિક જ નહીં, સતત વર્તતી હોય. નિજાનુભૂતિનો આનંદ માણતા હોય તેથી તેઓના મુખમાંથી નીકળતાં વચનો અનુભવથી રસાયેલાં હોય. માત્ર ગ્રંથના શબ્દોનું રટણ કરી લીધું હોય તેવું ન બને. વળી આવા સંત વ્યવહારિક દૃષ્ટિએ કદાચ ઘણાં શાસ્ત્રો ન ભણ્યા હોય, પણ એમનાં મુખમાંથી નીકળતાં વચનો એટલા પ્રામાણિક હોય કે શાસ્ત્રમાં એથી જુદું કશુંયે ન હોય. એટલું જ નહીં આત્માનુભૂતિની કેટલીક વાતો તો શાસ્ત્રોમાં પણ જોવા ન મળે, તેવી તેમની પાસેથી મળે અથવા તેમના પ્રત્યક્ષ જીવનમાં જોવા મળે.

વળી સર્વ સ્પૃહા-કામનાઓથી પર, માત્ર નિષ્કામ ભાવે જીવનની ચર્યા કશાય દંભ કે દેખાવ વિના અંતરંગના નિર્મળ ભાવો સહિતની વર્તતી હોય. આવા સંતો એટલા સરળ અને નિખાલસ હોય કે, સમાજમાન્ય આચારોનો દેખાડો કરવામાં તેઓ ન માનતા હોય પણ અંતરની નિર્મળતા જેમાં જળવાઇ રહે, વધતી ચાલે, તેવી સહજ ચર્યા તેમની બની ગઇ હોય. અને તેથી જ પોતાના જીવનઆચારથી સમાજ તેની નિન્દા કરશે કે પ્રશંસા એવો વિકલ્પ પણ તેમને ના ઊઠે!

આજે આ યુગમાં પણ ભારતભૂમિમાં આવા સત્પુરુષો ક્યાંય, દૂર-સુદૂર પ્રદેશમાં, ઉરના એકાંતે, નિર્જન વનમાં ગુપ્ત સાધના કરી રહ્યા હશે, જેની જગતને જાણ પણ નથી. સંતોને એવી સ્પૃહા પણ નથી કે કોઇ તેમને જાણે.

હમણાં ત્રણ-ચાર વર્ષ પહેલાં જ જેમણે દેહત્યાગ કર્યો એવા એક



સંત મહારાષ્ટ્રમાં થઇ ગયાં. ખરેખર તેઓએ બહારથી સન્યસ્ત સ્વીકાર્યું ન હતું. ગૃહસ્થાશ્રમી હતા. જીવનની ફરજો પૂરી થતાં ઘરથી દૂર એક નદીના કિનારે આવ્યા, ત્યાં તેમના Water Supply માટે બનાવેલ એક નાની, અવાવરૂ રૂમ જોવામાં આવી. તે રૂમનો વપરાશ ન હતો. કોઇકની પરવાનગી લઇ તે રૂમમાં એ બેસી ગયા. બહાર નીકળ્યા જ નહીં. શરીર પર માત્ર એક વસ્ત્ર. ઘણાં સમય પછી એક વ્યક્તિને જાણ થતાં તે ત્યાં આવવા માંડ્યો. પેલા સંતને રોજ એક વાર દૂધ લેવા મહાપ્રયત્ને સમજાવી શક્યો, અને રોજ દૂધ લાવી દેવા માંડ્યો. રૂમ બહારથી બંધ રહે. આ માણસ દૂધ આપવા જાય ત્યારે ખોલે. દૂધ અંદર મૂકી બંધ કરી દે. ચોવીસ કલાકે ફરી ખુલે. ક્યારેક દૂધ પીધા વગર પડ્યું જ રહે. કલાકો અને દિવસો સુધી આત્મધ્યાનમાં લીન હોય. કેટલો સમય ગયો તેની ખબર ન હોય, ભૂખ કે દુ:ખની પરવાહ ન હોય.

થોડો વખત રૂમમાં મચ્છરોનો ઉપદ્રવ રહ્યો. મચ્છર એટલા કે તેમના આખા શરીર પર પથરાઇ ગયા. શરીર દેખાય નહીં. જાણે માખીઓનો રહેવાનો મધપુડો. પણ અવિચલ ભાવ. તેઓને જાણ પણ ન હોય. એ ઉપદ્રવ દૂર થતાં ઉંદરોનો ઉપદ્રવ વધ્યો. આખો દિવસ નાની એવી રૂમમાં સંતની સાથે ૨૫-૩૦ ઉંદરો સંતના શરીર પર ચડે-ઊતરે પણ નિશ્ચલ ભાવે બેઠેલા સંત જાણે પથ્થરની પ્રતિમા. અરે! દૂધ તો ઉંદરો જ પી જાય. છતાં સંતને ભાન નહી. ઉપસર્ગો - પરિષહો સામે પ્રતિકારની કોઇ ભાવના નહીં.

આવા સંત મહારાષ્ટ્રમાં હમણાં જ થઇ ગયા. પણ ચાર-છ વ્યક્તિ સિવાય કોઇએ તેમને જાણ્યા નહીં. પરવાહ પણ નહોતી તેમને કે કોઇ જાણે-વંદે કે પૂજે. બંધુઓ! આ છે ગુપ્ત આચરણા-ગુપ્ત સાધના. પોતે સાધક છે, એવી પણ કોઇને જણાવવાની ઇચ્છા તેમને ન હોય. વળી કેટલાક ગૃહસ્થાશ્રમમાં રહી કે ત્યાગી જીવનમાં રહી, ઉત્તમ સાધના કરતા હોય છે. જેની કોઇનેય ખબર હોતી નથી. જેની ભાવના અતિ ઉત્તમ હોય. શરીરસેવામાં અને આત્મ-આરાધનામાં લોકોની નજરે તો માત્ર તેઓનું સેવાકાર્ય જ દેખાય પણ એ સંત ખરેખર આત્મામાં કેટલા ઊંડા ઊતર્યા છે, આત્માના અતલ ઊંડાણને માપી આવ્યા છે એની જાણ કોઇનેય ન હોય.

બહારથી વ્યવહારમાં હોય, અંતરથી આત્મામાં હોય.

બંધુઓ! મારા અનુભવની વાત કહું. જેમના માટે અત્યંત ગૌરવ અનુભવું છું એવા મારા પરમ ઉપકારી ગુરુણીજી પૂજ્ય બાપજી પણ આવા જ અંતરંગ સાધક છે. બહારથી જોતાં સમાજ સાથેના વ્યવહારમાં શિષ્યા-પરિવારની ફરજોમાં. વ્યાખ્યાન આદિ પ્રવૃત્તિઓમાં વ્યસ્ત દેખાય. પણ એ બધાજ વ્યવહારોમાં એમનું ચિત્ત સદા આત્મભાવમાં રમતું હોય. સમતા અને સહિષ્ણુતા તો અમાપ, આજ લગભગ ૩૨-૩૩ વર્ષથી અસાતા વેદનીયનો ઉદય હંમેશા વત્તે-ઓછે અંશે તેઓના દેહમાં વર્ત્યા જ કરે છે. છતાં કદિ આર્તધ્યાન નહીં, વિષમતા નહીં. ન તો દેહની મૂર્ચ્છા, ન શિષ્યા પરિવારની મૂર્ચ્છા! બસ નિજ મસ્તીમાં મસ્ત - સર્વથી નિસ્પૃહ.

પઠન-પાઠનના બહુ જ ઓછા યોગો મળ્યાં; છતાં પણ તેમના મુખમાંથી ઝરતી અમીધારા જ્યારે વ્યાખ્યાન રૂપે આપણે ઝીલીએ ત્યારે જરૂર આપણા અંતરને એ સ્પર્શી જાય, કારણ તેઓના આત્મઅનુભવમાંથી નીકળતા એક-એક ભાવો એટલા ગૂઢ છતાં સ્પષ્ટ અને સરળ હોય કે સીધા આત્માને જ Touch કરે. બંધુઓ! આ અનુભવ તો તમને પણ થયો હશે કે તેમનાં પ્રવચનમાં ફૂટતા ભાવો કેટલા અંતરસ્પર્શી હોય છે! તેઓનો આત્મ-અનુભવ ઊંચો છે. પણ આચરણા ગુપ્ત છે. સામાન્ય જન જેને સમજી ન શકે, તો સત્પુરુષની આચરણા આવી જ હોય. અને તેથી જ માનસિક સુખ-દુ:ખ કે સાતા-અસાતાથી તેઓ પર થઇ ગયા હોય.

આવા સદ્‌ગુરુની આજ્ઞાના અતૂટ વિશ્વાસે શિષ્ય વર્ત્યા જાય તો તે શુદ્ધ સમકિતદશાને પ્રાપ્ત કરે જ કરે, જેમાં શંકાને સ્થાન નથી.

સદ્‌ગુરુના ઉપદેશ પર, આજ્ઞા પર, યથાર્થ શ્રદ્ધાભાવે ચિંતન થાય તેથી પરદ્રવ્ય પ્રત્યેની આસક્તિ તૂટતી જાય. જેમ-જેમ સ્વનું ચિંતન વધે તેમ-તેમ પરનું ચિંતન ઘટે. અંતે જ્યારે આત્મા-દેહનું ભેદવિજ્ઞાન પ્રગટ થઇ જાય ત્યારે, બહાર ભટકતી વૃત્તિ અંતરમાં સ્થિર થઇ જાય. પછી તેને ક્યાંય બહાર જવાની જરૂર જ ન રહે. પોતામાં જ રોકી રાખે. જ્યાં સ્વસંવેદન થાય, તેના આસ્વાદમાં જ આત્મા લીન બની જાય. બસ આ જ છે નિશ્ચય સમ્યક્ત્વ.

આવું સમ્યક્ત્વ એક અને અખંડ છે. તેમાં ન તો કોઇ ભેદ કે ન તો



કોઇ પક્ષ. સમ્યક્ત્વના જેટલા ભેદો બતાવ્યા છે - તે બધા જ વ્યવહારદૃષ્ટિએ શાસ્ત્રોમાં રૂચિરૂપ સમ્યક્ત્વના ભેદો બતાવ્યા તે ૧. આજ્ઞા સમ્યક્ત્વ, ૨. માર્ગ સમ્યક્ત્વ, ૩. ઉપદેશ સમ્યક્ત્વ, ૪. સૂત્ર સમ્યક્ત્વ, ૫. બીજ સમ્યક્ત્વ, ૬. સંક્ષેપ સમ્યક્ત્વ, ૭. વિસ્તાર સમ્યક્ત્વ, ૮. અર્થ સમ્યક્ત્વ,. આ આઠ સમ્યકત્વ તેની ઉત્પત્તિની દૃષ્ટિથી બતાવ્યા. ગમે તે કારણે સમ્યક્ત્વની ઉત્પત્તિ થઇ શકે છે પણ આ બધા જ વ્યવહારની દૃષ્ટિએ ભેદ છે.

બીજા બે ભેદો કહ્યા તે - ૧. અવગાઢ સમ્યક્ત્વ, ૨. પરમાવગાઢ સમ્યક્ત્વ. અવગાઢ સમ્યક્ત્વ, અર્થાત્ ક્ષાયિક સમ્યક્ત્વ. સાત પ્રકૃતિના સંપૂર્ણ ક્ષયરૂપ ચોથા ગુણસ્થાને થયેલું ક્ષાયિક સમ્યક્ત્વ. જે ચોથાથી બારમા ગુણસ્થાન સુધી હોય છે અને પરમાવગાઢ તે પણ ક્ષાયિક સમ્યક્ત્વ જ છે. પણ તે તેરમાં ગુણસ્થાનવર્તી જીવને છે. ત્યાં જ્ઞાન, દર્શન અને વીર્ય પણ અનંતરૂપે પ્રગટ થઇ ચૂક્યાં છે. પણ ચોથાથી બારમા સુધીના ક્ષાયિક સમકિતનો તથા તેરમાં ગુણસ્થાનના ક્ષાયિક સમકિતનો અનુભવ એકસરખો જ છે. તેમાં કંઇ જ ભેદ નથી. માટે જ શ્રીમદ્‌જી ગાથામાં ફરમાવે છે, ' જેમાં ભેદ ન પક્ષ. '

સુયોગ્ય સાધક સદ્‌ગુરુની આજ્ઞાની સંપૂર્ણ આરાધના સાથે આવા શુદ્ધ સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. જેમાં અનંત ચતુષ્ટયનો આંશિક અનુભવ જીવ કરે છે. આત્મસ્વરૂપની રમણતાનો આનંદ લૂંટે છે. સ્વાનુભવની મસ્તીમાં મગ્ન બની જાય છે. સ્વસંવેદનની અનુભૂતિદશામાં રમમાણ રહે છે.

જીવ વિકાસના માર્ગ પર આગળ વધી રહ્યો છે, એક પછી એક સોપાન સર કરી રહ્યો છે. હવે પછીનું સોપાન કયું તે અવસરે.

# આત્મ-ચિંતન

'હું ....આત્મા ....છું .... હું ....આત્મા ....છું'

અનાહારકપણું ....એ મારો સ્વભાવ ....

હું .... ચૈતન્ય આત્મા .... આત્માને આહાર જોઇએ નહીં.... આત્મા .... નિજ ગુણોમાં પરિપૂર્ણ છે .... જ્ઞાનાદિ સ્વભાવનો ધારક છે .... પોતાના જ્ઞાનાદિ ગુણોને .... એ અનુભવે છે .... આત્માને .... જ્ઞાનાદિમાંથી જ રસ મળે છે .... નિજની અનુભૂતિના રસે.... જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ સાથે આત્માનું પોષણ થાય છે ....

આહાર.... જડ પુદ્‌ગલો છે.... પુદ્‌ગલ.... ચૈતન્ય આત્માને.... સંતોષી શકે નહીં .... ચૈતન્યને .... ચેતનાની અનુભૂતિમાં .... સંતોષ છે .... શરીર જડ છે.... જડના પોષણ માટે .... જડની આવશ્યકતા હોય .... જડ શરીરને પોષવા .... જડ શરીરને સંભાળવા ...., જડ શરીરની વૃદ્ધિ માટે .... આહારની આવશયકતા છે .... આ ચૈતન્ય આત્મા.... જડ શરીરથી નિરાળો થઇ જાય .... જડથી ભિન્નતાને અનુભવે...., આહારની આવશયકતા ન રહે ....

શરીરને .... આહારની જરૂર છે .... પણ તેમાં વૃત્તિઓને ભેળવવાની જરૂર નથી.... રસવૃત્તિને છોડી.... અનાસક્તભાવે .... આહારને ગ્રહણ કરતા .... આત્મા.... અનાહારક પદને પામી શકે છે....

હું ચૈતન્ય .... હું .... અનાહારક આત્મા.... મારે મારા .... સ્વરૂપને પામવું છે .... અનાહારક પદની પ્રાપ્તિ માટે.... તપશ્ચર્યા....અણમોલ સાધન છે.... જેમ જેમ તપશ્ચર્યામાં દ્રઢતા.... તપશ્ચર્યામાં ઉગ્રતા આવે છે.... કઠિનતા આવે છે.... તેમ તેમ અનાહારક પદને પ્રાપ્ત કરે છે.... મારે.... મારા અનાહારક પદને.... પ્રાપ્ત કરવું છે.... શરીરની આસક્તિથી.... દૂર થવું છે.... માટે વધું એકાગ્ર થઇ.... વધુ ઊંડાણમાં જઇ.... સ્થિરતા સાથે.... આત્માનું ચિંતન....

'હું ....આત્મા ....છું .... હું ....આત્મા ....છું'

ૐ ....'શાંતિ' ....'શાંતિ' ....'શાંતિ'

# અનુભવ, લક્ષ પ્રતીત !

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની-અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, આત્મ અનુભવના ઊંડાણમાં લઇ જાય છે. આત્મામાં જેટલી સ્થિરતા વધારે, અનુભવ એટલો જ ઊંડો. અને અનુભવનું ઊંડાણ વધતું જાય તેમ આત્મસ્થિરતા વધતી જાય. બંને અન્યોન્ય છે.

માનસિક ધરાતલ પર થયેલા, સુખ-દુ:ખના અનુભવોનું પણ એમ જ છે. જે અનુભવ હૃદયને વધુ સ્પર્શી ગયો હોય, તે સુખનો હોય કે દુ:ખનો પણ લાંબા સમય સુધી સ્મૃતિમાં જળવાઇ રહે છે. અરે ! અનુભવો તો જિંદગીપર્યંત યાદ રહી જાય છે, માનસ પરથી ભૂંસાતા નથી. પણ જો કોઇ અનુભવ માત્ર ઉપરછલ્લો હોય, અંતર સુધી ન પહોંચ્યો હોય તો આજે અનુભવાયેલું કાલે ભૂલી જવાય છે.

આત્માના અનુભવની વાત પણ એવી જ છે. ક્ષાયિક સમકિતરૂપ ઊંડો અનુભવ, કદિ ભૂંસાતો નથી. એ તો જીવ સાથે હંમેશા રહે છે. મોક્ષે જાય તો પણ જીવ સાથે લઇ જાય છે. પણ માત્ર દર્શનમોહનીયની પ્રકૃતિઓને દબાવી દીધી હોય એટલે કે ઉપશમ જ કર્યો હોય તો તે માત્ર એક અંતર્મુહૂર્ત જેટલો કાળ માંડ ટકીને રહે, પછી આત્માની એ અનુભવદશા વિસરાઇ જાય છે. ઉપશમ સમકિત આત્માનો અનુભવ કરાવે જરૂર પણ તેમાં ક્ષાયિક સમકિત જેટલું ઊંડાણ અને સ્થિરતા નથી હોતાં.

અરે! બુદ્ધિગમ્ય તત્ત્વોને સમજવા માટે પણ બુદ્ધિના ઊંડાણ અને સ્થિરતાની આવશ્યકતા હોય છે. જડ જગતના રહસ્યો પણ બુદ્ધિમાન માણસો જ સમજી શકે. બધાનું એ ગજુ નહીં. ગમે તેટલી મહેનત કર્યા પછી પણ અલ્પ બુદ્ધિવાળો માનવ જડ તત્ત્વોને પણ ન સમજી શકે. વળી સ્થિરતા પણ કેટલી જોઇએ? આજે વૈજ્ઞાનિકોએ જડ-જગતના રહસ્યોને

ઉકેલી જગતની સામે ધરી દીધાં. તેમાં તેની સ્થિરતા કેટલી! આખાયે વિશ્વને વિસરી જઈ, માત્ર પોતાના પ્રયોગમાં જ લીન થઈ જાય, ત્યારે જ આવા બુદ્ધિમાન માણસો પણ રહસ્યને પામી શકે! તો બંધુઓ! આધ્યાત્મિક જગતનાં રહસ્યોનાં અનુભવ માટે પણ ઊંડાણ અને સ્થિરતા આવશ્યક છે.

અહીં વ્યવહાર સમ્યક્ત્વથી નિશ્ચય સમ્યક્ત્વની યાત્રા શિષ્યને કરાવ્યા પછી, ઊંડી અનુભૂતિનો એકવાર આસ્વાદ માણી લીધો છે એવા સાધકની દશા કેવી હોય તે હવે કહે છે -

**વર્તે નિજ સ્વભાવનો, અનુભવ, લક્ષ પ્રતીત;**
**વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત.....૧૧૧.....**

સાધકને ભેદવિજ્ઞાન થયું. દેહ અને આત્માની ભિન્નતા, વસ્ત્ર અને શરીરની ભિન્નતાની જેમ પ્રત્યક્ષ અનુભવી. સ્વનો સાક્ષાત્કાર થયો. સ્વરૂપદશાનું પ્રાગટ્ય તો એક સમયમાં થયું અને પછી તેનો નિરંતર પ્રવાહ પણ રહ્યો. છતાં સમ્યગ્દર્શની જીવ પણ સંસારી છે. સર્વ કર્મથી રહિત થયો નથી. તેથી કર્મજન્ય ઉપાધિઓ તો તેને હોય જ. વળી તેની ચિત્તદશા સ્વ-સંવેદનથી રંગાયેલી હોવા છતાં, ચિત્તને અન્ય કાર્યોમાં પ્રવૃત્ત થવું પડતું હોય.

અહીં આવા જીવની વ્યવહારિક ભિન્ન-ભિન્ન અવસ્થાઓની ચિત્તની દશા અર્થાત્ આત્મદશા કેવી વર્તતી હોય તે બહુ જ સરળ અને સચોટ રીતે બતાવવામાં આવ્યું છે. આત્મસિદ્ધિ શાસ્ત્રની સર્વ ગાથાઓ અનુપમ છે, છતાં સમ્યક્ત્વી જીવની દશાનો અદ્‌ભૂત ચિતાર આ ગાથામાં આપવામાં આવ્યો છે. આ ગાથાને યથાર્થ રીતે સમજનારને સ્વયંની દશા કેવી છે તે કોઈને પૂછવા ન જવું પડે!

પ્રથમ બતાવ્યું કે નિજ સ્વભાવનો અનુભવ વર્તતો હોય! ક્યારે? સમ્યક્ત્વી જીવ નિવૃત્તિની ક્ષણોમાં હોય. કોઈ પણ કાર્યરહિત માત્ર નિવૃત્તિ હોય તે સમયે તેનું સમગ્ર લક્ષ આત્મસ્વભાવનો અનુભવ કરવામાં જ હોય તે સ્વાત્મામાં ઊંડો ઊતરી જાય, ચિત્ત બીજે ક્યાંય ન હોય. પોતે પોતાનામાંથી જ આનંદ લૂંટવા માંડે. નિજના અનુભવ સિવાય અન્ય દશા તેની ન હોય.

સામાન્ય રીતે માનવ નિવૃત્તિના સમયે મનોરંજનના સાધનો શોધતો હોય. સમય પસાર કરવાના આલંબનો શોધતો હોય. કોઈ પણ પ્રકારનાં સાધન કે આલંબન સિવાય આનંદ મેળવતા માનવ શીખ્યો નથી હોતો. કંઈ જ ના મળે તો ભૂતકાળની સ્મૃતિ અને ભવિષ્યની કલ્પનાના વિચારોમાં ગરકાવ થઈ જાય. એવા વિચારોમાં કલાકોના કલાકો પાસ કરી નાખે પણ એક ક્ષણ માટે પણ તે પોતામાં જઇ ન શકે, પોતામાંથી આત્માનો અનુભવ માણી ન શકે, જેણે કદી આત્માનંદને માણ્યો નથી તે નિવૃત્તિમાં પણ ક્યાંથી માણી શકે?



અહીં તો નિજાનંદની અનુભૂતિ કરી ચૂકેલ સમકિતી સાધકની વાત છે કે નિવૃત્તિમાં તેની સમગ્ર ચિત્તદશા આખાયે સંસારથી વિરક્ત થઇ માત્ર નિજ આત્મામાં જ રમતી હોય. એકવાર જે નિજાત્માની ઊંડી અનુભૂતિ માણી ચૂક્યો છે તેનો આસ્વાદ ફરી-ફરી લેવા માટે તેની અદમ્ય તાલાવેલી હોય. તેથી તે જીવ સંસારથી પર થવાની નિવૃત્તિની ક્ષણો મેળવવા ઝંખતો હોય. નિવૃત્તિ મળે કે તેની ઉપયોગ-ધારા નિજ સ્વભાવમાં વર્તવા માંડે. આમ આવા સાધકના ચિત્તમાં નિવૃત્તિદશા અનુભવ ધારા વર્તતી હોય.

સંસારમાં રહેલ જીવને નિવૃત્તિની ક્ષણો તો ઓછી મળે. દેહાદિ ઉપાધિઓ છે તેથી તેની પ્રવૃત્તિમાં પણ તેને પ્રવૃત્ત થવું પડે. જ્યારે સમકિતી જીવ દેહાદિની ક્રિયારૂપ પ્રવૃત્તિ કરતો હોય ત્યારે તેનું લક્ષ નિજ સ્વભાવમાં વર્તતું હોય. તે ચોક્કસપણે જાણતો હોય કે દેહાદિની ક્રિયાઓ તે મારી ક્રિયા નથી. મારૂં કર્તવ્ય પણ નથી. હું તો અશરીરી આત્મા છું. ઇન્દ્રિયાતીત તત્ત્વ છું. આત્માના નિજ સ્વરૂપમાં ક્રિયાઓને સ્થાન નથી. પણ આ આત્મા દેહધારી છે. તેથી જ દેહની ક્રિયા કરવી પડે છે. પણ મારૂં લક્ષ એ નથી. મારૂં લક્ષ તો માત્ર મારો આત્મા, એ સિવાય બીજું કશું જ નથી. આવી દશા દેહાદિ પ્રત્યેની આસક્તિને ક્રમશઃ મંદ કરી નાખે. રાગ-દ્વેષને મંદ કરી નાખે. તેથી જ્ઞાની અર્થાત્ સમકિતી જીવ પાંચ ઇન્દ્રિયોના વિષયો ભોગવતો જગતની આંખે દેખાતો હોય, છતાં તેનાથી અલિપ્ત હોય. તેનું લક્ષ નિજ આત્મા હોય, તેથી ભોગો ભોગવતાં પણ તેને કર્મબંધ ન થાય.

એટલું જ નહીં! સમ્યક્ત્વી હોય છતાં રાજા હોય, ચક્રવર્તી હોય, રાજ્યની ધુરા વહન કરવાની હોય, પ્રજા પ્રત્યેની સર્વ ફરજો બજાવવાની હોય, અને તેમાં કોઇ રાજા તરફથી યુદ્ધની નોબત આવી પડે તો રાજાને લડવા પણ જવું પડે. યુદ્ધ કરે પણ અંતરથી રાજ્યલિપ્સા ન હોય. આત્મામાં પૂર્ણ જાગ્રત હોય, યુદ્ધ તે મારૂં કાર્ય નથી. જો પ્રતિપક્ષી યુદ્ધ

કરવા ન ચાહે તો પોતે ન કરે એટલી તૈયારીવાળો હોય. યુદ્ધ કરવામાં રસ ન હોય. માત્ર રાજા તરીકેની ફરજોના ભાવે યુદ્ધ કરવા જાય. અંતરથી એ ન્યારો હોય. તેથી જ પ્રવૃત્તિ દશામાં લક્ષધારા વર્તતી હોય.

ત્રીજી ધારા તે પ્રતીતિધારા. સમકિતી હોય, તેને આઠેય કર્મોના ઉદય તો વર્તતા જ હોય. દર્શનાવર્ણીયના ઉદયે નિંદ્રા આવે. ઊંઘ લેવી પડે. સમકિતી ઊંઘ પણ લે છતાં તે અઘોરીની જેમ ન ઊંઘતો હોય. કુંભકર્ણની નિંદ્રા ન લે. પણ ઊંઘમાં પણ તે સજાગ હોય. જાગી જાય તેમ નહીં પણ સુષુપ્તિમાં પણ તેને નિજ સ્વભાવની પ્રતીતિ વર્તતી હોય. હું આત્મા છું એવી સ્પષ્ટ જાણ તેને ત્યારે પણ હોય. ભરઊંઘમાંથી ઉઠાડીને પૂછો ' તું કોણ છે?' તો એ કહેશે 'હું આત્મા છું.'

જેમ આપણને આપણા નામની પ્રતીતિ રહ્યા જ કરે છે. ઊંઘમાં પણ કોઇ અવાજ દે તો પણ ઊઠીને આપણે જવાબ આપીએ છીએ. આપણું નામ આપણને એટલું પ્રિય છે તથા નામની સ્થિતિ બહુ લાંબી ન હોવા છતાં પણ તેની પ્રતીતિ તો સ્પષ્ટ જ છે. જેટલી આપણી ઉંમર થઇ, નામની ઉંમર પણ એટલી જ, તેનાથી વધારે નહીં. છતાં જન્મોજન્મથી સાંભળતા આવ્યા હોઇએ તેમ નામનો પરિચય વધારે છે.

સમકિતી જીવને શરીરના નામથી પણ વધારે નિજ આત્માની પ્રતીતિ છે કારણ આત્મા એ કોઇ નામ નથી, તેની કોઇ ઉંમર નથી. તે પોતે જ છે. પોતાની પ્રતીતિ પોતાને હોય જ, હોવી જ જોઇએ. જીવ ભ્રમણામાંથી બહાર નિકળી ગયો છે. આત્માની ઊંડી અનુભૂતિ કરી લીધી છે. નિજને વેદી લીધો છે. તેથી સુષુપ્ત દશામાં પણ આત્મ-સ્વભાવની પ્રતીતિ તેને રહે છે. આત્મા ભૂલાતો જ નથી. તેથી **સુષુપ્ત દશામાં પ્રતીતિ ધારા વર્તતી હોય.**

આમ સમકિતી આત્મા જીવનવ્યવહારમાં કોઇ પણ દશામાં હોય, આત્મ-વિસ્મરણ થતું નથી. અનુભવ, લક્ષ અને પ્રતીતિ રહ્યા જ કરે છે. જ્ઞાનીઓએ કહ્યું છે –

**નિવૃત્તિ દશામાં અનુભવધારા!**
**પ્રવૃત્તિ દશામાં લક્ષધારા!**
**સુષુપ્ત દશામાં પ્રતીતિ ધારા!**

આવા જીવની વૃત્તિ બહિરંગમાં હોય નહીં, તેથી જ ગાથામાં કહ્યું: વૃત્તિ વહે નિજભાવમાં, આ પરમાર્થે સમકિત. આ જીવની વૃત્તિ આત્મભાવમાં,



નિજ અંતરંગમાં જ વહ્યા કરે છે. અને તે દશા જ પરમાર્થની સમકિત દશા છે. કવિવર બનારસીદાસે પણ આ જ ભાવો વ્યક્ત કર્યા છે -

**સ્વારથ કે સાચે પરમાર્થ કે સાચે ચિત્ત,**
**સાચે સાચે બૈન કહે સાચે જૈનમતિ હૈ;**
**કાહૂ કે વિરૂદ્ધિ નાહિ પરજાય બુદ્ધિ નાહિ,**
**આતમ ગવેષી ન ગૃહસ્થ હૈ ન જતિ હૈ;**
**સિદ્ધિ રિદ્ધિ વૃદ્ધિ દીસૈ ઘટમેં પ્રગટ સદા,**
**અંતર કી લચ્છિસૌ અજાચી લચ્છપતિ હૈ;**
**દાસ ભગવન્ત કે ઉદાસ રહેં જગત સૌ,**
**સુખિયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈ....**

જેને આત્માર્થની લગની લાગી છે, તેમનું ચિત્ત પરમાર્થ સાધવામાં જ લીન છે. સત્યના ઉપાસક તથા જિનેશ્વરના સાચા અનુયાયી છે. બધા સાથે અવિરોધી ભાવથી વર્તે છે. પર્યાય બુદ્ધિ નથી. દેશવિરતિ શ્રાવક કે સર્વવિરતિ સાધુ ન હોવા છતાં નિત્ય આત્મગવેષણામાં જ રહે છે. આત્મરિધ્ધિની વૃદ્ધિ થઇ રહી છે. આત્મલક્ષ્મીથી શ્રીમંત છે. જગતથી ઉદાસી અને જિનેશ્વર ચરણનાં ઉપાસી એવા સમકિત જીવ જ સદા સુખી છે.

આવા સમકિતી જીવ પરમાર્થ સાધે છે. વળી તેમની દશા ઉત્તરોત્તર વિકસિત થતી જાય છે સવિકલ્પ દશાને ટાળી નિર્વિકલ્પ દશાને સાધે છે. તેમાં જ સ્થિર રહે છે.

આ ગાથામાં શ્રીમદ્જીએ સમકિતી જીવની ઉચ્ચદશાનું આલેખન કર્યું છે. મોક્ષમાર્ગમાં આ દશાનું જ માહાત્મ્ય છે. આવી દશા જેની પ્રગટે તેની દિશા સવળી જ હોય. પછી એ કદી અવળી દિશાએ જાય જ નહીં. દશાને પ્રગટાવી તેથી દિશા લાધી ગઇ.

આ દશાનું વિકસિત પગલું ક્યાં જઇ વિરામ પામશે તે અવસરે....

# કોટિ વર્ષનું સ્વપ્ન પણ...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની-અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના જીવની વૈભાવિક ગતિને રોકે છે. જીવ ગતિ તો કરી રહ્યો છે, એક દ્રષ્ટિએ પ્રગતિ પણ કરી રહ્યો છે, પરંતુ એ ગતિ અને પ્રગતિ વૈભાવિક રાહે જ થઇ રહી છે.

એવી જૂઠી માન્યતામાં જીવ રાચે છે કે જન્મ લેવો, જીવવું અને મરવું આ તો ક્રમ છે અને એ એમ જ ચાલે.તેમાં બીજું કશું થઇ જ ન શકે! પણ તારક મહાપુરુષો કહી ગયા છે કે, ભલે આ ભ્રમણા અનાદિની છે પણ તેને રોકી શકાય, બંધ કરી શકાય એવું સામર્થ્ય જીવમાં પડ્યું છે.

બંધુઓ! તમે જાણો છો કે કેટલીક ફૅક્ટરીઓ રાત અને દિવસ ચાલુ જ હોય. એકવાર ચાલુ કર્યા પછી એ મહિનાઓ સુધી ચાલતી જ રહે, પણ જ્યારે તમને એમ થાય કે બે-ચાર કલાક કે દિવસો માટે મશીન બંધ કરવું જરૂરી છે તો તમારા હાથની વાત. બસ, સ્વીચ Off કરો અને મશીન બંધ. વળી આ કામ તો તમારો નાનો બાળક કે ફૅક્ટરીનો કામદાર પણ કરી શકે. માત્ર એને જાણ હોવી જોઇએ કે કઇ સ્વીચ Off કરવાની છે. આમ જડ જગતનાં યંત્ર આપણાં હાથમાં છે.

જમીન પર કામ કરતાં યંત્રો ગમે તેવા મોટા હોય છતાં તેનો સર્વ કમાન્ડ જ નહીં! અબજો રૂપિયાના ખર્ચે થયેલું અવકાશ-યાન, અવકાશમાં જઇને ખોટકાય, તો પણ તેને ઠીક કરવાનું કામ અહીં બેઠેલા માનવના હાથમાં. આમ જડ-જગતનાં આવાં સર્વ યંત્રો ક્યારે ચાલુ કરવાં કે બંધ કરવાં તે સર્વ સત્તા માણસના હાથમાં. હા, પ્રકૃતિઓ ક્ષીણ થતાં ચારિત્રનો ઉદય થાય છે.

અહીં ચારિત્રના ઉદયને પણ સમજવો જરૂરી છે. સામાન્ય રીતે ઉદય



તો કર્મનો થાય છે. ચારિત્ર કોઇ કર્મ નથી. તો તેનો ઉદય કેમ થાય ? ઉદયનો અર્થ છે પ્રગટ થવું. જેમ પ્રભાતે પૂર્વાકાશમાં સૂર્યોદય થાય છે. આપણે રોજ કહીએ છીએ કે સૂર્યનો ઉદય થયો. એટલે શું થયું? કોઇ કારણે સૂર્ય નવો બન્યો એમ નથી. પણ તે દ્રષ્ટિમર્યાદાથી દૂર હતો. નીચે હતો તે ઉપર આવ્યો. આપણી નજરે ચડે એમ આકાશમાં ઉપર આવ્યો. કેવી રીતે આવ્યો? તેની ગતિ નિરંતર ચાલુ જ છે. તેથી ઉપર આવ્યો. એવી જ રીતે અસ્ત પણ થઇ જાય. ચંદ્ર, તારાઓ વગેરે સર્વનો એમ જ ઉદય અને અસ્ત થયા જ કરે છે. અર્થાત્ અપ્રગટ હોય તેનું થવું તે ઉદય અને પ્રગટનું અપ્રગટ થવું તે અસ્ત.

ચારિત્ર તો કોઇ કર્મના ઉદયનું ફળ નથી. તેથી આપણો આ શબ્દપ્રયોગ ચારિત્રનો ઉદય થાય તે સૂર્યોદયની જેમ સમજવું છે કે જે ચારિત્રના ભાવો અપ્રગટ હતા તે પ્રગટ થાય. પણ જેમ સૂર્યને પ્રગટ થવામાં તેની ગતિ કારણભૂત છે તેમ ચારિત્રને પ્રગટ થવામાં નિર્મળતા કારણભૂત છે. વધતી જતી આત્મસ્વરૂપની વિશુદ્ધિ ચારિત્રને પ્રગટ કરે છે. સર્વ મિથ્યાભાસો ટળી જાય છે.

નોકષાયરૂપ મિથ્યાભાસ રતિ-અરતિ, હર્ષ-શોક, ભય, જુગુપ્સાના ભાવો પણ મંદ પડતા જાય છે. એક સંસાર આસક્ત જીવને, ઇન્દ્રિયોના વિષયોમાં જેટલા ગમા-અણગમાના ભાવો હોય તેવા સમકિતીને ન હોય. ચારિત્રવાનને ન હોય. હા, તેના નો-કષાયોનો સર્વથા ક્ષય નથી થયો તેથી તેના જીવનમાં પસંદગીનાં ધોરણો જરૂર હોય. અમુક ગમે અને અમુક ન ગમે, પણ હોય છતાં તેના માટે વ્યાકુળતા ન હોય, આર્તધ્યાન ન હોય. ક્ષણિક ભાવો આવી પણ જાય. છતાં તરત ત્યાંથી પાછો વળી જાય, તેમાં જ પડ્યો ન રહે. એવું જ હર્ષ શોકના ભાવોનું, એવું જ ભય-જુગુપ્સાના ભાવોનું, નિમિત્ત મળતાં ક્ષણિક અસર થાય, પણ લાંબો સમય ટકે નહીં.

જિનેશ્વર ઉપાસિકા પેલી શાણી સુમતિ-વીતરાગનાં ચરણમાં જેની અનન્ય શ્રદ્ધા છે, સમ્યક્ત્વ ભાવની આરાધિકા છે. આત્મા-નિર્મળતામાં ચિત્ત રમી રહ્યું છે, પ્રભુનાં વચનોની પૂર્ણ શ્રદ્ધા છે, શ્રદ્ધા સાથે આચારનો સમન્વય થયેલો છે, એવી એ શ્રાવિકાનો પતિ બહાર ગયો છે, અને આંખનાં રત્ન સમા, બે યુવાન પુત્રોનું અકસ્માતે એક સાથે મૃત્યુ થાય છે.

ક્ષણભર તો સુમતિ સ્તબ્ધ થઇ જાય છે. આખાયે જીવનનો ચહેરો વિકૃત થઇ ગયો હોય એવું પ્રતિભાસવા માંડે છે. પણ વીતરાગનાં ચરણો જેણે પૂજ્યાં છે એવી અનન્ય શ્રદ્ધાવાન નારી થોડી જ ક્ષણોમાં સ્વસ્થ થઇ જાય છે.

પુત્રોને અન્ય ઓરડામાં સફેદ ચાદર ઓઢાડી જાણે સુવરાવી દીધા છે અને ઉંબરામાં પતિની રાહ જોતી ઊભી છે. કેટલા સમય પછી પતિ આવે છે. રોજની હસતી નારીનું મુખ ઉદાસ જુએ છે. પતિના મનમાં પ્રશ્ન ઊઠે છે, શું થયું હશે? પત્નીનું મુક કેમ ઉદાસ? અને એ પૂછે છે :

'સુમતિ! શું થયું? કેમ ઉદાસ છે?'

'કંઇ નહીં દેવ! પાડોશી સાથે જરા ઝઘડો થઇ ગયો!'

'અરે! સુમતિ તું આ બોલે છે? ઊંચે અવાજે બોલતાં પણ તને કદિ કોઇએ સાંભળી નથી. તું ઝઘડો કરી શકે કઇ રીતે?'

'નાથ! થોડા સમય પહેલા, પ્રસંગે પહેરવા પાડોશીને ત્યાંથી બે રત્નકંકણ લઇ આવી હતી. મને બહુ ગમ્યા. મેં રાખી લીધા. આજે પાડોશી માગવા આવ્યા પણ મારે નહોતા આપવા. તેથી ઝઘડો થયો.'

'અરે! પાગલ. એમાં તે ઝઘડો હોય? જેનું હોય તે માગવા આવે તો આપી દેવું જોઇએને? પારકું કેટલા દિવસ રખાય ? આપી દે!'

'ના પણ, મને આપવા નહીં ગમે, મારે તો એ રત્નકંકણ રાખવાં છે. બહુ ગમે છે મને! ન આપું તો!'

'અરે! આજે તને થયું છે શું? ક્યારેય નહીં ને આજે કેમ આવી વાતો કરે છે!'

'સ્વામી! ખરેખર! પારકી વસ્તુ આપણાથી ન રખાય? જેની હોય તેને આપી દેવી પડે?'

'હા, હા, તેમાં પૂછવાનું શું?'

'પણ શું આપને દુઃખ નહીં થાય? હું પાછા આપી દઇશ તો શું આપને દુઃખ નહીં થાય?'

'ના, ના, તેમાં દુઃખ થવા જેવું શું છે? આપણું કામ પતી ગયું. સમય થઇ ગયો. દઇ જ દેવા પડે!'

'એમ! તો ચાલો, હું આપના રત્નકંકણ બતાવું!'



અને સુમતિ તેના પતિને હાથ ઝીલી અંદરના ઓરડામાં દોરી ગઇ. જ્યાં બબ્બે યુવાન પુત્રો ચિરનિન્દ્રામાં પોઢી ગયા હતા, મુખ પરથી કપડું દૂર કરી સુમતિએ ધીરેથી પતિને કહ્યું :

'જુઓ નાથ! આ આપણા રત્નકંકણ! તેનો સમય પુરો થઇ ગયો. અને તે રવાના થઇ ગયા!'

પતિ તો અવાક્ રહી ગયો. પુત્રોના મૃત્યુને આ સ્ત્રી આ રીતે મૂલવી શકે! એક માતૃહૃદય આટલી સમતા દાખવી શકે! કઇ હશે એ શક્તિ? અને સુમતિનો પતિ ત્યાં જ તેની પત્નીના ચરણમાં ઢળી પડ્યો, કહ્યું:

'સુમતિ! તેં ખરેખર વીતરાગનાં ચરણ-શરણની ઉપાસના કરી છે. આટલા મોટા આઘાતને જીરવવાનિ શક્તિ વીતરાગની વીતરાગતતા પ્રત્યેની તારી અનન્ય ભક્તિએ જ તને આપી છે!'

બંધુઓ! આ છે હર્ષ-શોકથી પર દશા. સમકિતી જીવને રોમે-રોમે વીતરાગતાની શ્રધ્ધા ભરી હોય. તેથી જ આવા મહાભયંકર પ્રસંગમાં પણ સમતા ટકાવી રાખી છે. માટે જ અહીં કહ્યું કે સર્વ મિથ્યાભાસોને ટાળી નાખે અને જ્યારે મિથ્યાભાસ ટળવા માંડે એટલે ચારિત્ર મોહનીયની પ્રકૃતિઓ એક-એક કરીને ખરવા માંડે. જેમ-જેમ ચારિત્ર મોહનીય પાતળું પડતું જાય તેમ આત્મ-સ્થિરતા વધતી ચાલે, આત્મસ્વરૂપની રમણતામાં રમ્યા કરવું એ જ છે ભાવચારિત્ર. જ્યાં ભાવચારિત્ર પ્રગટે ત્યાં દ્રવ્યચારિત્ર આપોઆપ આવી જ જાય, વૃત્તિમાંથી અવ્રતના ભાવો ઊતરી જાય, પ્રમાદના ભાવો ઊતરી જાય એટલે આત્મસ્થિરતાની અપૂર્વ દશારૂપ, અપ્રમત્ત દશારૂપ, ચારિત્ર પ્રગટે. આ છે જીવના સાતમા ગુણસ્થાનની સ્થિતિ.

હવે રહે માત્ર સંજ્વલન કષાયો. પણ એ તો અતિ મંદ છે. તેથી જીવને વિકાસમાં બહુ આડે આવતા નથી. સાતમા ગુણસ્થાન પછી ચડતી દશામાં જીવ તેનો પણ ક્ષય કરી શકે છે. પણ તે પહેલાંની જે દશા છે તેનું વર્ણન શ્રીમદ્જીએ કર્યું છે.....

**એમ પરાજય કરીને ચારિત્રમોહનો,**
**આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવજો,**
**શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,**
**અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો...અપૂર્વ....**

સાતમા અપ્રમત્ત ગુણસ્થાનની સ્થિતિ માત્ર અંતર્મુહૂર્તની છે. પણ બહુધા જીવ આખા અંતર્મુહૂર્ત સુધી ત્યાં ટકી શકતો નથી. પ્રમાદ આવે છે અને છઠ્ઠે ગુણસ્થાને ચાલ્યો જાય. ત્યાં વધુ વાર રહે. ફરી ભાવોમાં ભરતી આવે અને સાતમા ગુણસ્થાનની સ્થિતિ પ્રાપ્ત થઇ જાય. થોડી સેકન્ડો કે થોડી મિનિટો પૂરતા જ ત્યાં રહે. પણ જ્યારે જીવની પરિણામધારા અતિ વિશુદ્ધ થવા માંડે-એ વિશુદ્ધિ વધતી ચાલે તો માત્ર નિર્વિકલ્પ દશાની સાથે આગળ વધે. અને આ દશા માત્ર બે ઘડી જ જો ટકી રહે અર્થાત્ પુરૂં અંતર્મુહૂર્ત સુધી રહે તો અંતર્મુહૂર્તના છેલ્લા સમયે કેવળજ્ઞાન લઇ લે. અર્થાત્ એટલા સમયમાં તો જબરદસ્ત પુરૂષાર્થ કરી લે. જેથી વીતરાગતા પ્રગટે. અહીં શ્રીમદ્જી પણ એ જ કહે છે જો ચારિત્ર મોહનીયને એકવાર પરાજિત કરી, આત્મસ્વરૂપની રમણતારૂપ સ્થિરતામાં બે ઘડી ટકી ગયો તો, આઠમા ગુણસ્થાનનો સ્પર્શ પામી જાય. જ્યાં આજ સુધી ચારિત્રને પ્રગટાવવાનાં જે ભાવો નથી જાગ્યા તેવા ભાવો આવે. જેને અપૂર્વકરણ કહે છે.

અહીંથી જીવ કર્મોના રસઘાત અને સ્થિતિઘાત શરૂ કરે છે. અર્થાત્ પૂર્વે બાંધેલા કર્મોમાં જે તીવ્રતા હોય તેને મંદ કરતો જાય છે, કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિને ઓછી કરતો જાય છે. આ ગુણસ્થાને જીવનો વધુમાં વધુ પુરુષાર્થ થાય છે. જેમ પ્લેનને ઉપર ચડવા માટે ટેઇક ઓફ લેવામાં જ વધુ શક્તિ લગાવવી પડે છે, ઉપર ચડી ગયા પછી સીધું ચલાવવામાં એટલી શક્તિની જરૂર પડતી નથી, તેમ જીવ એકવાર ક્ષપકશ્રેણીએ ચડી ગયો પછી કેટલીક મિનિટોમાં વીતરાગદશા સુધી પહોંચી જાય જે શાશ્વત દશા છે.

આ ગુણસ્થાનની પરિણામધારા અનન્ય તથા તેની વિશુદ્ધિ પણ અતિશય. બસ પછી તો થોડો જ પ્રવાસ બાકી રહે. નવમા-દસમા ગુણસ્થાને આવે. નવમા ગુણસ્થાને નોકષાયરૂપ ચારિત્ર મોહનીયની પ્રકૃતિઓને તથા સંજ્વલન કષાયના ક્રોધ, માન, માયાને ક્ષીણ કરી નાખે. દસમા ગુણસ્થાનની સ્થિતિ અતિ અલ્પ જ્યાં માત્ર એક સંજ્વલન લોભનો ક્ષય કરી સીધો બારમે પહોંચી જાય. એટલે વીતરાગપદ વાસ.

આવી વીતરાગતાને પામવા લડવાનું છે, માત્ર મોહનીય સાથે.



મોહનીય પ્રબળ છે, તેમ જીવમાં રહેલ શક્તિ પણ પ્રબળ છે. પણ જ્યાં સુધી આત્માની શક્તિઓને જાગ્રત નહીં કરીએ ત્યાં સુધી મોહનીય પાતળું પડે નહીં. જેની સાથે લડવું છે તેના કરતા આપણી શક્તિ વધારે હોય તો જ લડી શકાય, અન્યથા ચૂપચાપ સહન કરી લેવું પડે. પણ જીવમાં અનંત શક્તિ છે, તે જો જાગ્રત કરી લઇએ તો મોહનીયનું ગમે તેટલું જોર હશે તે ઢીલુંઢફ થઇ જશે ને ચૂપચાપ ચાલ્યું જશે.

એક યુવાન એક મકાન નીચેથી પસાર થઇ રહ્યો હતો. ત્યાં અચાનક ઉપરથી એક ઇંટ પડી ને જરા પગમાં વાગ્યું. યુવાનીનું જોમ હતું. તરત ગુસ્સો આવ્યો! કોણે નાખી ઇંટ. જઇને તેના જ માથામાં મારૂં. અને તે ઇંટ હાથમાં લઇ, ધડાધડ દાદરો ચડી ગયો. જઇને છૂટી ફેંકે એટલી જ વાર... ત્યાં તો એણે જોયું, એક પહેલવાન અગાશીમાં દંડ-બેઠક કરી રહ્યો છે. તેના હાથના ધક્કાથી ઇંટ નીચે પડી ગઇ હતી. પેલો યુવાન તો ઢીલોગાર થઇ ગયો. પહેલવાનને કહે છે 'અહો! આપ છો! આપની ઇંટ નીચે પડી ગઇ હતી માટે આપવા આવ્યો છું. મારા જેવું કંઇ કામકાજ હોય તો કહેજો. અહીં બાજુમાં જ રહું છું.' અને ચૂપચાપ ચાલ્યો ગયો.

બંધુઓ! જોયું ને! પહેલવાનને જોઇ કેવો ઢીલો પડી ગયો! આવ્યો હતો મારવા પણ ચાપલૂસી કરીને ચાલ્યો ગયો! બસ, આપણે પણ આત્માના અનંતવીર્યને જાગ્રત કરી લઇએ, તો પ્રબળ એવા મોહનીયની પણ તાકાત નથી કે આપણી સામે ચૂં-ચાં કરી શકે! એને પલાયન થવું પડે. અને આપણી વીતરાગતા જાગી ઊઠે!

આમ સમ્યગ્દર્શનની સાધના આગળ વધતાં વીતરાગતા સુધી જીવને પહોંચાડે જે જીવનું ચરમ અને પરમ પ્રાપ્તવ્ય છે.

એ વીતરાગ દશામાં આત્મા કેવા ભાવોમાં રમણ કરતો હોય તે અવસરે....

# કેવળ નિજ સ્વભાવનું...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની-અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્‌ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધનાનું ચરમ બિન્દુ વીતરાગતા. વીતરાગના પ્રાગટ્ય સાથે જીવ વીતરાગતાની દીવાદાંડીના સહારે કાંઠે પહોંચ્યો, બસ બેડો પાર, અને તેને કેવળ નિધાન લાધી ગયો. શ્રીમદ્‌જી કહે છે -

**મોહ સ્વયંભુરમણ સમુદ્ર તરી કરી,**
**સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;**
**અંત સમય ત્યાં પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઇ,**
**પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો....અપૂર્વ...**
**ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,**
**ભવનાં બીજ તણો આત્યાંતિક નાશ જો;**
**સર્વ ભાવ જ્ઞાતા દ્રષ્ટા સહ શુદ્ધતા**
**કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો....અપૂર્વ....**

મોહનીયને સર્વથી મોટા એવા સ્વયંભૂરમણ સમુદ્રની ઉપમા આપી. વિશાળ મહાસાગર છે મોહ. છતાં સાધન વડે તરી શકવાની શક્યતાવાળો છે. એ જ છે જીવનું સૌભાગ્ય. જેમ વિશાળ સમુદ્રમાં માઇલોના માઇલો યાત્રા કરી દૂર-સુદૂરના પ્રદેશમાં જહાજ દ્વારા જઇ શકાય છે, તેમ મોહરૂપ સમુદ્ર ગમે તેવો વિશાળ હોવા પછી પણ, માનવ જન્મરૂપ મહાન સાધન વડે એ તરી શકાય છે. જ્યારે જીવ આ સમુદ્રને પાર કરી કાંઠે ઉતરે છે ત્યારે ત્યાંની જે દશા છે તે અલૌકિક અને અદ્‌ભુત હોય છે. અનાદિના ભવ-ભ્રમણમાં ક્યારેય નથી લાધી એ દશા ત્યાં લાધે છે. જીવની આ દશાનું નામ આપ્યું ક્ષીણમોહ ગુણસ્થાન.

મોહનીયનો સંપૂર્ણ, સમૂળ ક્ષય કરી જીવ અહીં પહોંચી ગયો - બસ વિજય! હવે પાછું ફરવું નથી. ભવ કરવા નથી. જેવો બારમા ગુણસ્થાને



સ્પર્શે કે સંપૂર્ણ વીતરાગદશામાં જીવ સ્થિર થઇ જાય અને એ સ્થિરતા એક એક સમય માત્રમાં જ્ઞાનાવર્ણીય, દર્શનાવર્ણીય અને અંતરાય - આ ત્રણેય કર્મોનો એક સાથે ક્ષય કરી નાખે, અને આત્મામાં પડેલ અનંત નિધાનરૂપ કેવળજ્ઞાન પ્રગટે, કેવળદર્શન પ્રગટે, અનંતવીર્ય પ્રગટે.

આ દશાને પામવામા આડે આવતાં ચાર ઘાતી કર્મોની સર્વથા ઘાત થઇ. આ પહેલાં તો ક્યારેક ઉપશમ કે ક્ષયોપશમ થતો હોય વળી ઉદયમાં આવતા હોય. અજ્ઞાન આદિ દેખા દઇ જતાં હોય પણ હવે એ ન રહ્યું.

સંસારના અનંત પરિભ્રમણનાં બીજરૂપ રાગ તથા દ્વેષ પણ સર્વથા નષ્ટ થઇ ગયા. હવે જન્મ ધારણ કરવાનો ન રહ્યો. જીવનો શુદ્ધ સ્વાભાવિક જ્ઞાતા-દ્રષ્ટા ગુણ સર્વાંશે ખીલી ઊઠ્યો અને આત્મપ્રભુ કૃતકૃત્ય થઇ ગયો. બસ હવે અનંત સુખની લહેરમાં સર્વકાળ ઝૂલવાનું.

આ દશામાં ચાર ઘાતી કર્મોનો સર્વથા ક્ષય થઇ ગયો. અઘાતી કર્મો છે પણ તેનું કંઇ જ જોર નથી. એ તો બળી સિંદરીવત્ આકૃતિ માત્ર જો. બળેલી સિંદરી જેવા નિર્માલ્ય. વળ દેખાય પણ કર્તૃત્વ કશુંય નહીં. તેમ જીવ સાથે અઘાતી કર્મો છે પણ જીવને નિજાનંદની મસ્તીમાં ક્યાંય આડા ન આવે.

હવે પ્રગટેલા કેવળજ્ઞાનને સમજીએ. એ શું છે ? સામાન્ય જનસમૂહ કેવળજ્ઞાનનો અર્થ કરે છે સંપૂર્ણ જ્ઞાન; અર્થાત્ જે જ્ઞાન વડે ત્રણે લોક અને ત્રણે કાલના સર્વ ભાવો ઝળકે તે કેવળજ્ઞાન.

ઠીક છે, આ અર્થ પણ થઇ શકે છે, પણ માત્ર આટલી સીમામાં કેવળજ્ઞાન જેવી શક્તિને બાંધી દેવાની નથી. આ અર્થ તો સામાન્ય માનવ, ઊંડા ભાવોને ન સમજી શકે માટે બતાવ્યો છે. જો કે જ્ઞાનનો સ્વભાવ જ જ્ઞેય પદાર્થોને જાણવાનો છે. તેથી કેવળજ્ઞાની મહાત્મા આખાયે લોકને જાણે છે, પણ તેઓને જાણવાની સ્પૃહા નથી. કેવળજ્ઞાન આયના જેવું છે. આયનાને ઇચ્છા નથી પણ તેની સામે જે પદાર્થો આવે તે, આયનામાં પ્રતિબિંબિત થાય છે, તેની તેને કંઇ જ અસર ન હોય. પદાર્થને પ્રતિબિંબિત કરવાનો તેનો સ્વભાવ છે, તેથી થાય. એ જ રીતે કેવળજ્ઞાનમાં જગતના સર્વ દ્રવ્ય પર્યાયો ઝળકે પણ આત્માને કાંઇ નહીં. તેને જોવા નથી. આત્મા તો માત્ર સ્વપ્રકાશમાં જ લીન છે.

જેમ ઓરડામાંથી એક ચીજ લેવા પ્રકાશ કર્યો, પણ ત્યાં રહેલી બીજી સેંકડો ચીજ દેખાય જાય છે. તેમ સર્વ પદાર્થો પણ ઝળકે. તેમાં કેવળી પરમાત્માને કંઇ જ નહીં.

કેવળજ્ઞાનનો બીજો અર્થ થાય છે કે એક જ જ્ઞાન. જ્યાં માત્ર એક જ્ઞાન છે તે કેવળજ્ઞાન. આમ તો શાસ્ત્રોમાં મતિ- શ્રુત, અવધિ, મન:પર્યવ અને કેવળ એ પાંચ જ્ઞાન કહ્યાં. પણ કેવળજ્ઞાનમાં બાકીના ચાર જ્ઞાનનો સમાવેશ થઇ જાય. પછી એ જુદા ન રહે. કેવળજ્ઞાન એ સર્વોપરી અને સંપૂર્ણ છે. બીજા તો અપૂર્ણ છે તેથી તે ચારેય કેવળજ્ઞાનથી જુદાં ન હોય.

જેમ તમારો દીકરો M.Sc. થયો હોય તો તમે એમ ન કહો કે મારો દીકરો મેટ્રીક થઇ ગયો છે. B.Sc. થયો છે અને M.Sc. થયો છે. કારણ સમજો કે M.sc. માં બધું જ આવી ગયું. એટલું કહેવાથી જ બધાં સમજી જાય કે આટલું કર્યા પછી જ એ M.Sc. સુધી પહોંચ્યો હોય. અન્યથા પહોંચી ન શકે. એ જ રીતે કેવલજ્ઞાનમાં બાકીનાં ચાર જ્ઞાનોનો સમાવેશ થઇ જાય.

પહેલો અર્થ તો વ્યાવહારિક દ્રષ્ટિએ થયો. તેમાં કેવળી પરમાત્માને આત્મિક દ્રષ્ટિએ શું લાભ? જગતને જોવામાં તેમને કંઇ જ મળે નહીં. સામાન્ય જીવો તો કદાચ જગતને જોઇ જાણી તેમાંથી માનસિક આનંદ પણ મેળવી શકે. કંઇક દુન્યવી લાભ પણ મેળવી શકે. પરંતુ કેવળી પરમાત્માને તો એમાંનું કશુંય ખપતું નથી. તેથી જ શ્રીમદ્‌જી હવે કેવળજ્ઞાનની વિશિષ્ટ વ્યાખ્યા આપે છે.

**કેવળ નિજ સ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;**
**કહિયે કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ....૧૧૩....**

જે દશામાં આત્મા અને જ્ઞાન અભેદભાવે પરિણમે છે ત્યાં આત્મા તે જ જ્ઞાન અને જ્ઞાન તે જ આત્મા. આત્મા એટલે માત્ર જ્ઞાનનો પિંડ, એ સિવાય કશું જ નહીં, Only Knowledge બસ માત્ર જ્ઞાન. જીવનો સ્વભાવ જ્ઞાન, અને તે જ્ઞાનનાં જ્ઞાનની અખંડતા તે કેવળજ્ઞાન. માત્ર પોતાના સ્વભાવનું જ જ્ઞાન, અન્ય કોઇનું નહીં. આખાયે લોકમાં નિજ સ્વભાવ સિવાય કશું જ છે જ નહીં. માત્ર સ્વભાવ ને સ્વભાવ જ, આખી



દુનીયા ડૂબી ગઇ. તે સ્વભાવનું પણ જ્ઞાન જ. બીજું કશું નહીં. જ્ઞાન સિવાય કશું જ નહીં. વળી એ જ્ઞાન પણ અખંડ, તેમાં ખંડ નહીં, ભેદ નહીં, વ્યવદાન નહીં, સતત-સરલ અને સહજ જ્ઞાન.

આજ સુધીની પુરૂષાર્થ દશામાં જીવે નિજ સ્વભાવને ઘણોયે વેદ્યો હોય. પણ તે સતત-નિરંતર-અખંડ નહીં. ગુણસ્થાનની બદલાતી દશામાં નિજાનુભૂતિની તારતમ્યતા પણ બદલાતી રહે તેથી અખંડ, એક સરખી સ્વભાવદશાની અનુભૂતિ ન રહે. વળી બારમે ગુણસ્થાને જીવ ન પહોંચ્યો હોય ત્યાં સુધી તો દશાની ચડતી-પડતી બંને થયા કરે, તેથી પણ અખંડ અનુભૂતિ ન રહે. તેમજ આ પહેલાંનાં ગુણસ્થાનોમાં, એક ગુણસ્થાનનાં અલ્પકાળમાં પણ ચડતી દશામાં અનેક પરિણામો, અને પડતી દશામાં પણ અનેક પરિનામો તથા વિભિન્ન ગુણસ્થાનોના અનેક પરિણામો. જ્યારે કેવળજ્ઞાનની પ્રાપ્તિરૂપ તેરમા ગુણસ્થાનની, અયોગ અવસ્થા રૂપ ચૌદમા ગુણસ્થાનની તથા સિદ્ધ અવસ્થાની પરિણામધારા એક સરખી જ, તેથી કેવળજ્ઞાનનાં અનુભવમાં કશું જ અંતર નહીં. કેવળ સ્વભાવનો અનુભવ સરખો જ કેવળજ્ઞાનની અનુભૂતિ તે અખંડ અનુભૂતિ.

આમ જ્યાં જીવની એક માત્ર અખંડ જ્ઞાનદશા જ વર્તતી રહી છે તે કેવળજ્ઞાન.

આવો કેવળજ્ઞાની આત્મા શરીર સહિત હોય. મન-વચન-કાયાના યોગે હોય છતાં નિર્વાણપદને પામેલા, સર્વથા જીવનમુક્ત સિધ્ધની આંતરદશા અને કેવળી પરમાત્માની આંતરદશામાં કશું જ અંતર નહીં, તેથી કેવળી પરમાત્મા દેહ હોવા પછી પણ દેહાતીત દશાનો અનુભવ કરતા હોય. દેહાધ્યાસ તો ક્યારનોય છૂટી ગયો હોય, તેથી નિજાનુભૂતિના અખંડજ્ઞાનમાં દેહ ક્યાંય આડે આવે નહીં.

જીવને મોક્ષોપાયની આરાધના કરી કેવળજ્ઞાન પામવું છે, ગુરુદેવે શિષ્યને માર્ગ બતાવી દીધો. આદિથી અંત સુધીની આરાધનાનાં સોપાનો બતાવ્યાં, અને ચરમ શુધ્ધ પરિણતિએ આત્મા કેમ પરિણત થાય છે તે પણ બતાવ્યું.

અનુપમ ગાથા અને ગાથાનો અનુપમ ભાવાર્થ શ્રીમદ્‌જીએ અહીં રજુ કર્યો. આ ગાથા પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે, જેમાં અદ્‌ભુત રહસ્ય ભર્યું છે.

આપણી અલ્પ મતિ આ રહસ્યોને શું ઉકેલી શકે? જ્ઞાનીઓના જ્ઞાનમાં જ એ રહસ્યો ઝળકતા હોય છતાં

**અલ્પ શ્રુતં શ્રુતવતાં પરિહાસધામ,**
**ત્વદ્‌ભક્તિરેવ મુખરીકુરૂતે બલાન્મામ્;**
**યત્કોકિલ: કિલ મધૌ મધુરં વિરૌતિ,**
**તચ્ચારૂ ચામ્ર કલિકા નિકરૈક હેતુ:**

જેમ માનતુંગાચાર્ય પ્રભુ આદિનાથની સ્તુતિ કરતા કહે છે - હે પ્રભુ! વિદ્વાનોની સમક્ષ તો મારૂં શ્રુત હાંસીપાત્ર ઠરે એટલું જ છે. છતાં આપના પ્રત્યેની ભક્તિ મને હઠાત મુખર કરે છે. જાણે મને આપના ગુણોનું ગુંજન કરવાની ફરજ પાડે છે. તેથી હું બોલ્યા વિના રહી શકતો નથી. જેમ ગ્રીષ્મઋતુમાં આંબાનું વૃક્ષ જ્યારે આમ્રકલિકાઓથી લચી પડે ત્યારે નાની એવિ શ્યામ કોકિલા ટહુકાઓથી આમ્રવનને ભરી દે છે તેનાથી રહેવાતું નથી. કોઇ સાંભળીને શું કહેશે તેની પરવાહ નથી. બસ, હૃદય પ્રફુલ્લિત થયું તેથી ટહુકી ઊઠે છે.

બસ, આ જ રીતે શ્રીમદ્‌જીએ કહેલ આ ગાથામાં અદ્‌ભુત ભાવોને ન્યાય આપવાનું સામર્થ્ય આ લેખનીમાં ન હોવા છતાં પણ સર્વજ્ઞતા પ્રત્યેનો અહોભાવ ચૂપ બેસવા દેતો નથી. આખર આ જીવનું લક્ષ્ય પણ તે જ છે ને! તેથી કેવળજ્ઞાન જેવી અમોલ નિધિનું મૂલ્ય, કેટલાક શબ્દો દ્વારા માપવાનો મેં પ્રયાસ કર્યો છે. ભાવો કેવળીગમ્ય જ છે !

અલ્પજ્ઞાનીની અલ્પ વાણી તેને શું કહી શકે? વધુ અવસરે .....

# ઉદય થાય ચારિત્રનો...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની-અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્‌ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, આત્મઅનુભવદશાને સતત ટકાવી રાખે છે. એક વાર આત્માનો અનુભવ થયા પ્રછી જીવ આરાધક ભાવોમાં જ રમ્યા કરતો હોય, તો એ અનુભવદશાની નિરંતરા રહે છે.

જીવનની વિભિન્ન અવસ્થાઓમાં, સમકિતી જીવને નિજ સ્વભાવનો રહેતો અનુભવ, લક્ષ અને પ્રતીતિ સમકિતની વિશુદ્ધિની સાથે આત્મવિકાસની પ્રગતિનાં પ્રબળ કારણો છે.

આવા જીવનો વિકાસ કેટલો શીઘ્ર થાય છે તે બતાવતાં શ્રીમદ્‌જી ફરમાવે છે -

**વર્ધમાન સમકિત થઇ, ટાળે મિથ્યાભાસ;**
**ઉદય થાય ચારિત્રનો, વીતરાગ પદ વાસ....૧૧૨....**

સમકિતની વધતી જતી દશા અર્થાત્ આત્માનુભવની વધતી નિર્મળતા. સમકિત દશામાં રહેલા જીવને સમયે-સમયે અનંતાનંત કર્મોની નિર્જરા થતી રહે છે. અશુદ્ધિ ઘટતી જાય છે, અને વિશુદ્ધિ વધતી જાય છે. ચારિત્ર મોહનીય કર્મની નિર્જરા પણ થતી રહે છે તેથી રાગ-દ્વેષની મંદતા થાય છે. આ મંદતા જીવમાં રહેલ મિથ્યાભાસોને ટાળે છે.

અહીં પ્રશ્ન થાય કે મિથ્યાત્વ ગયું એને સમકિત પ્રકાશ્યું તે પછીની દસાની તો વાત થઇ રહી છે. તો પછી મિથ્યાભાસ શાનો? મોહનીયના જેટલા ભાવો છે તે બધા મિથ્યાભાવો જ છે. સમકિત થયું એટલે મોહનીયની ૨૮ પ્રકૃતિઓમાંથી માત્ર સાત પ્રકૃતિ જ ગઇ, હજુ ૨૧ બાકી છે. ક્રોધાદિ તથા નવ નો કષાય.

તેમાં સમ્યક્ત્વની નિર્મળતા વધતાં પ્રથમ અપ્રત્યાખ્યાની તથા પ્રત્યાખ્યાની કષાય ચતુષ્કને ક્ષીણ કરે. જે પ્રકૃતિઓ દેશવિરતિ તથા

સર્વવિરતિ રૂપ ચારિત્રની ઘાતક છે. આ માણસ જાણકાર હોવો જોઇએ.

બસ, બંધુઓ! ચેતન યંત્રનું પણ આમ જ છે. એ પણ રાત ને દિવસ ચાલ્યા જ કરે છે. જાગૃતિમાં હો કે સુષુપ્તિમાં એ અટકતું નથી. કદાચ શરીરને એનેસ્થેસિયા આપીને સુવાડી દેવાય, ચેતન બાહ્ય સંવેદનોને એટલે કે શરીરનાં સંવેદનોને ન ઝીલી શકે પણ તેનાં અંદરનું કર્મનાં બંધ અને ઉદયના તંત્ર તો ચાલુ જ હોય છે.

આ તંત્ર અનાદિથી ચાલુ છે. એક ક્ષણ માટે પણ કદિ અનંતકાળમાં એ અટકતું નથી. છતાં જીવ જો જાણે, સમજે, ચેતનને કંટ્રોલમાં કરવાની સ્વીચ તેના હાથમાં આવી જાય તો, એ તંત્રને બંધ કરવાની શક્તિ પણ જીવમાં જ છે. અંતર એટલું છે કે જડ યંત્રોને બંધ કરવા માટે કોઇને પણ તમે મોકલી શકો. તમે ફેક્ટરીએ ન જવાના હો તો તમારા ભાઇ, દીકરો કે અન્ય કોઇ વ્યક્તિને પણ તમે મશીનને ચાલુ કરવાનું કે બંધ કરવાનું કહી શકો. પરંતુ આ ચેતનતંત્રનું એમ નથી. એનો કંટ્રોલિંગ પાવર અન્ય કોઇના હાથમાં નથી. વ્યક્તિ પોતે જ પોતાના ચેતનતંત્રને બંધ કરી શકે અર્થાત્ કર્મના બંધભાવ અને ઉદયભાવ પર કંટ્રોલ કરી શકે.

બંધુઓ! જડ તંત્ર અને ચેતન તંત્ર આ બન્નેમાં એક મોટો ફરક એ છે કે જે મશીન, જે વસ્તુના ઉત્પાદનમાં કાર્ય કરી શકતું હોય તે જ કરી શકે, અન્ય વસ્તુનું ઉત્પાદન ન કરી શકે. તમારી ફેક્ટરીનાં મશીન લોઢાના સ્પેર પાર્ટ્સ બનાવતું હોય, તેમાં સૂતરનાં રીલ મૂકી કાપડ બનાવવાનો વિચાર કરો તો ન થઇ શકે.. એમ કોઇ પણ મશીન એક ના બદલે બીજી ચીજો બનાવી ન આપે. તેનું કાર્ય મર્યાદિત છે. જ્યારે ચેતનતંત્ર આજે તો વિભાવ પરિણતિએ પરિણત થઇ ક્રોધ, માન આદિ કષાયોનું ઉત્પાદન કરતું હોય, પણ જીવ સમજીને સવળો પુરૂષાર્થ કરવા માંડે તો ક્રોધાદિથી વિપરીત ભાવો ક્ષમા, નમ્રતા આદિ ભાવોનું ઉત્પાદન થવા માંડે. અનાદિથી અજ્ઞાનરૂપ પરિણમતો જીવ ક્ષણમાત્રમાં કેવળજ્ઞાન લઇ લે. જે મોહનીય કર્મ ચેતનને સંસારમાં ભમાવી રહ્યું હતું, ચેતન તેને જ જડમૂળમાંથી ઉખેડી દઇ ફેંકી દે. અને જન્મ-મરણનાં ગતિમાન ચક્રો સદા-સર્વદા માટે સ્તંભિત થઇ જાય. આ છે ચેતનનો ચમત્કાર! ચેતનનું અલૌકિક સામર્થ્ય! ચેતનની સર્વતંત્ર સ્વતંત્રતા!

શ્રીમદ્જીએ સમ્યગ્દર્શનની સાધના અંતિમ સિદ્ધિમાં કઇ રીતે પરિણમે



તેનો પૂરો ક્રમ બતાવ્યો. હવે ચેતન અનાદિના વિભાવને દૂર કરવા ધારે તો કરવામાં કેટલો સમય? માત્ર થોડો જ! એ વાતની પુષ્ટિ એક લૌકિક દ્રષ્ટાંત દ્વારા કરે છે.

**કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગૃત થતાં સમાય;**
**તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય....૧૧૪....**

સુષુપ્ત માનવની નિંદ્રા જ્યારે ગાઢ ન હોય અને તંદ્રામાં એ પડ્યો હોય ત્યારે બહુધા તેનું અવચેતન મન જાગ્રત થાય છે અને અંદર પડેલા વિભિન્ન સંસ્કારો, ચિત્રપટની જેમ માનસ પરથી પસાર થવા માંડે છે. ક્યારેક લાંબો સમય ચાલે, ક્યારેક થોડો સમય. જેને આપણે સ્વપ્ન કહીએ છીએ. આ સ્વપ્નો સાર્થક પણ હોય, નિરર્થક પણ હોય. કયારેક સૂચક પણ હોય. પરંતુ આવું ઓછું બને. સાર્થક કે સૂચક સ્વપ્નો ક્યારેક જ આવે. બાકી નિરર્થક, જેનો કોઇ અર્થ નહીં, ઠેકાણું નહીં. એના જોનાર પણ સમજી ન શકે કે તે શું જોઇ રહ્યા છે. હા, સ્વપ્ન જોતા હોય એટલી વાર તો એમ લાગે કે ખરેખર આ ઘટના ઘટી રહી છે અને પોતે તેમાં સામેલ છે.

પણ ઊંઘનો સમય પૂરો થઇ ગયો, સુષુપ્તિ સમાપ્ત થઇ અને માનવ જાગ્રત થયો કે સ્વપ્ન ગાયબ. પછી ભલેએ સ્વપ્ન ગમે તેટલા લાંબા સમયનું હોય. કોઇ-કોઇ વાર આખી રાત સ્વપ્ન ચાલે. અરે કેટલાંકને એ સ્વપ્ન મહિનાઓ સુધી દેખાય! કુંભકર્ણ છ મહિના સુધી ઊંઘે તો એને છ મહિનાનું લાંબુ સ્વપ્ન પણ ચાલે. અને શ્રીમદ્જી કહે છે કે કોઇ કરોડ વર્ષ ઊંઘી રહ્યો અને એ આખીયે ઊંઘમાં સ્વપ્ન જ સ્વપ્ન તેને દેખાયાં. સ્વપ્નને દૂર થતાં, સમાપ્ત થતાં કેટલી વાર? એ મહત્વનું છે.

આપના સહુનો અનુભવ છે કે ઊંઘ ઊડી કે સ્વપ્ન પણ ઊડી જાય છે. આંખ ખૂલી કે ન ખૂલી, પણ આંખમાંથી નિંદ્રા ચાલી જાય તેની સાથે સ્વપ્ન પણ વિરામ પામી જાય છે.

એ જ રીતે આ જીવ અનાદિથી વિભાવમાં જ પડ્યો છે. એનું ચેતનતંત્ર વિભાવનું જ ઉત્પાદન કરે છે. પણ જ્ઞાન થાય, ભ્રમ ભાંગે તો વિભાવને ભગાડતાં એક ક્ષણ પણ ન લાગે. હું ચેતન આત્મા છું અને આ જડ જગત તે મારૂં નથી - આવો અભિપ્રાય જીવને વિષે આવી જાય તો વિભાવ ક્યાં ટકે?

ભ્રમ છે તે મિથ્યાત્વ છે. જે વસ્તુ જેવી નથી તેવી તેને માની લેવી તે ભ્રમ. અંધારામાં દોરીનો ટુકડો જોઇ સાપ હોવાનો ભ્રમ થાય. ગભરાઇને ચીસ પાડી ઊઠીએ, પણ કોઇ હાથમાં લઇને બતાવે કે ભાઇ! જો આ દોરી છે, સાપ નથી. એ જ ક્ષણે ભ્રમ ભાંગી જાય, ઊભો રહે નહીં.

જીવને પણ બે પ્રકારના ભ્રમ છે. એક તો જે પદાર્થ, વ્યક્તિ પોતાના નથી તેમાં મારાપણાની બુદ્ધિ. આ પદાર્થ મારો છે, આ વ્યક્તિ મારી છે. મમત્વના કારણે રાગ અને દ્વેષ, અને પરિણામે દુઃખ જ, પણ જીવ થોડી સમજણ સાથે વિચારે કે જગતના કોઇ પણ પદાર્થ કદિ કોઇનાં થયાં નથી અને થાય નહીં. થાય શી રીતે? તું ચેતન, પદાર્થ જડ. ચેતન અને જડને શો સંબંધ? તે બંને મળી શકે જ નહીં. અરે! મળવા પણું છે ત્યાં પણ તેના થઇ ન જાય. જેમ કે એક પરમાણુ સાથે બીજા પરમાણુ મળી સ્કંધ બનાવે. કેટલોક સમય સ્કંધરૂપે રહે. પછી એ બંને પરમાણુઓ છૂટા પડી જાય પછી એક બીજામાં ફરી મળે અને ન પણ મળે તો જે પરમાણુઓ મળીને એકમેક થઇ ગયેલા દેખાતા હોય તે પણ એકબીજાના ન થઇ શકતા હોય તો સર્વથા સ્વતંત્ર ચેતન અને સર્વથા સ્વતંત્ર જડ તે એકબીજાના કેવી રીતે થઇ શકે ?

કોઇ વસ્તુ કે વ્યક્તિ કોઇના હોય શકે જ નહીં! મારૂં મારૂં કહીએ છીએ તે માત્ર ભ્રમ છે, ભ્રમનું પોષણ છે. ચેતનના પોતાના મૌલિક ભાવો એટલું જ ચેતનનું છે બાકી કશું જ નથી. કારણ આપણે જોઇએ છીએ કે ચેતન આત્મા જ્યારે દેહમાંથી ચાલ્યો જાય છે ત્યારે અહીં રહેલ હજારો પદાર્થ કે સેંકડો વ્યક્તિ કોઇ સાથે જતાં નથી, અહીં જ પડ્યા રહે છે.

એકવાર મુંબઇમાં એક શ્રીમંત કુટુંબના બહેન કહેતા હતા કે 'હું જ્યારે મારા રૂમના પલંગમાં સૂતી હોઉં, ડેકોરેટ કરેલા આખા રૂમના અનેક પદાર્થો, ધન, ઘરેણાં, વગેરે જોઇને મને એમ થાય કે આ બધું મારૂં મારૂં કહું છું, આમા મને ખૂબ મમત્વ છે, પણ આ બધું અહીં જ મૂકીને મરી જવાનું? આ તો સહન નથી થતું!'

પણ આમ જ છે. બધાં જ મૂકીને ગયા અને આપણે જશું. વ્યવહારમાં કંહીએ છીએ કે પુણ્ય-પાપ સાથે જાય છે, પણ એય ક્યાં કાયમ સાથે રહે છે? તેનો સમય થતાં એ પણ છૂટી જાય! તો બંધુઓ! આખાયે વિશ્વમાં કોઇ પણ વસ્તુ કે વ્યક્તિ આપણી છે નહીં, થશે નહીં. ભ્રમને ભાંગવા



માટે આ સમજવું બહુ જરૂરી છે.

બીજો ભ્રમ છે, પદાર્થ અને વ્યક્તિમાં પોતાના સુખની કલ્પના. અગાઉ આપણે કહી ગયા છીએ કે કોઇ પદાર્થ કે વ્યક્તિ કોઇને સુખ-દુઃખ દેવા સમર્થ નથી. આપણું સુખ કે દુઃખ આપણી માન્યતામાં, સમજણમાં છે. પદાર્થો જીવનજરૂરીયાતમાં ઉપયોગી છે, સગવડતા માટે છે. પણ જીવન સર્વસ્વ નથી. તેમ વ્યક્તિઓ પણ આ જીવનનાં માત્ર સહયોગી જ છે. એથી વિશેષ કશું જ નહીં. સુખ કે દુઃખ દેવા તે સમર્થ નથી.

આ બંને ભ્રમ ભાંગી જાય તો જીવની જ્ઞાનદ્રષ્ટિ ખૂલે. ભ્રમ તો સ્વપ્ન સમાન છે. આંખ ઊઘડે અને સ્વપ્ન દૂર થાય તેમ જ્ઞાન થાય તો અનાદિનો વિભાવ પણ દૂર થાય.

જ્ઞાન એ ચેતનનો ગુણ છે. જ્ઞાનગુણને આજ સુધી અવળી દિશાએ પરિણમાવી રૂંધી નાખ્યો છે. ચેતનવંતો કંટ્રોલ હાથમાં લઇ લઇએ તો વિભાવે પરિણમતો, અજ્ઞાને પરિણમતો આત્મા, જ્ઞાન પરિણતિમાં પરિણત થવા માંડે અને પછી વિભાવ દૂર થઇ જશે.

વ્યવહારમાં તો દસ લાખ રૂપિયાનું દેણું હોય તો દસ લાખ ચૂકવવા જ પડે. દસ હજારથી ન ચૂકવી શકો! હા, નાદારી નોંધાવો કે ભાઇ! મારી પાસે શક્તિ નથી. હું તો એક ટકો જ ચૂકવીશ. તો કદાચ ચાલે, પણ નામોશી સહન કરવી પડે. પણ અહીં તો એવું નથી. જીવ સાથે રહેલ અનંત-અનંત કર્મોને ભોગવવાં ન હોય બદલો ચૂકવવો ન હોય તો ઉત્કૃષ્ટ આત્મપરિણામો વડે સર્વ કર્મોની ઉદીરણા કરી એક સાથે નિર્જરા કરી નાખો તો અલ્પ સમયમાં જ છુટકારો. વગર ભોગવ્યે તેનાથી મુક્ત!

આમ જીવની જ્ઞાનદ્રષ્ટિ ખૂલે, જ્ઞાનપ્રકાશ ફેલાય તો વિભાવરૂપ અંધકાર ક્ષણમાં દૂર થઇ જાય. જીવ સ્વભાવ પરિણત થવા માંડે. જીવને પ્રાપ્તવ્ય પણ તે જ છે.

વિભાવ છૂટતા તેનાં પરિણામસ્વરૂપ આ જીવ કેવા ધર્મને પામે તે અવસરે.....

# ....અવ્યાબાધ સ્વરૂપ!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની-અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, ધર્મના યથાર્થ સ્વરૂપને સમજ્યા પછી જ થાય છે.

મોટા ભાગના માણસોને ધર્મ એટલે શું તેની ખબર જ નથી હોતી. અધર્મમાં ધર્મબુદ્ધિએ અધર્મનું સેવન કર્યે જાય છે, તેથી જીવનું ભવભ્રમણ ટળતું નથી. ધર્મની વ્યાખ્યા અનેક પ્રકારે થતી હોય છે. કેટલાક ફરજને ધર્મ કહે છે. કેટલાક પુણ્યભાવને ધર્મ કહે છે. પણ એ ધર્મ નથી.

ફરજરૂપ ધર્મ માત્ર વ્યાવહારિક જ છે, વ્યવસ્થારૂપ છે, વ્યવહારોને યોગ્ય રૂપે ચલાવવા માટે વ્યક્તિ જ્યાં છે ત્યાં તેની બધી જ ફરજો તેણે બજાવવી જોઇએ. પણ આવી ફરજોને આત્મધર્મ ન મનાય. વળી પુણ્યભાવ તો કોઇ રીતે ધર્મ નથી. પુણ્યભાવથી કર્મબંધ છે, તે આશ્રવ છે. આશ્રવ હોય ત્યાં ધર્મ ન હોય. ધર્મ શું છે? તે શ્રીમદ્જીના શબ્દોમાં –

સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યગ્ચારિત્ર- એ રત્નત્રયીને શ્રી તીર્થંકરદેવ ધર્મ કહે છે, અને ત્યાં બંધનો અભાવ છે. આત્માને સ્વભાવમાંથી પરભાવમાં ધારે તે ધર્મ. આત્માનો સ્વભાવ તે ધર્મ. આત્માને સ્વભાવમાંથી પરભાવમાં ન જવા દે તે ધર્મ. પરભાવ વડે કરીને આત્માને દુર્ગતિએ જવું પડે, તે ન જવા દેતાં સ્વભાવમાં ધરી રાખે તે ધર્મ. જે સંસાર પરિભ્રમણથી છોડાવી ઉત્તમ, અનંત, અવ્યાબાધ સુખમાં ધરી રાખે તે ધર્મ.

આત્મામાં આવો ધર્મ ક્યારે પ્રગટે? મોક્ષોપાય અંતિમ પદ ગુરુદેવ શિષ્યને સમજાવી રહ્યા છે. શિષ્યનાં અંતઃકરણમાં મોક્ષના ઉપાય રૂપ જે-જે, આરાધના બતાવી તેની અડોલ શ્રદ્ધા જાગી છે અને તે આચરવા ઉદ્યત થયો છે. ત્યારે ગુરુદેવ તેને ધર્મનું સ્વરૂપ, સરલ અને સચોટ શૈલીમાં સમજાવે છે.



**છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;**
**નહિ ભોક્તા તું તેહનો-એ જ ધર્મનો મર્મ...૧૧૫....**

જ્યાં બંધનો અભાવ છે ત્યાં ધર્મ છે. અનાદિથી કર્મબંધ કરતાં આત્મામાં અબંધ દશા ક્યારે પ્રગટ થાય? દેહાધ્યાસ છૂટે તો! દેહથી ભિન્ન હું ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય આત્મા છું. આવી પ્રતીતિ થાય તો દેહાત્મ બુદ્ધિ ટળે અને દેહમાં હું માનવાપણાની ભૂલ સુધરે. એક દેહમાંથી મમત્વ ઉપાડી લે તો જીવને કોઇ પણ પરભાવોમાં મમત્વ રહે નહીં. સહુથી નિકટના સાથીરૂપ દેહમાં જેટલું મમત્વ છે એટલું બીજા કશામાં નથી. તેથી દેહનું મમત્વ ટળતા, દેહાત્મ બુદ્ધિ ટળતાં, જડ-ચેતનના ભેદનો વિવેક થતાં, સર્વ પરદ્રવ્યો પરની અહં-મમ બુદ્ધિ છૂટી જાય. સાથે જ હું કરૂં છું એવી બુદ્ધિપણ ટળી જાય અર્થાત્ કર્તાપણાનો ભાવ ન રહે. જીવ અકર્તા થઇ જાય. અકર્તાપણું એટલે બંધનો અભાવ. જીવને સર્વથા બંધનો અભાવ તો ચૌદમા ગુણસ્થાને થાય, પણ કર્તાપણાનો અભાવ તો ચોથા ગુણસ્થાનમાં આવે ત્યારથી જ શરૂ થઇ જાય.

કર્તૃત્વ બુદ્ધિ જ મિથ્યાત્વ છે. મારા શુદ્ધ સ્વભાવમાં કર્તાપણાનો ભાવ નથી. નિશ્ચયથી હું અકર્તા છું. જો હું મારા સ્વભાવનો પણ કર્તા નથી, મારા જ્ઞાનનો પણ કર્તા નથી, જે મારૂં છે તેનો પણ કર્તા નથી. તો પરભાવોનો કર્તા તો ક્યાંથી હોઇ શકું? આવી વિચારણા જેમ-જેમ અંતરને વિષે દૃઢ થતી જાય. તેમ તેમ કર્તાભાવ છૂટતો જાય. કર્તાભાવ છૂટે એટલે સાથે ભોક્તાભાવ પણ છૂટી જાય.

આ જરા સમજીએ. કર્તાભાવ છૂટે, એ તો જીવની સમજણની વાત છે. તે સમજે, વિવેક આવે તો કર્તૃત્વ ભાવને છોડી દે. પણ ભોકતૃત્વ તો સત્તામાં પડેલાં કર્મોનું છે. કર્મો કર્યા છે, સત્તામાં પડ્યાં છે. એટલે ઉદયમાં તો આવે જ. તો પછી તેના ભોગમાંથી કેમ છૂટે જીવ?

અહીં અભોક્તા અર્થાત્ કર્મના ઉદયને જ રોકી દે તેમ નહીં પણ પ્રદેશોદયમાં આવેલા કર્મોનો વિપાકોદય થવા ન દે. એટલે કે જીવમાં એવી પરિણામધારા વર્તતી હોય કે પ્રદેશોદયમાં આવેલા કર્મોનો ક્ષયોપશમ કરતો રહે. તેથી ઉદયમાં આવેલા કર્મો તેને વેદનરૂપ ફળ ન આપે. શરીરમાં ઉદય દેખાડતું વેદનીય કર્મ, મોહનીયના વિપાકોદયનું નિમિત્ત છે. પણ

જીવ મોહનીયનો પ્રદેશોદય થાય તેને રોકી ન શકે પણ તેનો વિપાકોદય ન થવા દે એટલે તેને વેદે નહીં.

ભૂતકાળમાં જે-જે મહાપુરૂષો પોતાના સાધનાકાળમાં ભયંકર ઉપસર્ગ-પરિષહોમાંથી સાંગોપાંગ બચીને બહાર નિકળી ગયાં, તેની પાછળ આ જ કારણ. મહાવીરના પગમાં ખીર રંધાય કે બાહુબલીના શરીરે અસંખ્ય વીંછીઓ ડંખ દે, બંને મોહનીયનાં, ભોકતૃત્વનાં નિમિત્તો પણ આત્માનિ પરિણામધારા પરભાવને છોડી, સ્વભાવમાં વર્તતી હતી તેથી મોહનીય ભોગવવું ના પડ્યું. પ્રદેશોદયમાં આવી, ખરી ગયું, નિર્જરા થઇ ગઇ.

બંધુઓ! એટલે જ એ જીવો વીતરાગતાને પામી ગયા. ધર્મ સિવાય કદી વિતરાગતા પ્રાપ્ત ન થાય. તેઓએ યથાર્થ ધર્મ કરી લીધો.

ગાથામાં પણ એજ કહ્યું કે હે શિષ્ય! તારો કર્તાભાવ અને ભોક્તાભાવ ટળી જાય તો તારા આત્મામાં ધર્મ ઊગે. એ ધર્મે શું થાય? તો કહે છે –

**એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષ સ્વરૂપ;**
**અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ....૧૧૬....**

જ્યારે જીવનો કર્તાભાવ તથા ભોક્તાભાવ દૂર થાય છે ત્યારે અત્યાર સુધી પરભાવમાં અને પરદ્રવ્યમાં એકત્વ બુદ્ધિરૂપ પરિણમન થતું હતું તે બદલાઇ જાય છે. નિજ આત્મામાં અભેદ ભાવે વર્તવા માંડે છે. પોતે પોતામાં સ્થિર થવું. પરભાવથી ખસી સ્વભાવમાં વસવું તે જ ધર્મ છે. આવો ધર્મ આત્મામાં જાગે એટલે મોક્ષ થાય જ. કારણ મોક્ષ એ કોઇ બહારની પ્રાપ્ત થતી પદવી નથી, પદાર્થ નથી પણ જીવના સ્વભાવનું સર્વથા પ્રગટ થઇ જવું. સ્વભાવ પ્રગટ થતાં જીવની જે દશા છે તે મોક્ષ છે.

આજ સુધી જીવ અશુદ્ધ દશામાં જ રહ્યો છે! બંધુઓ! વિચારો, આપણા અંતરમાં પ્રગટતા ભાવો મંદ અથવા તીવ્ર રાગાદિના જ ભાવો હોય છે. એ અશુદ્ધ દશા છે. જીવનું વિકૃત સ્વરૂપ છે, અને તે સ્વરૂપને જ આપણે પોતાનું સ્વરૂપ માનતા આવ્યા છીએ. ત્યાં જ ભયંકર ભૂલ આપણે કરી છે. સર્વથા શુદ્ધ આત્માને, અશુધ્ધ ભાવો પોતાનાં ક્યાંથી હોય? પણ જીવને એ ભાન થયું જ નથી. તેથી એ અવસ્થા જ મારી અવસ્થા, એમ માન્યા કર્યું. પરિણામે નિજ સ્વરૂપને પ્રગટ કરવાનો પુરૂષાર્થ ન કરી શક્યો.



પણ જીવને જ્યારે સમજાય કે રાગાદિ દશા એ અશુદ્ધ અવસ્થા છે, મારી શુદ્ધ દશા તો જુદી જ છે ત્યારે તે રાગાદિથી વિરામ પામે અને એ જ ક્ષણે કર્તા-ભોક્તા ભાવ છૂટવા રૂપ ધર્મ એટલે કે જીવના શુધ્ધ સ્વભાવ રૂપ અકર્તાભાવ - અભોક્તાભાવ જાગ્રત થાય.

આ ધર્મભાવની પરાકાષ્ટા એ જ મોક્ષ. તેથી જ જ્ઞાની કહે છે તું પોતે જ મોક્ષ સ્વરૂપ છો. તારો મોક્ષ થાય એ એટલે તું તારામાં સંપૂર્ણ મોક્ષ સ્વભાવનું પ્રગટ્ય કરી શકે છે અને આત્માના ગુણરૂપ અનંતજ્ઞાન અને અનંતદર્શન તે પણ નિશ્ચય દ્રષ્ટિથી તારાથી ભિન્ન નથી. આત્મા પોતે જ જ્ઞાનરૂપ પરિણમે, પોતે જ દર્શનરૂપ પરિણમે. અનંત જ્ઞાનની કક્ષામાં મૂકાતા જીવને, જ્ઞાન અને આત્મા ભિન્ન ન રહેતા, બંને અભેદભાવે પરિણમે છે. કારણ અનંતજ્ઞાન એ જ જીવનો સ્વાભાવિક ગુણ છે. ગુણ દ્રવ્યથી ભિન્ન હોય ન શકે. માટે હે આત્મન્! તુ જ અનંતજ્ઞાન છે, તું જ અનંતદર્શન છે.

વળી તારૂં સ્વરૂપ પણ અવ્યાબાધ છે. કોઇ તેમાં બાધા પહોંચાડી શકે નહીં. આત્મા ચૈતન્ય અરૂપી દ્રવ્ય છે. તેનામાં બાધ્ય-બાધક ભાવ હોય નહીં, જે પોતે બાધા પામે અને બીજાને પમાડે તે બાધ્ય-બાધક ભાવ. જેમ પાણી, પ્રવાહી અને સાકર-સ્થૂળ દ્રવ્ય. સાકરને પાણીમાં નાખતા તે પાણીને બાધા પહોંચાડી, પાણીને મીઠું બનાવી નાખે અને પાણી સાકરને બાધા પહોંચાડી તેને ગાળી નાંખે, બંનેએ એક બીજાને બાધા પહોંચાડી.

એ જ રીતે જીવ જ્યાં સુધી પરભાવમાં વર્તતો હોય, પરના આશ્રયે પોતામાં રાગાદિ રૂપ પરિણમતો હોય ત્યાં સુધી તેનામાં અવ્યાબાધ દિશા ઉત્પન્ન થતી નથી પણ બાધ્ય-બાધક ભાવ હોય છે. જેમ કે મોહનીય કર્મ જડ, એ જડના ઉદયે, જીવ રાગાદિ રૂપ પરિણમે અને કર્મવર્ગણાનાં પુદ્‌ગલોને આશ્રવ દ્વારા ખેંચી તેનો જૂનાં કર્મો સાથે બંધ કરે. કર્મોમાં જ્ઞાનાવર્ણ આદિ પ્રકૃતિ ઊભી થાય અને તે જ્ઞાનનું આવરણ કરે અહીં જીવના નિમિત્તે કર્મવર્ગણાનાં પુદ્‌ગલો બાધ્ય થયા એટલે કે જીવે કર્મવર્ગણાનાં પુદ્‌ગલોને બાધા પહોંચાડી, એ પોતાનાં મૂળ સ્વરૂપમાં વિકૃત નથી, કર્મરૂપ નથી. જીવના ગુણોનું આવરણ કરવા શક્તિમાન નથી. પણ તે પોતાના જડ ભાવમાં જ પરિણત થયા કરવાના સ્વભાવવાળા છે. તેને જીવે

રાગાદિએ કરી બાધા પહોંચાડી અને વિકૃત કરી કર્મરૂપ પરિણમાવ્યાં.

વળી જીવ પણ પોતાના શુદ્ધ સ્વરૂપમાં અનંતજ્ઞાન રૂપ છે. જીવમાં અજ્ઞાન પણ નથી અને અલ્પજ્ઞાન પણ નથી. એ તો સર્વજ્ઞ છે, અનંતજ્ઞાની છે. પણ કર્માએ આવીને જીવના એ અનંતજ્ઞાન પર આવરણ નાખ્યું જેથી જીવના એ અનંતજ્ઞાનનાં પરિણમનની શક્તિમાં બાધા પહોંચાડી અને જીવમાં અજ્ઞાનરૂપ વિકાર ઉત્પન્ન કર્યો તેથી જીવ અજ્ઞાનરૂપ પરિણમવા માંડ્યો.

આમ જ્યાં સુધી જીવ કર્મ સંગે છે ત્યાં સુધી તેનામાં બાધ્ય-બાધક ભાવ પડ્યો છે. તે જડને બાધા પહોંચાડે અને જડ તેને બાધા પહોંચાડે, પણ જીવમાં રહેલ મોક્ષસ્વભાવ પ્રગટ થયો, પોતાનાં અનંતજ્ઞાન,અનંતદર્શન અનાવરિત થઇ ગયાં કે તેનું અવ્યાબાધ સ્વરૂપ પણ પ્રગટ થઇ ચૂક્યું. હવે કોઇ પણ શક્તિ જીવને બાધા પહોંચાડી શકે નહીં. જીવ પણ કોઇને બાધા પહોંચાડી શકે નહીં.

આવા સંપૂર્ણ શદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ નિજધર્મથી થાય છે એમ શ્રી ગુરુદેવે ફરમાવ્યું. તારૂં જ અનંતજ્ઞાન, અનંતદર્શન, અવ્યાબાધ સ્વરૂપ, તારા સ્વભાવ રૂપે છે તે પ્રગટ થઇ જાય છે. હવે જીવના શુદ્ધ સ્વરૂપની વધુ પ્રતીતિ કરાવવા માટે આત્માના અલૌકિક ગુણો તરફ સંકેત કરી ગુરુદેવ છેલ્લી શીખ શું આપશે એ અવસરે....

# કર વિચાર તો પામ...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની-અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના ગુણ અને ગુણીનું અભેદ દર્શન કરાવે છે. સામાન્ય દ્રષ્ટિએ, ગુણ જેનામાં રહે તે ગુણી. એમ કહીએ ત્યારે ગુણ અને ગુણીની ભિન્નતા જણાય છે. પણ વાસ્તવમાં બંને અભિન્ન છે, તેથી જ આગળની ગાથામાં શ્રીમદ્જીએ કહ્યું કે, તું જ મોક્ષ છો. અનંતજ્ઞાન, અનંતદર્શન પણ તું છો અને અવ્યાબાધ સ્વરૂપ પણ તું જ છો. તારાથી જુદું કંઇ નથી.

આવા ચૈતન્ય પ્રભુનું અલૌકિક અને અદ્ભુત સ્વરૂપ હવે કહેવા માગે છે. આ સ્વરૂપ એવું અનુપમ છે કે સંસારના કોઇપણ પદાર્થ અથવા કોઇ પણ વિશેષ ઉપલબ્ધિઓ સાથે તેની તુલના થઇ શકે નહીં. વળી શબ્દોની શક્તિ સીમિત અને આત્માનું સ્વરૂપ અસીમ જેથી જ તે અવક્તવ્ય કહ્યું. એક કવિએ સુંદર કહ્યું છે -

**શબ્દમાં સમાય નહીં એવો તું મહાન**
**કેમ કરી ગાઉં પ્રભુ તારા ગુણગાન**
**ગજું નથી મારૂં એવું કહે આ જુબાન**
**કેમ કરી ગાઉં પ્રભુ તારા ગુણગાન...**
**હો....પુરૂં તો પુરાય નહીં, કલ્પનાના રંગો**
**હારી જાય બધા મારા તર્કના તરંગો**
**અટકીને ઊભું રહે મારૂં અનુમાન...કેમ કરી**

પ્રભુ અર્થાત્ આપણે જ આત્મપ્રભુ ! તેનું સ્વરૂપ શબ્દો દ્વારા કહી શકાય નહીં. કલ્પનાના રંગો, તર્કના તરંગો, કે કોઇ અનુમાનો ત્યાં કામ ન આવે, એવો અનંત છે મહિમા તેનો. આવા અનંત મહિમાવાન સ્વરૂપને શ્રીગુરુ યથાશક્તિ વર્ણવે છે, કારણ તેઓએ આ સ્વરૂપનો અંશિક અનુભવ

કર્યો છે. વળી તેઓના અંતરમાં શિષ્યનું હિત વસ્યું છે. શિષ્ય નિજ આત્માના માહાત્મ્યને ઓળખી, આત્માને પામવાનો પુરુષાર્થ કરે, નિજાનુભૂતિને પામે એ ધ્યેયથી ગુરુદેવ ફરમાવે છે –

**શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ;**
**બીજું કહિયે કેટલું? કર વિચાર તો પામ....૧૧૭...**

હે વત્સ! એક અપૂર્ણ વ્યક્તિ, પૂર્ણ આત્મદેવને જે રીતે વર્ણવી શકે, તેના સ્વરૂપને વાણી દ્વારા જેટલું પ્રગટ કરી શકે તેટલું કરવા મેં પ્રયાસ કર્યો. મારી વાણીની મર્યાદા અહીં પૂરી થાય છે. આથી વિશેષ કહેવાનું સામર્થ્ય છદ્મસ્થ જીવમાં ક્યાંથી હોય? આત્માના અલૌકિક સ્વરૂપને માત્ર આટલા શબ્દોથી કહીને હું અટકું છું. તે શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન સ્વરૂપ, સ્વયંપ્રકાશ અને અનંત સુખના ધામરૂપ છે.

આત્મા શુદ્ધ છે. આત્માનાં મૂળ સ્વરૂપમાં અશુદ્ધિ નથી. પર્યાય દ્રષ્ટિએ વિચારતાં કર્મના અનાદિ સંબંધના કારણે, પુદ્ગલના સ્પર્શવાળો, તેના નિમિત્તે થતી દેવ, નારક, મનુષ્યાદિ ગતિરૂપ છે, એ ગતિના આશ્રયે જાતિ, ઇન્દ્રિય, સ્થિતિ આદિ રૂપ છે. અર્થાત્ શરીરાદિના પર્યાયો તે આત્માના સ્વ-પર્યાય નથી. તેથી એ પર્યાયમાં અશુદ્ધિ છે વળી જીવ કર્મના નિમિત્તે થતા રાગાદિના પરિણામવાળો છે. રાગાદિ છે ત્યાં મલનિતા છે મલિનતા એ જીવનો સ્વભાવ નથી. વળી તે નાશ થવાના સ્વભાવવાળી છે. પર્યાયો કદિ સ્થિર રહે નહીં. એ નાશવંત જ હોય. તેમાંય વૈભાવિક પર્યાયો તો આત્માથી અત્યંત ભિન્ન છે. એ પર્યાયો જેના કારણે છે તે કર્મ પણ આત્માથી ભિન્ન છે. તો પર્યાયો આત્મામાં ક્યાંથી હોઇ શકે? આમ સમ્રગ રીતે જોતાં આત્માનું વૈભાવિક પર્યાયોનું રૂપ તે અશુદ્ધ છે.

જે પદાર્થ સ્વભાવથી અત્યંત શુદ્ધ હોય તે અન્ય પદાર્થ સાથે લાંબા સમય સુધી રહે તો પણ તેના પોતાના મૂળભૂત સ્વરૂપમાં ફેરફાર થાય નહીં. બાહ્ય દ્રષ્ટિએ જોતા પદાર્થ બદલાઇ ગયેલો લાગે, પણ તેના મૌલિક સ્વરૂપમાં અંતર આવે નહીં. જેમ કે જળ પોતાના મૂળ સ્વરૂપમાં નિર્મળ જ હોય. તેમાં અન્ય પદાર્થો ભળીને કદાચ જળને મલિન બનાવે પણ મલિન થયેલા જળને પ્રયોગ દ્વારા વળી શુદ્ધ બનાવી શકાય. તેની નિર્મળતા ફરી જોવા મળે.



એ જ રીતે શુદ્ધ આત્મદ્રવ્ય, અનંતકાળથી પુદ્ગલ સાથે એક પ્રદેશાવગાહી છે. અર્થાત્ આત્મા જેટલા અને જે આકાશ-પ્રદેશોને અવગાહી દેહ તથા કર્માદિ પુદ્ગલો રહ્યા છે. અનાદિનો આ સંબંધ હોવા છતા પણ આત્મા, આત્મા મટીને પુદ્ગલરૂપ બન્યો નથી અને પુદ્ગલ પણ પુદ્ગલ મટીને આત્મારૂપ બન્યા નથી. દ્રવ્યોનો આ સ્વભાવ છે. આત્મદ્રવ્યના પોતાના સ્વરૂપમાં અત્યંત નિર્મળતા છે. તેથી જ રાગાદિના પરિણામે ગમે તેટલો મલિન દેખાતો આત્મા પણ પ્રયોગથી અત્યંત નિર્મળ બની શકે છે.

ગુરુદેવ કહે છે કે હે શિષ્ય! તું ચેતનદ્રવ્ય છે. માટે તું અત્યંત શુદ્ધ છે, એમ શ્રદ્ધા કર.

આત્મા બુદ્ધ છે, બોધસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે. સર્વજ્ઞતા એ જીવનો સ્વભાવ છે. જગતના સમસ્ત જ્ઞેયોને અક્રમથી એક સાથે જાણે એવી યોગ્યવાળો છે. આ જ્ઞાન સ્વાધીન છે, પરાધીન નથી. જીવને જ્ઞાન થવામાં કશાની અપેક્ષા નથી. પોતે જ્ઞાનરૂપ છે અને જ્ઞાનરૂપ પરિણમે છે. વાસ્તવમાં તો જીવ માત્ર જ્ઞાન-સ્વભાવમાં જ હોય. જ્ઞેયો આવીને તેમાં ઝળકે. જ્ઞાનને જ્ઞેય પાસે જવું ન પડે. પણ કર્માધીન જીવ સ્વાધીન રહ્યો નહીં તેથી સંપૂર્ણ જ્ઞાની હોવા છતાં, એક સાથે અનંત પદાર્થોના દ્રવ્ય, ગુણ-પર્યાયને જાણવાની યોગ્યતાવાળો હોવા છતાં, જ્ઞાન કરવા માટે ઇન્દ્રિયો અને મનનો સહારો લેવો પડે છે. સીમિત શક્તિ વડે જ્ઞાન કરવું પડે છે. તેથી તેના જ્ઞાનની સીમા બંધાઇ ગઇ હોય તેવું પ્રતિભાસે છે. પણ વાસ્તવમાં અનંતજ્ઞાનનો ધારક છે. આત્માનું જ્ઞાન પૂર્ણ અને પવિત્ર છે. આ અનંતજ્ઞાન કદિ ઓછું થાય નહીં. આત્માના અસંખ્ય પ્રદેશ અને એક-એક પ્રદેશે અનંતજ્ઞાન. આ અનંતનો સરવાળો પણ અનંત. એવા અનંતમાંથી અનંતને બાદ કરો તો પણ અનંત. એવા અનંત જ્ઞાનનો ધણી આત્મા બુદ્ધ છે.

આત્મા ચૈતન્યઘન છે. ચૈતન્ય એ આત્માનો અસાધારણ ગુણ છે. આ ગુણથી જ આત્મા સર્વ જડથી જુદો પ્રતિભાસે છે. જીવ સિવાય ચૈતન્ય ક્યાંય નથી. આત્માના એક-એક પ્રદેશમાં ચેતન્ય છે. માટે તે ઘન સ્વરૂપી છે. ચૈતન્યનો પિંડ છે.

તે શરીરવ્યાપી છે. સમસ્ત શરીરમાં વ્યાપીને રહે છે. આત્માનો

સ્વભાવ સંકોચ-વિસ્તારવાળો છે. જેવડું શરીર ધારણ કરે એવડા શરીરમાં એ સમાઇ જાય. હાથી જેવડું વિશાળ શરીર હોય તો તેમાં વ્યાપીને રહે, અને કીડી જેવડું શરીર તો તેમાં વ્યાપીને રહે. એટલું જ નહીં, આત્માના ચૈતન્ય એવા અસંખ્ય પ્રદેશ કદી છૂટા પડે નહીં. એકબીજાથી અલગ થઇ ક્યાંય ચાલ્યા જાય નહીં. કોઇ કારણે ફેલાયા હોય તો પણ તેની લિંક તો બની જ રહે.

ગરોળીની કપાયેલી પૂંછડીને તરફડતાં જોઇ હશે. કોઇ કારણે પૂંછડી કપાઇ ગઇ. ગરોળી આગળ ચાલીને જરા દૂર તરફડે છે. અહીં પૂંછડી તરફડે છે, તેમાં પણ આત્માના પ્રદેશ છે તે પ્રદેશોની લીંક ગરોળીના શરીરમાં રહેલ - આત્મપ્રદેશ સાથે જોડાયેલી છે. તેથી પૂંછડીમાં રહેલા આત્મપ્રદેશ ખેંચાઇને શરીરમાં પ્રવેશી જાય પછી પૂંછડી નિર્જીવ બની જાય, શાંત થઇ જાય. આમ કપાયેલા અંગમાં રહેલ આત્મપ્રદેશો શરીરમાં પ્રવેશી જાય પણ જુદા ન રહે, તેના ટુકડા ન થાય, તેનો નાશ ન થાય.

કોઇ માણસને પક્ષઘાત થાય ત્યારે પણ એટલા ભાગમાંથી આત્મપ્રદેશો સંકોચાઇને શરીરના અન્ય ભાગમાં સમાઇ જાય પણ જેટલા ભાગમાં પક્ષાઘાત થયો હોય એટલા ભાગના આત્મપ્રદેશ નાશ ન પામે.

શાસ્ત્રોમાં સમુદ્‌ઘાતની વાત આવે છે. કેવળી પરમાત્મા આયુષ્યના અંતે અન્ય અઘાતી કર્મોને ખપાવવા માટે સમુદ્‌ઘાત કરે ત્યારે શરીરમાં રહેલ અસંખ્ય આત્મપ્રદેશને આખા લોકમાં ફેલાવી દે. લોકના એક-એક આકાશપ્રદેશ પર એક-એક આત્મપ્રદેશને સ્થાપી દે. આખા લોકમાં ફેલાયેલા આત્મપ્રદેશને સમેટી લઇ ફરી શરીરપ્રમાણ બનાવી દે. આમ કરવામાં એક પણ આત્મપ્રદેશ ખંડિત ન થાય, ઓછો ન થાય, અલગ પડી ન જાય, પણ હંમેશા સાથે જ રહે. એ સર્વ આત્મ પ્રદેશ ચૈતન્યરૂપ છે. ક્યાંય અચેતનતાનો અંશ નથી, એટલું જ નહીં, આત્મા જ્યારે મુક્ત થઇ જાય છે ત્યારે પણ એ ચૈતન્યઘન છે. અંતિમ દેહમાંથી નિકળે ત્યારે આત્મ પ્રદેશને સંકોચી લઇને એ દેહના પ્રમાણના ૧/૩ ભાગને છોડી દઇ ૨/૩ ભાગમાં સમાઇ જાય. સર્વ આત્મ-પ્રદેશો સઘન અવસ્થામાં એટલા પ્રમાણમાં રહી જાય. આદિ-અનંતકાળ સુધી એ જ દશામાં રહે. માટે જ આત્મા 'ચૈતન્યઘન' છે.



આત્મા 'સ્વયં જ્યોતિ' છે. જે સ્વ- પ્રકાશિત છે, જેને પ્રકાશવા માટે અન્ય પ્રકાશના આધારની જરૂર નથી તે સ્વયં - જ્યોતિ! આત્મા અનંત જ્ઞાનવાન છે તેથી તે પોતે પોતામાં, પોતાથી, પોતા માટે, પોતાને પ્રકાશે છે. આત્માને જાણવા માટે, બહારના કોઇ પ્રકાશની આવશ્યકતા નથી. તે સ્વયં પ્રકાશિત છે અને અન્ય પદાર્થોને જાણવા માટે સામર્થ્યવાળો છે. જેમ કે સૂર્ય. સૂર્યોદય થયો છે કે નહીં એ જાણવા માટે દીવો લઇને જોવું પડતું નથી, પણ સૂર્ય પોતે જ પ્રકાશી ઊઠે છે. તેની જાણકારી ઘરના ખૂણે બેઠા પણ થઇ જાય છે. સૂર્ય આખાયે વિશ્વને પ્રકાશિત કરે છે. સૂર્ય ઊગ્યા પછી ગમે તેટલી મોટી ફ્લેશ લાઇટો પણ નકામી. વળી સૂર્યમાં પ્રકાશ ભરવા માટે, તેને પ્રકાશિત કરવા માટે પણ કોઇ દિવેલ કે વાટની જરૂર નથી, કોઇ બૅટરી કે ઇલેક્ટ્રિકસિટિની જરૂર નથી. તે સ્વયં પ્રકાશિત છે. આત્મા પણ અનંત જ્ઞાન વડે પોતે પોતાને પ્રકાશિત કરે છે, અને લોકાલોકને પણ જાણે છે. આત્માની જ્ઞાનજ્યોતિ સ્વયં પ્રગટ છે. તેને પ્રગટાવવી પડતી નથી માટે તે સ્વયં -જ્યોતિ છે.

આત્મા 'સુખધામ' છે. આત્મા પોતે જ અવ્યાબાધ, અનંત સુખનો સ્વામી છે. સુખ એ આત્માનો સ્વભાવ છે, કારણ વીતરાગતા એ પણ આત્માનો સ્વભાવ છે. વીતરાગતા હોય ત્યાં જ સુખ હોય. દુઃખના જેટલા વિકલ્પો છે તે સર્વ રાગાદિમાંથી ઉત્પન્ન થાય છે. જ્યાં રાગાદિ છે ત્યાં વ્યાકુળતા છે અને વ્યાકુળતા છે ત્યાં દુઃખ છે, માટે રાગરહિત દશામાં જ સુખ છે.

તેમજ ઈન્દ્રિયજનિત સુખને આજ સુધી સુખ માન્યાં પણ ખરેખર તેમાં સુખ હોય નહીં. વિષયોને મોહભાવે ગ્રહણ કરનાર રાગાદિની જ વૃત્તિ છે. જેની સાથે રાગ-દ્વેષ જોડાયેલા છે તે સમસ્ત સુખો, સુખ નહીં પણ પરિણામે દુઃખ જ છે. માટે જ અતીન્દ્રિય સુખ જ સુખ છે. જેમાં કોઇ પ્રકારનાં બાહ્ય નિમિત્તોની અપેક્ષા નથી. તે અત્યંત સ્વાધીન સુખ છે. આત્માના નિજ શુદ્ધ સ્વભાવમાંથી જ પ્રગટ થયેલ આત્માની શુદ્ધ પરિણામધારા રૂપ છે. તેથી જ આત્મિક સુખને નિજાનંદ કહ્યું. જેણે સ્વાનુભૂતિ કરી છે તેવા મહાત્માઓને જ આ સુખનો અનુભવ થાય છે. ત્યારે જ એ જાણે છે કે આત્માના એક-એક પ્રદેશે અનંત સુખ પડ્યું છે.

અસંખ્ય પ્રદેશે અનંત સુખ પડ્યું છે. આખોયે આત્મા સર્વ પ્રકારે સુખ-સુખથી જ ભર્યો છે. તેથી જ આત્મા સુખધામ છે.

આમ આત્માના એકે-એક પ્રદેશે એક સાથે અનંત શુદ્ધતા, અનંત જ્ઞાન, અનંત ચૈતન્ય, અનંત પ્રકાશકતા તથા અનંત સુખ એક સાથે, એક સમયે પ્રગટ રૂપ છે.

ગુરુદેવ ફરમાવે છે, હે શિષ્ય! આવો અચિંત્ય મહિમા છે આત્મદેવનો! મારી શક્તિની સીમા આવી જાય છે એ અસીમનું વર્ણન કરવામાં! વધુ તને શું કહું ? જે કંઇ, જેટલું કથી શકાય તે સર્વ કહ્યું. બસ હવે તો 'કર વિચાર તો પામ'. તારી આત્મિક શુધ્ધ પરિણામધારાને જાગ્રત કરી લે. તને જેવું આત્માનું સ્વરૂપ બતાવ્યું તેમા ચિંતન સાથે ઊંડો ઉતર. તારા અંતરંગમાં દિવ્ય વિચારોને જગાવ.

ચિંતનશક્તિ એક અલૌકિક શક્તિ છે. એ શક્તિ વડે આત્માના ગહન તલ સુધી પ્રવેશ પામી શકાય છે. આત્માની અનંતજ્ઞાન શક્તિને 'ટચ' કરી, તેને જગાડી શકાય છે, અને પોતે પોતાના જ્ઞાનમાં પોતાને અનુભવી શકાય. તારામાં રહેલ્ સિધ્ધત્વને પ્રગટાવવાનો પણ એ જ ઉપાય છે. માટે જ ચિત્તને નિર્મળ કરી, શુદ્ધ પરિણામધારાને જગાડી દે.

હે દેવાનુપ્રિય! મેં તો માત્ર તને કહ્યું. મારૂં કાર્ય માત્ર અંગુલિનિર્દેશ કરવાનું છે. ચિત્તથી ચિંતન કરી, આત્માના આનંદને પામવાનો પુરૂષાર્થ તારે કરવાનો છે. તારા પુરુષાર્થને હું કરી આપું તે બની શકે નહીં. અનંત તીર્થંકરો પણ કેવળમાર્ગ પ્રરૂપી ગયા. એ માર્ગે પ્રયાણ કરવા પગ તારે જ ઉપાડવાના છે.

બસ, મારૂં અંતઃકરણ ઊંડે ઊંડેથી તારા પ્રતિ આશિષ વરસાવી રહ્યું છે. તારા ઉપાદાનને તૈયાર કરી લે, તો સર્વ નિમિત્તો સહાયક થઇ તારા આત્મદેવને રીઝવી લેશે. આદિ-અનંત એવા સુખને પ્રાપ્ત કર....

વધુ અવસરે...

# સહજ સમાધિ માંય!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની, અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના 'અનંત સુખધામ' એવા પરમ શુદ્ધ આત્માના સુખસ્વભાવની પ્રાપ્તિ કરાવે છે. પૂર્ણ સુખની પ્રાપ્તિની ઝંખના સેવતો વિભુ આત્મા, સંપૂર્ણતાને પામી જાય છે. પોતે પણ સંપૂર્ણ, જ્ઞાન પણ સંપૂર્ણ, સુખ પણ સંપૂર્ણ. જ્યાં કોઇ પણ પ્રકારની અપૂર્ણતાને અવકાશ નથી એવા સ્વાધીન સુખને આત્મા પ્રાપ્ત કરે છે.

આત્માથી આત્મામાં વેદાતું સુખ તે સ્વાધીન સુખ છે, તેને અન્ય આલંબનોની આવશ્યકતા નથી. જ્યારે ઇન્દ્રિયજન્ય કે મનોજન્ય સુખને વિષયોની આવશ્યકતા છે. જે વિષયોનો ભોગ કરી લીધો તેની સ્મૃતિથી, વર્તમાને જે વિષયોનો ભોગ કરી રહ્યો છે તેના અનુભવથી અને જે ભોગ કરવાના છે તેની કલ્પનાથી જીવ સુખ માનતો હોય, અર્થાત્ સુખ સાપેક્ષ થયું, પણ આત્મામાં પડેલા પોતાના અનંત આનંદને વેદવો તે નિરપેક્ષ, નિરાલંબન સુખ છે.

અંતે તો જીવનું પ્રાપ્તવ્ય આ જ છે. સંપૂર્ણ સુખની શાશ્વત પ્રાપ્તિ માટે જ જીવનો પુરૂષાર્થ થતો હોય છે. અહીં 'આત્મા છે'. આદિ છ પદોની આટલી વિશદ ચર્ચા જિજ્ઞાસુ શિષ્યની શંકા અને અનુભવી ગુરુએ આપેલ સમાધાન, એ બધાંનો સાર છે જીવનાં ચરમ અને પરમ ધ્યેયની ઉપલબ્ધિ.

સર્વજ્ઞ-સર્વદર્શી જિનેશ્વર પરમાત્માએ આગમોમાં પ્રરૂપેલા ભાવોને, જેમ ચાર અનુયોગોમાં ગૌતમાદિ ગણધરોએ વિભાજિત કર્યા છે, તેમ શ્રીમદ્ રાજચંદ્રજીએ આત્મસિદ્ધિ શાસ્ત્રમાં ચારેય અનુયોગોને આવરી લીધા છે.

**૧) દ્રવ્યાનુયોગ:** 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' આ નામ જ દ્રવ્યાનુયોગનું દ્યોતક છે. નામ પરથી જ પ્રતીતિ થાય છે કે આત્માનાં વિષયમાં અહીં ચર્ચા કરવામાં આવી છે. જ્યાં ચેતનની ચર્ચા હોય, ત્યાં જડ તો હોય જ. જે પદાર્થની મુખ્યાતાએ કરી વર્ણન થતું હોય તેની સામે ગૌણતાએ તેનાથી વિરોધી બીજો પદાર્થ હોય જ. ચેતન અને જડ આ બે પદાર્થોમાં લોકના બધા જ પદાર્થો સમાઇ જાય. શાસ્ત્રનો પ્રારંભ થાય છે 'જે સ્વરૂપ સમજ્યા વિના...' જે અર્થાત્ આત્મા, પ્રથમ ચેતન દ્રવ્યની ચર્ચાની શરૂઆત કરી 'આત્મા છે તે નિત્ય છે' આદિ કહી આત્મા અને જડ કર્મોનો સંબંધ, તેનું પરિણમન, વ્યવહારનય તથા નિશ્ચયનયની પરસ્પર સાપેક્ષતા, જડથી છૂટવાપણું અને સંપૂર્ણ, શુધ્ધ, અવિનાશી ચૈતન્યનો આવિર્ભાવ. આદિ છ પદની સિદ્ધિ, તે શુધ્ધ દ્રવ્યાનુયોગનું કથન થયું.

**૨) ધર્મકથાનુયોગ:** પ્રથમ દ્રષ્ટિએ જોતાં, આ શાસ્ત્રમાં કોઇ કથા કહેવામાં આવી હોય તેમ લાગતું નથી. પણ શ્રીમદ્જીએ 'ગુરુ શિષ્ય સંવાદથી ભાખું ષટ્પદ આંહી' એમ કહી, અનુભવી ગુરુ અને જિજ્ઞાસુ શિષ્યનો સંવાદ કરાવી, શાસ્ત્રમાં રોચકતા ઊભી કરી છે. શિષ્યની પ્રથમ શંકા અને ગુરુદેવે આપેલ પ્રથમ સમાધાન સાંભળતાની સાથે ગુરુ અને શિષ્ય બંને પ્રત્યે શ્રોતાને અહોભાવ જાગે છે. સાથે હવે પછીની શંકા શું હશે તે જાણવાની પ્રબળ જિજ્ઞાસા જાગે છે.

સાથે જ સુપાત્ર શિષ્યની જિજ્ઞાસા, તાલાવેલી, વિનય, સમર્પણતા, જિનવચનની શ્રદ્ધા, આપ્ત ભક્તિ આદિ અને આત્મભાવમાં રમતા ગુરુદેવનિ કરૂણા, વાત્સલ્ય, હિતભાવના આદિ ભાવો દ્વારા ગુરુ-શિષ્યનો મીઠો સંબંધ એક સરસ કથાનું તત્ત્વ પૂરૂં પાડે છે.

**૩) ગણિતાનુયોગ:** ચંચળ મનને સ્થિર કરવા રૂપ ગણિતનો પ્રયોગ પણ શ્રીમદ્જી શાસ્ત્રમાં ચૂક્યા નથી. તેઓએ કહ્યું –

**'કર્મ અનંત પ્રકારનાં, તેમા મુખ્યે આઠ;**
**તેમા મુખ્યે મોહનીય....'**
**'કર્મ મોહનીય ભેદ બે દર્શન-ચરિત્ર નામ....'**

'ષટ્પદનાં ષટ પ્રશ્ન તે...' અનંતે આંકથી શરૂ કરી, અલ્પ સંખ્યા



સુધી તત્ત્વોની ગણતરી કરાવી, અત્યંત કુશળતાપૂર્વક ગણિતાનુયોગ દર્શાવી દિધો.

**૪) ચરણકરણાનુયોગ:** આચરણ તે જીવનો સ્વપુરુષાર્થ છે. તેના પર જ મોક્ષપ્રાપ્તિ અવલંબે છે. તેથી આચરણ એ બહુ જ મહત્ત્વપૂર્ણ પાસું છે. આત્મસિદ્ધિ શાસ્ત્રની ભૂમિકામાં તથા મોક્ષ ઉપાય રૂપ અંતિમ પદની સિદ્ધિ કરતા શ્રીમદ્જીએ જીવને વિષે કર્તવ્ય શું છે તે અનેક પ્રકારે મોક્ષસાધક પુરુષાર્થનો પ્રારંભ વૈરાગ્યથી થાય તેથી કહ્યું : **ત્યાગ વિરાગ ન ચિત્તમાં.....** સદ્ગુરુના ચરણ-શરણનો સ્વીકાર સાધક જીવ માટે અનિવાર્ય આવશ્યક્તા.... **પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહિ... ગુરુ રહ્યાં છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન... ત્રણે યોગ એકત્વથી વર્તે આજ્ઞા ધાર... સદ્ગુરુ વૈદ્ય સુજાણ...** આત્મિક દશા અને તેની પ્રાપ્તિ માટેના ઉપાય... **કષાયની ઉપશાંતતા... છૂટે દેહાધ્યાસ તો.....** વર્તે નિજ સ્વભાવનો અનુભવ લક્ષ, પ્રતીત..... **સર્વ જીવ છે સિદ્ધ સમ...** અને અંતે દેહાતીત અવસ્થાવાન જ્ઞાનીનાં ચરણોમાં વંદન.... **દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત...** આદિ અનેક પ્રકારે ચરણકરણાનુયોગનું વર્ણન કર્યું.

આમ શ્રીમદ્જીએ ચારે અનુયોગનું સુંદર સંકલન આ શાસ્ત્રમાં આપી, તે તે યોગ્યતાવાળા જીવોને, યોગ્ય માર્ગ પ્રશસ્ત કર્યો. શિષ્યની શંકાઓનું અદ્ભૂત સમાધાન આપ્યા પછી ગુરુદેવ અંતિમ હિતવચનો કહી સમાધિભાવમાં સ્થિર થાય છે.

**નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર સમાય,**
**ધરી મૌનતા એમ કહી, સહજ સમાધિ માંય.....૧૧૮....**

હે વત્સ! અત્યાર સુધી મેં જે કંઈ કહ્યું તે મારૂં પોતાનું કંઈ નથી કહ્યું. ભૂતકાળમાં થયેલા અનંતજ્ઞાની મહાપુરુષો જે કહી ગયા, વર્તમાનમાં જ્ઞાનીઓ જે કહે છે અને ભવિષ્યમાં થનારા અનંત સર્વજ્ઞ પરમાત્માઓ જે કહેશે, તે જ મેં પણ કહ્યું. સર્વ જ્ઞાનીઓ આત્માને પામવા માટે આ જ રાહ બતાવે છે, અન્ય નહીં, આનાથી ઓછું પણ નહીં, અધિક પણ નહીં. વિપરીત પણ નહીં કારણ **'એક હોય ત્રણ કાળમાં, પરમાર્થનો પંથ'** દ્રવ્ય", ક્ષેત્ર કે કાળના પરિવર્તનથી, પરમાર્થનાં પંથમાં કોઈ પરિવર્તન આવતું

નથી. એ તો જે છે તે જ છે. એ જ રહેશે... તેથી જ ગાથામાં ગુરુદેવ કહે છે, અનંતજ્ઞાનીનો નિશ્ચય આ જ છે. તેમાં કદી ફરક પડતો નથી.

વ્યવહારમાં પણ એમ કહીએ છીએ કે **સો જ્ઞાનીનો એક મત અને એક અજ્ઞાનીના સો મત.** કોઈ પણ ક્ષેત્રે, કોઈપણ કાળે જેટલા ડાહ્યા પુરુષો થયા તે સર્વનો જીવન વિષે કે વ્યવહાર વિષે કે જીવનનાં મૂલ્યો વિષે, નીતિ કે સદાચારનાં ધોરણો વિષે અથવા તો સર્વ જનસામાન્યને લાગુ પડતા કોઈપણ વિષયમાં એક જ મત હોય, અર્થાત્ વ્યષ્ટિ ધર્મો કે સમષ્ટિ ધર્મો વિષે મત-ભેદ ન હોય. પરંતુ એક અજ્ઞાની માણસના એક જ વિષયમાં અનેક અભિપ્રાયો વર્તતા હોય. અત્યારે આમ કહ્યું તો થોડા સમય પછી એ જ વાતને તદ્દન જુદા અર્થમાં કહે. પરંતુ જ્ઞાનીઓના મત કદી બદલાય નહીં.

અજ્ઞાની સ્વાર્થપરાયણ હોય તેથી જેવો સમય તેવી વાત. બંધુઓ! જેમ તમારા વ્યાપારના Fieldમાં જેવો ગ્રાહક એવો વ્યવહાર તમે કરી લો છે, કારણ સ્વાર્થ છે ત્યાં તમારી જીભને ફરતાં જરા પણ તકલીફ નહીં.

એક વખતની વાત છે. એક ભાઇને ત્યાં તેમના કોઇ સંબંધી ઘણાં વર્ષ પછી મળવા આવ્યા. બંને બેઠા છે, વાતો ચાલી રહી છે, ત્યાં યજમાનનો નાનો બાબો ત્યાં આવી ચડ્યો. મહેમાને પ્રેમથી તેને બોલાવ્યો અને પૂછ્યું 'બેટા! તારી ઉંમર કેટલી?'

બાળક ચાલાક હતો સાથે વાચાળ હતો તેથી કહે – 'અંકલ મારી કઇ ઉંમર તમને કહું?'

મહેમાન વિચારમાં પડ્યાં. આ બાળક શું બોલે છે તે તેઓ સમજ્યા નહીં. એમણે આશ્ચર્યથી કહ્યું :

'બેટા! ઉંમર એટલે ઉંમર! તેમા વળી કઇ એટલે શું?'

'જુઓ અંકલ! મારી ઉંમર ત્રણ જાતની!'

'ત્રણ જાતની! એ વળી કઇ કઇ?'

'મારા પપ્પા એ કહ્યું છે કે જ્યારે ટ્રેનમાં મુસાફરી કરવાની હોય ત્યારે ઓછી ઉંમર કહેવાની! સ્કૂલમાં ભણવા બેસાડવાનો હોય ત્યારે વધારે ઉંમર કહેવાની!! અને નહીં તો જેટલી હોય એટલી જ ઉંમર કહેવાની!!!



અંકલ! તમારે કઇ જાણવી છે? કઇ કહું?'

બંધુઓ! આ વાત છે સ્વાર્થથી ઘેરાયેલા માનવોનાં અનેક મત. તેમાં એકરૂપતા, એકવાક્યતા ન સંભવે! અહીં તો જ્ઞાની પુરૂષોની વાત છે. જુઓ તદ્દન નિર્લેપ-નિસ્વાર્થ છે, એવા જ્ઞાની પુરુષો એક સરખો માર્ગ જ બતાવે. હે શિષ્ય! સર્વ જ્ઞાનીનાં કથેલા સત્ય-તત્ત્વો તારી સામે મેં પ્રસ્તુત કર્યા!

આટલું કહી ગુરુદેવે મૌન ધારણ કર્યું! સહજ સમાધિદશામાં મગ્ન થઇ ગયા. બસ! શિષ્ય પ્રત્યે ગુરુને જેટલા ભાવો પ્રગટ કરવાના હતા, નિમિત્તરૂપ બનવાનું હતું તે કાર્ય તેમનું પૂર્ણ થઇ ગયું, તેથી વિરામ લઇ લીધો. અહીં ગુરુદેવ આત્માનુભાવી સત્પુરુષ છે. આત્માના સ્વરૂપમાં નિમગ્ન થવાની સહજ યોગ્યતા તેઓમાં પ્રગટ છે. તેથી જ્યાં વાણીએ વિરામ લીધો કે તેમનો દેહ પણ સ્થિર થઇ, ત્રણે યોગ આત્મભાવમાં એકરાર થઇ ગયા, સહજ ભાવે સમાધિમાં લીન થઇ ગયા. કબીરે કહ્યું છે-

સાધો! સહજ સમાધિ ભલી....!

જીવ એવી દશાને પ્રાપ્ત કરે કે વ્યવહાર દશામાં બેઠો છે તેથી વ્યવહારિક કર્તવ્ય બજાવતો હોય પણ એ કાર્યથી નિવૃત્ત થતાં ક્ષણેકમાં સમાધિદશા વર્તતી હોય. એવી દશા તે જીવનું પોતાનું સ્વરૂપ છે. એ દશાને પામી જવું તે જ સાધકની સાધનાની વિકાસદશા છે. ગુરુદેવ આવી સમાધિદશામાં સ્થિર થઇ ગયા.

બંધુઓ! આ દશા બધાને જલદી પ્રાપ્ત થતી નથી. મને યાદ છે – ગયે વર્ષે અમે તીરપુર ચાર્તુમાસ હતાં. બહુ જ શાંત-એકાંત-સુરમ્ય સ્થાન હતું. સાધના માટે સુયોગ્ય વાતાવરણ હતું. ત્યાં હંમેશા પ્રવચન પછી જેમ અહીં કરાવીએ છીએ તેમ 'હું આત્મા છું'નું ચિંતન કરાવાતું હતું. પ્રવચન પછી મેં ચિંતન કરાવવું ચાલુ કર્યું. વ્યાખ્યાનની પાટ પર મારા પરમ શ્રદ્ધેય અધ્યાત્મ યોગિની પૂજ્યા બાપજી બિરાજીત હતાં. તેઓ ધ્યાનમાં સ્થિર થયાં. ચિંતન ૧૦ મિનિટ ચાલ્યું. પૂરું કર્યું, પણ પૂજ્યા બાપજી તો સ્થિર જ હતાં. મેં તથા શ્રાવક-શ્રાવિકાઓએ ૧૫ મિનિટ રાહ જોઇ. પૂજ્યા બાપજીનું ધ્યાન પુરૂં થાય પછી પચ્ચક્ખાણ-

માંગલિક દઉં. પણ પુરૂં ન થયું તેથી વિધિ પૂરી કરી. શ્રાવકો ચાલ્યા ગયા. તે દિવસે કોલ્હાપુરના ભાઇઓ દર્શનાર્થે આવ્યાં હતાં. સહુ શાંતિથી ચૂપચાપ બેસી રહ્યાં, ગામના ભાઇઓ ફરી આવ્યા. પૂજ્યા બાપજીના દર્શન કર્યાં, અને ગયા. પછી લગભગ એક કલાકે ધ્યાન પૂરૂં કર્યું. તેઓને ખબર પણ ન હતી કે માંગલિક વગેરે થઇ ગયું અને લોકો ગયા. ધ્યાનની પૂર્ણાહુતિએ મુખારવિંદ પર પૂર્ણ પ્રસન્નતા ફેલાઇ રહી હતિ.

આવું જ બીજી બે વાર સાંજના પ્રતિક્રમણ પછી થયું ત્યારે પણ એક-દોઢ કલાક સુધી સહજ સમાધિની દશામાં પૂજ્યા બાપજી હતા. આવી સમાધિદશા તેઓને સહજ પ્રાપ્ત છે. ઘણીયે વાર ધ્યાનમાં સહજ ચાલ્યા જાય. બંધુઓ! આવી સમાધિ એ બહારની ચીજ નથી. આત્માની વધતી જતી વિશુદ્ધ દશાની નિશાની છે. અંતરંગ સાધના કરનાર સાધકને આ સ્થિતિની પ્રાપ્તિ થાય છે.

અહીં શ્રીમદ્જી એ જ ફરમાવે છે કે શિષ્યના મનના સર્વ સંશયોને છેદી ગુરુદેવ પ્રસન્નમુદ્રા સાથે આત્માના અપૂર્વ ભાવોલ્લાસ સાથે નિજમાં સ્થિર થઇ ગયા.

શિષ્યના અંતરમાં રહેલી અંતિમ શંકા પણ શાંત થઇ ગઇ. યથાર્થ સમાધાન મળતા તેનું અંતર ભાવથી ભરાઇ ગયું છે. સૌથી મહત્ત્વપૂર્ણ સંદેશ ગુરુદેવ પાસેથી પામવાનો હતો તે પામી ગયો. તેથી તેના મુખમાંથી ઉદ્ગાર સરી પડે છે.

**છઠ્ઠું પદ તે મોક્ષ ઉપાય છે, સહુ નો છે સરખો અધિકાર...(૨)**
**રાગ-દ્વેષ અજ્ઞાન બંધ તોડતાં, ઊઘડે છે મોક્ષનાં દ્વાર....મારી....**
**આરાધક ભાવ એ આત્માનો ભાવ છે, ગુરુ કૃપાયે પમાય....(૨)**
**'લલિત'ગુરુની અસીમ આશિષથી, સંસાર સાગર તરાય....મારી**

શિષ્યનું અંતઃકરણ પરમસંતોષ અનુભવી રહ્યું છે. એ હવે નિઃશંક બન્યો છે. ગુરુદેવના ઉપકારનું સ્મરણ કરી રહ્યો છે, અને સહસા તેની દૃષ્ટિ ગુરુદેવ પર પડે છે અને તેનું અંતર આહ્લાદ અનુભવે છે.



ગુરુદેવની મુખમુદ્રા પરથી સૌમ્યતા ટપકી રહી છે. પરમ શાંત રસભર્યા નેત્રો નાસાગ્રે સ્થિત છે. અનુપમ શાંતિ ચારે બાજુ પ્રસરી રહી છે. મુખારવિંદની ચારે બાજુ દિવ્ય આભા ફેલાઇ રહી છે. વીતરાગભાવની પારસ પ્રતિમા હોય તેવા ભાવો ગુરુદેવના મુખમંડળ પર ઝળકી રહ્યા છે. અને શિષ્યના અંતઃકરણમાં ભક્તિભાવ ઊછળવા માંડ્યો. આવા ઉલ્લસિત ભાવો શિષ્યના અંતઃકરણના દ્વારો ખોલી નાખે છે. તે અનન્ય શ્રદ્ધાભાવે ગુરુદેવનાં ચરણકમળમાં ઢળી પડે છે. અંતરનો અંધકાર ઉલેચવા માંડે છે. આત્મા અને દેહની ભિન્નતાનો પ્રતિભાસ શિષ્ય અનુભવે છે. પરમ શાંત રસધારામાં શિષ્ય પ્લાવિત થઇ રહ્યો છે. તેને બોધિબીજની પ્રાપ્તિ થઇ ચૂકી. થોડો સમય તો શિષ્ય સ્તબ્ધ થઇ ગયો. વાચા ફૂટતી નથી. અવાક્ થઇ રહ્યો છે.

ગુરુદેવ સમાધિભાવમાં ધ્યાનસ્થ મુદ્રામાં વિરાજે છે. શિષ્ય અવાક્ થઇ નિજાનુભૂતિનો આનંદ મેળવે છે. ગુરુદેવની સમાધિ પૂર્ણ થતાં શિષ્ય પોતાના અંતરંગમાં અનુભવેલ દશાને ગુરુ સમક્ષ કેવા ઉલ્લસિત ભાવે વર્ણવશે તે અવસરે.....

# આત્મ - ચિંતન

'હું....આત્મા....છું....હું....આત્મા....છું'

સત....ચિત્....આનંદ....એ મારૂં સ્વરૂપ....

સત....એટલે અસ્તિત્વ....મારૂં....સદાકાળ અસ્તિત્વ છે હું કદિ નાશ પામતો નથી....નિત્ય...., શાશ્વત...., ધ્રુવ...., ચૈતન્યતત્ત્વ....હું આત્મા....હું શાશ્વત છું....અવિનાશી છું.... મારો કદિ નાશ થાય નહીં...., ત્રણે કાળ....સદા શાશ્વત રહેનાર....શુધ્ધ ચૈતન્ય દ્રવ્ય....આત્મા....,ભૂતકાળમાં હતો...., વર્તમાનમાં છું...., ભવિષ્યમાં હોઇશ....

હું....અવિનાશી...., દેહ.... વિનાશી.... હું ચૈતન્ય...., દેહ જડ.... મારો જન્મ નથી...., મારૂં મૃત્યુ નથી....જન્મે છે .... તે શરીર છે...., મરે છે.... તે પણ શરીર છે.... દેહથી જુદો હું.... જન્મું નહીં.... મરૂં નહીં.... દેહ મારો નથી.... હું દેહનો નથી.... હું કોઇનો નથી...., કોઇ મારૂં નથી.... જગતનો એક પણ પરમાણુ.... મારો થઇ શકે નહીં.... સર્વથી જુદો....એક...., અખંડ, અવિનાશી,.... ચૈતન્ય દ્રવ્ય હું....

ચિત્.... યાને ચૈતન્ય.... ચિત્.... યાને જ્ઞાન.... જ્ઞાન....એ મારો ગુણ.... મારો જ્ઞાનગુણ.... ઇન્દ્રિય અને મનના સહારે વિશ્વના સમસ્ત પદાર્થને.... જાણે છે...., જુએ છે...., એ જ્ઞાનગુણને.... મારામાં સ્થિર કરી.... મને ઓળખવો છે.... મને જાણવો છે.... જ્ઞાન.... એ મારો વિશિષ્ટ ગુણ છે. આત્મા સિવાય.... બીજામાં એ ગુણ હોઇ શકે નહીં.... મારી જ્ઞાનશક્તિ મને જાણી શકે...., માણી શકે...., મને ઓળખી શકે....



સત....ચિત....આનંદ....

આનંદ.... એ મારો સ્વભાવ....આ આત્મામાં એક-એક પ્રદેશે....અનંત સુખ....વિદ્યમાન છે....મારે મારા....અનંત સુખનો.... અનુભવ કરવો છે....મને કોઇ દુ:ખી કરી શકે નહીં....હું દુ:ખી થાઉં ....તે મારી ભ્રમણા છે...., મારી મિથ્યા માન્યતા છે....તેમાંથી દૂર નિકળી...., ભ્રમને તોડી...., મારા અનંત સુખને....પામવું છે...., તે માટે....મારામાં ઠરી જાઉં....,મારામાં સ્થિર થઇ જાઉ...., તો મને પામી શકું છું....થોડી ક્ષણો.... વધુ....એકાગ્ર....થઇ.... ઊંડાણમાં.... જઇ....નિજનું ચિંતન....

'હું ....આત્મા....છું'....'હું.... આત્મા.... છું'....

ૐ....'શાંતિ'....'શાંતિ'....'શાંતિ'....

# અંતર આરાધના

છ-છ પદોથી મારી અંતર આરાધના,
શાશ્વત સિદ્ધિને પમાય... એવી અંતર આરાધના....
પહેલું પદ તે મારો આત્મદેવ સત્ છે
સતચિત્ આનંદ સ્વરૂપ....(૨)
ચેતનના ચમકારે ચોમેર વ્યાપતો....(૨)
જડમાં મળે ન એનું રૂપ....મારી
બીજું પદ તે મારો આત્મા અવિનાશી છે
ધ્રુવ ને શાશ્વત સ્વરૂપ....(૨)
દેહ દેહીની અભેદ ભિન્નતા(૨)
મ્યાનમાં સમશેર રૂપ....મારી
ત્રીજું પદ તે મારો આત્મા જ કર્તા
વ્યવહાર નયને આધીન....(૨)
વ્યવહારે કર્તાકર્મનો જણાય પણ (૨)
નિશ્ચયે સ્વરૂપાધીન....મારી
ચોથું પદ તે મારો આત્મા જ ભોક્તા
કીધેલાં કર્મોનો ભોગ....(૨)
પોતે કરીને પોતેજ ભોગવે (૨)
ઈશ્વરનો માને ના યોગ.... મારી



પાંચમું પદ તે સહુથી સોહામણું
મોક્ષની પ્રાપ્તિ પમાય....(૨)
પર સંયોગે સંસારે આથડ્યો (૨)
સ્વભાવે સ્વમાં સમાય....મારી
છઠ્ઠું પદ તે મોક્ષ ઉપાય છે
સહુનો છે સરખો અધિકાર....(૨)
રાગ-દ્વેષ અજ્ઞાન બંધન તોડતા (૨)
ઊઘડે છે મોક્ષના દ્વાર મારી
આરાધક ભાવ એ આત્માનો ભાવ છે
ગુરુકૃપાએ પમાય....(૨)
'લલીત' ગુરુની અસીમ આશિષથી (૨)
સંસાર સાગર તરાય.... મારી

## ધૂન

સહેજે સહેજે સહજાનંદ
આતમ દૃષ્ટિ પરમાનંદ
છૂટે જો આ વિષયાનંદ
પામે સહેજે પરમાનંદ
પામે જ્યારે પરમાનંદ
છૂટે સહેજે વિષયાનંદ
સહેજે સહેજે સહજાનંદ
આતમ દૃષ્ટિ પરમાનંદ

## મંગલાચરણ

अनन्तविज्ञाननमतीतदोषम्
अबाध्य सिद्धान्तर्त्य पूज्यम् ।
श्री वर्धमानं जिनमाप्तमुख्यं
स्वयंभूवं स्तोतुमहं यतिष्ये ।।

અનંતવિજ્ઞાની, સર્વદોષ રહિત પૂર્વાપર વિરોધ રહિત વાણીના સ્વામી, દેવો દ્વારા પૂજનીય વીતરાગ, આપ્ત શ્રેષ્ઠ તથા સ્વયંભૂ શ્રી વર્ધમાન સ્વામીની સ્તુતિ કરવાનો હું (હેમચંદ્રાચાર્ય) પ્રયત્ન કરૂં છું

## આત્મ-ચિંતન

'હું....આત્મા ....છું'....'હું .... આત્મા ....છું'

સમતા....એ મારો સ્વભાવ....મારામાં રાગ નથી....દ્વેષ નથી.... માટે વિષમતા પણ નથી .... રાગ-દ્વેષ રહિત....મારૂં શુદ્ધ સ્વરૂપ સમતામય છે....જ્યાં રાગ છે....ત્યાં વિષમતા છે....જ્યાં દ્વેષ છે....ત્યાં પણ વિષમતા છે....રાગ-દ્વેષથી પર થઇ....મારામાં સ્થિર થાઉં....તો સમતાને ધારણ કરી શકું છું....નિજ સ્વરપના લક્ષે....નિજાનંદના લક્ષે....મારા સમતા ગુણને પ્રગટ કરૂં....

ગમે તેવી પરિસ્થિતિમાં .... સમતાને ગુમાવું નહીં....પ્રયત્નપૂર્વક સાધેલી સમતા....મારા ગુણને પ્રગટ કરે છે....હું વિષમતા અનુભવું છું....એ મારૂં અજ્ઞાન છે....જગતનો કોઇપણ પદાર્થ....કોઇપણ વ્યક્તિ.... કોઇપણ પરિસ્થિતિ મને વિષમ બનાવી શકે નહીં....જગતના પદાર્થમાંથી, વ્યક્તિમાંથી....ઇન્દ્રિયનાં વિષયોમાંથી....રાગ-દ્વેષ ઉઠાવી લઉં....રાગ-દ્વેષથી પર થઇ જાઉં....એ જ મારી સમતા છે.....

કર્મક્ષેત્રે કર્મ કરૂં તો પણ સમતા....ધર્મક્ષેત્રે કરૂં તો પણ સમતા....સર્વ પરિસ્થિતિમાં સમતા રાખી શકું....એ જ મારી સમતાની સાધના....અનુકૂલ પરિસ્થિતિમાં ફૂલાઇ ન જાઉં....પ્રતિકૂલ પરિસ્થિતિમાં કરમાઇ ના જાઉં.... પરિસ્થિતિ નિમિત્ત છે....આ આત્મા ઉપાદાન છે.... ગમે તેવું નિમિત્ત ઉપાદાનને કાંઇ ન કરી શકે.... આ સમજન મારી સમતાને .... જાગ્રત કરી શકે છે....સમત્વને પામવા....સદૈવ સમતામાં....રહેવા મારૂં ચિંતન કરૂં....સ્વના ચિંતન વડે....સ્વને જાણવાની લગની વડે....સ્વને ઓળખવાના પુરુષાર્થ વડે.... એ પામી શકાય છે....

તો થોડી ક્ષણો માટે.... વધુ એકાગ્ર થઇ....ઊંડાણમાં જઇ ....સ્વનું ચિંતન કરીએ....

'હું....આત્મા ....છું'....'હું .... આત્મા ....છું'

ૐ.... .... .... 'શાંતિ' 'શાંતિ' 'શાંતિ'

## નિજ પદ નિજ માંહી લહ્યું...!

વિતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની - અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના જીવને અપૂર્વ દશાની પ્રાપ્તિ કરાવે છે. પૂર્વે જે નથી પામ્યો, જે નથી જાણ્યું, નથી માણ્યું, નથી અનુભવ્યું એવું કઇંક પામે છે, જાણે છે, માણે છે, અનુભવે છે.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં છ પદોનાં અદ્ભુત સમાધાન આપ્યાં. સુપાત્ર શિષ્યને આ છયે પદોની પ્રતીતિ આત્મા વિષે થઇ. જે પ્રતીતિ આત્માના અપૂર્વ અનુભવની નિમિત્ત બની ગઇ. અર્થાત્ છ પદને યથાર્થ જાણ્યાં પછી તેને ચિંતનમાં ઉતાર્યા. જેમાંથી એક અલૌકિક વિચાર-દશા જાગી. ગુરૂદેવે કહ્યું હતું 'કર વિચાર તો પામ' શિષ્યે ગુરુદેવનાં અણમોલ વચનને ઝીલી લીધાં, વિચાર-દશા પ્રગટ કરી અને પામી ગયો.

અહીં પ્રશ્ન ઉદ્ભવે! જ્ઞાની પુરુષોએ સમ્યક્ત્વની પ્રાપ્તિના હેતુથી આ છ પદની દેશના આપી અને તેના આળસ્વરૂપ સુપાત્ર જીવ સમ્યક્ત્વનો સ્પર્શ કરે છે. એમ કહીએ તો તત્ત્વાર્થસૂત્રમાં કહેલ સૂત્રનું શું? સમ્યક્ત્વ કોને કહેવાય તેના જવાબમાં ઉમાસ્વાતિજીએ કહ્યું છે :

**તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્**

તત્ત્વની શ્રધ્ધા તે સમ્યગ્દર્શન. જીવાદિ નવ તત્ત્વોની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન કે છ પદની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન? જરા વિવેકથી ઉદારતાપૂર્વક વિચારતાં છ પદમાં નવ તત્ત્વનો સમાવેશ થઇ જાય છે.

છ પદમાં પહેલું 'આત્મા છે' બીજું 'તે નિત્ય છે.' તેમાં આત્મા શુદ્ધ, બુદ્ધ સદા સદ્-ઉપયોગી, જ્ઞાયક, વેદક સ્વભાવી, ત્રિકાળી સત્ અનુત્પન્ન-અવિનાશી સ્વયંભૂ ચેતન દ્રવ્ય છે તે જીવ છે. અને આત્માથી ભિન્ન દેહાદિ સર્વ દ્રવ્યો, જેમાં જ્ઞાયકતા-વેદકતાનો અભાવ, ચૈતન્યનો અભાવ, તે જડ છે, અજીવ છે. આમ પ્રથમ બે પદમાં 'જીવ' અને 'અજીવ' બંને તત્ત્વોની સિદ્ધિ થાય છે.

ત્રીજું પદ 'આત્મા કર્તા છે' અર્થાત્ એ કર્મનો કર્તા છે. જીવ શુભાશુભ ભાવ વડે કર્મોને ખેંચે છે. જે સમયે ખેંચે છે તે જ સમયે બાંધે છે. બંને એક સમયે જ થાય છે. કર્મોને ખેંચવા તે આશ્રવ અને આત્મા સાથે કર્મોનું બંધાવું તે બંધ, આમ કર્તા પદમાં 'આશ્રવ' અને 'બંધ' તત્ત્વનો સમાવેશ થાય છે.

ચોથું પદ 'આત્મા ભોક્તા છે' અર્થાત્ કરેલા શુભાશુભ કર્મોને આત્મા ભોગવે છે. શુભ કર્મનું ફળ પુણ્ય રૂપે ભોગવાય, અશુભ કર્મનું ફળ પાપરૂપે ભોગવાય. તેથી ભોક્તાપદથી 'પુણ્ય' અને 'પાપ' તત્ત્વની સિદ્ધિ થાય છે.

પાંચમું પદ 'મોક્ષ છે' અર્થાત્ શુભાશુભ કર્મથી બંધાયેલા જીવને મોક્ષની અનિવાર્ય આવશ્યકતા છે. તેથી પાંચમા પદમાં 'મોક્ષ' તત્ત્વનો સમાવેશ થાય છે.

છઠ્ઠું પદ 'મોક્ષ ઉપાય છે'. મોક્ષનો ઉપાય શું ? જેનાર્થ બંધાયો તેનાથી વિપરીત ઉપાયો તે મોક્ષ. આશ્રવ અને બંધથી જીવને બંધાવું થયું. સંવર કરે તો આશ્રવ અટકી જાય અને પછી નિર્જરાના બળે બંધાયેલાં કર્મો ખરી જાય. સર્વ કર્મથી મુક્ત થવું તે મોક્ષ છે. સંવર અને નિર્જરા, જીવને સર્વથા કર્મથી મુક્ત કરે છે. આમ છઠ્ઠા પદથી 'સંવર' અને 'નિર્જરા' તત્ત્વની સિદ્ધિ થાય છે.

છ પદની વિચારણાથી કહો કે નવ તત્ત્વની વિચારણાથી કહો, બંનેમાં કશુંય અંતર નહીં. છ પદની યર્થાથ શ્રધ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધાને સિદ્ધ કરે છે. અને નવ તત્ત્વની યથાર્થ શ્રદ્ધા છ પદની શ્રદ્ધાને સિદ્ધ કરે છે. પણ શ્રદ્ધા સમ્યગ્ જોઇએ. બુદ્ધિના સહારે મેળવેલ ષડ્પદ કે નવ તત્ત્વના ભેદ-પ્રભેદની જાણકારી તે તો માત્ર માહિતી, જ્ઞાન નહીં. જ્ઞાન તો તે જ કે સ્વનું ભાન કરાવે, સ્વનો અનુભવ કરાવે, સ્વને સ્વમાં સ્થિર કરાવે.

અહીં સુપાત્ર શિષ્ય ગુરુદેવની સહજ સમાધિ અવસ્થાના દર્શને, અત્યંત ઉલ્લસિત થયો છે અને પોતે પોતામાં ઊતરી ગયો છે. ગુરુદેવની ધ્યાનદશા શિષ્યને અંતર્મુખી બનાવે છે. આ અંતર્મુખતા શિષ્યના આત્મ-પ્રદેશમાં રાસાયણિક પ્રક્રિયા કરવા માંડે છે. જે રસ વિભાવરૂપ પ્રવહતો હતો તે રસમાં પરિવર્તન આવતાં સ્વભાવરૂપમાં ગતિમાન થયો. આખુંયે ચેતનતંત્ર, આત્માની શુદ્ધ ઉપયોગ ધારાના પાવરથી કાર્યરત થયું. જેમ-જેમ કાર્ય થવા માંડ્યું તેમ તેમ શિષ્ય તેનો અનુભવ કરવા માંડ્યો. અત્યાર સુધીનું શ્રુત, તેનાં અંતરચક્ષુથી



દષ્ટ થવા માંડ્યું અને હવે એ અનુભૂત પણ થવા માંડ્યું. આ અનુભૂતિ બાહ્ય નથી, આંતર અનુભૂતિ છે. આત્માની ગહનતામાંથી નિસૃત છે. આત્માના એક-એક પ્રદેશે રહેલી વેદકશક્તિ સક્રિય થઇ ઊઠી. એ સક્રિયતા એટલી તીવ્ર છે કે શિષ્યના દેહમાં પ્રસ્ફુટિત થવા માંડી. પુદ્ગલ એવા દેહમાં, રોમાંચકતા થઇ. મુખકમલ પ્રસન્ન થઇ ઊઠ્યું. નયનોમાં સૌમ્યતા અને વદન પર ગંભીરતા પ્રસરી ગઇ. સ્તંભિત થયેલી વાણીનો પ્રવાહ આત્માના ભાવો સાથે પ્રવાહિત થવા માંડ્યો.

સાધક-શિષ્યના ભાવોને વાચા ફૂટી –

**સદ્ગુરુના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન;**
**નિજ પદ નિજ માંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન....૧૧૯....**

કૃતજ્ઞતાના ભાવથી ભરેલો શિષ્ય, પોતાને થયેલા આત્માનુભવને વાણી દ્વારા પ્રદર્શિત કરી રહ્યો છે. પણ સર્વપ્રથમ ગુરુદેવને સ્મરે છે. બોધિબીજની પ્રાપ્તિ પોતાને, પોતામાં, પોતાથી જ થઇ છે પરંતુ શિષ્યના રોમે-રોમમાં એ શ્રદ્ધા ભરી છે કે સદ્ગુરુના ઉપદેશનો યોગ ન મળ્યો હોત, આવું ઉત્તમ નિમિત્ત ન મળ્યું હોત, તો મારામાં એવી પાત્રતા ન પ્રગટ થઇ હોત કે હું સમ્યક્ત્વને પામી શકું. તેથી પ્રથમ ઉપકાર ગુરુદેવનો છે. એ કૃતજ્ઞતા પ્રગટ કરવા કહે છે:

'આત્માનું અપૂર્વ ભાન મને થયું પણ એ સદ્ગુરુદેવની કૃપાથી, સદ્ગુરુદેવનું જાગ્રત સત્ મારા સત્ની જાગૃતિમાં નિમિત્ત બન્યું. અન્યથા એ સંભવિત ન હતું'.

બંધુઓ! શાસ્ત્રો પણ કહે છે કે અનાદિના મિથ્યાત્વી જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે તો સ્વપુરુષાર્થથી જ, પણ પ્રત્યક્ષ સદ્ગુરુનો યોગ ન હોય તો, સદ્ગુરૂરૂપ અધિગમ ન હોય તો ન જ થાય. અધિગમની હાજરી તો જોઇએ જ. તેથી જ સદ્ગુરુનો ઉપકાર પણ અમાપ છે. તેઓના પ્રતિ કૃતજ્ઞભાવ રહેવો જ જોઇએ. અહીં શિષ્ય આવી કૃતજ્ઞતા ધરાવે છે, તેથી પ્રથમ ગુરુદેવના ઉપકારનું સ્મરણ કરી પછી કહે છે કે 'આવ્યું અપૂર્વ ભાન'.

અપૂર્વ ભાન શાનું? આજ સુધી જે ભાન થયું નહોતું તે! 'જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુ:ખ અનંત' જેના કારણે અનાદિ સંસારના અનંત દુ:ખો સહેવાં પડ્યાં તે નિજ સ્વરૂપની અભાન અવસ્થા. સંસારના સર્વ વિષયોની સભાનતા તો જીવને પહેલેથી જ છે અને રહે છે, પણ પોતાના સ્વરૂપનું જ ભાન નથી. પુદ્ગલના સંગે રહી પુદ્ગલમાં નિજ બુદ્ધિ કરી,

દેહાત્મભાવે સદા રાચતો રહ્યો. પણ તેનાથી ઉપર ઊઠી-દેહ તે હું નહીં, આવી દશા પ્રગટ થઇ જ ન હતી. તેથી શિષ્ય કહે છે, અનંતકાળમાં જે નોહોતું સમજાયું તે સમજાયું. માત્ર બુદ્ધિથી નહીં પણ આત્મામાં ભાન આવ્યું. જેને ભાન હોય તેની શાન ઠેકાણે હોય. અભાન અવસ્થામાં શાનનાં ઠેકાણાં ન હોય. શરીરથી બેભાન થયેલાને પણ કશી જ ખબર નથી રહેતી તો જે આત્માથી બેભાન થયો તેને આત્મિક દશાની શાન ક્યાંથી હોય?

તેથી જ શિષ્યે એમ નથી કહ્યું કે મને અપૂર્વ સમજણ આવી, અપૂર્વ જ્ઞાન થયું, અપૂર્વ માહિતી મળી. ના! પણ અપૂર્વ ભાન આવ્યું. કારણ આજ સુધી મોહના વશે પડી, પરમાં સ્વબુદ્ધિએ બેભાન જ રહ્યો હતો. એ બેભાન દશામાંથી જાગ્યો. અને પોતે-પોતામાં ચિંતન કર્યું, તેથી પોતાનું ભાન થયું.

એ ભાન થતાં, પરિણામ સ્વરૂપ જે આત્મિક લાભ થવો જોઇએ તે થયો શું? **'નિજપદ નિજ માંહી લહ્યું'**. નિજપદ અર્થાત્ 'હું આત્મા છું' એ ભાન થયું. આજ સુધી દેહ, ઇન્દ્રિય, પ્રાણ, મન અને બુદ્ધિમાં આત્મભાવ હતો. આત્મા તે જ હું. આત્મા એજ મારૂં પદ. તેના બદલે દેહાદિમાં હું પદની માન્યતામાં રાચતો હતો. પણ જ્યાં નિજદશાનું ભાન પ્રગટ થયું ત્યાં સમજાયું, પ્રથમ 'હું આત્મા છું'. દેહાદિ સર્વ પર્યાયો જડ છે, તે મારા પર્યાયો નથી પણ વિનાશી એવા પુદ્ગલના પર્યાયો છે, હું અવિનાશી છું.

હું એક-અખંડ છું. દેહાદિ રૂપે પ્રવર્તતા અનેક પર્યાયો તે મારૂં રૂપ નથી. પુદ્ગલ દ્રવ્ય બહુરૂપી છે, તે અનેક અવસ્થા રૂપે પરિણમે છે. તેના સંગે મારે પણ તે-તે અવસ્થાવાન થવું પડે છે. પણ હું તે અવસ્થારૂપ નથી.

હું ચિત્-ચમત્કારરૂપ ચૈતન્ય સત્તા છું. આત્માના અસંખ્ય પ્રદેશે ચૈતન્ય છે. એક પણ પ્રદેશ ચૈતન્યરહિત નથી, દેહાદિના પર્યાયો તે જડના પર્યાયો છે. દેહાદિના સંગે હું જડવત્ થઇ ગયો છું. જડત્વ ધર્મ તે મારો નથી. મારો ધર્મ ત્રિકાળી-સત્-ચૈતન્ય છે.

હું જ્ઞાતા-દૃષ્ટા સહજ ભાવરૂપ છું. સત્-સત્ આનંદ, જ્ઞાતા દૃષ્ટા ભાવ એ મારૂં સ્વરૂપ છે. જ્ઞાન-દર્શન એ મારા નિજ ગુણો છે. એ ગુણોનું પ્રવર્તન માત્ર જ્ઞાતા-દૃષ્ટા ભાવરૂપ થાય, કર્તા-ભોક્તા નહીં, તેથી જ રાગાદિ રૂપ સર્વ વિભાવોથી પર માત્ર સહજ સ્વભાવરૂપ જ્ઞાતા-દૃષ્ટાપણું એ મારૂં સ્વરૂપ.



મારામાં અનંત ચતુષ્ટરૂપ અનંત વૈભવ ભર્યો છે. અખૂટ સંપત્તિનો માલિક ચૈતન્ય આત્મા, અનંત આનંદનું પરમધામ છે. મારામાં રહેલ અનંત ગુણોનું વેદન યુગપદ કરવાનાં અમાપ સામર્થ્યનો ધણી હું આત્મા છું.

આમ પરનાં સંગે, પરની એકાત્મ બુદ્ધિથી જાગેલા સર્વ વિકલ્પો શમી જાય છે. જીવને પોતાની નિર્વિકલ્પ દશાનું ભાન થાય છે. હું અખંડ, અવિનાશી, અવિકારી, અરૂપી, અનંત અવ્યાબાધ સુખનો સ્વામી, અનંત ગુણોના યુગપત્ વેદનરૂપ, સંપૂર્ણ વીતરાગ સ્વભાવી, એક માત્ર આત્મા છું. આવું અપૂર્વ ભાન શિષ્યને થયું અને તેણે પોતાને થયેલ આ અપૂર્વ ભાનની દશા શ્રી ગુરુ સામે વર્ણવી.

ગુરુદેવ નિજ સમાધિ દશામાં સ્થિત છે. અને શિષ્ય ગુરુદેવના ઉપકારોનું સ્મરણ કરતો પોતાને પ્રાપ્ત થયેલી અપૂર્વ દશાને, અંતરંગના અગુપ્ત ભાવો વડે ગુરુદેવ સમક્ષ કહી રહ્યો છે. રાગ-દ્વેષની ગ્રન્થિ તૂટી ગઇ. મિથ્યાત્વ મોહનીય અને ચારિત્ર મોહનીયનો ઉત્કૃષ્ટ રસ ક્ષીણ થયો. અપૂર્વ વીર્યોલ્લાસ જાગ્રત થયો અને સર્વ પર ભાવોથી ભેદ-વિજ્ઞાન પ્રગટ કરી લીધું.

ઔદારિક દેહ અને આત્મા ભિન્ન, તૈજસ-કાર્મણરૂપ સૂક્ષ્મ શરીરથી આત્મા ભિન્ન, રાગ-દ્વેષાદિ વૈભાવિક પર્યાયોથી આત્મા ભિન્ન, આમ સર્વ પર-પરિણામોથી, પર-પર્યાયોથી આત્મા ભિન્ન છે. આત્મા પોતે માત્ર પોતામાં જ રહે. રાગાદિના કારણે પરમાં જ્ઞાનોપયોગનું પ્રવેશપણું હતું, તે હવે રાગાદિનો રસ ઓછો થતાં, ગ્રન્થિભેદ થતાં જ્ઞાનોપયોગ નિજમાં, સ્વઆત્મામાં સ્થિર થયો. ભ્રાંતિરૂપ અજ્ઞાન ટળી ગયું. જ્ઞાનપ્રકાશ ઝગમગી ઊઠ્યો. દીવે-દીવો પ્રગટ થઇ ચૂક્યો. ગુરુદેવે બતાવેલ પ્રથમ પદ 'આત્મા છે'નો અનુભવ શિષ્યે 'હું આત્મા છું' રૂપે કરી લીધો.

શિષ્યને માટે જે પ્રાપ્તવ્ય હતું તે પ્રાપ્ત થઇ ચૂક્યું, ગુરુદેવનો અસીમ અનુગ્રહ શિષ્યના જીવનને સન્માર્ગે વાળવા નિમિત્ત બન્યો. સુપાત્ર-શિષ્યની યોગ્યતાએ સુ-ફળ લઇ લીધું.

હવે આત્મ-અનુભવની અપૂર્વ દશામાં શિષ્યનો આત્મા અન્ય-અન્ય ભાવોથી કઇ રીતે પરિણમી રહ્યો છે તેનું યથાર્થ બ્યાન શિષ્ય પોતે જ આપે છે. તે અવસરે -

# અજર અમર અવિનાશી ને...!

વિતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની - અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓનએ મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, નિજ-પદની ઓળખાણથી શરૂ થાય છે અને જિન-પદની પ્રાપ્તિમાં તેની પૂર્ણાહુતિ થાય છે. એ જ છે નિજપદ-જિનપદ એકતા. જેવું જિનપદ છે તેવું જ નિજપદ છે, તેથી જ નિજપદની સાધના જિનપદની સિદ્ધિરૂપ પરિણમે છે.

સાધક આત્મા નિજપદને ઓળખી લે છે ત્યારે તેના સર્વ ભ્રમો ભાંગી જાય છે. જ્યાં ભ્રમ છે ત્યાં ભમાવનાર નિમિત્તો મળે છે. અને ભ્રમ ટળતાં સ્થિરતા પ્રદાન કરનારાં નિમિત્તો ઉપસ્થિત થાય છે. માત્ર શિષ્યનો ઉપાદાન તૈયાર થતાં, સદ્ગુરુના ઉપદેશ રૂપ બહિરંગ નિમિત્ત કારણ મળ્યું, જે અંતરંગ નિમિત્ત માટે નિમિત્ત બન્યું, અંતરંગ નિમિત્તરૂપ દર્શન મોહનીયનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થયો અને શિષ્ય સમ્યગ્દર્શનને પામી ગયો. નિજપદને ઓળખ્યું એટલું જ નહીં, અનુભવ્યું. એ અનુભવનો આનંદ અલૌકિક, તેનિ સ્મૃતિ અલૌકિક, તે દશા અલૌકિક.

વળી નિજ આત્માને નિજપદ-જિનપદની એકતારૂપ અનુભવ્યો. જે દશા જિનની તે જ દશા નિજની. એ અનુભવ કેવો થયો એ બતાવતાં શિષ્ય કહે છે -

**ભાસ્યું નિજ સ્વરૂપ તે, શુધ્ધ ચેતનારૂપ;**
**અજર, અમર, અવિનાશી તે દેહાતીત સ્વરૂપ...૧૨૦...**

હે પરમ ઉપકારી ગુરુદેવ! મારા સ્વરૂપના અન્ય સર્વ આભાસો દૂર થયા અને મૂળભૂત સ્વરૂપનું મને જ્ઞાન થયું. સર્વ જડથી જુદો, પોતાના અસીમ અને અસાધારણ ગુણથી એક અને અવિકારી એવો મારો આત્મા શુદ્ધ ચેતનારૂપ છે. કર્મોના આવરણથી ચેતના અવરાયેલી ભલે હો પણ તે પોતાના સ્વરૂપમાં તો અત્યંત શુદ્ધ છે.



સર્વથા શુદ્ધ હોવું તે આત્માનો સહજ સ્વભાવ છે. અશુદ્ધિ-મલિનતા તેના નિર્વિકારી સ્વરૂપમાં નથી. પુદ્ગલના સંગે એ વિકારી બન્યો છે વિકારી વર્તન કરે છે. બહિરંગમાં વિકારી દેખાય છે પણ વાસ્તવમાં એ અવિકારી શુદ્ધ-નિર્મળ સ્વભાવી છે.

વળી સમષ્ટિ વિશ્વમાં રહેલ પંચાસ્તિકાયમાં જીવ પણ અસ્તિકાય વિશેષ છે. ધર્મ-અધર્મ-આકાશ-પુદ્ગલની જેમ પ્રદેશત્વ પિંડના કારણે સમાનધર્મા છે. પણ ચેતનશક્તિ તો એકલા જીવની જ છે. તે પોતાની ચેતનશક્તિના કારણે જ સર્વ જડથી જુદો પડે છે. ચેતના માત્ર આત્મામાં જ છે, અન્ય દ્રવ્યોમાં નથી. ચેતનના આશ્રિત ગુણો પણ માત્ર આત્મામાં જ છે, અન્યમાં નથી.

જાણવું અને જોવું અર્થાત્ જ્ઞાતાભાવ અને દૃષ્ટાભાવ તે જીવના પરક્ષેત્રે ગુણ છે. પરપદાર્થોને જાણવા અને જોવાની શક્તિ માત્ર આત્મામાં. અન્ય અસ્તિકાયમાં નહીં. અન્ય દ્રવ્યોમાં નહીં, અને સ્વક્ષેત્રે વેદકપણું એ પણ આત્મામાં જ, અન્યમાં નહીં.

ધર્મ-અધર્મ-આકાશમાં અન્ય શક્તિઓ છે. ધર્માસ્તિકાય ગતિપ્રદાન ગુણ ધરાવે છે. અધર્માસ્તિકાય સ્થિતિપ્રદાન ગુણ ધરાવે છે. સમસ્ત વિશ્વના સર્વ જીવ અને પુદ્ગલને ગતિ આપવાનું કામ ધર્માસ્તિકાય કરે છે. એ જો ગતિ ન આપે તો આખાયે વિશ્વની બધી જ Movement સ્થગિત. કોઇ પણ વ્યક્તિ કે વસ્તુ એક સ્થાનેથી બીજે સ્થાને જઇ શકે નહીં. એ જ રીતે અધર્માસ્તિકાય જીવ અને પુદ્ગલને સ્થિર રાખવામાં સહાયભૂત છે. એ પોતાના ગુણને સંકેલી લે તો આખા વિશ્વમાં જે સ્થિરતા દેખાય છે તે ન હોત. વૃક્ષ, મકાન કે પહાડ એક સ્થાને ન હોત. માનવ-પશુ-પંખી વગેરે સ્થિર ન હોત. હંમેશા બધાં અહીંથી ત્યાં આથડ્યાં કરત. આકાશ, જીવ, પુદ્ગલ અને અન્ય દ્રવ્યોને અવગાહના આપે છે. આવડા મોટા ચૌદ રાજલોક પ્રમાણલોકને પોતામાં સ્થાન આપનાર આકાશ જ છે.

આમ ત્રણેય દ્રવ્યો પોત-પોતાના ગુણોથી સમસ્ત વિશ્વને ઉપકારી છે. પણ પોતાને પોતામાં સંવેદક ગુણ નથી. જ્યારે આત્મા આ સર્વ દ્રવ્યોથી એ રીતે જ જુદો પડે છે. તેનામાં સર્વથી વિશેષ શક્તિ એ છે પોતાનો સંવેદક સ્વભાવ. જે ચૈતન્યના કારણે છે. જ્યાં ચૈતન્ય છે ત્યાં જ

સંવેદના છે. ચેતના નથી એવા સમસ્ત જડ પદાર્થોમાં સંવેદન નથી. તેથી જ આત્મા ચેતનગુણ વડે સમસ્ત દ્રવ્યોમાં સર્વોપરી સ્થાને બિરાજે છે.

વળી શુદ્ધ ચેતનાનો અર્થ એમ પણ કરીએ કે આત્માના અસંખ્ય પ્રદેશે અનંત જ્ઞાન વિદ્યમાન છે. જ્યાં ચેતના ત્યાં જ્ઞાન. ચેતના અને જ્ઞાન જુદા નથી, અદ્વૈત છે, દ્વૈત નથી. જ્ઞાન અને ચેતના એક રૂપ છે તે જ આત્મા. આત્માના અસંખ્ય પ્રદેશમાંથી એક પણ પ્રદેશ એવો નથી કે જ્યાં જ્ઞાન ન હોય. અનાદિ કાળથી નિગોદમાં પડેલ આત્માના અસંખ્ય પ્રદેશે જ્ઞાન છે જ, પણ અવરાયેલું છે. નિગોદમાં કે સૂક્ષ્મ એકેન્દ્રિયમાં રહેલ જીવ જડવત્ લાગતો હોય છતાં જડ નથી થઇ જતો, તેનું મુખ્ય કારણ એ જ કે તેનો જ્ઞાનગુણ લુપ્ત નથી થઇ ગયો.

વળી આત્મામાં એવી અચિંત્ય શક્તિ છે કે આત્માના અસંખ્ય પ્રદેશમાં રહેલ અનંતજ્ઞાનને એક સમયમાં પ્રગટ કરી શકે અને વેદી શકે છે. ઇન્દ્રિયજન્ય પૌદ્ગલિક જ્ઞાનનો ઉપયોગ કે વેદન એક સમયે ન થાય પણ આત્માના અનંતજ્ઞાનનો ઉપયોગ એક સાથે થાય. કેવળી પરમાત્મા એક સમય માત્રમાં વિશ્વના સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયોને યુગપત્ જોઇ લે-જાણી લે. પોતામાં રહેલ અનંત ગુણોને પણ યુગપત્ અનુભવી લે. આવું અલૌકિક અને અદ્ભુત સ્વરૂપ શુદ્ધ ચેતનાનું છે. શિષ્યે એ અનુભવ્યું, તેનો અનુભવ આગળ વધતાં કહે છે કે આત્માના અજર, અમર, અવિનાશી રૂપને જાણ્યું.

અ-જર જે જરતું નથી. એટલે કે વૃદ્ધત્વ, એ શરીરનો સ્વભાવ છે. શરીર જન્મે ત્યારે બાળક હોય. સમય વીતતાં ક્રમે કરી વૃદ્ધ થાય, જીર્ણ થાય. શરીર પરમાણુ પુદ્ગલનો પિંડ છે. પ્રતિ-સમય શરીરમાંથી અનંત પરમાણુઓ જરી જાય અને પ્રતિ સમય વાતાવરણમાંથી એટલા જ પરમાણુઓ ગ્રહણ થતા રહે. આ ક્રમ ચાલુ જ રહે છે. આ ક્રમના કારણે જ શરીર વૃદ્ધ પણ થાય છે. તેથી જરાવસ્થા એ દેહની અવસ્થા છે. કાળના વ્યતીત થવા સાથે શરીરને વૃદ્ધ થવું પડે.

આત્મા અજર છે. આત્માના અસંખ્યાત પ્રદેશોમાંથી એક પણ પ્રદેશ ક્યારેય જરી જતો નથી. અનંત ભૂતકાળમાં અનંત જન્મ-મરણ થયાં. નાનામાંથી મોટા અને મોટામાંથી નાના શરીરમાં ગયો. શરીરમાં સંકોચ વિસ્તાર સાથે આત્માના અસંખ્ય પ્રદેશ સંકોચાયા કે વિસ્તર્યા પણ એકે પ્રદેશમાં કંઇ જ હાનિ-વૃદ્ધિ થઇ નહીં. આત્મા પ્રદેશ-પીંડ છે. તેમાંથી એક



પણ પ્રદેશ છૂટો પડી જતો નથી. જેટલા પ્રદેશો આત્માના છે તે અને તેટલા કાયમ રહે છે.

આમ જરાવસ્થા આત્માની નહિ પણ દેહની થાય છે. આત્મા અજર છે.

આત્મા અ-મર છે. મૃત્યુ આત્માનું નથી થતું, દેહનું થાય છે. આત્મા મરતો નથી, શરીર બદલી નાખે છે. એક શરીરમાં રહેવાનો સમય પૂરો થાય અર્થાત્ પૂર્વે બાંધેલ આયુષ્ય કર્મનો સમય જેટલો હોય એટલો જ કાળ એ શરીરમાં બંધાઇ રહે. આયુષ્યકર્મ પૂરું થયે દેહથી આત્મા જુદો પડ્યો અન્યત્ર ચાલ્યો જાય. જ્યાં વળી નવું શરીર ધારણ કરે : એટલે આત્માનું મરણ નથી.

જીવને દેહાત્મ-બુદ્ધિ છે, તેથી હું વૃદ્ધ થયો, હું મરી જઇશ એવો ભ્રમ સેવ્યા કરે છે. દેહને હું માની, દેહના જરા-મરણને પોતાના જરા-મરણ સમજી લે છે, અને તેથી જ જરા આવતાં કે મરણ આવતાં દુ:ખી હોવાનો અનુભવ કરે છે. દેહનું મારાપણું જીવને એટલું બધું છે કે દેહથી જુદો હું આત્મા છું એવો વિચાર પણ ક્યારેય ઊઠતો નથી. જીવે કદિ એ વિચાર્યું નથી કે હું હંમેશા કહું છું કે દેહ મારો છે-મારો છે, પણ કદિ દેહ કેમ નથી કહેતો કે તું મારો છે. દેહે ક્યારેય આત્માને આશ્વાસન આપ્યું નથી કે, જગતના વ્યવહારમાં જેમ ચાલે છે તેમ હું તારો હોઉં તો તું પણ મારો હોય જ! પણ એણે કદિ કહ્યું નથી, છતાં જીવની દેહાત્મ બુદ્ધિ ઘટતી નથી અને આખુંયે જીવન દેહની સેવામાં, તેના પાલન-પોષણમાં, તેને સુંદર રાખવામાં જ વેડફી નાખે છે. અંતે તો આત્માને દેહ છોડીને ચાલ્યા જવું પડશે ત્યારે દેહ સાથે નહીં ચાલે.

દેહાતીત દશાનો અનુભવ કરનાર મહાયોગી આનંદઘનજી મહારાજે દેહ આત્માનો સાર્થક સંવાદ ઊભો કરતાં આત્મા દ્વારા કહેવડાવ્યું છે –

**અબ ચલો જી સંગ હમારે, કાયા ! ચલો જી સંગ હમારે**
**તોહે બહુત જતન કરી રાખી રે કાયા ! ચલોજી**
**સંગ હમારે...અબ......**

આત્મા કહે છે : હે કાયા! મારો જવાનો સમય થયો, તું ચાલ મારી સાથે! આખુંયે જીવન મેં તારૂં ખૂબ જ જતન કર્યું છે. તને સાચવવા માટે મેં શું-શું નથી કર્યું ? બધું જ કર્યું.......

**તોહે કારણ જીવ સંહારે, બોલે જુઠ અપારે,**
**ચોરી કર પરનારી સેવી, જુઠ પરિગ્રહ ધારે.....રે કાયા.......**
**પટ આભુષણ સુંઘા ચૂઆ, અશન પાન નિત્ય ન્યારે,**
**ફેર દિન ષટ્રસ તોહે સુંદર, તે સબ-મલ-કરી ડારે રે....કાયા**

કાયા! તારા માટે જીવ હીંસા કરી, જૂઠું બોલ્યો, વ્યભિચાર સેવ્યો, પાપ-પ્રપંચ કરી પરિગ્રહ વધાર્યો. આ પાંચેય પાપ તને સુખ પહોંચાડવા માટે, તને શાંતિ મળે, તારી કામનાઓ પૂરી થાય માટે કર્યા. એટલું જ નહીં, તું સુંદર દેખાય તે માટે સુંદર-સુંદર વસ્ત્રો અને આભુષણોથી સજાવી, શરીર પર સુગંધી દ્રવ્યોના વિલેપન કર્યા. વળી ખાવા પીવાનું રોજ નવું. જીભને ગમે તેવા ષડ્રસ ભોજનો તને આપ્યાં. બદલામાં તે તો એવા સરસ ભોજનને મળરૂપે પરિણમાવ્યાં. વિચાર તો કર! આ આખી જિંદગી માત્ર તારી જ આળપંપાળમાં ગાળી. મેં મારી સામે તો જોયું જ નહીં. હવે જ્યારે મારો જવાનો સમય થયો છે ત્યારે તને છોડીને કેમ જાઉં? મને ન ગમે! માટે તું મારી સાથે ચાલ!

આત્મા કાયાની સામે આટલા કાલાવાલા કરે છે, વિનવે છે. પોતાને એકલા જવું પડે છે એની લાચારી વ્યક્ત કરે છે, બિચારો ગરીબડો થઇ તેને સાથ આપવા આજીજી કરે છે. પણ કાયા તો સણસણતો રોકડો જવાબ પરખાવી દે છે. તે કહે છે –

**જીવ સુનો આ રીત અનાદી, કહા કહત બારબારે,**
**મેં ન ચલુંગી તોરે સંગ ચેતન, પાપ પુણ્ય દોઉ લારે...રે...કાયા**

અરે જીવ! તું કેમ સમજતો નથી. આ તો અનાદિની રીત જ આમ છે. હું કદી તારી સાથે આવી નહીં અને આવીશ પણ નહીં. તને વારંવાર કહેવું પડે? આટલી પણ સમજણ નથી તારામાં? હું તો નહીં જ આવું તારી સાથે! પણ જો તારા જ કરેલા પુણ્ય અને પાપ તારી પાછળ-પાછળ આવે છે. જા, તેને લઇ જા. મારી સાથે આવવાની અપેક્ષા છોડી દે.

કાયાનો જડબાતોડ જવાબ સાંભળી આત્મા ચૂપ થઇ ગયો. બોલવા પણું કંઇ રહ્યું નહીં. ત્યારે આનંદઘનજી મહારાજ આત્માને સમજાવે છે. સાચો રાહ બતાવે છે.



**જિનવર નામ સાર ભજ આત્મ, કહા ભરમ સંસારે,**
**સુગુરુ વચન પ્રતીત ભયે તબ, આનંદઘન ઉપકારે.....રે.....કાયા**
**ચલો જી સંગ હમારે, કાયા! ચલો જી સંગ હમારે.....**

હે આત્મ! ભ્રમરૂપ સંસારમાં એક સાર હોય તો માત્ર જિનેશ્વરનું નામ છે. બસ, જિન-નામ સ્મરણ કરી લે, અને સદ્ગુરુના ચરણ-શરણમાં ચાલ્યો જઇ, તેમના વચન પર દ્રઢ વિશ્વાસ અને પ્રતીતિ પૂર્વક, એ વચનોને આચરી લે તો જ તારા આત્મા પર તારો ઉપકાર થશે. અને આનંદનો ઘન એવો આત્મા તને અનુભવાશે.

બંધુઓ ! દેહ અને આત્માનો અનાદિનો સંબંધ હોવા પછી પણ દેહ ક્યારેય આત્માનો થયો નથી અને થવાનો નથી. એક ક્ષેત્રાવગાહી હોવા છતાં બંનેના સ્વભાવ-સ્વરૂપ જ ભિન્ન છે તો તે કઇ રીતે એકબીજાના થઇ શકે! આત્મા અવિનાશી ચેતન દ્રવ્ય અને દેહ વિનાશી જડ દ્રવ્ય. પરસ્પર વિરોધી ધર્મ હોવાના કારણે કદિ એકબીજાના થાય નહીં.

શિષ્યને આ સમજણ આવતાં જ અવિનાશી ધર્મવાન આત્માની પ્રતીતિ થઇ. જ્યારે જડ દ્રવ્યો વિનાશી ધર્મવાળા છે અને ચેતન માત્ર અવિનાશી છે. આવું સમજાઇ જાય ત્યારે જડનો વિનાશ આર્તધ્યાનનું કારણ ન બને. પોતાની નિત્ય, અવિનાશિતા પર શ્રદ્ધા છે. જગતનાં ગમે તેટલાં દ્રવ્યો ગમે તેટલી વાર નાશ પામે તેમાં આત્માનું કાંઇ બગડે નહીં. આત્માનો એકવાર પણ વિનાશ થાય નહીં. હું તો સદા - અવિનાશી આત્મદ્રવ્ય છું - આવી પ્રતીતિ નિરંતર વર્તે તેને દુ:ખ શું?

વળી જીવને જ્યાં જેટલી વિનાશિતાનો ખ્યાલ છે ત્યાં દુ:ખ થતું નથી. વ્યાવહારિક જગતના પદાર્થોનો વિચાર કરીએ તો આજે એક ૨૫ રૂપિયાનો ફૂલનો હાર લાવ્યા, તે કાલે કરમાઇ જાય અને તેને ફેંકી દો તો દુ:ખ થતું નથી. પણ પાંચ રૂપિયાનો માટીનો એક નાનો ઘડો લાવ્યા અને તે આઠ દિવસમાં ફુટી ગયો તો દુ:ખ થાય છે. આમ શા માટે? આજનું ફૂલ કાલે કરમાઇ જ જાય એવી સચોટ શ્રદ્ધા જાને અજાણ્યે પણ મનમાં બેઠેલી છે અને માટીનો ઘડો ફૂટવાના સ્વભાવવાળો હોવા છતાં ૪-૬ મહિના કે વર્ષ તો કામ આપ્યા પછી નષ્ટ થાય તો વાંધો નહીં. આમ આપણી જે પદાર્થ સાથે જેવી માન્યતા જોડાણી હોય તે પ્રમાણે દુ:ખાદિની અનુભૂતિ કરીએ છીએ.

વ્યવહારમાં આવી સમજણ ધરાવનાર માનવ એ નથી સમજતો કે દેહ વિનાશી જ હોય, તેનું પરિણામ એમ જ થાય. જો અવિનાશી હોત તો અનંત દેહ છોડીને ન આવ્યો હોત. અનાદિકાળથી એક જ દેહ હોત. પણ એમ બન્યું નથી. બનશે પણ નહીં. તેથી જ અહીં સાધક શિષ્યને જ્યારે નિજ આત્માનું ભાન થયું ત્યારે એ સમજાયું કે વિનાશી ધર્મવાળો પદાર્થ તે હું નહીં. હું તેનાથી જુદો અવિનાશી નિત્ય દ્રવ્ય આત્મા છું.

દેહ વિનાશી અને હું અવિનાશી છું એટલે જ મારૂં સ્વરૂપ દેહથી રહિત છે. અર્થાત્ હું દેહાતિત છું. મારી તો સિદ્ધિ સાથે સ્વરૂપ એકતા છે. જેવું સિદ્ધનું સ્વરૂપ દેહરહિત માત્ર શુદ્ધ-નિત્ય-અવિનાશી આત્મા સ્વરૂપ છે, હું પણ તેવો જ છું. કશો જ ફરક નહીં.

અત્યાર સુધીના બધા જ અનુભવો દેહાત્મબુદ્ધિથી કર્યા પણ તે બહિરંગ અનુભવો હતા. મારૂં અંતરંગ સ્વરૂપ દેહાદિથી અત્યંત ભિન્ન છે અને એ મેં હવે અનુભવ્યું. જો આત્મા દેહાતીત ન હોત તો જ્યારે જ્યારે મરણ થયું ત્યારે બીજા જન્મમાં જાય ત્યારે આત્મા એકાંકી જાય છે. હા સૂક્ષ્મ શરીરરૂપ તૈજસ-કાર્મણ શરીર તેની સાથે હોય છે, પણ જ્યારે એ સર્વ કર્મથી મુક્ત થઇ જાય છે ત્યારે દેહાતીત થઇ માત્ર એકાકી જ સિદ્ધાલય સુધી પહોંચી જાય છે.

શિષ્યને પોતાના આત્મામાં જ પોતાનું સ્વરૂપ સ્પષ્ટ થતું જાય છે. ગુરુદેવે કહેલ 'આત્મા નિત્ય છે' એ પદ પર ઊંડી વિચારણા કરતાં, ગહન ચિંતન કરતાં તેને પોતાના નિત્યત્વનું ભાન થયું અને નિત્ય એવો આત્મા અજર, અમર, અવિનાશી અને દેહાતીત જ હોય તે તેણે અનુભવ્યું.

શિષ્ય આત્મ-અનુભવની દશામાં આગળ વધી રહ્યો છે. વિકસિત પરિણામધારા, આત્મશુદ્ધિ કરી રહી છે. હવે શિષ્ય આગળ શું અનુભવ કરે છે તે અવસરે —

# વૃત્તિ વહી નિજભાવમાં....!

વિતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની - અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓનેએ મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના જીવને સંપૂર્ણ અકર્તાભાવ તરફ લઈ જાય છે. અકર્તાભાવ જ જીવનું નિજ સ્વરૂપ છે. પોતે કર્તા ન હોવા છતાં, કર્તા હોવાનું અહં કાયમ કરતો રહે છે.

જીવમાં જ્યારે વિવેક - દૃષ્ટિ જાગ્રત થાય છે ત્યારે યથાર્થતાનું ભાન થાય છે. તેની વિપરીત માન્યતાઓ બદલાઇ જાય છે. તેની શ્રદ્ધામાં સત્ તત્ત્વ ઊતરે છે. સુપાત્ર જિજ્ઞાસુ શિષ્ય વિવેકને જાગ્રત કરી શકયો છે. નિજપદનો અનુભવ પોતામાં રહેલ યથાર્થતાનું ભાન કરાવે છે. પોતે જે-જે અનુભવી રહ્યો છે તે ગુરુદેવ સમક્ષ બતાવી રહ્યો છે. શિષ્યના અંતઃકરણમાં ગુરુ પ્રત્યે એટલી અડોલ શ્રધ્ધા ભક્તિ છે કે પોતાના આત્માનુભવને ગુરુદેવ સમક્ષ રાખવાથી એ અનુભવની નિરંતરતા વધતી જશે એવો સચોટ વિશ્વાસ છે. તેથી એક પછી એક અનુભવ બતાવી રહ્યો છે. આત્માના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કર્યા પછી આત્મપ્રદેશના પરમ સ્થિરત્વરૂપ અકર્તાભાવનો અનુભવ શું છે તે કહી રહ્યો છે.

**કર્તા ભોક્તા કર્મનો, વિભાવ વર્તે જ્યાંય,**
**વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્તા ત્યાંય.....૧૨૧.....**

હે ગુરુદેવ! જીવનો કર્તા ભોક્તા ભાવ ક્યાં સુધી છે તે હવે મને સમજાયું, ઊંડાણમાં ઉતરી ચિંતન કરતાં અનુભવ થયો કે જીવ વ્યવહારનયે કરી અનેક પ્રકારે કર્તા-ભોક્તા મનાય છે. જેમ કે અશુદ્ધ વ્યવહારનયથી આ જીવ અનેક પદાર્થોનો કર્તા છે. ઘર-નગરનો કર્તા છે, ઘટ-પટનો કર્તા છે. જેમ કોઇ માણસ Factory ચલાવતો હોય તો એ એમ કહે કે હું અમુક વસ્તુ બનાવું છું. બનાવે તો તેનું મશીન, પણ ભાઇની પ્રેરણાથી બનતું હોય તેથી તે કહે કે હું બનાવું છું. જે વ્યવહારથી કહેવાય છે. જગતનો

વ્યવહાર પણ આમ જ ચાલે છે.

વળી શુદ્ધ વ્યવહારનયથી તે રાગ-દ્વેષનો કર્તા છે. રાગાદિ ભાવો કર્મનું નિમિત્ત પામીને થતાં હોવા છતાં, આત્માની અશુધ્ધ દશામાંથી આવે છે. તેથી શાસ્ત્રોએ તેને ચેતનરૂપ કહ્યાં છે. પણ વાસ્તવમાં તે જીવના ભાવ નથી. જીવના ભાવ હોત તો સિધ્ધમાં પણ હોત, પણ તેમ નથી. તેથી તે ઉપચારથી વ્યવહાર-નયે જીવના ભાવ કહેવાય છે અને જીવ તેમાં પોતાનું કર્તુત્વ માને છે, પણ જ્યારે જીવને સમજાય છે કે હું કર્મનો કર્તા નથી, હોઇ શકું નહીં ત્યારે તેને કર્મ પોતાથી ભિન્ન છે એ સમજાયા વગર રહે નહીં. કવિવર બનારસીદાસ નાટક સમયસારમાં કહે છે -

**જૈસે રાજહંસકે બદનકે સપરસત,**
**દેખિયે પ્રગટ ન્યારૌ છીરન્યારો નીર હૈ.**
**તૈસૈ સમકિતકી સુદષ્ટી મેં સહજ રૂપ,**
**ન્યારો જીવ ન્યારૌ કર્મ ન્યારૌ હી શરીર હૈ.**
**જબ સુદ્ધ ચેતન કૌ અનુભૌ અભ્યાસો તબ,**
**ભાસૈ આપુ અચલ ન દુજૌ ઔર સીર હૈ.**
**પૂરવ કરમ ઉર આઇ કે દેખાઇ દેઇ,**
**કરતા ન હોય તિન્હકૌ તમાસગીર હૈ....**

જેમ રાજહંસની ચાંચની કળાથી દૂધ અને પાણી અલગ-અલગ થઇ જાય છે તેમ સમકિતી જીવની સુદૃષ્ટિમાં સહજરૂપે જીવ, કર્મ અને શરીર ભિન્ન-ભિન્ન દેખાય છે.

સમકિતી જીવને ચૈતન્યના અનુભવનો અભ્યાસ વધતો ચાલે ત્યારે પોતે એક અચલ આત્મા છે, એ સિવાય બીજું કશું જ નથી એ દેખાય છે.

પૂર્વકર્મનો ઉદય વર્તતા હોય ત્યારે પણ તે ઉદયથી પોતે ભિન્ન હોય, તેમાં ભળી ન જાય, અને તેને શુદ્ધ પ્રતીતિ થાય કે આ કર્મનો કે રાગાદિ ભાવોનો કર્તા હું નથી પણ હું માત્ર તેનો પ્રેક્ષક જ છું.

જીવ પોતાને કર્મનો કર્તા માને છે, અને વ્યવહારમાં અનેક પદાર્થોનો કર્તા માને છે તે તેનું અજ્ઞાન છે. વાસ્તવમાં જીવમાં કર્તૃત્વ ભાન જ નથી. આ જગતમાં થતા પદાર્થોના પરિણમનમાં જીવ કાંઇ કરી શકવાની યોગ્યતા ધરાવતો નથી. પાંચેય અસ્તિકાય એક પ્રદેશાવગાહી હોવા છતાં એક-બીજામાં ભળી જઇ એક-બીજા રૂપ થઇ શકે નહીં. પણ જીવને ધર્મ-



અધર્મ આકાશનું નિમિત્ત છે. અહીં એક સિદ્ધાંત બહુ સમજવા જેવો છે. સાધારણ રીતે એમ કહેવાતું હોય છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઇ કરી શકે જ નહીં! પણ એટલે શું? ત્યાં સમજાવું એ છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ થઇ જતું નથી. પોતાના ગુણ- સ્વભાવને છોડી અન્ય દ્રવ્યના સ્વભાવરૂપ થઇ જતું નથી. પણ આખાયે વિશ્વનું તંત્ર અન્ય દ્રવ્યોના નિમિત્ત-નૈમિત્તિક ભાવથી ચાલે છે. આ નિમિત્ત પ્રયોજનપૂર્વકનું હોય કે પ્રયોજનરહિત હોય પણ એક દ્રવ્યને બીજા દ્રવ્યનું નિમિત્ત હોય છે.

આપણે વિચારીએ, ધર્માસ્તિકાયનો સ્વભાવ ગતિપ્રદાન છે. તે જીવ અને પુદ્‌ગલને ગતિ કરવામાં સહાયરૂપ થાય છે. અર્થાત્ જીવ અને પુદ્‌ગલ ધર્માસ્તિકાયનું નિમિત્ત પામી ગતિ કરે છે. જો એક દ્રવ્ય અન્ય દ્રવ્યનું કાંઇ કરી જ ન શકે તેમ ભારપૂર્વક કહો તો કોઇ પણ જીવ કે પુદ્‌ગલ ગતિરૂપ કાર્ય કરી શકત નહીં, પણ હંમેશા સ્થિર જ રહેત. અરે! અંતિમ શરીરમાંથી છૂટી જીવ મુક્ત થાય છે ત્યારે પણ ધર્માસ્તિકાયની સહાયથી જ લોકાગ્રે પહોંચે છે. જીવનું અનંતવીર્ય જાગ્રત હોવા પછી પણ જો ધર્માસ્તિકાય ન હોત તો આ ત્રીછાલોકમાં જ સિદ્ધ જીવ જે શરીરથી સિદ્ધ થયો ત્યાં જ ક્યાંક આસપાસ સ્થિર થયો હોત.

વળી અધર્માસ્તિકાય સ્થિરતા પ્રદાન કરે છે. જો એનું નિમિત્ત પામી જીવ કે પુદ્‌ગલ સ્થિરત્વને પ્રાપ્ત ન કરતા હોત તો કોઇપણ જીવ કે પુદ્‌ગલ આ વિશ્વમાં સ્થિર ન હોત. બધાં ઘૂમ્યા જ કરતાં હોત. એટલું જ નહીં સિદ્ધ ભગવંતો આદિ-અનંતભાગે સિદ્ધ ક્ષેત્રમાં સ્થિર થઇને ન રહ્યા હોત. સિદ્ધોની સ્થિરતા તે અધર્માસ્તિકાયના કારણે છે. વળી સિદ્ધો લોકાગ્રે જઇ સ્થિર થઇ જાય છે. ત્યાં પણ અલોકમાં ધર્માસ્તિકાય નથી માટે જ. જો ધર્માસ્તિકાય અલોકમાં હોત તો સિદ્ધ ભગવંત શા માટે લોકાગ્રે રહે? અલોકમાં જ ન ચાલ્યા જાય? પણ સિદ્ધ આત્માને પણ અલોકમાં જતા રોકનાર ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો અલોકમાં અભાવ છે તે કારણ છે.

તો અહીં ભલે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય પણ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય સિદ્ધાત્મા માટે પણ વ્યવહારથી કંઇક કરી શકે તેમ માનવું જ રહ્યું. હા, સિદ્ધ ભગવંતના આત્મદ્રવ્યમાં કશો જ ફેરફાર કરવાની યોગ્યતા ધર્માસ્તિકાય વગેરેમાં નથી, છતાં તેની સહાય તો ખરી જ.

વળી સિદ્ધ ભગવંતો સિદ્ધક્ષેત્રમાં જ્યાં રહ્યાં છે ત્યાં આકાશે તેમના

આત્માને અવગાહના આપી છે. આંહીં-આપી છે. કહીએ તે ઉપચારથી પણ સિદ્ધ ભગવંતના આત્મપ્રદેશોને આકાશ-પ્રદેશની અવગાહના તો જોઇએ જ છે. અન્યથા એ ક્યાં રહે? લોકનો એક પણ જીવ, સિદ્ધ કે સંસારી તથા પુદ્‌ગલ આકાશ પ્રદેશની અવગાહના વગર રહી શકે જ નહીં. ભલે સૂક્ષ્મ હોય કે સ્થૂલ હોય પણ આકાશમાં જ રહે. તો સિદ્ધભગવંતને પણ આકાશનું અવલંબન તો છે જ. એ પ્રયોજનપૂર્વક ન હોય. આકાશને ખબર નથી કે મારે સિદ્ધને અવગાહના આપવી છે. તેનું પોતાનું કોઇ કર્તૃત્વ નથી, છતાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તો છે જ.

આમ એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઇ ન કરી શકે. એ સિદ્ધાંત પણ એ જ કહે છે કે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સિવાય, બીજું કશું કરવાની યોગ્યતા કોઇપણ દ્રવ્ય, બીજા દ્રવ્ય માટે ધરાવતું નથી. અનાયાસે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ થઇ જાય છે, કરવો પડતો નથી. જ્યાં કરવું પડે છે, જાણીબૂઝીને કરાય ત્યાં કર્તૃત્વ ભાવ છે. હા, સાચું છે કે એક દ્રવ્ય હેતુપૂર્વક બીજા દ્રવ્યનું કાંઇ કરી શકે નહીં.

વ્યવહારમાં આપણે જ માનતા હોઇએ છીએ કે મેં અમુકના માટે આ કર્યું કે તે કર્યું તે ભ્રમ છે. તું કોઇનું કાંઇ કરી શકે નહીં. તુ ધારે ને કાંઇ થાય તેવું બને નહીં. તારૂં નિમિત્ત પામીને કાંઇ બનવાનું હોય તો બની જાય. પણ તારી તાકાત નથી કે તું કંઇ કરી શકે. કારણ જીવના મૂળ સ્વભાવમાં જ કર્તૃત્વ નથી તો તું કંઇ કરી શકે જ નહીં. દ્રવ્યના મૂળ ગુણોનું વર્ણન કરતાં શાસ્ત્રકારો કહે છે-અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, પ્રદેશત્વ, અગુરુલઘુત્વ એ દ્રવ્યના ગુણો છે. પણ તેમાં ક્યાંય કર્તૃત્વ ગુણ બતાવ્યો નથી. અર્થાત્ કોઇપણ દ્રવ્યમાં કર્તૃત્વ ગુણ નથી. પ્રત્યેક દ્રવ્ય સર્વથા અકર્તા સ્વભાવવાળો છે અને દ્રવ્ય પોતાના સહજ પરિણમન ભાવે પરિણમ્યા કરે છે. છયે દ્રવ્યોનું સ્વાભાવિક પરિણમન અહેતુક છે. તેમાં કોઇપણ પ્રકારનો કાર્ય-કારણ ભાવ નથી. વૈભાવિક પરિણમનમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય. કોઇનું પણ નિમિત્ત પામીને કોઇ કાર્ય થઇ શકે. જેમ કે માટીનો ઘડો. માટીમાં ઘટત્વરૂપ પરિણમન થવાનું હતું તે તેનું ઉપાદાનકારણ અને કુંભાર, દંડ, ચક્ર આદિ નિમિત્તકારણ. અર્થાત્ કોઇપણ જીવ બીજા જીવને નિમિત્તકારણરૂપ બની શકે પણ ઉપાદાન તો સ્વયંનું જ હોય. એ દૃષ્ટિથી કહેવાય છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઇ કરી શકે નહીં. કહ્યું પણ છે –



**હોતા સ્વયં જગત પરિણામ, મૈં જગકા કરતા ક્યા કામ?**
**દૂર રહો પર-કૃત પરિણામ, સહજાનંદ રહું અભિરામ.....**

સમષ્ટિ વિશ્વમાં પ્રત્યેક દ્રવ્યો પોતાનાં પરિણામથી થઇ રહ્યાં છે. હું જગતમાં જગતનું કાંઇ જ કરવા શક્તિમાન નથી. પરંતુ કાંઇક કરી શકું છું એવા ભાવો મારામાંથી દૂર થાય તો હું મારા નિજાનંદની મસ્તીમાં મસ્ત રહી શકું.

શિષ્ય પણ એ જ કહે છે કે જ્યાં સુધી વૈભાવિક પરિણતિએ પરિણમ્યો ત્યાં સુધી કર્મ અને કર્મફળનો કર્તા-ભોક્તા કહેવાયો. અથવા મેં મને કર્તા-ભોક્તા માન્યો. પણ જ્યારે આંતરવૃત્તિ સ્વ-સન્મુખ થઇ, પરાન્મુખતા ટળી ગઇ, પરના સંગે કર્તાભાવ માન્યો હતો પણ પરનો સંગ છૂટી, સર્વથા અસંગ થયો ત્યારે મને મારા અકર્તાભાવનો અનુભવ થયો છે. વાસ્તવમાં આત્માના અસંખ્ય પ્રદેશ પરમ-સ્થિરત્વને ભજે છે. વળી સર્વથા કૃતકૃત્ય થાય ત્યારે જ સ્થિરત્વ આવે છે. જ્યાં સુધી કર્મનો સંગ છે ત્યાં સુધી અસ્થિરતા છે. ત્યાં સુધી કંઇક કરવાપણું છે. પણ અસંગદશા આવતાં કર્તૃત્વ સમાપ્ત થઇ જાય અને આત્મા પરમ-સ્થિરત્વને પામી જાય, જ્યાં અકર્તાભાવ જ હોય.

શિષ્યે વૃત્તિઓને વાળી લીધી. નિજાત્મામાં વહાવી અને તે અકર્તા થઇ ગયો. પ્રથમ દેહદૃષ્ટિ હતી, સ્વનું અજ્ઞાન હતું, તેથી પરભાવો અને પરદ્રવ્યોમાં પોતાના કર્તાપણાનો આરોપ કરતો હતો. પરંતુ જ્ઞાનની જ્યોતિ પ્રગટ થતાં અજ્ઞાન દૂર થયું અને ભ્રમ તૂટી ગયો. આત્માનો જ્ઞાનોપયોગ પરભાવ-પરપદાર્થમાં હતો, તે હવે ત્યાંથી પાછો વળી આત્મભાવમાં લીન થાય છે, સ્વનું સંવેદન કરે છે. અને જ્યાં આત્મા સ્વ-સંવેદનમાં લીન બને છે ત્યાં કર્તા-ભોક્તા ભાવ ટકી સકતો નથી, તે છૂટી જાય છે અને આત્માને પોતાના પરમ શુદ્ધ ભાવરૂપ અકર્તાપણાનો અનુભવ થાય છે.

શિષ્યે આત્માના ઔપચારિક કર્તા-ભોક્તા ભાવને જાણી, સમજી, વિચારી, આત્માના શુદ્ધ સ્વરૂપમાં જે અકર્તા-અભોક્તા ભાવ છે તેનો પણ આંશિક અનુભવ કરી લીધો.

આમ એક પછી એક પદની સિદ્ધિ પોતે-પોતામાં અનુભવ દ્વારા કરી રહ્યો છે. નિજાનંદનો અનુભવ માણી રહ્યો છે. હજુ આ અનુભવ આગળ વધતાં શું કહે છે તે અવસરે......

# શુદ્ધ ચેતના રૂપ!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની - અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્‌ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના કરતો જીવ ચેતનાના સ્પર્શે ચેતનવંતો બની જાય છે. જીવ એટલે ચૈતન્ય અને ચૈતન્ય એટલે જીવ. ચૈતન્યથી જુદો કોઇ જીવ નથી. જીવથી જુદું ક્યાંય ચૈતન્ય નથી. પણ જડ જગતમાં અટવાયેલો જીવ ચૈતન્યની અનુભૂતિ કરતો નથી.

એક વાર જીવ સ્વ-સન્મુખ થઇ જાય તો પોતે શદ્ધ ચેતન છે તેની અનુભૂતિ થઇ જાય. પરભાવોની પ્રીતિ તૂટી જાય. પરપુદ્‌ગલના સંગનું મમત્વ છૂટી જાય, સર્વથી નિરાળો બની જાય. પોતાના જ્ઞાનાનંદમાં ઝૂલવા માંડે. એ અદ્‌ભુત અને અલૌકિક આનંદના રસમાં તરબોળ બની જાય.

ભાગ્યવાન શિષ્ય શુદ્ધ ચેતનનો સ્પર્શ પામ્યો છે. ચૈતન્યાનુભૂતિ થઇ તેથી પરભાવમાં રહેલ અહં અને મમનો હ્રાસ થઇ ગયો. તે કર્તા-ભોક્તા ભાવથી પર થઇ ગયો છે. તેથી ગુરુદેવ સમીપે કહી રહ્યો છે કે મારો જ્ઞાનસ્વભાવ પરમાં રમતો હતો, પુદ્‌ગલને જાણવામાં રોકાયેલો હતો તે હવે ત્યાંથી છૂટી નિજભાવમાં - આત્માનંદના વેદનમાં પરિણમવા માંડ્યો, તેથી હું કર્મનો કર્તા-ભોક્તા નથી તેનો સચોટ વિશ્વાસ જાગ્રત થયો અને મારા શુદ્ધ સ્વરૂપમાં રહેલ અકર્તાભાવને મેં જાણ્યો.

વળી કર્તા-ભોક્તા ભાવ મારામાં કોઇ નયે ઘટી શકે તો તે માત્ર મારા ચેતનરૂપ પરિણામનો જ ઘટી શકે, એ સિવાય બીજો કશાનોય નહીં. એ કહે છે :

**અથવા નિજ પરિણામ જે, શુધ્ધ ચેતનારૂપ,**
**કર્તા-ભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ.....૧૨૨.....**

ચેતન પોતાની સહજ સ્વાભાવિક દશામાં પરિણત થઇ રહ્યો હોય એ સમયનાં તેનાં પરિણામ શુદ્ધ ચેતનરૂપ જ હોય. તેમાં અશુદ્ધિનો અંશ ન



હોય. જીવના પોતાના પરિણામોનું સંવેદન હોય છે. જીવનો સ્વભાવ જ વેદકતા. જીવ સ્વક્ષેત્રે અનંતજ્ઞાનનું વેદન કરતો હોય. જે પાન નિજ પરિણામરૂપ છે, શુદ્ધ ચેતનારૂપ.

અહીં ચેતનાને શુદ્ધ કહી તેનો અર્થ જ એ થાય કે અશુધ્ધ ચેતના પણ હોવી જોઇએ. વિશ્વમાં રહેલ જેટલા પદાર્થો છે તેનાથી વિજાતીય અન્ય પદાર્થ હોય જ એ નિયમ છે. માટે શુદ્ધ ચેતના કહેવાથી અશુદ્ધ ચેતનાની આપોઆપ સિદ્ધિ થઇ જાય છે.

પ્રથમ શુદ્ધ ચેતના શું છે તે સમજીએ. આ ચેતનાને જ્ઞાનચેતના કહે છે. આત્માથી અભિન્ન સ્વતઃ સહજ સુખની અનુભૂતિ, જ્ઞાનની અનુભવદશા. આત્માના અસંખ્ય પ્રદેશે રહેલ અનંતજ્ઞાનની અનુભવદશા તે જ્ઞાનચેતના. જ્ઞાન જ્યારે સમ્યક્ થઇ આત્માનો અનુભવ કરે છે ત્યારે તે જ્ઞાનચેતના અને તે જ શુદ્ધ ચેતના છે.

અશુદ્ધ ચેતના તે, આત્મજ્ઞાનરહિત મિથ્યાદૃષ્ટિ. જીવ રાગાદિના ભાવોને તથા તેનાથી થનાર ભિન્ન-ભિન્ન અવસ્થાઓને અજ્ઞાન વડે પોતાની માને તે અજ્ઞાન ચેતના, તે જ અશુદ્ધ ચેતના. તેના બે પ્રકાર : ૧. કર્મ ચેતના, ૨. કર્મફળ ચેતના.

આત્મા જ્ઞાનસ્વભાવી છે. એ સિવાયના બીજા સર્વ ભાવો અનાત્મભાવો છે. તે ભાવોનો કર્તા પોતે છે. હું કરૂં, હું કરૂં, એવી જે સતત પ્રતીતિ થયા જ કરતી હોય તે કર્મ ચેતના. જ્યાં કરવાપણાની બુદ્ધિ છે. જીવની અજ્ઞાનતા તો જુઓ! પોતે પરમાં કશું કરી શકતો નથી, છતાં એમ માને કે હું કરૂં તો જ થાય. મેં ન કર્યું હોત તો કશું થાત નહીં. આવી ભ્રમણામાં પ્રાયઃ દરેક જીવો રહેતા જ હોય. ગાડા નીચેની શ્વાન જેવી દશા. એક કવિએ કહ્યું છે :

**હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા,**
**શકટનો ભાર જ્યમ શ્વાન તાણે......**

ઉનાળાના દિવસોમાં ખેડૂત ગાડું લઇ ખેતરોમાં જતો હોય, પાલતુ કૂતરો સાથે હોય, અતિશય ગરમી હોય, ગાડાની નીચે કૂતરો ચાલી શકે એટલી જગ્યા હોય, ગરમી સહન ન થવાથી કૂતરો ગાડા નીચે ચાલે અને પછી મનમાં ફુલાય કે આ ગાડું હું જ ચલાવું છું. જો હું હમણા ઊભો રહી જાઉં તો ગાડું પણ ચાલતું અટકી જાય, આગળ ન વધે! કેવડા મોટા

ભ્રમમાં છે તે! કૂતરો ઊભો રહી જાય તો એ રહી જ જાય અને ગાડું આગલ ચાલ્યું જાય. તેમ જીવ માનતો હોય છે કે હું કરું છું તો જ આ વિશ્વનું તંત્ર ચાલે છે. અન્યથા અટકી પડે! પણ આ વિશ્વમાં આજ સુધી અનેક પ્રાણીઓ-મનુષ્યો જન્મી ને મરી ગયાં છતાં સંસાર ચાલ્યો જાય છે. ક્યાંય અટકતો નથી. તો આ હું કરું, હું કરું એવું જે મિથ્યાભિમાન તે કર્મ ચેતના.

કર્મફળ ચેતના તે, જ્ઞાન સિવાયના અન્ય ભાવોનો પોતે ભોક્તા છે, સુખ-દુ:ખનો પોતે ભોક્તા છે એવો અનુભવ તે કર્મફળ ચેતના. પ્રત્યેક સમયે હું ભોગવું છું , હું ભોગવું છું, એવો અનુભવ સતત રહ્યાં જ કરે છે તે કર્મફળ ચેતના.

અહીં ચેતના શબ્દ શા માટે જોડ્યો? આત્મામાં જ્ઞાનનો અનુભવ, કર્તાભાવનો અનુભવ કે ભોક્તાભાવનો અનુભવ, આ ત્રણેય ચેતના દ્વારા જ થાય છે. અનુભવ એ સંવેદન છે. સંવેદન શક્તિ ચેતનામાં જ છે, જડમાં નથી. જડને આંતર-બાહ્ય કોઇ સંવેદનો ન હોય. બધાં જ સંવેદનો ચેતના દ્વારા થાય છે **તેથી** ચેતના શબ્દ જોડાયો છે.

જ્ઞાની પુરુષો આ ત્રણેય ચેતના કયા કયા જીવોને હોય તે સમજાવે છે. સ્થાવર એકેન્દ્રિય જીવોમાં કર્મફળ ચેતના હોય છે. સ્થાવર જીવોમાં પણ સંવેદનશક્તિ તો હોય જ તેથી તેઓ કર્મકૃત સુખ-દુ:ખ ભોગવી રહ્યાં હોય, પણ પોતે શું કરે છે તેની ખબર નથી હોતી. હું કરું છું એવો અનુભવ નથી હોતો. તે કરે તો છે જ. રાગાદિ ભાવો કરે છે તેથી જ તેને કર્મબંધન છે. કર્મબંધન છે પણ કર્મચેતના નથી.

શાસ્ત્રકારો ફરમાવે છે કે પાંચેય એકેન્દ્રિય જીવોને સ્ત્યાનગૃદ્ધિ નિંદ્રાનો સતત ઉદય વર્તતો હોય છે. જે નિંદ્રા એક પ્રકારની મૂર્છિત અવસ્થા છે જેના કારણે એ જિવોને પોતે શું કરે છે તેની ખબર નથી પણ સુખ-દુ:ખનું વેદન છે માટે એ જીવોને કર્મફળ ચેતના છે.

ત્રસ જીવોમાં કર્મચેતના અને કર્મફળ ચેતના બંને છે. પોતે કર્તા છે. હું કરું છું એવી એને ખબર છે. કરવાપણાનો અનુભવ છે અને પરભાવોનો ભોક્તા છે, હું ભોગવું છું એવો ભોક્તાભાવનો પણ અનુભવ છે. તેથી બંને ચેતના તેનામાં વર્તે છે.

આ બંને ચેતના જ્યાં સુધી જીવ વિભાવ પરિણતિમાં પરિણમે છે ત્યાં



સુધી જ છે. અને તે વ્યવહાર - નયે કરીને જ છે. પણ નિશ્ચય - નયે જીવ પોતાના જ્ઞાનાદિ સ્વભાવનો જ કર્તા છે. કવિવર બનારસીદાસે કહ્યું છે :

**ભરમસોં કરમકા કરતા હૈ ચિદાનંદ,**
**દરબ વિચાર કરતાર ભાવ ના હીચૈ....**

ચિદાનંદ આત્મા ભ્રમના કારણે કર્મનો કર્તા છે. પણ **દ્રવ્યાત્મક** દૃષ્ટિએ વિચારતાં આત્મા નિજ ભાવોનો કર્તા છે. તેમજ -

**ગ્યાન-ભાવ ગ્યાની કરૈ, અગ્યાની અગ્યાન,**
**દર્વ કર્મ પુદ્‌ગલ કરૈ, યહ નિહચૈ પરવાન......**

જ્ઞાનભાવનો કર્તા જ્ઞાની છે, અજ્ઞાનભાવનો કર્તા અજ્ઞાની છે અને દ્રવ્યકર્મનો કર્તા પુદ્‌ગલ છે એમ નિશ્ચયથી જાણ.

તો આમ જીવ પોતાના જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગરૂપ શુધ્ધ ચેતનાનો જ કર્તા-ભોક્તા છે કે જે નિર્વિકલ્પ સ્વરૂપ શુદ્ધદશા છે, સમાધિદશા છે. કહ્યું પણ છે –

**यत्क्षणं दृश्यते शुद्धं तत्क्षणं गतविभ्रमः ।**
**स्वस्थचित्तं स्थिरिभूतं, निर्विकल्पं समाधिना ।।**

જે ક્ષણે આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રતીતિ થાય છે તે જ ક્ષણે સર્વ ભ્રમ ટળી જાય છે. ચિત્ત સ્વસ્થ થાય છે, સ્થિરતા આવે છે તથા નિર્વિકલ્પ સમાધિદશાને જીવ પામે છે.

અશુદ્ધ ચેતના તે વિકલ્પ દશા છે. કારણ વિકલ્પ તો ઊઠ્યા જ કરે. તેમાં ભળી તે પ્રમાણે પોતાને પરિણમાવવો, પોતે તે રૂપ છે તેમ માનવું તે વિકલ્પ દશા છે. ત્યાં અસ્થિરતા છે.

વિકલ્પ ઊઠ્યા પછી, નિજ પરિણત જીવ વિકલ્પમાં ભળે નહીં, તેનાથી જુદો રહે. તે માત્ર પોતાની શુધ્ધ ચેતનાના સંવેદનમાં જ પરિણમતો હોય. જ્ઞાન સ્વભાવના અનુભવમાં જ હોય તે નિર્વિકલ્પ દશા. આવી નિર્વિકલ્પ દશાનો અનુભવ શિષ્યને થયો. કર્તા-ભોક્તા ભાવથી પર થયો. આમ અહીં ત્રીજા-ચોથા પદને પોતે અંતરમાં અનુભવ્યું તે ગુરુદેવ સમક્ષ જાહેર કર્યું. હવે પાંચમા છઠ્ઠા પદને વિષે શંકા નથી. પાંચમું પદ મોક્ષ તે અંતિમ સિદ્ધિ છે. તે તો પામવાની બાકી છે. છઠ્ઠા પદરૂપ મોક્ષનો ઉપાય શિષ્યના પુરુષાર્થમાં ઘટિત થઇ રહ્યો છે. તે મોક્ષનો ઉપાય ગુરુદેવે સંક્ષેપમાં કેવો સમજાવ્યો છે અને શિષ્ય શું સમજ્યો છે તે કહે છે –

**મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ,**
**સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ......૧૨૩**

હે ગુરુદેવ! આપે ફરમાવેલ મોક્ષપદ અને મોક્ષપંથ બંનેને મારી આત્મ-વિચારણા દ્વારા હું સમજ્યો. આત્માની સંપૂર્ણ નિવારણ, અવિકારી, અવિનાશી, શુદ્ધ દશા તે જ મોક્ષપદ, તથા આ દશાની પ્રાપ્તિનો પુરૂષાર્થ તે મોક્ષપંથ.

મોક્ષનો ઉપાય શા માટે? આત્માની શુદ્ધ, સ્વાભાવિક દશા તિરોહિત છે તેને આવિભૂત કરવી છે, માટે! વર્તમાને અશુદ્ધ ભાવોમાં પરિણત થતા આત્માના, નર-નરકાદિ પર્યાયરૂપ, રાગાદિ ભાવોરૂપ અશુદ્ધ દશા છે. સર્વથા અસંગી આત્માને પુદ્‌ગલનો સંગ છે તેથી તેની અશુદ્ધતા ટળતી નથી. આત્મા અસંગી થઇ, દેહાદિ સંયોગનો આત્યાંતિક અંત કરી દે તો આત્માના અસંખ્ય પ્રદેશે રહેલ પરમ સ્થિરત્વરૂપ સિદ્ધત્વ એક સમય માત્રમાં પ્રગટ થઇ જાય.

આત્માની શુદ્ધતાનો અવરોધ કરવાવાળા જ્ઞાનાવરણ આદિ ઘાતી કર્મોનો સંગ જે ક્ષણે છૂટે એ જ ક્ષણે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય અને અનંત ક્ષાયિક ભાવરૂપ મૌલિક ગુણો પ્રગટ થાય. અને પછી અઘાતી કર્મો જતાં અનંત સ્થિતિ અમૂર્તપણું, અગુરુલઘુ અને અનંત અવ્યાબાધ સુખ- આ ગુણોનું પ્રાગટ્ય થાય છે.

વાસ્તવમાં તો એક કેવળજ્ઞાનમાં આઠેય ગુણો તિરોહિત થઇ જાય છે. જ્ઞાન છે ત્યાં દર્શન છે જ. જ્ઞાનોપયોગ એ વિશેષ ઉપયોગ છે. દર્શનોપયોગ તે સામાન્ય ઉપયોગ અને વિશેષમાં સામાન્યનો સમાવેશ થઇ જાય છે. કેવળજ્ઞાનમાં અનંત શક્તિ છે. સમષ્ટિ વિશ્વનાં સર્વ દ્રવ્ય, ગુણ, પર્યાયને યુગપત્, એક સમયે જોઇ-જાણી શકે છે. સમસ્ત જ્ઞેયો તે જ્ઞાનમાં એકી સાથે ઝળકે છે. પરમ ક્ષાયિકભાવે જ કેવળજ્ઞાન પ્રગટ થાય છે. મતિ આદિ જ્ઞાન ક્ષયોપશમભાવી હોય પણ કેવળજ્ઞાન તો ક્ષાયિક ભાવે જ હોય. કેવળજ્ઞાન આદિ અનંત હોવાથી તેનો કદિ નાશ નથી, માટે તે અક્ષય સ્થિતિરૂપ છે. કેવળજ્ઞાનનાં નામ-નામાંતર કે રૂપ-રૂપાંતર નથી માટે તે અમૂર્ત-અરૂપી છે. કેવળજ્ઞાનમાં હાનિ-વૃદ્ધિ થતી નથી માટે તે અગુરુલઘુ છે. કેવળજ્ઞાનમાં સ્વક્ષેત્રે સતત, સહજ, સરળભાવે નિજાનંદનો અનુભવ છે માટે અનંત-અવ્યાબાધ સુખરૂપ છે.



આમ સર્વગુણો એક કેવળજ્ઞાનમાં જ સમાહિત થઇ જતા હોવાથી તેને કેવળ-જ્ઞાન કહ્યું છે. આત્માની એ સ્થિતિ કે જ્યાં વિવિધતા ન રહેતાં માત્ર એક જ્ઞાન જ રહે છે. એક, અખંડ, અનુપમ, અવિકારી, અવસ્થા તે છે કેવળજ્ઞાન.

આ દશા જેનાથી પ્રાપ્ત થાય તેવી નિર્ગ્રંથ દશા એટલે રાગ-દ્વેષની ગ્રન્થીને છેદીને પ્રાપ્ત થયેલી આત્માની ક્રમિક શુદ્ધ દશામાં વિકાસ. તે છે મોક્ષનો પંથ, જે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યચારિત્રની આરાધનારૂપ છે. આ સાધના જ જ્યારે ખુદ સાધ્યરૂપ પરિણામી સિદ્ધિ બની જાય છે ત્યારે આત્મા નિજપદની પૂર્ણતાને પામે છે. આત્મા પોતે જ જ્ઞાનાદિરૂપ છે, કારણ જીવના લક્ષણ પણ એ જ છે.

**नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।**
**वीरियं उवओगो य, यं जीवस्स लक्खणं ।।**

જ્ઞાન-દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ એ છ જીવનાં લક્ષણો છે. આ લક્ષણની અપૂર્ણતા તે સંસારી દશા અને તેની પૂર્ણતા તે મોક્ષદશા.

શિષ્યના અંતઃકરણમાં છયે પદની શ્રદ્ધા આચારરૂપે ઊતરી રહી છે. આવી અનુપમ ઉપલબ્ધિ થવાથી શિષ્યનો આત્મા ગુરુદેવના ઉપકારને અહોભાવે સ્મરી રહ્યો છે. ગુરુદેવના ચરણમાં પોતાની શ્રધ્ધા સમર્પિત કરી જ છે. હવે વિશેષ રૂપે ગુરુદેવના ઉપકારોને યાદ કરી ગુરુદેવના ચરણ-શરણમાં પોતાનું સર્વસ્વ સમર્પણ કરતો, ગુરુદેવના ચરણ-કમળમાં પોતાના ભાવો વ્યક્ત કરી રહ્યો છે તે અવસરે.......

# આત્મ-ચિંતન

'હું .... આત્મા ....છું' 'હું ....આત્મા .... છું'

નિજ સ્વરૂપમાં રમણતા કરવી .... એ મારો ધર્મ....

મારામાં તન્મય થઇ જવું....એ મારો સ્વભાવ...રમણતા....એટલે તન્મયતા....આ જીવ પોતાનું સ્વરૂપ જાણે,...પોતાને ઓળખે,....સ્વની અનુભૂતિ કરે....તો તેમાં તન્મય થઇ જાય....સ્વમાં તન્મય થવાથી...નિજાનુભૂતિ થાય....નિજાનુભૂતિ થવાથી....સ્વમાં તન્મય થવાય....તન્મયતા....એટલે એકાગ્રતા...જીવનો સ્વભાવ....એકાગ્ર થવું તે છે....

ઇન્દ્રિયોના વિષયોમાં.... આ જીવ એકાગ્ર થઇ શકે છે.... એ આપણે છીએ.... આંખને ગમે તેવું રૂપ જોઇએ .... તો તેમાં એકાગ્ર થઇએ છીએ.... તેમ પાંચેય ઇન્દ્રિયના વિષયોમાં તન્મય થવાની શક્તિ પડી છે....જ્યાં તેનો રસ છે.... ત્યાં તેની રૂચિ છે.... જ્યાં ગમવાપણું છે.... ત્યાં તન્મય થઇએ છીએ.... આખાયે જગતનું ભાન ભૂલી.... આપણા રસનાં વિષયમાં તન્મય થઇએ છીએ....

એ જ રીતે સ્વનો રસ કેળવીએ.... મારામાં.... અનંત આનંદ ભર્યો છે.... તેની શ્રદ્ધા આણીએ.... નિજાનંદની અનુભૂતિમાં સુખ છે તેવો વિશ્વાસ જાગ્રત કરીએ.... તો સ્વમાં તન્મય થઇ શકીએ છીએ.... નિજ સ્વરૂપની રમણતાથી જ.... આત્મવિશુદ્ધિ થાય.... રાગાદિ દોષો દૂર થાય.... આત્મા નિર્મળ બને.... શુદ્ધ ચૈતન્યની અનુભૂતિ થાય.

મારે મારા....શુધ્ધ ચૈતન્યની અનુભૂતિ કરવી છે.... નિજ સ્વરૂપને માણવું છે.... નિજ સ્વરૂપમાં સ્થિર થવું છે.... સ્થિરતા.... એ જ રમણતા.... ઇન્દ્રિયના ખેલ ઘણા ખેલ્યો, મન....બુદ્ધિના ખેલ ઘણા



ખેલ્યો.... એ ખેલથી વિરમી.... આત્મસ્વરૂપ સાથે રમવું છે.... આત્મગુણો સાથે ખેલવું છે.... આત્મ-રમણતા.... એ મારૂં સ્વરૂપ.... આ સ્વરૂપની પ્રાપ્તિ માટે.... આત્મામાં સ્થિર થઇ જાઉં....

એ સ્થિરતા માટે વધુ....એકાગ્ર ....થઇ....વધુ ઊંડા જઇ....આત્માનું ચિંતન....

'હું .... આત્મા ....છું' 'હું ....આત્મા .... છું'

ૐ ....'શાંતિ'....'શાંતિ'....'શાંતિ'

# અહો! અહો! શ્રી સદ્‌ગુરુ...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની - અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્‌ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના, સદ્‌ગુરુની કૃપા વિના, તેમના માર્ગદર્શન વિના ન થઇ શકે. કદી કોઇ જીવ, ક્યારેય ગુરુદેવનું શરણ સ્વીકાર્યા વિના સાધનાના માર્ગે પગલું ભરી શક્યો નથી. સદ્‌ગુરુનો અનુગ્રહ ઊતરે તો શિષ્ય કેવળજ્ઞાનની પ્રાપ્તિ પણ કરી શકે છે.

એવું ક્યારેક જોવા-સાંભળવા મળે કે કોઇ મહાપુરુષને ગુરુ ન હતા છતાં આત્મ-સાધના સાધી લીધી. જેમણે આત્મસિદ્ધિશાસ્ત્ર જેવું મહાન શાસ્ત્ર આપ્યું તે શ્રીમદ્‌-રાજચંદ્રજીને વર્તમાન ભવે કોઇ ગુરુ નો'તા મળ્યા. તે છતાં તેમની આત્મ અરાધનાની દશા અત્યંત ઉચ્ચ હતી, એ વિચારતાં આપણને પણ એમ થાય કે તેઓ વિના ગુરુએ આવી સાધના કરી ગયા તો શું આપણે ન કરી શકીએ ?

એ જ રીતે બહુ નજીકના ભૂતકાળમાં થયેલા અરુણાચલના યોગી મહર્ષિ રમણ. તેઓમાં અદ્‌ભુત યોગ્યતા હતી. તેમનો બાલ્યકાળ તો સર્વ-સાધારણ બાળકો જેવો જ હતો. કશીયે વિશેષતા રહિત! છતાં ૧૮ વર્ષની યુવાન અવસ્થામાં ઘરમાં જ આત્મ-સાક્ષાત્કાર થયો. આત્મ-સમાધિ તેઓ અનુભવી, જો કે તે વખતે મહર્ષિજી પોતે પણ સમજી શક્યા ન હતા કે તેઓને શું થઇ રહ્યું છે. આત્મા કે પરમાત્માના નામથી પણ અજાણ હતા! આત્મ-આરાધના એટલે શું? એનો કદી વિચાર પણ કર્યો ન હતો! છતાં સ્વાનુભૂતિ થઇ અને ઘરેથી નિકળી પડ્યા. દક્ષિણ ભારતના અરુણાચલ પહાડનું અદમ્ય આકર્ષણ એમને ખેંચી રહ્યું હતું. તેઓ તિરુવણ્ણામલૈ નામના ગામે અરુણાચલ પહાડની ગુફામાં પહોંચી ગયા અને વર્ષો સુધી એકાંત-મૌન સેવ્યું.

એમની સતત આત્મ-અનુભવ દશા એટલી ઉચ્ચ હતી કે સર્વ સંગ



પરિત્યાગભાવ સહજ વર્તતો હતો. બસ, એ સહજદશા તેઓની સરળતાપૂર્વક નિરંતર રહી. તેઓ પોતે કહેતા કે ૧૮ વર્ષની ઉમરમાં ઘરમાં જે અનુભવ થયો, એ અનુભવ આજ સુધી નિરંતર વર્ત્યા કરે છે. પચાસ વર્ષ સુધી અરુણાચલના આશ્રયે રહ્યાં. અંત સુધી એ જ આત્મિક દશા. ત્યાં જઇ વધુ સાધના કરવી પડી નથી. માત્ર એકાંત-મૌનનું સેવન કર્યું છે.

બંધુઓ! શ્રીમદ્‌ રાજચંદ્રજી હોય કે રમણ મહર્ષિ હોય પણ આત્મ-અનુભવની સહજ દશા પામવાની યોગ્યતા પૂર્વભવથી સાથે લઇને જન્મ્યા હતા. પૂર્વજન્મના યોગ-ભ્રષ્ટ યોગિઓ હતા. અર્થાત્‌ પૂર્વજન્મમાં જેની સાધના અધૂરી રહી હોય અને આયુષ્ય પૂર્ણ થઇ ગયું હોય તેને શાસ્ત્રો યોગભ્રષ્ટ આત્મા કહે છે. આવા હતા એ બંને! પણ આ યોગ્યતા એમનામાં આવી ક્યાંથી? પૂર્વે સદ્‌ગુરુના ચરણશરણનું યથાર્થ સેવન કર્યું હોય, તેમના ચિંધેલા માર્ગે નિષ્ઠાપૂર્વક, વફાદારીપૂર્વક ચાલ્યા હોય, પોતાનાં અહંને શ્રી ગુરુના ચરણમાં ઓગાળી નાખ્યો હોય, તેમનામાં જ આવી યોગ્યતા પ્રગટે. તેવા સાધક જીવો દશાને પામવા સાથે દિશાને પામી જાય અને દિશાનો તંતુ જન્મ-જન્માંતર સુધી તૂટે નહીં. તેથી જ આવા મહાત્માઓને ગુરુની આવશ્યકતા રહે નહીં. તે છતાં શ્રીમદ્‌જીને તો એ વાતનું હંમેશા દુઃખ રહ્યું હતું કે આ કાળે કોઇ સદ્‌ગુરુનું શરણ ન પામી શક્યા! છતાં તેઓની વર્તમાન દશા જ એ સિદ્ધ કરે છે કે પૂર્વગુરુના સાંનિધ્યે તેઓની સાધના થઇ છે તે નિશ્ચિત વાત છે. ઉપાદાન પોતાનું હોય પણ પ્રબળ નિમિત્ત તો સદ્‌ગુરુ જ હોય, તેમાં બે મત નથી.

અહીં સુયોગ્ય શિષ્યને સમર્થ સદ્‌ગુરુ મળ્યા છે. તેઓએ છ પદની સિદ્ધિ કરી બતાવી, શિષ્યના અંતઃકરણમાં શ્રદ્ધા જાગ્રત કરી એટલું જ નહીં. પણ ગુરુદેવની સમાધિદશાની પ્રેરણા, શિષ્ય માટે અદ્‌ભુત રહી. ગુરુદેવની સમાધિએ શિષ્યના અંતરમાં ઉલ્લાસ જાગ્રત કર્યો. શિષ્યનો આત્મા સ્વલક્ષી બન્યો.

બંધુઓ ! આપણે ત્યાં સત્સંગનો મહિમા ખૂબ જ વર્ણવવામાં આવ્યો છે. આ સત્સંગ અનેક રીતે થાય છે. સંતપુરૂષના સાંનિધ્યે તેઓના ઉપદેશ શ્રવણ કરીએ તે તો સત્સંગ થાય પરંતુ ક્યારેક મહાપુરુષોનું માત્ર સાનિધ્ય એથીયે અસરકારક નીવડે છે. તેઓના મુખેથી એક પણ શબ્દ શ્રવણ ન કરીએ તો પણ તેમના અંતરંગના ભાવો, શરીરમાંથી નિકળતા શુભ

પરમાણુઓ એટલી બધી અસર પહોંચાડે છે કે માણસનાં જીવનમાં પરિવર્તન થઇ જાય.

રમણ મહર્ષિના સાંનિધ્યે તો ઘણા જીવોએ આવું અનુભવ્યું છે. તેમના જીવન વિષે લખનાર લેખકોએ પોતે અનુભવ્યું છે અને બીજાના આવા અનુભવો પણ તેમાં ટાંક્યા છે. હમણાં થોડા દિવસો પહેલા જ મેં ધીરેન્દ્ર જાનીનો એક લેખ વાંચ્યો. તેમણે લખ્યું છે કે તેઓ ૧૯૪૭માં મહર્ષિ પાસે તિરુવણ્ણામલૈ ગયા હતા. તેમના ધ્યાન હૉલમાં મહર્ષિજી ધ્યાનમાં હતા. લેખક તેમના સન્મુખ જઇ બેઠા. માત્ર બેઠા, કોઇ ઉપદેશ નહીં, પ્રાર્થના નહીં, ભક્તિ નહીં, એક પણ શબ્દનો ઉચ્ચાર નહીં કશું નહીં છતાં જાની લખે છે કે 'એમના સાંનિધ્યે મારામાં જે પરિવર્તન આવ્યું છે તે અદ્‌ભુત હતું, અલૌકિક હતું. આવા બધામાં હું કદી વિશ્વાસ કરતો નહીં છતાં તેઓની કોઇ અગમ્ય શક્તિ, ત્યાંના ઉત્તમ -Vibration ની મારા પર જે અસર થઇ તે અપૂર્વ હતી.'

આવી જ બીજી વાત. અહીં South માં દક્ષિણ કર્ણાટકમાં ઉડપી નામનું એક ગામ છે. ત્યાં એક આશ્રમ છે. તે આશ્રમના અધિષ્ઠાતા સ્વામી રામદાસ પોતાની આત્મકથામાં લખે છે : તેઓ એકવાર અરુણાચલમ્ ગયા ત્યારે મહર્ષિજી પહાડ પર Banyan tree પાસેની ગુફામાં બિરાજતા હતા. વડ નીચે ધ્યાનદશામાં હતા. સ્વામી રામદાસ ત્યાં તેઓની સામે માત્ર ૨૫-૩૦ મિનિટ ઊભા રહ્યા અને તેઓને આત્મસાક્ષાત્કાર થઇ ગયો. આ છે સત્પુરુષના પ્રત્યક્ષ સત્સંગનો અદ્‌ભુત પ્રભાવ!

સત્પુરુષના મુખમાંથી નીકળતા શબ્દો જડ પુદ્‌ગલ જ છે છતાં તેઓની સાધનામય ભાવધારાથી ભીંજાઇને નીકળ્યા હોય તેથી તે સાધકને અસર કર્યા વિના રહે નહીં. બસ એ જ રીતે સત્પુરુષના શરીરથી, મનથી, ચિત્તથી, બુદ્ધિથી છૂટતા પરમાણુઓ પણ જડ હોવા છતાં ચેતન આત્માની ભાવધારાથી પ્લાવિત થઇને નીકળ્યા હોય તેથી તે પરમાણુઓની અસર પણ જબરદસ્ત હોય.

અહીં શિષ્યને - ગુરુદેવની સમાધિ દશાનાં સમયે જે સાંનિધ્ય મળ્યું તે મહાન ઉપકારી નીવડ્યું અને તેના અંતરનાં કમાડ ઊઘડી ગયાં. નિજમાં પડેલ નિધાન લાધ્યું ને તે ગુરુદેવના ઉપકારને સ્મરીને શ્રી ગુરુના ચરણમાં હૃદયથી ઢળી પડ્યો. એ ઉપકારને કહેવા માટે વાણી વામણી લાગે છે.



છતાં હૃદયના ભાવોને વ્યક્ત કરવા માટેનું સાધન પણ એ જ છે તેથી એ બોલી ઊઠે છે –

**અહો! અહો! શ્રી સદ્‌ગુરુ, કરુણા સિંધુ અપાર,**
**આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર....૧૨૪**

સદ્‌ગુરુની મહાનતા શિષ્યને હૈયે વસી ગઇ છે. તે વિચારી રહ્યો છે, આવા મહાન ગુરુદેવની મહાનતાનું વર્ણન હું કયા શબ્દોમાં કરું? જાણે કોઇ શબ્દો મળતા નથી. ગુરુદેવનું મૂલ્ય કરવા માટે શબ્દોમાં સામર્થ્ય નથી, એવો અનુભવ થતાં શિષ્યના મુખમાંથી અહો! અહો! નો ધ્વનિ સરી પડે છે.

માનવ જ્યારે કોઇ અસાધારણ રૂપ, ગુણ, જ્ઞાન, શક્તિ જુએ અને તેનાથી અત્યંત પ્રભાવિત થઇ જાય ત્યારે તેનું વર્ણન કરવું તેના માટે અશક્ય બની જાય છે. એ વર્ણવી શકે નહીં ત્યારે આવા આશ્ચર્યકારક ઉદ્‌ગારો મુખમાંથી અનાયાસે નીકળી જાય છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં શ્રી પ્રભુએ બતાવ્યું છે : રાજા શ્રેણિક ઉદ્યાનમાં વૃક્ષ નીચે ધ્યાન-મુદ્રામાં વિરાજતા યુવાન અનાથીમુનિને જુએ છે ત્યારે તેમના રૂપથી, મુદ્રાથી, સૌમ્યતાથી, અપ્રતિમ પ્રભાવથી મુગ્ધ થઇ જાય છે અને બોલી ઊઠે છે -

**अहो! वण्णो, अहो! रुवं अहो! अज्जस्स सोमया ।**
**अहो! खन्ती, अहो! मुत्तो, अहो! भोगे असंगया ।।**

અહો! વર્ણ, અહો! રૂપ અહો! આર્યની સૌમ્યતા, અહો! ક્ષમા, અહો! નિર્લોભતા, અહો! ભોગની અસંગતા. રાજા શ્રેણિક અનાથી મુનિની શરીરાકૃતિ તથા મુખમુદ્રા જોઇને સમજી ગયા છે કે આ કોઇ સામાન્ય વ્યક્તિ નથી, પણ સુ-સંપન્ન ઉત્તમ કુળમાં જન્મ ધારણ કરેલ રાજબીજ છે અને તેમના મુખ પર સર્વ ઉત્તમ લક્ષણો દૃષ્ટિગોચર થઇ રહ્યાં છે જે વાણી દ્વારા વર્ણવી શકાય નહીં. તેને ઉપમા આપી શકાય નહીં.

શિષ્ય પર ગુરુએ કરેલ ઉપકાર અને ગુરુની મહાનતા પણ અવર્ણનીય છે, અનુપમ છે. કોઇ ઉપમા આપી શકાય તેમ નથી. તેથી માત્ર અહોભાવ જ વ્યક્ત કરે છે.

ગુરુદેવની કરુણા શિષ્ય પર અગાધ સમુદ્ર જેવી છે. જેમ સમુદ્રની ગહનતા અને તેની વિશાળતા માપીનશકાય તેમ ગુરુદેવની અપાર કરુણાને

મૂલવી શકાય નહીં. એવી કરુણાના ધારક છે ગુરુદેવ! કરુણાનો અસીમ પ્રવાહ શિષ્યના ઉપર વહાવી દીધો. એમની કરુણાને ઝીલવા શિષ્ય પાત્રતા પામી શક્યો તે જ તેનાં અહોભાગ્ય!

ભારતના ઇતિહાસનું એક વિસરાયેલું પાત્ર. પાંચ પાંડવોનો સૌથી મોટો ભાઇ, કુંતીપુત્ર કર્ણ. લોકલાજથી કુંતીએ તજી દીધો. અને એ સારથિને ત્યાં મોટો થયો, એટલે સારથિ-પુત્ર કહેવાયો. જ્યાં - ત્યાં તિરસ્કૃત થતો રહ્યો પણ કુંતીએ કદી તેની ચિંતા કરી નહીં, કર્ણ કૌરવોના પક્ષમાં ભળી પાંડવોનો શત્રુ બની બેઠો. તે જાણતો નથી કે યુધિષ્ઠિર વગેરે તેના જ ભાઇઓ છે. તે યુદ્ધ પહેલાં જ ધનુર્વિદ્યા શીખવા માટે ભટક્યો પણ સારથિપુત્ર હતો, તેથી કોઇએ તેનો આદર કર્યો નહીં.

તેને ખબર હતી કે પરશુરામે પૃથ્વીને ન-ક્ષત્રિય કરવાની પ્રતિજ્ઞા કરી છે અને તે બ્રહ્મપુત્ર તરીકે પોતાની ઓળખાણ આપી પરશુરામનું શિષ્યત્વ સ્વિકારી શસ્ત્રકળા શીખવા માંડ્યો. અપ્રતિમ સૌંદર્ય અનુપમ શરીર-સૌષ્ઠવ અને અદ્ભુત સાહસ ધરાવતા યુવાનની શીખવાની ધગશથી, આવો શિષ્ય પામવા બદલ પરશુરામ પોતાની જાતને ભાગ્યશાળી માનવા માંડ્યા. આજ સુધી આવો શિષ્ય તેઓને મલ્યો નથી. આટલા ઉત્સાહ અને હિંમતથી કોઇ તેમની પાસે શીખવા આવ્યું નથી. તેથી પોતાના પ્રાણ રેડીને કર્ણને એ તૈયાર કરી રહ્યા છે. કર્ણ પૂર્ણ સમર્પણભાવ અને શ્રદ્ધાથી ગુરુદેવે આપેલી વિદ્યાને શીખી રહ્યો છે.

કર્ણની શિક્ષા પૂરી થવામાં છે. થોડા સમય પછી ગુરુદેવની વિદાય લઇ જવાનો છે. આવો સુ-યોગ્ય શિષ્ય જાય તે ગુરુને ગમતું નથી, પણ વિદ્યા શીખવા આવ્યો હોય તે જાય છે.

એક વખત જે પહાડી ટેકરી પર ઝૂંપડી બાંધીને તેઓ રહ્યા છે, ત્યાં આસપાસ હરિયાળી છવાયેલી છે. સુંદર, સુરમ્ય વાતાવરણ છે. બપોરનો સમય છે. સૂર્ય તપી રહ્યો છે. પરશુરામનું વૃદ્ધ શરીર થોડો આરામ ચાહે છે અને તેઓ કર્ણને કહે છે : 'બેટા! ચાલ વિશાળ વૃક્ષની છાયામાં આરામ કરીએ. આજે તો તું બેસ અને હું તારા ખોળાનું ઓશીકું કરી સૂઇ જાઉં.'

બંધુઓ! વિચારજો! ગુરુના હૃદયમાં શિષ્ય પ્રત્યે કેટલો-કેવો ભાવ હશે? કેટલો સંતોષ હશે? શિષ્ય કેટલો સદ્ભાગી હશે કે ગુરુને શિષ્યના ખોળામાં માથું મૂકી સૂવાનું મન થાય? શિષ્ય તો ગુરુના ખોળામાં પોતાનું



મસ્તક મૂકતો જ હોય છે પણ શિષ્યને જ્યારે પોતાના ખોળામાં ગુરુનું મસ્તક રાખવાનું સૌભાગ્ય મળે ત્યારે હૃદયમાં રહેલ શિષ્ય પ્રત્યેના વાત્સલ્યનું માપ નીકળી ન શકે.

કર્ણ બેઠો છે, પરશુરામ તેના ખોળામાં માંથુ મૂકી સૂઇ ગયા. પળવારમાં મીઠી નિંદ્રા આવી ગઇ. કર્ણ બેઠો-બેઠો ગુરુદેવના ખુલ્લા શરીર પર જીવ-જંતુ-મચ્છર બેસી હેરાન ન કરે તેનો ખ્યાલ રાખી રહ્યો છે. સાથે પોતાના જીવન પર વિચાર કરી રહ્યો છે. ગુરુદેવના મહાન ઉપકારને મનોમન સ્મરી રહ્યો છે. આટલી વૃદ્ધ કાયા પોતા માટે કેટલો પરિશ્રમ વેઠી રહી છે ? કેટલા વાત્સલ્યથી, કેટલા સ્નેહથી ગુરુદેવ વિદ્યા શીખવી રહ્યા છે? આવો ઉપકારી ગુરુદેવનો બદલો કેમ વાળીશ? આવા અનેક વિચારે વારંવાર કર્ણની આંખો ભીની થઇ રહી છે. હૃદય, ગુરુદેવની અસીમ કૃપાનું ભાજન થવા બદલ ગદ્ગદ્ થઇ રહ્યું છે.

એવામાં એક ઝેરી કીડો આવ્યો. કર્ણને ખ્યાલ નથી. માત્ર ગુરુદેવના વિચારોમાં તેનું સમગ્ર ચિત્ત રોકાયેલું છે. એણે માત્ર એક અધોવસ્ત્ર તરીકે વલ્કલ પહેર્યું હતું. કીડો સાથળના નીચેના ભાગમાં ડંખ દે છે. બહુ જ આકરો ડંખ છે. વેદના થાય છે પણ કર્ણ કીડાને દૂર કરવા હલતો-ચાલતો નથી. વિચારે છે, કીડાને હાથમાં લઇ દૂર ફેંકી દેતાં મારું શરીર હલી જશે અને ગુરુદેવની નિદ્રા ઊડી જશે. ના, કીડો ભલે ડંખે, શું કરશે એ? કર્ણ હલ્યો નથી પેલા કીડાને મઝા પડી ગઇ. એ વધુ ને વધુ ડંખ મારતો ગયો. સાથળની ચામડી અને પછી માંસ કોતરવા માંડ્યો. અસહ્ય વેદના થઇ રહી છે પણ કર્ણ સહી રહ્યો છે. ગુરુદેવને અશાતા ન ઊપજે, નિદ્રા ભંગ ન થાય માટે તે ચૂપચાપ સહન કરી રહ્યો છે. પણ બંધુઓ! કર્ણના દુર્ભાગ્યે કહો, સાથળમાંથી લોહીની ધારા વહેવા માંડી, કર્ણને ભાન નથી, લોહી નીકળી રહ્યું છે. રેલો ચાલ્યો છે. તે ભક્તિભાવમાં વિભોર છે. ગુરુદેવના અનહદ ઉપકારથી કૃતજ્ઞતા અનુભવી રહ્યો છે. અને ખુલ્લા શરીરે સૂતેલા પરશુરામની પીઠ સુધી લોહીનો રેલો પહોંચ્યો. ગરમ-ગરમ લોહીનો સ્પર્શ થતાં, પરશુરામ સફાળા જાગીને બેઠા થઇ ગયા. જોયું તો કર્ણના સાથળમાંથી લોહી વહી રહ્યું છે :

'કર્ણ બેટા! આ શું?'

'કંઇ નહીં, ગુરુદેવ! એક નાનું જીવડું કરડ્યું છે.'

'પણ બેટા! જો તો ખરો! લોહી વહી રહ્યું છે.'

'હશે ગુરુદેવ! ભલે વહે, આપ સૂઇ જાવ! આપની ઊંઘ બગડી!'

'નહીં બેટા! હું કેમ ઊંઘું? તને આ શું થયું?'

પરશુરામના હૃદયમાં કર્ણ પ્રત્યે વાત્સલ્ય ભર્યું છે. કર્ણની ચિન્તા કરવા માંડ્યા પણ બીજી જ પળે અંતરમાં પડેલ વેરભાવના જાગ્રત થઇ ગઇ. એને થયું કે ગમે તેવો સહનશીલ બ્રાહ્મણ હોય પણ આટલી હદ સુધી એ સહી જ ન શકે. ક્ષત્રિય સિવાય આ સહિષ્ણુતા બીજા કોઇનામાં ન હોઇ. પગથી માથા સુધી તેઓ કાળઝાળ થઇ ગયા. તે ક્રોધથી કંપાયમાન થઇ ગરજી ઊઠ્યા.

'બોલ, કોણ છે તું?'

કર્ણ ધ્રુજી ઊઠ્યો. ખલાસ! ઓળખાઇ ગયો. મારી સહિષ્ણુતાએ મારી જાતને ખુલ્લી પાડી દીધી. ન સહ્યું હોત, કીડાને દૂર કરી નાખ્યો હોત, તો ગુરુદેવની ઊંઘ જરા ઊડી જાત પણ ફરી સુવાડી દેત ! પણ હવે શુ થાય ? ફરી પરશુરામ ક્રોધથી સળગતી આંખો સાથે પૂછે છે : 'બોલ! કોણ છે તું? તું બ્રાહ્મણ નથી, બ્રાહ્મણમાં આટલી સહનશીલતા હોય જ નહીં, ક્ષત્રિય બચ્ચા સિવાય બીજા કોઇ સહન ન કરી શકે. બોલ! કોણ છે તું? બોલી નાખ!'

હવામાં પાંદડું ધ્રુજે તેમ કર્ણ ધ્રુજી રહ્યો છે. મુખમાંથી શબ્દ નીકળતા નથી. શૂરવીરતા જાણે નષ્ટ થઇ ગઇ છે. માંડ-માંડ બોલ્યો :

'ગુરુદેવ! માફ કરો મને!'

'પરશુરામ કોઇને માફ કરતાં શીખ્યા નથી! બોલી દે, તું કોણ છે?'

'માફ કરો ગુરુદેવ! સારથિપુત્ર છું!'

'હેં નીચ જાતિનો? બ્રાહ્મણ બનીને આવ્યો? મને છેતર્યો? મારા શરીરને અભડાવ્યું! મારી વિદ્યા લઇ ગયો! પણ જા, હું તને શ્રાપ આપું છું કે ખરે સમયે તારી વિદ્યા તું ભૂલી જઇશ!'

કર્ણ ધ્રુજી ઊઠ્યો. ધ્રુસકે-ધ્રુસકે રડી પડ્યો. ગુરુદેવના ચરણ પકડવાની હિંમત નથી રહી. તેની બધી જ વિદ્યા લૂંટાઇ ગઇ! સમયે કામ ન આવે તે વિદ્યા શા કામની! છતાં પોતાની કપટકળાનો પશ્ચાતાપ થઇ રહ્યો છે. નત-મસ્તકે ઊભો છે. આંખમાંથી અવિરત અશ્રુધારા વહી રહી છે.

પરશુરામના અંતરમાં કર્ણ પ્રત્યે વાત્સલ્ય ભર્યું છે. અપાર સ્નેહ પડ્યો



છે. આવા શિષ્ય પર તેમને ગર્વ હતો. કર્ણની શ્રદ્ધા-ભક્તિ અને સમર્પણતા પરશુરામના હૈયે વસી ગઇ છે. કપટ કરીને વિદ્યા શીખ્યો તે દુ:ખે રોમે-રોમમાં આગ લાગી છે. છતાં કર્ણ પ્રત્યેનું વાત્સલ્ય પણ ઊભરાઇ રહ્યું છે. તેઓ ઢીલા પડ્યા. કહે છે : 'બેટા! જા, જલદી ચાલ્યો જા અહીંથી ! એક બાજું તારા પ્રત્યેનો અપાર સ્નેહ અને બીજી બાજુ અત્યંત ક્રોધ! બેટા! હું જીરવી શકતો નથી. ચાલ્યો જા, બેટા ચાલ્યો જા! મારો શ્રાપ ખેંચી લઉં તે પહેલાં ચાલ્યો જા, શ્રાપ પાછો ખેંચીશ તો મારું બ્રહ્મત્વ લાજે અને જો વધુ ક્રોધ જાગશે તો હું તને બાળીને બસ્મ કરી નાખીશ, મને શિષ્ય હત્યાનું પાપ લાગશે. માટે બેટા! એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર ચાલ્યો જા! આ દુર્ભાગી પરશુરામને શિષ્ય-વિહૂણો છોડી દે. જા બેટા જા!!!'

બંધુઓ! કંઇ પણ બોલ્યા વિના, એક પણ શબ્દનો ઉચ્ચાર કર્યા વિના, અપરાધીની જેમ કર્ણ ધીમે ધીમે ટેકરી ઊતરી ગયો, જંગલમાં અદશ્ય થઇ ગયો. બહુ મોટી હાર ખાઇને પાછો ફરી રહ્યો છે છતાં ગુરુદેવ પ્રત્યે રહેલ શ્રદ્ધા-ભક્તિ કે માનમાં જરા માત્ર પણ ઓટ નથી આવી. પરંતુ આવા ઉપકારી ગુરુદેવને દુભવ્યા, તેમના અંતરને આઘાત લગાડ્યો તેનો પારાવાર પશ્ચાતાપ છે. હૃદય કકળી રહ્યું છે. વિદ્યા ગઇ તે માટે નહીં પણ ગુરુદેવને સંતાપ્યા તે માટે.

ઈતિહાસ સાક્ષી છે કે મહાભારતના યુદ્ધમાં કર્ણને જ્યારે મોકો મળ્યો, યુદ્ધના પ્રાણ સમો અર્જુન તેની સામે આવ્યો, તેને વીંધી નાખે એટલી જ વાર, અને વિજયમાળ કર્ણના કંઠમાં, એ જ ક્ષણે શસ્ત્ર-વિદ્યા ભૂલી ગયો અને પોતે ઘવાયો, યુદ્ધમાં પડ્યો, હાર્યો.

બંધુઓ! શિષ્ય તરીકેનું અતિ ઉત્તમ પાત્ર તે કર્ણ. ગુરુદેવના અંતરને કેવું રીઝવી શક્યો હતો! ગુરુદેવનું અંતર કોપી ઊઠ્યું હતું. અને સંપૂર્ણ વિદ્યા કર્ણને આપી દીધી. પણ કર્ણની કપટબાજી ખુલ્લી પડતાં એ જ ગુરુદેવે શ્રાપ આપ્યો, તો પણ કર્ણના અંતરમાં ગુરુદેવ પ્રત્યે જરા પણ દ્વેષ નથી આવ્યો. ગુરુદેવે ખોટું કર્યું છે, એમ તેને નથી લાગ્યું, પણ પોતે ગુરુદેવને દુભવ્યા તેનું જ પારાવાર દુ:ખ તેના હૈયામાં છે, આ છે સાચો સમર્પણભાવ ! આ છે શિષ્યત્વ ! આ છે ગુરુદેવ પ્રત્યે લઘુતા! કબીરે કહ્યું છે કે જે નમ્ર થઇને રહે, લઘુતા દાખવે, તે જ વિશ્વમાં ઊંચો ઊઠી શકે છે. પણ નમીને ચાલતા આવડવું જોઇએ. અહં ઓગળે તો જ નમાય, અન્યથા

નહીં. તેઓ કહે છે -

**ઊંચા ઊંચા સૌ કોઇ ચાલે, નીચા ન ચાલે કોઇ**
**નીચા નીચા જો કોઇ ચાલે, સબસે ઊંચા હોઇ**
**રામ-રસ ઐસા હૈ મેરે ભાઇ, જો કોઇ પીએ અમર હો જાઇ..**

જ્યારે અહં ઓગળે ત્યારે જ નમ્રતા આવે, તે જ ગુરુદેવના અંતરમાં સ્થાન મેળવી શકે. અહંકારથી ભરેલો શિષ્ય ગમે તેવો બુદ્ધિશાળી હોય, વિદ્યા મેળવવાની ઇચ્છાવાળો હોય પણ ગુરુદેવના અંતરમાં સ્થાન પ્રાપ્ત કરી શકે નહીં. જે પોતાના ગુરુદેવનાં અંતરમાં સ્થાન ન પામી શકે તે વિશ્વમાં તો ક્યાંથી જ પામે?

આવો નમ્ર શિષ્ય પોતે પોતાને પામર કહી શકે. ગાથામાં શિષ્ય એ જ કહી રહ્યો છે કે હે ગુરુદેવ! હું તો પામર! મારામાં શી યોગ્યતા? પણ આપ અનંત ઉપકારી છો કે મારા જેવા અપાત્રને પાત્ર બનાવ્યો. મને આપની અપાર કરૂણાને પાત્ર માન્યો એ જ આપનો મહાન ઉપકાર છે.

વળી અહીં તો ગુરુદેવે મોક્ષનો માર્ગ બતાવ્યો છે. જેણે માત્ર એક ભવ માટે જ નહીં પણ ભવોભવના ફેરા ટાળી દીધા, આવો ઉપકાર કોણ કરે? તેથી ગુરુદેવની મહાનતાને અહો! અહો! શબ્દો દ્વારા વ્યક્ત કરે છે. પણ હવે તેમના ઉપકારને પણ કેમ ગણાવી શકે? આ અમાપ ઉપકારને શાની સાથે માપી શકે? તેનું મૂલ્ય કેમ કરી શકે? તેથી ત્યાં પણ અહો ઉદ્‌ગાર બે વાર મૂકીને શ્રીમદ્‌જી એ બતાવવા માંગે છે કે સંસારથી પર થવાનો રાહ બતાવનાર ગુરુદેવનો ઉપકાર સંસારના સમસ્ત ઉપકારો કરતાં શ્રેષ્ઠ છે.

માનવ પર માતા-પિતા કે શેઠનું ઋણ તો હોય જ. પણ એ માત્ર એક જન્મ પૂરતું હોય, જ્યારે ગુરુદેવનું ઋણ તો જન્મ-જન્માંતરને ટાળી નાખે. ફરી જનમ ધારણ કરવો ન પડે. એવો સુગમ ઉપાય સૂચવે, તેથી ગુરુદેવના ઉપકારની તોલે કશું જ ન આવે.

શિષ્ય ગુરુદેવના અસીમ ઉપકારથી અહોભાવ અનુભવ રહ્યો છે. પોતાની શ્રદ્ધા-ભક્તિ સર્વ રૂપે સમર્પિત કર્યા પછી પોતે જ તેમાં કંઇક અધૂરાશ અનુભવે છે. તેથી ગુરુદેવના ચરણ-શરણમાં શાની ન્યૌછાવરી કરવી છે તે વિચારી રહ્યો છે.

શિષ્યના આ વિચારો અવસરે ....

# શું પ્રભુ ચરણ કને ધરું....!

વીતરાગ પરમાત્મા અનંતજ્ઞાની-અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્‌ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધનામાં જેમ-જેમ જીવ આગળ વધતો જાય છે. તેમ-તેમ એ નમ્રાતિનમ્ર બનતો જાય છે. તેને ઉપકારીના ઉપકારનું મૂલ્ય વધુને વધુ સમજાતું જાય છે ને તેનું અંતર ઉપકારીના ઋણથી મુક્ત થવા ઈચ્છે છે.

વ્યવહારમાં નીતિમાર્ગે અનુભવી પુરુષો કહેતા હોય છે કે કોઈનો પણ ઉપકાર ભૂલવો નહીં. અરે! ક્યાં સુધી કહ્યું? કોઈએ પગમાંથી એક કાંટો કાઢી આપ્યો હોય તેનો ઉપકાર પણ ન ભુલાય. તો આધ્યાત્મિક ક્ષેત્રે જેણે આખો રાહ બદલાવી નાંખ્યો, અનાદિકાળથી અવળા રાહે ચાલતો હતો તેને સવળા રાહે લાવીને મૂક્યો એવા ઉપકારી ગુરુદેવને કેમ ભૂલાય?

નિશ્ચય નય ભલે એમ કહેતો હોય કે કોઈ-કોઈનું કાંઈ કરી શકે નહીં. જીવ પોતાની યોગ્યતાથી જ સર્વ-કર્મથી મુક્ત થઈ સિદ્ધ થઈ શકે છે. પરન્તુ નિમિત્ત ન મળે તો જીવ પણ વિકાસમાર્ગની યાત્રામાં આગળ વધી શકતો નથી. જીવને આત્મ-પ્રગતિના માર્ગે મોટામાં મોટું નિમિત્ત સદ્‌ગુરુદેવનું. તેનો અપલાપ કેમ થઈ શકે? માર્ગદર્શક ભોમિયો તો જીવને જોઈએ જ છે. હા, માર્ગે ચલાવાનું પોતાના ચરણથી, માર્ગદર્શક ચાલી ન દે, અંધકારમાં ભટકતા જીવને માર્ગ ચીંધનાર તો જોઈએ જ.

વિચારો! બાહુબલીજી ઉગ્ર સાધના વડે કેવળજ્ઞાન પામ્યા. પણ તેઓને ભરત ચક્રવર્તીનું નિમિત્ત ન મળ્યું હોત તો કદાચ સાધનાના રાહે ન ગયા હોત. બાહુબલીજીને પણ રાજ્યલિપ્સા તો હતી જ, એટલે જ ભરત સાથે યુદ્ધ કરવા તૈયાર થયા. પણ ભરતને એમ થયું હોત કે મેં તો ઘણું મોટું રાજ્ય મેળવ્યું. બાહુબલી મારો ભાઈ જ છે. ભલે એનું રાજ્ય એ

# શું પ્રભુ ચરણ કને ધરું....!

વીતરાગ પરમાત્મા અનંતજ્ઞાની-અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધનામાં જેમ-જેમ જીવ આગળ વધતો જાય છે. તેમ-તેમ એ નમ્રાતિનમ્ર બનતો જાય છે. તેને ઉપકારીના ઉપકારનું મૂલ્ય વધુને વધુ સમજાતું જાય છે ને તેનું અંતર ઉપકારીના ઋણથી મુક્ત થવા ઈચ્છે છે.

વ્યવહારમાં નીતિમાર્ગે અનુભવી પુરુષો કહેતા હોય છે કે કોઈનો પણ ઉપકાર ભૂલવો નહીં. અરે! ક્યાં સુધી કહ્યું? કોઈએ પગમાંથી એક કાંટો કાઢી આપ્યો હોય તેનો ઉપકાર પણ ન ભુલાય. તો આધ્યાત્મિક ક્ષેત્રે જેણે આખો રાહ બદલાવી નાંક્યો, અનાદિકાળથી અવળા રાહે ચાલતો હતો તેને સવળા રાહે લાવીને મૂક્યો એવા ઉપકારી ગુરુદેવને કેમ ભૂલાય?

નિશ્ચય નય ભલે એમ કહેતો હોય કે કોઈ-કોઈનું કાંઈ કરી શકે નહીં. જીવ પોતાની યોગ્યતાથી જ સર્વ-કર્મથી મુક્ત થઈ સિદ્ધ થઈ શકે છે. પરન્તુ નિમિત્ત ન મળે તો જીવ પણ વિકાસમાર્ગની યાત્રામાં આગળ વધી શકતો નથી. જીવને આત્મ-પ્રગતિના માર્ગે મોટામાં મોટું નિમિત્ત સદ્ગુરુદેવનું. તેનો અપલાપ કેમ થઈ શકે? માર્ગદર્શક ભોમિયો તો જીવને જોઈએ જ છે. હા, માર્ગે ચલાવાનું પોતાના ચરણથી, માર્ગદર્શક ચાલી ન દે, અંધકારમાં ભટકતા જીવને માર્ગ ચીંધનાર તો જોઈએ જ.

વિચારો! બાહુબલીજી ઉગ્ર સાધના વડે કેવળજ્ઞાન પામ્યા. પણ તેઓને ભરત ચક્રવર્તીનું નિમિત્ત ન મળ્યું હોત તો કદાચ સાધનાના રાહે ન ગયા હોત. બાહુબલીજીને પણ રાજ્યલિપ્સા તો હતી જ, એટલે જ ભરત સાથે યુદ્ધ કરવા તૈયાર થયા. પણ ભરતને એમ થયું હોત કે મેં તો ઘણું મોટું રાજ્ય મેળવ્યું. બાહુબલી મારો બાઈ જ છે. ભલે એનું રાજ્ય એ



ભોગવે, તો બાહુબલીજી આવી સાધના કરી સિદ્ધિ ન મેળવી શકયા હોત. બાહુબલીજીને સાધનાના રાહે લઈ જનાર મહાન નિમિત્ત તો ભરત જ હતા. હા, ઉપાદાત તેઓનું પોતાનું જ હતું, તેની ના નહીં.

આમ દરેક જીવને કોઈ-ને-કોઈ નિમિત્ત મળે જ છે અને એ નિમિત્તે આત્મવિકાસ થાય છે. અહીં શિષ્યને સદ્ગુરુદેવનું મહાન નિમિત્ત-પ્રાપ્ત થયું છે. એ ગુરુદેવ સમક્ષ કહી રહ્યો છે કે આપે મારા પર અમાપ કરૂણા કરી છે. અનાદિકાળમાં જે નો'તુ થયું તે આજે થયું. આપના અસીમ ઉપકારના ઋણમાંતી મુક્ત થવા ઈચ્છું છું. પણ કેમ થાઉં? આ તો ભૌતિક ઋણ નથી કે બદલામાં ભૌતિક રિદ્ધિ આપી દઉં તો મુક્ત થઈ જાઉં. વળી પોતાનું ઋણ પોતાને જ ચૂકવવું પડે. વ્યવહારમાં તો બાપનું ઋણ દીકરા ચૂકવે, પણ અહીં ન ચાલે, ઉપકારી ગુરુદેવનું ઋણ વાળવાની તત્પરતા શિષ્યના અંતરમાં જાગી છે તેથી જ એ કહે છેઃ–

**શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન,**
**તે તો પ્રભુએ આપિયો, વર્તુંચરણાધીન...૧૨૫...**

ગુરુદેવના અનહદ ઉપકારના સ્મરણે શિષ્ય, ગુરુદેવના ચરણમાં કંઈક સમર્પણ કરવા માગે છે. શું સમર્પું? શું ચરણે ધરું? આવા મનોમંથનમાં પડે છે.

બંધુઓ! ભારતની આ પ્રાચીન પરંપરા છે. ઋષિ-મુનિઓના આશ્રમોમાં રાજા-મહારાજા અને શેઠ-શ્રીમંતોના સંતાનો વિદ્યા શીખવા જતા, વર્ષો સુધી વિદ્યા સંપાદન કરી, ગુરુઆજ્ઞા લઈ પાછા ફરે તે પહેલાં ગુરુદેવના ચરણમાં ગુરુ-દક્ષિણા અને યત્કિંચિત્ ઋણમુક્ત થવાનો પ્રયાસ કરે.

અહીં આ શિષ્ય પણ ગુરુદેવ સમક્ષ કહી રહ્યો છેઃ હે ગુરુદેવ! આપે મારા આખાયે જીવનનું પરિવર્તન કરી નાંખ્યું. હું અજ્ઞાન હતો. ખાણમાં પડેલી માટે જેવો મારું કશું જ મૂલ્ય નો'તું, આપે આત્માની ઓળખાણ કરાવી મારા અંતરમાં પ્રકાશ પાથર્યો. અંધકારમાં અટવાતાને દીપક હાથ આપ્યો. આપના ઉપકારનો બદલો કેમ વાળું? કહો ગુરુદેવ આપના ચરણમાં શું ધરું?

બંધુઓ! ભારતભૂમિનાં સંતાનોની યોગ્યતા કોઈ અદ્વિતીય અને અનુપમ

હોય છે. વિશ્વના કોઈ દેશમાં કદાચ આવા સપૂતો નહીં પાક્યા હોય! ભારતની સંસ્કૃતિએ જે રત્નો પેદા કર્યા તે અજોડ અને અદ્વિતીય. આ દેશમાં ગુરુ ને શિષ્ય એવો સમર્પિત હોય કે ગુરુદેવ માગે તે વિના વિચાર્યે તેમના ચરણમાં ધરી દે. નનુ નચ કરે નહીં.

ભારતના ઈતિહાસની એક ઘટના. પાંડવો અનો કૌરવો ગુરુ દ્રોણાચાર્ય પાસે શસ્ત્રવિદ્યા શીખી રહ્યા છે. એ જ વખતમાં એક ભીલ પુત્રને ધનુર્વિદ્યા શીખવાની ઈચ્છા થઈ અને તે દ્રોણાચાર્ય પાસે આવ્યો. પણ વર્ણાશ્રમના કટ્ટર ખ્યાલમાં રાચતા આચાર્યે હલકી જાતિના પુત્રને શિષ્ય તરીકે સ્વીકારવાની ના પાડી. ભીલ બાળક વિનમ્રતાપૂર્વક અરજ કરી રહ્યો છે. આચાર્યદેવ આપના ચરણમાં મને સ્થાન આપો. ભાવમાં, ભાષામાં નમ્રતા છે. અત્યંત ભાવથી ચરણ વંદના કરે છે.

બંધુઓ! વિચારો, હલકી જાતમાં જન્મેલ એ બાળકની ભાષા અને ભાવ કેટલા ઊંચા? ભૌતિક ક્ષેત્રે ઉપયોગી એવી કળા શીખવી છે, છતાં કેટલો વિનય? કેટલો વિવેક? આપણે આધ્યાત્મિક ક્ષેત્રનું જ્ઞાન લેવા આપણા ગુરુવર્યો પાસે જઈએ તો કહી શકીએ કે 'આપના ચરણોમાં મને સ્થાન આપો!' કે હું કંઈક છું. ઘણું સમજું છું. મારી યોગ્યતા અન્ય કરતાં વિશેષ છે. એવું સમજીને જઈએ છીએ? જ્યાં સુધી આવા અહં ટળે નહીં ત્યાં સુધી ગુરુદેવના અંતરમાં રહેલ જ્ઞાન પામવાના અધિકારી ન થઈ શકીએ! અનધિકાર ચેષ્ટાથી કંઈ પામીએ નહીં!

ભીલપુત્રે નમ્રતાપૂર્વક આચાર્યદેવના ચરણોમાં પ્રાર્થના કરી પણ દ્રોણાચાર્ય કહે, હું તો ક્ષત્રિયોનો ગુરુ, મારાથી તારા ગુરુ ન થવાય. ભીલ પુત્ર પાછો ફર્યો. અંતરમાં ધનુર્વિદ્યા શીખવાની તમન્ના પડી છે. અદમ્ય લગની લાગી છે. જેમનાં ચરણમાં પોતાનું સર્વસ્વ સોપવા ગયો છે તેમણે તેનો તિરસ્કાર કર્યો, તેને હલકા કુળનો કહ્યો, છતાં તેમના પ્રત્યે રોષ ન આવ્યો. તેને અપમાન ન લાગ્યું. પણ એ વિચારે છે કે આચાર્યદેવ મને શિષ્યરૂપે સ્વીકારે કે ન સ્વીકારે એ તેઓની મરજી, પણ મેં તો તેઓને ગુરૂરૂપે મારા હૃદયસિંહાસને આસીન કરી જ દીધા છે. ચાહે તિરસ્કારે, ચાહે સ્વીકારે, મારા ગુરુ તો એ જ.

અને બંધુઓ! ભીલપુત્રે જંગલમાં જઈ ઝૂંપડી બાંધી. ઝૂંપડીની બહાર, પોતાના હાથે જ દ્રોણાચાર્યની મૂર્તિ બનાવી સ્થાપના કરી. એ મૂર્તિરપપ, ગુરુદેવની મૂક પ્રેરણા લઈ ધનુર્વિદ્યા શીખવા માંડ્યો. તેના અંતરના ઉલ્લસિત ભાવોના કારણે ગુરુમૂર્તિ પણ તેના માટે પ્રેરણાદાયી બની રહી. થોડા જ સમયમાં આ કળામાં એ પારંગત થઈ ગયો.



થોડા સમય પછી એકવાર ગુરુ દ્રોણાચાર્ય પોતાના ક્ષત્રિય શિષ્યોને લઈ એ જ જંગલમાં જઈ રહ્યા છે. એક અદ્ભૂત આશ્ચર્ય જોયું. એક કૂતરાના મુખમાં સાત બાણ કોઈએ માર્યા છે. કૂતરો ભસતો બંધ થી ગયો છે પણ એક લોહીનું ટીપું નીકળ્યું નથી. ગુરુ અને શિષ્યો સહુ જોઈને સ્તબ્ધ થઈ ગયા! આવો ધનુર્ધર કોણ? જે દિશામાંથી બાણ આવ્યાં હતાં, તે દિશામાં આગળ વધ્યા. કાળમીંઢ પથ્થરમાંથી મૂર્તિ કંડારેલી હોય એવો શ્યામ રંગથી શોભતો, સુંદર દેહયષ્ટિ ધરાવતો એક તેજસ્વી યુવાન હાથમાં ધનુષ્ય લઈને ઊભો છે. દ્રોણાચાર્યને જોતા જ એ નમી પડે છે. આચાર્યદેવ તેને પૂછે છે –

'તું કોણ છે?'

'પ્રભો! આપનો જ શિષ્ય!'

'મારો શિષ્ય?'

દ્રોણાચાર્યના અહમ્‌ને ચોટ લાગી. આવો જંગલનો વાસી મારો શિષ્ય કેવી રીતે હોઈ શકે? ને ફરી કહે છે –

'મારો શિષ્ય? ના, તું મારો શિષ્ય હોઈ જ ન શકે!'

'પ્રભો! ખરૂં જ કહું છું. યાદ કરો આપ! કેટલાંક વર્ષ પહેલાં હું આપના ચરણમાં શિષ્ય બનીને આવ્યો હતો, મારા અંતરમાં ધનુર્વિદ્યા શિખવાની તમન્ના હતી પણ આપે મને સ્વીકાર્યો નહીં, છતાં આપની જ પ્રેરણા પામી આ વિદ્યા શીખ્યો.'

'મેં તને પ્રેરણા કરી જ નથી! ક્યારે તું આવ્યો મારી પાસે?'

'પધારો ગુરુદેવ! બતાવું!'

જ્યાં તેણે દ્રોણાચાર્યની મૂર્તિની સ્થાપના કરી હતી ત્યાં લઈ ગયો. બતાવી અને કહ્યું:-

'પ્રભો! જુઓ! આપની પ્રતિકૃતિ રાખી છે, તેની પ્રેરણાથી જ હું આ

કળા શીખ્યો છું!'

આશ્ચર્યચકિત થઈ ગયા આચાર્ય અને તેઓના શિષ્યો! આચાર્યદેવ વિચારે છે, આ કૌરવો-પાંડવો માટે મેં કેટલો પરિશ્રમ કર્યો? તેમાંય અર્જુન માટે તો સ-વિશેષ, અર્જુન ધનુર્ધર તો બન્યો, પણ આના જેવો નહીં. અને આ ભીલ યુવાન માત્ર મૂર્તિની પ્રેરણાથી આવો અચૂક નિશાનબાજ બન્યો! ધન્ય છે તેને! ક્ષણેક તો આચાર્યને એ યુવાન પ્રત્યે વાત્સલ્યભાવ જાગ્યો. પોતાને જાણ્યે-અજાણ્યે ગુરુ બનાવી પ્રેરણા ઝીલી તેથી જાણે પોતાનો શિષ્ય હોય તેવા ભાવ જાગ્યા. અહોભાવથી તેને શાબાશી આપવા દિલ ઉત્સુક થઈ રહ્યું. પણ બંધુઓ! એ રાજનીતિના અટપટા ખેલમાં ફસાયેલ આચાર્ય હતાં. તરત જ વિચારોમાં પરિવર્તન થઈ ગયું. ઈતિહાસના પાને અર્જુન જેવો બીજો ધનુર્ધર ન લખાવો જોઈએ. મન કપટબાજી વિચારવા લાગ્યું. એ ભીલ યુવાનને કહે છે –

'યુવાન! તેં જેની મૂર્તિ પાસેથી વિદ્યા મેળવી, તેમના પ્રત્યે તારી કોઈ ફરજ થાય છે, સમજે છે?'

'હા ગુરુદેવ! સમજું છું. આપનો મારા પર અનંત ઉપકાર છે. જે કહો તે કરવા તૈયાર છું.'

'ગુરુદક્ષિણા નહીં આપે?'

'જરૂર ગુરુદેવ! પ્રશ્ન હોય જ નહીં! આપ માગો તે આપવા તૈયાર છું. આપના ચરણમાં મારું સર્વસ્વ છે. મારે મારી જાતનું બલિદાન આપના ચરણમાં દેવું પડે તો એ પણ ગુરુદક્ષિણા માટે ઓછું હશે. ફરમાવો ગુરુદેવ! આપનો બોલ ઝીલવા મને ભાગ્યશાળી થવા દો!'

અને બંધુઓ! દ્રોણાચાર્યના અંતરમાં પડેલ અર્જુન પ્રત્યેના મમત્વ ભાવે, કપટનો આશ્રય લીધો અને માગી લીધું:

'મારે કશુંય નથી જોઈતું, માત્ર તારા જમણા હાથનો અંગૂઠો દઈ દે!'

ભીલ યુવાને અત્યન્ત પ્રમુદિત ભાવથી, હસતા-હસતા પોતાના જ હાથે પોતાના જમણા હાથનો અંગૂઠો કાપીને ગુરુચરણે ધરી દીધો. મનમાં ક્ષણ માત્ર પણ ક્ષોત્ર નથી જન્મ્યો. બંધુઓ! આ શિષ્ય એટલે એકલવ્ય.

શું આપ્યું તેણે? પોતાનું સર્વસ્વ! ગમે તેવો બાણાવળી હોય, પણ



તેની સર્વ કળાનો આધાર જમણા હાથનો અંગૂઠો! એ જાય પછી કઈ ન રહે. એકલવ્યે તેની સારી વિદ્યા સમર્પી દીધી. બંધુઓ! આનું નામ સમર્પણ! આનું નામ શિષ્યત્વ! ગુરુદેવ પક્ષપાતી થઈને આવું માગી રહ્યા છે, છતાં એકલવ્ય વિચારે છે કે તેઓના પક્ષે ગમે તે હોય, મારા પક્ષે મારે વિચાર્યા વગર ગુરુચરણોમાં જે માગે તે ધરી દેવું જોઈએ. એ છે મારો ધર્મ!

બહુ વિચારણીય છે આ પ્રસંગ! ગુરુ પ્રત્યે માન, આદર, શ્રદ્ધા, ભક્તિ ક્યાં સુધી? જ્યાં સુધી શિષ્યને વહાલ કરે, પંપાળે, બેટા-બેટા કરી બોલાવે, શિષ્યને અનુકૂળ થઈને રહે ત્યાં સુધી? કે પોતાનું સર્વસ્વ સોંપી દીધા પછી પણ ગુરુદેવની આકરામાં આકરી હિત-શિક્ષા સહન કરવી પડે તો કરીને પણ શ્રદ્ધા-ભક્તિ ટકી રહે? સામાન્ય રીતે એવું બનતું હોય છે કે ગુરુ-શિષ્યને અનુકૂળ હોય ત્યાં સુધી એ ગુરુ, અન્યથા કાંઈ નહીં! જેમ તમારા સંસાર-વ્યવહારમાં થાય છે તેમ! મા-બાપ સંતાનોને અનુકૂળ રહે તો એ મારા મા-બાપ. પણ જ એ સંતાનોના જીવનમાં ક્યાંય આડા આવ્યા તો કોણ માબાપ અને કોણ સંતાન. તરત, નથી રમતા કહી ઊભા રહી જાય!

બંધુઓ! આધ્યાત્મિક સાધના ક્ષેત્રમાં એમ ન ચાલે. જ્યાં સુધી એકલવ્ય જેવું શિષ્યત્વ નથી જાગ્યું. ત્યાં સુધી-ગુરુ ચરણમાં રહેવાની કે સાધના કરવીની પાત્રતા જ નથી આવતી. પાત્ર જીવ જ આત્માને પામી શકે છે.

તેથી જ અહીં શિષ્ય કહે છે: પ્રભો! આપના ચરણ-કમળમાં ગુરુદક્ષિણારૂપ શું ધરું? સંસારના કોઈ પદાર્થમાં એ યોગ્યતા જણાતી નથી. આખાયે વિશ્વમાં કોઈ મૂલ્યવાન પદાર્થ હોય તો તે માત્ર આત્મા છે. બાકી બધુ જ હીન છે. ઈન્દ્રિય, મન, બુદ્ધિ દ્વારા મેળવાતા સુખો મને સુખાભાસ લાગે છે જ્યારે જેમાંથી અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થાય છે તેવા આત્માનો મહિમા શું કહું. સંસારના સુખો ગમે તેવાં કે ગમે તેટલા હોય તે સીમિત છે. ચક્રવર્તીની છ ખંડની રિદ્ધિ હોય કે સર્વાર્થસિદ્ધિ મહાવિમાનવાસી દેવોનાં અજોડ પુણ્યબળથી મળતું સુખ હોય પણ આત્માના અનંતસુખના અનંતમાં ભાગે જ છે. એથી વિશેષ નહીં. આવા મહિમાવાન મુજ આત્મા સિવાય બીજું કશું જ આપના ચરણમાં ધરવા યોગ્ય દેખાતું નથી.

વળી આત્મા આપના ચરણે ધરું પણ એય આપે જ આપ્યો છે. હું ક્યાં જાણતો હતો કે હું આત્મા છું? અનાદિ અધ્યાસના કારણે દેહાત્મબુદ્ધિ હતી. આપ કૃપાળુએ મારા પર કૃપા કરી, મને આત્મા ઓળખાવ્યો, આત્માનો અનુભવ કરાવ્યો. માટે આ આત્મા પણ આપે જ આપ્યો. તેથી એ મારો નથી.

**મેરા મુજમેં કછુ નાહીં, જો કછુ હૈ સૌ તેરા.**

આવી વાત છે. મારું મારામાં કંઈ જ નથી. જે કંઈ છે તે આપનું જ છે. આપનું આપને આપવાનો મારો અધિકાર ક્યાં છે? પણ મારે આપના ઋણથી ઉઋણ તો થવું જ છે. કંઈક આપવું જ છે. મારી પાસે કશુંય નથી. બસ, આપના ચરણોની અધીનતા સ્વીકારવા સિવાય કશું જ થઈ શકે તેમ નથી. આપ તો નિષ્કામ છો, નિસ્પૃહ છો. મારી પાસે કશુંય ઈચ્છતા નથી પણ આપના ઉપકારનો પ્રત્યુત્તર વાળવા મારું અંતર વ્યાકુળ બની ગયું છે, માટે ચરણમાં સર્વથા સમર્પિત ભાવ સિવાય, બીજું કશું થઈ શકે તેમ નથી. મારા મન, વચન, કાયાના ત્રિ-યોગે આપના ચરણ-શરણની આજ્ઞા પ્રમાણે વર્ત્યો જાઉં. આપે આત્મ-આરાધનાનો માર્ગ બતાવ્યો, એ માર્ગે વર્ત્યો જાઉં. એ જ છે મારું સમર્પણ.

આમ વિનયી શિષ્ય ગુરુદક્ષિણારૂપ, પોતાનું સર્વસ્વ ગુરુદેવના ચરણે ધરી તેઓની અધીનતા સ્વીકારે છે. તે શિષ્યને ખબર છે કે – 'જેના શરણે જઈએ તેના જેવા થઈએ.' તેથી અનંત મહિમાવાન આત્માને સંપૂર્ણ પામવા માટે એ ગુરુચરણનું શરણ સ્વીકારે છે.

આટલું કર્યા પછી પણ શિષ્યને સંતોષ થતો નથી. પોતાનો સમર્પણ ભાવ તેને ઓછો જ લાગે છે. તેથી હજુ ગુરુદેવના ચરણમાં વધુ સમર્પણતા જાગે છે. તે કયા શબ્દોમાં એ પ્રગટ કરે છે – તે અવસરે ....



# દાસ, દાસ, હું દાસ છું...!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની - અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના કરતો જીવ જ્યાં સુધી સાધકદશામાં છે ત્યાં સુધી ગુરુદેવના ચીંધ્યા રાહે ચાલતો હોય અને મંઝિલને પામી જાય તોય ગુરુદેવની ભક્તિ કરે એમ શ્રીમદ્જી પહેલાં જ બતાવી ગયા.

સાધકના અંતર વિષે ગુરુદેવ એ જ તેનું સર્વસ્વ. ભારતીય પરંપરાનો સાધક ગુરુદેવને જ્યારે અંતરભાવોથી મૂલવવા બેસે ત્યારે એ કહે -

**गुरूब्रह्मा गुरूर्विष्णु, गुरूर्देवो महैश्वरः;**
**गुरू साक्षात् परब्रह्म, तस्मै श्री गुरवे नमः।**

આ વિશ્વની અંદર જે કંઈ સર્વોચ્ચ શક્તિ છે તે મારા એક ગુરુમાં સમાયેલી છે. બ્રહ્મા કહો, મહેશ કહો, કે પરમબ્રહ્મ પરમાત્મા કહો, એ બધું જ મારા ગુરુદેવમાં સમાયેલું છે, તેનાથી ઓછું કશું જ નહીં. મારા ગુરુદેવનું મૂલ્ય આનાથી કોઈ ઓછું આંકતું હોય તો એ વ્યક્તિ મારે ન જોઈએ. મારા ગુરુદેવનું મૂલ્ય તો હું જ જાણું. એમના સામે આખુંયે જગત તુચ્છ છે. કોઈ મને ગુરુદેવના બદલામાં આખું વિશ્વ આપે તો એ પણ મારે માટે માટી સમાન છે. સ્વર્ગનાં સુખો પણ કંઈ વિસાતમાં નથી. એટલું જ નહીં, યોગ્ય અને પાત્ર શિષ્ય તો એમ કહે મારા ગુરુદેવના બદલામાં કોઈ મને મોક્ષનું સુખ આપે તો એ પણ મારે ન ખપે.

આ છે ગુરુભક્તિ! આ છે સમર્પણ! આ છે શ્રદ્ધા! તેથી જ અહીં શિષ્ય કહે છે, ગુરુદેવ! આપે કરેલા અમાપ ઉપકારના બદલામાં મારે આપના ચરણમાં ગુરુદક્ષિણા ધરવી છે. પણ શું ધરું? મારી પાસે કશું નથી. ભૌતિક પદાર્થો તો આપને રીઝવી ન શકે. રહ્યો માત્ર મારો આત્મા. એ તો આપની જ દેન છે. એ પણ શું આપું? બસ, માત્ર આપના ચરણોને અધીન વર્ત્યો જાઉં. એ કઈ રીતે વર્તવું છે તે કહી રહ્યો છે–

**આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;**
**દાસ, દાસ, હું દાસ છું, તેહ પ્રભુનો દીન....૧૨૬**

આપના ચરણોને અધીન થઈ વર્તવાની પ્રતિજ્ઞા કરી છે તો મારા દેહાદિ આજથી જ આપને સમર્પી દઉં છું. તેમાં એક ક્ષણનોય વિલંબ નહીં. આજથી જ, અત્યારથી જ, માત્ર દેહ જ નહી, પણ મારી ઈન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત વગેરે બધું જ-આ શરીરની જે ક્રિયાઓ પર મારો કાબૂ નથી તે છોડીને સર્વસ્વ આપના ચરણે. એટલું જ નહીં, આ ભૌતિક વિશ્વમાં મેં જે કાંઈ 'મારું' માન્યું છે તે બધું જ આપના ચરણે.

બંધુઓ! પ્રશ્ન થશે કે, વ્યક્તિ પોતે તો ઉપકારીના ચરણે સમર્પિત થઈ જાય પણ તેના પુત્ર-પરિવાર કે માલ મિલકત વગેરે કે જેના પર માત્ર પોતાનો જ અધિકાર નથી તે બધાંને કેમ સમર્પી શકે? આ પ્રશ્ન ઉચિત છે પણ તેનો ઉત્તર પણ એવો જ છે. જે વ્યક્તિને પોતાના પત્ની, પુત્ર-પરિવાર આદિમાં સંપૂર્ણ વિશ્વાસ છે, તે જ આમ કરી શકે છે.

નજીકના ભૂતકાળમાં બનેલી ભારતના ઈતિહાસની ઘટના, મહારાષ્ટ્રના શૂરવીર રાજા શિવાજી. તેમના ગુરુ સમર્થ સ્વામી રામદાસ. શિવાજીના રાજદરબારના આંગણે ગુરુદેવ ઝોળી ફેલાવી, આહલેકનો ધ્વનિ કરી ઊભા છે, અને શિવાજીએ ઝોળીમાં એક ચિઠ્ઠી નાખી. જેમાં તેનું સમસ્ત રાજ્ય ગુરુદેવના ચરણે ધરી દીધું. સમર્થ સ્વામી ત્યાગી છે. શિવાજી કહે છે - 'શિવા, રાજ્યને હું શું કરું ? સર્વત્યાગના પંથે છું. તારું રાજ્ય મને ન ખપે.'

'ના ગુરુદેવ! મેં તો આપને ભિક્ષાના રૂપમાં આપી દીધું, હવે મારે ન ખપે!'

'શિવા, મેં સ્વીકાર્યું! પણ જ્યારે તારું રાજ્ય અને તું બધું જ મને સમર્પિત છે. ત્યારે હવે હું કહું તેમ તારે કરવાનું ને ?'

'ચોક્કસ, ગુરુદેવ! ફરમાવો. આ શિવો બધું જ કરવા તૈયાર છે. મારું માથું વાઢીને આપના ચરણમાં ધરી દઉં! આપની આજ્ઞા શિરોધાર્ય કરવામાં મીન - મેખ ન હોય!'

'શિવા! મારે તારું મસ્તક નથી જોઈતું, પણ આ દેશની, આર્ય સંસ્કૃતિની રક્ષા કરવાની જવાબદારી તારા શિરે છે. લે, આ ભગવું વસ્ત્ર



લઈ જા અને તેની સાક્ષીએ રાજ્ય કરજે!'

બંધુઓ! તમે જાણતા હશો કે શિવાજીના કિલ્લા પર ભગવી ધજા ફરકે છે. આજે પણ એ ભગવી ધજાને માન અપાય છે તે સમર્થ રામદાસની દેન છે. આ યુગમાં થયેલ મા-ભોમનો સાચો સપૂત શિવાજી! જેણે ઈતિહાસને દેખાડી દીધું કે શિષ્યનું શિષ્યત્વ કેવું હોય? પોતે એક જ નહીં, આખું રાજ્ય સમર્પી દીધું.

આ પરંપરા આધ્યાત્મિક સંસ્કૃતિમાં પણ ચાલી આવે છે. ભ. મહાવીરના ૧૧ ગણધર અને તેમના ૪૪૦૦ શિષ્યો! જ્યારે એક - એક ગણધર પ્રભુને સમર્પિત થયાં, પ્રભુનું શિષ્યત્વ સ્વીકાર્યું, ત્યારે તેમના શિષ્યો, કોઈના ૫૦૦, કોઈના ૪૦૦, તો કોઈના ૩૦૦, એ સર્વ પ્રભુના ચરણમાં સાથે જ સમર્પિત થઈ ગયા છે. ત્યાં વિચાર-વિમર્શ કરવા રોકાયા નથી, કે પૂછવા થોભ્યા નથી. ઈંદ્રભૂતિ આદિ સમર્પિત થયા કે તેની સાથે વગર પૂછ્યે શિષ્યો પણ મહાવીરના ચરણમાં ઝુકાવી જ દે છે. આનું નામ જ છે સર્વસ્વનું સમર્પણ. એ જ છે જીવનની સાચી મઝા.

એકવાર એક મેધાવી યુવાન, મહાત્મા કબીર પાસે ગયો. પ્રણામ કરી કહે છે, 'મહાત્માજી! એક માર્મિક પ્રશ્ન છે!' 'શું?' હું' આપને જાણું છું. આપનામાં મારો વિશ્વાસ છે. આપ માનવ-મનના ઊંડાણમાં ઊતરી, તેને માપી શકો છો. તેથી જ આપની પાસે આવ્યો છું. હું હવે યુવાન થયો છું. મારે મારા જીવનનો રાહ નક્કી કરવો છે. તો આપ બતાવો, મારે શું કરવું? હું લગ્ન કરી ગૃહસ્થાશ્રમી થાઉં કે સંન્યસ્ત સ્વીકારી ત્યાગી થાઉં? આ બેમાંથી કયો રાહ પસંદ કરું?

કબીર વિચારે છે. યુવાન બુદ્ધિમાન અને કુશળ દેખાય છે. 'પ્રશ્ન પણ યોગ્ય છે. તેનો ઉત્તર પણ યોગ્ય મળવો જોઈએ. કહે છે, 'બેસ ભાઈ!'

કબીરજી હાથસાળ પર વસ્ત્ર વણી રહ્યા છે. કામ ચાલુ છે. મધ્યાહ્નનો સમય છે. સૂર્ય પ્રચંડ તાપે તપી રહ્યો છે. એટલામાં કબીરે પોતાની પત્નીને દીવો લઈને આવવાનું કહ્યું. પત્ની દીવો લઈને આવી એટલે આખા ઘરમાં પોતાનું પહેરણ શોધવા કહ્યું. પત્ની આખા ઘરમાં દીવો લઈ ફરી વળી. પહેરણ ન મળ્યું. એ જ કામ કબીરે પોતાના એક

દીકરા અને એક દીકરી પાસે કરાવ્યું પણ પહેરણ ના મળ્યું.

યુવાન વિચારે છે : ગજબ છે આ સંત! એક તો ધોળે દિવસે દીવો લઈ શોધવાનું કહે છે. તો તેનાં પત્ની અને બાળકો શોધે છે. બીજું અકિંચન સંત પાસે માત્ર એક જ પહેરણ છે જે પોતાના શરીર પર છે, છતાં શોધાવે છે અને તેઓ શોધે પણ છે. પત્ની કે બાળકોના મોઢા પર કંટાળો કે અણગમો નથી. તો કબીર મૂર્ખ છે કે તેનાં પત્ની-બાળકો? સમજાતું નથી. થોડીવારે સાંજ પડતાં કબીર પેલા યુવાનને લઈ ગામની બહાર એક નાની ટેકરી છે ત્યાં જાય છે.

નીચેથી જ અવાજ કરે છે સાંઈ! નીચે આવો! બે અવાજ લગાવ્યા ત્યાં ઝુંપડીનું બારણું ખૂલ્યું. જર્જરિત દેહવાળા ૯૦ વર્ષના એક ફકીર બહાર આવ્યા. દેહ ધ્રૂજે છે. કબીર બોલાવે છે માટે હાથમાં લાકડી લઈ ટેકે-ટેકે નીચે આવે છે. ટેકરીનો ઊબડ - ખાબડ પથરાળ રસ્તો, કાંટા ને કાંકરા. છતાં ધીરે ધીરે આવી રહ્યા છે. નીચે આવ્યા. કબીરને પ્રણામ કરી પૂછ્યું : 'મહાત્માજી! મને યાદ કર્યો?'

'કંઈ નહીં, કંઈ નહીં, સાંઈ! પધારો! કશું કામ નથી!' અને એ જ પગલે સાંઈ પાછા ફર્યા. હજુ તો ઉપર જઈ ઝુંપડીમાં પગ મૂકે છે, વિસામો પણ નથી લીધો ત્યાં બીજીવાર બોલાવ્યા. ફરી એ જ પ્રમાણે નીચે આવ્યા. એમ ત્રણ વાર બોલાવ્યા અને ત્રણ વાર કશા જ કામ વિના તેમને પાછા વાળ્યા. સાંઈ ચાલ્યા ગયા. યુવાન તાજ્જુબ થઈ જોઈ રહ્યો છે. કબીરના વર્તનમાં તેને કંઈ સમજ પડતી નથી. ઘરે પણ આવું વર્તન, અહીં પણ આવું વર્તન! શું છે? કાંઈ સમજાતું નથી!

કબીર યુવાનના મુખ તરફ જોઈ રહ્યા છે કે યુવાનના મનમાં ગડમથલ ચાલી છે. મૂંઝાઈ રહ્યો છે. પાછા ફર્યા. રાત ઢળવા માંડી છે. કબીરે યુવાનને પૂછ્યું :

'કેમ ભાઈ! તારો જવાબ મળી ગયો તને?'

યુવાન વિચારે છે, જવાબ? જવાબ ક્યાં આપ્યો છે? આ તો નાટક કર્યાં. એ કહે છે :

'મહાત્માજી! આપે હજુ મને જવાબ ક્યાં આપ્યો છે?'

'અરે બેટા! આમાં જ તારો જવાબ છે!'



'મને ન સમજાયો મહાત્માજી! કૃપા કરી આપ સમજાવશો?'

'જો બેટા! તારો પ્રશ્ન હતો કે તારે સંસારી બનવું કે સાધુ? તને તારી જાત પર વિશ્વાસ હોય કે તું ગૃહસ્થાશ્રમનું સારી રીતે પાલન કરી શકીશ, તો તું એવો આદર્શ ગૃહસ્થ બની શકે. તારા એક-એક કાર્યમાં, એક-એક વિચારોમાં, તારી પત્ની અને બાળકોમાં વિશ્વાસ પેદા કરી શકે તો જ ગૃહસ્થાશ્રમી બનજે. મેં ધોળે દિવસે દીવો મંગાવી પહેરણ શોધાવ્યું, છતાં મારાં પત્ની કે બાળકો પૂછતાં નથી કે દિવસે દીવાની શી જરૂર છે? પહેરણ તો તમે પહેર્યું તે એક જ છે. પછી શા માટે શોધાવો છો? નહીં! તેઓએ વિચાર્યું કે હું જે કંઈ કહેતો હોઈશ તે યોગ્ય હશે. કારણ વિના આવું કાર્ય ન કરાવું, એવો અખંડ વિશ્વાસ તેઓને મારામાં છે. તેથી જે કહ્યું તે કંટાળો લાવ્યા વગર આનંદથી કર્યું. ભાઈ! તું પણ તારા સંસારમાં પત્ની-બાળકોમાં આવો વિશ્વાસ પેદા કરાવી શકવાનું સામર્થ્ય ધરાવતો હોય તો જરૂર ગૃહસ્થી બન. સુખી થઈશ!'.

'તેં પૂછ્યું 'હું સાધુ બનું?' હમણાં જ આપણે પેલા સાંઈને જોયા. ત્રણ વખત મેં તેમને નીચે બોલાવ્યા, કશું જ કામ કહ્યું નહીં, વાત કરી નહીં અને એમ જ પાછા વાળ્યા છતાં તેમના મુખ પરની એકે રેખા ફરી નહીં. તેમની પ્રસન્નતા લોપાણી નહીં. આવા વૃદ્ધ દેહે એક ડગલું માંડવામાં પણ મુશ્કેલી થતી હોય ત્યાં આવી ટેકરી ચડવી-ઉતરવી પડે અને તે પણ કોઈ કામ વગર? કેટલું આકરું લાગ્યું હશે તેમને! છતાં એ સંત છે. સમતા સાધી લીધી છે. ગમે તેવું કષ્ટ આવે, વિષમતા ન આણવી એટલો સંયમ પોતાની જાત પર કેળવી લીધો છે. આનું નામ સંત.

ભાઈ! બન્ને ચિત્રો મેં તારી સામે મૂકી દીધાં. હવે તારે ગૃહસ્થી બનવું કે ત્યાગી, તારી મરજીની વાત છે. પણ જો આવા ગૃહસ્થી કે આવા ત્યાગી બનાય તો જીવન! બાકી તો જીવન જીવવાનાં ફાંફાં!

બંધુઓ! ઉપકારી ગુરુદેવનું સ્મરણ કરતો અને ઉપકારનો બદલો ચુકવવા શિષ્ય દેહાદિ સર્વસ્વ ગુરુદેવના ચરણે ધરવા તૈયાર થયો છે. તેને વિશ્વાસ છે કે મારું જે કંઈ છે તે બધું જ ગુરુદેવના ચરણે દઈશ તો કોઈ પણ કાંઈ બોલશે નહીં. પછી પરિવાર હોય કે બીજા. ભારતની આ પ્રાચીન પરંપરા છે. ભારતીય સપૂતોનું સમર્પણ રહ્યું છે.

એટલું જ નહીં, ગુરુદેવના ચરણમાં દાસત્વ રજૂ કરે છે. પ્રભો! હું આપનો દાસ છું, એમ નહીં દાસાનુદાસ છું. શિષ્યનો અહંકાર સદંતર ઓગળી ગયો છે. ગુરુદેવનો દાસ થઈ રહે તે તો ઠીક પણ ગુરુદેવના અન્ય દાસ હોય તેનો પણ દાસ થઈને રહેવા એ તત્પર થયો છે. મન, વચન, કાયાના ત્રણે યોગોથી હું આપને સંપૂર્ણ સમર્પિત છું. મારું મન નહીં. મારી વાણીનો વ્યાપાર પણ આપની ઈચ્છા હોય તેમ અને એટલો જ થાય. અને દેહથી થતી પ્રત્યેક પ્રવૃત્તિ આપની આજ્ઞાને આધીન હોય. મારું મારામાં કંઈ ન રહે. હું તો આપનો 'દીન' સેવક છું.

બંધુઓ! અહીં દીનતા એટલે લાચારીનો ભાવ નથી. શું કરું? મજબૂર છું અને મારું કંઈ ચાલતું નથી એટલે નમ્ર બની ગયો છું, એમ નહીં વિચારો! તમને શું થાય? હં! બહાર તો વાઘ જેવા હો, તમારી એક ત્રાડથી સેંકડો માણસો ધ્રૂજતા હોય! પણ તમનેય ધ્રુજાવનાર કોઈ ખરું? કાં તો હોમ મિનિસ્ટર! કાં તો ઈન્કમટેક્ષ ઓફિસર! ક્યાં દીન બનો છો? ક્યાં લાચારી અનુભવો છો ? જ્યાં મજબૂરી છે ત્યાં, બીજે નહીં! ગુરુદેવ પાસે તમારી કોઈ મજબૂરી નથી એટલે ત્યાં તો અક્કડ થઈને જ આવો. તમારામાં પડેલ અહંનું પોષણ ગુરુદેવ પાસે થાય તો ગમે, નહીં તો આવા સંત પાસે પણ ન જાવ! વિચારો! બંધુઓ! ક્યાં છો ?

અહીં શિષ્યને એમ નથી. દીનતા અહંના સંપૂર્ણ વિસર્જનથી ઉદ્‌ભવેલી છે. ગુરુદેવ પ્રત્યેની શ્રદ્ધા-ભક્તિના ભાવોથી જન્મેલી છે. ગુરુદેવના ચરણ-શરણમાં રહી, અનાદિની ભૂલને સુધારવી છે, અનંત પરિભ્રમણને ટાળવું છે, આત્માના અનંત સુખને પામવું છે. આ બધું જ નમ્રાતિનમ્ર બન્યા સિવાય ન થાય. અને તે પણ બહારથી દેખાડવાની નમ્રતા નહીં પણ ખરેખર અંતરંગના ઊંડાણમાંથી જન્મેલી સહજ લઘુતા! માન ગળી ગયું છે. માન જાય તો જ મોક્ષ મળે, અન્યથા નહીં. શિષ્યને એવી અડોલ શ્રદ્ધા છે. તેથી માન મૂકી ગુરુદેવના ચરણે દાસાનુદાસ તરીકે સ્વીકારવાની વિનંતિ કરે છે. પોતાના અંતરના ભક્તિભર્યા ભાવો ચરણમાં ધરે છે.

શિષ્ય ફરી-ફરીને ગુરુદેવના ઉપકારને સ્મરે છે. વળી કેવો ઉપકાર કર્યો છે તે કહેવા માંગે છે-જે અવસરે....



# ભિન્ન બતાવ્યો આપ....!

વીતરાગ પરમાત્મા, અનંતજ્ઞાની-અનંતદર્શની પ્રભુ વીર, જગતના ભવ્ય જીવો સમક્ષ અમૃતમય વાણીનો પ્રવાહ વહાવતાં, ભવ્યાત્માઓને મોક્ષનો માર્ગ બતાવી ગયા છે. મોક્ષમાર્ગની આરાધના સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્‌ચારિત્રથી થાય છે.

આ ત્રિ-રત્નની આરાધના કરતાં સાધક જીવનું ચિત્ત નિશદિન આરાધનાના ભાવોમાં જ રમતું હોય. સાધનાના પ્રત્યેક અંગોનો સ્પર્શ એને થયા જ કરતો હોય. તેમાં ગુરુદેવ પ્રત્યેની શ્રદ્ધા-ભક્તિના ભાવો પણ રમતા હોય.

અહીં શિષ્યે સદ્‌ગુરુદેવની સમીપે પોતાની શ્રદ્ધા, ભક્તિ, આદર બતાવ્યાં એટલું જ નહીં, સર્વસ્વનું સમર્પણ કરી દીધું, છતાં હજુ તેના ચિત્તમાંથી ગુરુદેવના મહાન ઉપકારનું સ્મરણ ખસતું નથી. એ એમ નથી માનતો કે હવે તો ખૂબ પામી ગયો. આત્મવિકાસ ઘણો સાધી લીધો. મારે હવે કોઈનીય જરૂર નથી, છતાં વારંવાર ગુરુદેવને શા માટે સ્મરું? પણ વારંવાર તેના અંતરમાં ગુરુદેવે કરેલ અપાર કૃપાનો અનુભવ થાય છે. તેનું અંતર ગદ્‌ગદિત થઈ જાય છે. ગુરુદેવે કરેલ ઉપકાર અદ્‌ભુત છે, અલૌકિક છે. આમ નિરંતર વહેતી વિચારધારા હજુ પણ કહેવા માગે છે કે ગુરુદેવે શું ઉપકાર કર્યો —

**ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;**
**મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ....૧૨૭**

હે અનંત કરુણાનિધાન ગુરુદેવ! 'આત્મા છે' આદિ છ પદોને યુક્તિયુક્ત સમજાવીને, સર્વ પરભાવોથી, સર્વ પરદ્રવ્યોથી, આત્મા પોતે ભિન્ન છે તે આપે સ્પષ્ટ બતાવ્યું. ભગવાન મહાવીરના બતાવેલ સ્યાદ્વાદ સિદ્ધાંતને લક્ષ્યમાં રાખી, આત્માના નિત્ય-અનિત્ય, કર્તા, અકર્તા ભોક્તા-અભોક્તા ભાવને યથાર્થરૂપ બતાવ્યો. વળી અસાધારણ ગુણથી વિશિષ્ટ ચૈતન્ય લક્ષણ આત્મા, સર્વ જડ પદાર્થોથી ભિન્ન બતાવ્યો. એટલું જ નહીં પણ મારામાં